પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવ પ્રકાશન
પ્રમુખસ્વામી મહારાજ ગ્રંથ શ્રેણી : ૧૩

જેવા મેં નિરખ્યા રે
૨

(પ્રમુખસ્વામી મહારાજના સાન્નિધ્યમાં સંતોએ અનુભવેલી
તેઓની દિવ્ય પ્રતિભા, પ્રસંગો દ્વારા)

સંકલિત

પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ -૪

ક્રમિકા

૧. ડૉક્ટર સ્વામી ૧
૨. ત્યાગવલ્લભ સ્વામી ૫
૩. સિદ્ધેશ્વર સ્વામી ૧૮
૪. હરિભૂષણ સ્વામી ૨૨
૫. યજ્ઞેશ્વર સ્વામી ૨૬
૬. પ્રભુસ્વરૂપ સ્વામી ૪૧
૭. યોગીસ્વરૂપ સ્વામી ૪૬
૮. નરેન્દ્રપ્રસાદ સ્વામી ૫૦
૯. ત્યાગસ્વરૂપ સ્વામી ૬૨
૧૦. શ્વેતવૈકુંઠ સ્વામી ૬૭
૧૧. જ્ઞાનપ્રિય સ્વામી ૮૦
૧૨. બ્રહ્મપ્રકાશ સ્વામી ૮૬
૧૩. નિખિલેશ સ્વામી ૧૦૬
૧૪. જ્ઞાનપ્રકાશ સ્વામી ૧૦૯
૧૫. જનમંગલ સ્વામી ૧૧૨
૧૬. નારાયણચરણ સ્વામી ૧૨૮
૧૭. શ્રીરંગ સ્વામી ૧૩૩
૧૮. ધર્મપ્રકાશ સ્વામી ૧૩૯

૧૯૫૨માં હું યોગીજી મહારાજના પ્રથમ યોગમાં આવ્યો. એક-બે વર્ષ બાદ વૅકેશન દરમિયાન યોગીજી મહારાજ સાથે વિચરણમાં પ્રમુખસ્વામી મહારાજ પણ હતા. તેઓનો સંસ્થામાં શું હોદ્દો છે તેનો મને ખ્યાલ ન હતો. તેમણે જાહેરમાં કોઈ કથા કે પ્રવચન કર્યું હોય તેવી સ્મૃતિ નથી. અંગત રીતે ખાસ કોઈ વાતચીતના પ્રસંગો પણ બન્યા નથી. પણ પ્રમુખસ્વામી મહારાજની હાજરી મને ગમતી.

૧૯૬૫માં શાસ્ત્રીજી મહારાજની શતાબ્દી પ્રસંગે ભારતના રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન્ પધારે તે માટે આમંત્રણ આપવા પ્રમુખસ્વામી મહારાજ સાથે પ્લેનમાં મુંબઈથી દિલ્હી જવાનું થયું. પ્રથમ વખત પ્લેનમાં બેસવાનો અવસર હતો. પ્લેનમાંથી નીચે કેવું દેખાય તે જોવાની સહજ જિજ્ઞાસાથી હું બારીમાંથી જોવા પ્રયત્ન કરતો હતો. સ્વામીશ્રી બારીથી પહેલી સીટમાં જ બિરાજ્યા હતા. તેઓ ઊભા થઈ ગયા ને મને બારી નજીકની સીટમાં બેસવા કહ્યું. અન્યની ઇચ્છા તરત જ સમજી મદદરૂપ થવાની ભાવના જોઈ મને સદ્ભાવ વધ્યો.

સ્વામીશ્રી સવારના ૬ થી રાતના ૧૧-૧૨ વાગ્યા સુધી સદા પ્રવૃત્ત હોય છે. વિવિધ ક્ષેત્રના વિવિધ પ્રકારના હરિભક્તો અને અન્ય મુમુક્ષુઓને મળવાનું હોય, હરિભક્તોના પ્રશ્નો પણ સાવ સામાન્યથી લઈ ખૂબ ઊંડો વિચાર માગી લે તેવા હોય. હરિભક્તોનાં અનેકવિધ કાર્યો કરવાનાં હોય તેમાં પણ ઘણા પ્રકાર હોય. આવી પ્રવૃત્તિમાં સામાન્ય રીતે સવારે જે સ્ફૂર્તિ હોય તે સાંજે કે રાત્રે ન હોય. પરંતુ સ્વામીશ્રીના જીવનમાં સદાય સ્ફૂર્તિ ને જાગૃતિ દેખાય છે. તેઓ જે સ્વસ્થતાથી સવારે કાર્ય કરે તે જ સ્વસ્થતાથી રાત્રે કરે છે. અગત્યની ચર્ચાઓ ચાલતી હોય ને ફોન આવે તો જરાય કંટાળ્યા સિવાય ચર્ચા પડતી મૂકી ફોન ઉપરની વાત ધ્યાનથી સાંભળી

માર્ગદર્શન આપે. આવું ઘણીવાર જોવામાં આવ્યું છે.

દિવસ દરમિયાન અનેક જવાબદારી ભરી પ્રવૃત્તિ કરી જમવા બેઠા હોય અથવા બપોરે કે રાત્રે આરામમાં જતા હોય અથવા સ્નાન પછી વસ્ત્રો પહેરતા હોય ત્યારે હાજર રહેલા સંતો-પાર્ષદો, સાધકો કે હરિભક્તો સાથે ખૂબજ હળવાફૂલ જેવા થઈ વાત કરે અથવા એકાગ્રતાથી વાત સાંભળે. એ પણ એમની અદ્ભુત વિશેષતા છે.

જ્યારથી સ્વામીશ્રીએ આસન, પ્રાણાયામ અને વૉકિંગનો નિયમ લીધો છે ત્યારથી તેનું ૯૦% થી વધુ દઢતા સાથે સમયસર પાલન કરતા જણાય છે. આટલી બધી પ્રવૃત્તિમાં આવી દઢતા રાખવાનું ખરેખર મુશ્કેલ જણાય છે. પરંતુ સ્વામીશ્રીને એનો બાધ માંદગી કે મુસાફરી સિવાય આવ્યો હોય તેવું જાણ્યું નથી.

મોટા ઉત્સવ પ્રસંગે કે જયંતી પ્રસંગે ઉત્સવનો યશ શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને સંતો તથા હરિભક્તોને આપતા શબ્દો સહજ રીતે તેમના પ્રવચનમાં હંમેશાં સાંભળવા મળે છે. હૃદયમાં આ વાત મનાઈ હોય તો જ આવું નિર્માનીપણું રાખવાનું શક્ય બને. એમને ઇષ્ટદેવ અને ગુરુ પ્રત્યે જે ભક્તિ છે તે એવી અસામાન્ય છે કે કોઈ પણ સફળતા કે પોતાની કોઈપણ રીતે આવતી મહત્તા એમણે મહારાજનાં ચરણે ધરી દીધી છે.

૧૯૭૧ થી ૧૯૭૪ના વિચરણ દરમ્યાન મેં એક દવાની પેટી તૈયાર કરી હતી. જેમાં દરેક શીશી એક સરખી રાખી હતી. તેનાં ઢાંકણાં પણ એક સરખાં જ હોય તે સ્વાભાવિક છે. દવાઓની આ શીશીમાં ઢાંકણાં ઉપર વિવિધ ગોળીઓનાં નામ લખ્યાં હતાં. જેથી પેટી ઉઘાડતાં જ કઈ દવા ક્યાં છે તે ખ્યાલ આવી શકે. પછી આ પેટી પ્રસાદીભૂત કરાવવા સ્વામીશ્રી પાસે લાવ્યો. પેટી ઉઘાડી કે તરત જ સ્વામીશ્રી એક નજર નાખીને બોલ્યા, 'ઢાંકણાં ઉપર જ નામ લખ્યાં છે ?'

'હા, સ્વામી.'

'પણ કદાચ ઢાંકણું બદલાઈ જાય તો ?'

'તો તો મહા ગોટાળો ઊભો થઈ જાય...' મને મનમાં થયું. ભૂલ સમજાઈ અને તરત જ શીશી ઉપર પણ નામના લેબલ લગાવી દીધાં.

એક જ નજરમાં આટલી સૂક્ષ્મ બાબત સ્વામીશ્રી જે રીતે પકડી શક્યા તે પ્રસંગે તેમની વિલક્ષણ નિરીક્ષણ શક્તિનો મને પરિચય થયો.

૧૯૭૭માં પરદેશની ધર્મયાત્રા કરી સ્વામીશ્રી અટલાદરા પ્રથમવાર પધાર્યા હતા. સભા મંડપમાં મોટા મોટા હરિભક્તો ને અન્ય મહાનુભાવો સ્વામીશ્રી સમક્ષ બેઠા હતા. સ્વામીશ્રીના આશીર્વચનો શરૂ થઈ ગયા હતા. એવામાં મેલાં ઘેલાં કપડાં પહેરી મહીજી નામનો તદ્દન સામાન્ય દેખાતો હરિભક્ત સભામાં સ્વામીશ્રી સામે આવી ઊભો. સભામાં વિક્ષેપ પડતો જોઈ મને મહીજી ઉપર કંટાળો આવ્યો. પરંતુ સ્વામીશ્રી જરાપણ વિચલિત થયા નહીં. જરાપણ અણગમો રાખ્યા સિવાય ચાલુ વાતોનો દોર બંધ કરી મહીજી સામું જોઈ ધીરેથી બોલ્યા, 'કેમ, મહીજી, આવ્યો ?!' આવી પરિસ્થિતિમાં તદ્દન સામાન્ય હરિભક્ત સાથે આવું સહજ વર્તન કેટલો મહિમા હોય તો આવે !? આ પ્રમાણે વર્તવું ખરેખર ઘણું કઠણ છે !

યોગીજી મહારાજની આજ્ઞાથી તેઓશ્રીની હાજરીમાં પ્રમુખસ્વામી મહારાજની ૪૮મી જન્મ જયંતી મુંબઈ ઊજવવાનું નક્કી થયું. સ્વામીશ્રીને આ ગમ્યું નહિ. મુંબઈથી નીકળી બીજે જતા રહેવાની ગોઠવણ કરી પણ સંતો-હરિભક્તોના આગ્રહથી રોકાયા ને જયંતી ઊજવાઈ. આ પ્રસંગે હું હાજર હતો. યોગીજી મહારાજે આ પ્રસંગે કહેલ શબ્દો નીચે પ્રમાણે છે : 'જેવો દિવાળીનો તહેવાર તેવો આ તહેવાર છે. શાસ્ત્રીજી મહારાજની તેમના ઉપર નાનપણથી દૃષ્ટિ પડી ગઈ. તેમને પ્રમુખ તરીકે નીમ્યા. શાસ્ત્રીજી મહારાજ જે કાર્ય કરે તે નિર્ગુણ જ હોય. સારું જ હોય. કેવું પરિણામ આવ્યું ! કેવો સત્સંગ વધાર્યો ! કેવી સ્થિતિ થઈ ! કેવા સાધુ કર્યા ! - સૌએ પ્રમુખ સ્વામીની આજ્ઞામાં રહેવું. સૌએ તે કહે તેમ કરવું તો શાંતિ થાય. શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છે. તેમાં રોમનોય ફેર નથી. આવો મહિમા સમજવો - બાર મહિને આ જયંતી ઉજવવી. શાનદાર ઉજવવી. ફાસફૂસિયું ન કરવું. મોટા પાયા ઉપર ઊજવવી. શાંતિ થઈ જાય. રાતના ૧૨ સુધી ઊજવવી જોઈએ.'

૧૯૭૦માં વિદેશયાત્રા બાદ પ્રથમવાર યોગીજી મહારાજ અને પ્રમુખ સ્વામી મહારાજ બોચાસણ પધાર્યા. સ્વાગત માટે ઘણા હરિભક્તો પધાર્યા હતા. હું પ્રમુખસ્વામી મહારાજ સાથે મોટરમાં બેઠો હતો. એક સામાન્ય

હરિભક્ત મોટર નજીક દર્શને આવ્યા. સ્વામીશ્રીએ ખૂબ જ સહજ અને સરળ રીતે થોડી વાતચીત કરી. પરદેશથી આવ્યા છીએ તેવો કોઈ ભાવ નહીં !

મહેસાણામાં ૬૪મી જન્મ જયંતીની સભા બાદ શ્રી મહેન્દ્રભાઈ સુખડિયાને ત્યાં ઉતારે પધાર્યા. મહિયેલ(તા. ખેરાલુ)ના નવા ને તદન ગરીબ હરિભક્ત દર્શને આવ્યા. સ્વામીશ્રીએ તેમની સાથે પ્રેમથી વાતો કરી. જાણે જયંતી જેવું કશું જ બન્યું ન હોય તેવી સહજ રીતે વર્ત્યા. આવા તો અનેક પ્રસંગોમાં સ્વામીશ્રીની સરળતાનાં, સહજતાનાં દર્શન થયાં છે.

યોગીજી મહારાજ ધામમાં જતા પ્રહેલાં ઘણીવાર વાત કરતા કે 'આપણે સાતસો સાધુ કરવા છે. દરેક મંદિરમાં સો-સો રહે. પચાસ મંદિરમાં રહે પચાસ ગામડે ફરે. પ્રમુખસ્વામી દ્વારા સાતસો સાધુ થશે.' આ વાત મેં બે વખત સાંભળેલી.

૧૯૭૭માં ન્યુયોર્કથી અમદાવાદ બેસતા વર્ષના દિવસે ફોન આવ્યો. બધા સંતો સાથે વાત કરી નવા વર્ષના આશીર્વાદ પાઠવ્યા. રાયચંદ રબારી સાથે પણ વાત કરી. તેની સેવાની માહિતી પૂછી. દૂર રહ્યા છતાં નાનામાં નાની વ્યક્તિની પણ સંભાળ રાખે તે વિલક્ષણતા મને યાદ રહી ગઈ.

* * *

ત્યાગવલ્લભ સ્વામી

બોચાસણ

શ્રીજીમહારાજે વચનામૃત સારંગપુર ૧૭માં જણાવ્યું છે કે 'જેમ પૂનમના ચંદ્રમાનું મંડળ હોય તે અહીંથી તો નાની થાળી જેવું જ દેખાય છે, પણ જેમ જેમ એની સમીપે જાય તેમ તેમ મોટું મોટું જણાતું જાય. પછી અતિશય ઢુંકડો જાય, ત્યારે તો દૃષ્ટિ પણ પહોંચી શકે નહીં એવું મોટું જણાય'. તે પ્રમાણે સ્વામીશ્રીના યોગમાં શરૂઆતમાં ૧૯૫૮માં આવવાનું થયું ત્યારે તો તેમનો કોઈ વિશેષ પ્રભાવ મારા મન ઉપર પડેલો નહિ. ૧૯૭૦ સુધી તો યોગીજી મહારાજના પ્રભાવ હેઠળ એવી રીતે દિવસો પસાર થયા કે સંપ્રદાયમાં બીજા કોઈ વિષે જાણવાની જિજ્ઞાસા જ થતી નહોતી. ૧૯૬૭માં ગોંડલમાં યોગીજી મહારાજનો અમૃત મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો. તે વખતે સ્વામીશ્રી સમૈયાની તમામ કાર્યવાહીનો બોજ એકલા વહન કરતા. આશાપુરી બંધથી અક્ષર મંદિરે પાણી માટે પાઈપો નાખવાનું કામકાજ રાતદિવસ ચાલતું. સ્વયંસેવકોને પ્રોત્સાહન આપવા સ્વામીશ્રી પણ મોડી રાત સુધી જાગરણ કરતા. એવી જ રીતે ૧૯૬૯માં ભાદરામાં મૂર્તિ પ્રતિષ્ઠા વખતે પણ આ પ્રકારનું કાર્ય ચાલતું. તે દરમિયાન પણ સ્વામીશ્રી રાતના મોડે સુધી યુવકોને બળ પ્રેરતા - આ બંને પ્રસંગોએ અમો ઘણા સંતો હતા પરંતુ તેઓશ્રીને મદદરૂપ થવાને બદલે યોગીજી મહારાજની આગળ પાછળ ઘૂમ્યા કરતા. કહેવાનું તાત્પર્ય એટલું જ કે તે વખતે મને સ્વામીશ્રીનો મહિમા સમજાયેલો નહિ. એ દૂરથી ચંદ્ર નાની થાળી સમાન દેખાતો એવું હતું.

સાચા હીરાનું મૂલ્ય સમય જતાં પરખાય છે. હીરાને જાહેરાત નથી કરવી પડતી કે મારું આટલું મૂલ્ય છે પણ જેમ જેમ માણસો તેના પ્રસંગમાં આવે છે તેમ તેમ જણાવા માંડે છે. સ્વામીશ્રી તો અનાદિસિદ્ધ મોટપ ધરાવતા જ હતા પરંતુ જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ મને તેઓની મોટપ, તેઓના

મહિમાનો ખ્યાલ આવતો ગયો. જેમ જેમ મને તેઓશ્રીનું સાંનિધ્ય વધારે અને વધારે મળતું ગયું તેમ તેમ તેઓશ્રીનો મહિમા સમજાવા માંડ્યો. આમાં પણ હું તો તેઓશ્રીની કૃપા જ કારણભૂત સમજું છું. બાકી ગમે તેટલા ભેગા રહેવાથી પણ મહિમા નથી સમજાતો. યાદવો શ્રીકૃષ્ણ ભગવાન ભેગા જ રહ્યા પણ મહિમા ન સમજ્યા. જીવાખાચર પણ ગઢડામાં જ રહેતા પરંતુ શ્રીજીમહારાજનો મહિમા સમજી શક્યા નહિ. આવા મોટા પુરુષનો સંગ મળવો મુશ્કેલ છે. પણ તેથી ય મુશ્કેલ તો ભેગા રહીને તેમના સ્વભાવ અને તેમની ક્રિયા ગમવી તે છે. સદાય તેઓશ્રીનું વર્તન તો દિવ્ય જ હોય છે. કારણકે તેઓશ્રી તો સદા ત્રણ ગુણ, ત્રણ દેહ, ત્રણ અવસ્થાના ભાવથી પર રહી સદાય ભગવાનની મૂર્તિમાં જ રમણ કરતાં હોય છે. પરંતુ આપણામાં તો ભારોભાર દેહભાવ હોવાથી - જેમ આપણને કમળો થયો હોય અને બધું પીળું દેખાય - તેમ તેમના કાર્યમાં અને વર્તનમાં દોષ વર્તાય. પરંતુ મારા મોટા ભાગ્ય કે તેઓશ્રીએ મને હેતથી ભીંજવી દીધો. શ્રીજીમહારાજે પણ કહ્યું છે કે 'જેને જેની સંગાથે હેત હોય તેને તેનો અવગુણ કોઈ પ્રકારે આવે નહીં અને તેનું વર્તન પણ સત્ય મનાય; એવી રીતે લૌકિક માર્ગમાં પણ રીતિ છે અને કલ્યાણના માર્ગમાં પણ રીતિ છે' (વરતાલ ૧૧). હું આને મારાં મોટાં ભાગ્ય સમજું છું કારણકે તેઓશ્રીના હેત વિના મારો પત્તો પડે તેમ હતો જ નહિ.

યોગીજી મહારાજના અક્ષરધામગમન સુધી તો મુંબઈ મંદિરે જ મારે રહેવાનું થયેલું. પરંતુ, ત્યારબાદ સ્વામીશ્રીએ મને મુંબઈ છોડાવ્યું અને ગામડે વિચરણ કરવા આજ્ઞા કરી. તેઓની જે કાંઈ આજ્ઞા કરતા હોય છે તે આપણા જીવના સારા માટે જ કરતા હોય છે. સ્વામીશ્રી મુંબઈ તો ક્યારેક જ પધારતા અને ત્યારે ત્યાં પણ મોટો સંત-સમૂહ હોઈ મર્યાદિત લાભ મળતો. ખાસ તો તેઓશ્રીની નજીકમાં આવવાનો લ્હાવો મળતો નહિ. પરંતુ ગામડે વિચરણ કરવાનું થયું ત્યારથી અવારનવાર તેઓશ્રીના સંપર્કમાં આવવાનું થતું. તેમજ તેઓશ્રીના નિકટના સાન્નિધ્યનો લાભ પણ મળતો. મુંબઈથી આ તરફનો વિસ્તાર તેમજ વિચરણની પ્રવૃત્તિ - એ બંને મારે માટે નવાં જ હોઈ સ્વામીશ્રી જાતે જ કાર્યક્રમ નક્કી કરી આપતા. તેમજ ખૂબ જ વિગતવાર બધાં ગામડાંની તથા હરિભક્તોની માહિતી આપતા. તે વખતે તો તેઓશ્રી પણ વ્યાપક અને ત્વરિત વિચરણ કરતા. એટલે જ્યારે તેઓશ્રી

નજીકમાં પધારતા તો અમો તેઓશ્રીનાં દર્શને જતા. કેટલાય પ્રસંગોમાં નગરયાત્રા દરમિયાન આગ્રહ કરીને, પોતાની પાસે બેસાડીને હેતે કરીને બધા સમાચાર પૂછતા. પધરામણી દરમ્યાન તો ખાસ મને યાદ કરતા. વિવેક-મર્યાદા ખાતર તેમજ મનમાં અતિશય સંકોચ થતો હોવાથી હું તેઓશ્રીથી છેટો બેસવા પ્રયત્ન કરતો પરંતુ તેઓ તો તેમની સમીપમાં જ બેસાડતા. ૧૯૭૧ થી ૧૯૭૫ સુધી આ પ્રમાણે કાર્યક્રમ ચાલ્યો. ૧૯૭૫માં તેઓશ્રીએ મારી અટલાદરા મંદિરના કોઠારી તરીકે નિમણૂંક કરી. કોઠારી તરીકે મારામાં આવડત, કુનેહ, બુદ્ધિ ન હોવાથી મેં તો ઘણી ના પાડી પરંતુ તેઓશ્રીના આગ્રહ આગળ મારે નમતું જોખવું પડ્યું. તેઓશ્રી તો આ બધું જાણતા જ હોય ને? અને તેથી કરીને તેઓશ્રી મને એવા સંતોનો સાથ આપતા આવ્યા છે કે અત્યાર સુધી મારું ગાડું ચાલ્યા કરે છે.

અટલાદરા મંદિરના કોઠારી બન્યા પછી મને મોટો લાભ એ થયો કે મારે તેઓશ્રી સાથે કાર્ય કરવાના વધારે પ્રસંગો ઉપસ્થિત થવા માંડ્યાં અને જેમ જેમ તે થવા મંડ્યું તેમ તેઓશ્રીની વધુ નિકટમાં આવવાનું થતા તેઓશ્રીનાં દિવ્ય ગુણોનું દર્શન થવા માંડ્યું. જ્યારે જ્યારે અટલાદરા પધારતા ત્યારે વડોદરા તથા આસપાસનાં ગામડાંઓમાં વિચરણના કાર્યક્રમો મારે ગોઠવવાના રહેતા તેમજ તેઓશ્રીની સાથે જ જવાનું થતું.

સ્વામીશ્રી એક આદર્શ ગુરુ છે. તેઓશ્રી પોતાના શિષ્યોના જીવનનું ઘડતર કરવા કેવળ પ્રવચનો જ નથી કરતાં પરંતુ પોતાનાં આચરણથી જ શિષ્યોને અગત્યના પાઠ ભણાવે છે.

એક વખત સ્વામીશ્રી બહારગામથી સાંજના સમયે અટલાદરા પધારવાના હતા. મેં વડોદરાના એક હરિભક્તને ત્યાં રાત્રે ઠાકોરજી જમાડવાનો કાર્યક્રમ ગોઠવ્યો. તે વિસ્તારના અમુક હરિભક્તોએ તેમના નવા મકાનોમાં સ્વામીશ્રીની પધરામણી કરાવવા મને ઘણીવાર વાત કરેલી એટલે ઠાકોરજી જમાડ્યા બાદ અટલાદરા જતી વખતે તેઓને ત્યાં સ્વામીશ્રીની પધરામણીનો કાર્યક્રમ નક્કી કર્યો. સંજોગવશાત્ સ્વામીશ્રીને વડોદરા પધારતા જ ઘણું મોડું થયું. ઠાકોરજી જમાડતી વખતે હું મનમાં ચિંતા કરતો હતો કે હરિભક્તોએ સ્વામીશ્રીની પધરામણી માટે તૈયારી કરી રાખી હશે. અને આ બાજુ ઘણું મોડું થયું છે. માટે વાત કેવી રીતે કરવી? ઠાકોરજી જમાડ્યા બાદ પૂજનવિધિ

પતાવીને, આશીર્વાદ આપીને વિદાય લેતા સમયે જ્યારે બારણાં સુધી પહોંચ્યા કે તુરત પાછા ફરીને મને પૂછ્યું કે બીજો કોઈ કાર્યક્રમ છે? એટલે મેં જે કાર્યક્રમ ગોઠવ્યો હતો તેની વાત કરી. સહેજ પણ અણગમો કે થાકનાં ચિહ્નો બતાવ્યાં વિના તુરત જ સહમત થઈ ગયા! પધરામણી દરમ્યાન અટલાદરા મંદિરે પહોંચતાં સુધીમાં મારા મનમાં એ જ વિચારો ચાલતા રહ્યા કે સ્વામીશ્રી કેટલા બધા સરળ છે ! આખી સંસ્થાના ધણી છે. લાખો હરિભક્તોના તારણહાર - ગુરુ છે છતાં મારા જેવા સ્થાનિક જવાબદારી સંભાળતા સામાન્ય સાધુને પણ આગળના કાર્યક્રમ અંગે પૂછે છે. આ પણ મોટો વિવેક છે અને કોઈપણ મોટા તંત્રને સારી રીતે વાહન કરવાની ચાવી છે.

સ્વામીશ્રી તો મહાસમર્થ છે. પોતે એકલા હાથે બધું કાર્ય કરી શકે તેમ છે. તેમ છતાં અન્યની સાથે વિચાર-વિનિમય કરીને નિર્ણય લે છે. આથી સૌને એ કાર્ય પોતાનું મનાતા પૂર્ણ સહકાર આપે છે. પોતે આખા દિવસના ભરચક કાર્યક્રમથી શ્રમિત થયા હોવા છતાં, રાતના મોડું થયા છતાં સહેજ પણ ટકોર કર્યા વગર, કટાક્ષ કર્યા વગર કાર્યક્રમ પતાવ્યો. સ્વામીશ્રીએ હરિભક્તોને રાજી રાખવા પોતાના દેહ સામું જોયું નથી. આપણે જ્યારે આવું પ્રત્યક્ષ અનુભવ્યું હોય ત્યારે આપણા જીવનમાં ક્યારેક આવો ભીડો સહન કરવાનો પ્રસંગ આવે ત્યારે તેની અવગણના થતી નથી. ગુરુ જ્યારે સોળ આના વર્તે ત્યારે શિષ્ય માંડ બે આના વર્તે.

ગામડાંઓમાં તેઓશ્રીની સાથે વિચરણ દરમ્યાન પણ આવા પ્રસંગો બનતા. તે વખતે તો જાણે નિત્યક્રમ જેવું બની ગયું હતું કે બપોરના દોઢ-બે વાગે ઠાકોરજી જમાડવા; થોડો આરામ કરી રાત્રે મોડે સુધી પધરામણી, સભા, નગરયાત્રામાં જોડાવું વગેરે તેઓશ્રીના ભોજનના - આરામના સમયમાં સહેજ પણ નિયમિતતા જળવાતી નહીં. સ્વામીશ્રીને જ્યાં પહોંચવાનું હોય તે પહેલાં રસ્તામાં બે-ત્રણ ગામોમાં પધરામણી, સભા વગેરે કાર્યક્રમ ગોઠવાઈ જાય. આપણે આગળથી સમય અનુસાર કાર્યક્રમ નક્કી કરી રાખ્યો હોય પરંતુ હરિભક્તોને રાજી કરવા સ્વામીશ્રી પાછીપાની કરતા નહિ, તેથી સમયનો મેળ રહેતો નહિ. જોકે પોતે તો પોતાની રીતે ખૂબ જ ખટકો રાખતા.

એક વખત સ્વામીશ્રી અંટોલી (તા. વાઘોડિયા) પધાર્યા હતા. બપોરે આરામમાં જતા હતા ત્યારે હું બાજુમાં ઊભો હતો. મને પૂછ્યું કે સાંજે આપણે ક્યાં ક્યાં જવાનું છે? એટલે મેં સાંજનો કાર્યક્રમ જણાવ્યો. ત્યારે તો તેઓશ્રી પોઢી ગયા પરંતુ થોડોક જ આરામ કરીને ચાર વાગે તો સ્નાનાદિ વિધિ પતાવીને તૈયાર થઈ ગયા! કાર્યક્રમ સમયસર પતે તે માટે સ્વામીશ્રી જાતે જ ખટકો રાખતા. તેઓશ્રીએ પોતાના આરામના સમયમાં સારો એવો કાપ મૂકેલો જોઈ મને ભાન થયું કે હું તો હંમેશાં મારા આરામનો સમય અકબંધ રાખીને જ કાર્યક્રમ-વિચરણ કરતો હોઉં છું. જ્યારે સ્વામીશ્રી તો પોતાના દેહની લેશમાત્ર પરવા કરતા નથી. હરિભક્તોને રાજી કરવા છે એવો મુદ્રાલેખ ધરાવતા સ્વામીશ્રીએ ગજેરા ગામમાં સવારથી સાંજ સુધીમાં (બપોરના ભોજન અને આરામનો સમય બાદ કરતા) ૧૮૦ ઘેર પધરામણીઓ કરી મારા જેવા યુવાનને પણ વિચાર કરતા કરી મૂક્યો હતો. આ રીતે પોતાના દેહ સામું જોયું જ નથી

આવા સ્વામીશ્રી પાસે યુવાનો આકર્ષાતા. તેમાંના કેટલાક ગુણિયલ અને સુપાત્ર યુવાનો સ્વામીશ્રીને રાજી કરવા ત્યાગાશ્રમ પણ સ્વીકારતા. ત્યાગી થયેલા આવા યુવાનોના જીવનમાં ધર્મ, ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન, સેવા, સહનશીલતા આદિ શુભ ગુણો ખીલવતા. તેઓશ્રીના નિર્વ્યાજ પ્રેમને કારણે યુવાનો પોતાના અરમાનોને કચડી નાંખીને સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે જીવન વીતાવે છે. તેમ છતાં સંજોગોવશાત્ ક્યારેક કોઈ સંતથી ઉતાવળિયું પગલું ભરાઈ જાય અને તેની સામે ફરિયાદ આવે તો જેમ મા-બાપ પોતાનાં સંતાનોનો પક્ષ લે તેમ સ્વામીશ્રીએ પણ આવા એક સંતનો પક્ષ લીધાનો એક પ્રસંગ અનુભવ્યો.

અટલાદરા ગામનો એક યુવક મંદિરમાં ફાવે તેમ વર્તતો. સંતોની અમાન્યા પણ રાખતો નહીં. વારંવાર તેને કહેવામાં આવતું પણ તે ગણકારતો નહિ. એક વખત તે ખરેખરા વાંકમાં આવ્યો એટલે એક સંત બળિયા હતા તેના હાથમાં આવતા તે યુવકને શિક્ષા થઈ. પછી તો આખા ગામમાં હો હા થઈ. સંજોગોવશાત્ સ્વામીશ્રી પણ તે વખતે ત્યાં જ બિરાજતા હતા. એટલે ગામના આગેવાનો ભેગા મળીને એવો નિર્ણય કર્યો કે આ સંતને કાઢી મૂકવા સ્વામીશ્રીને જણાવવું. સવારના બધા ભેગા થઈને

આવ્યા. સ્ત્રીઓ પણ ફાવે તેમ બોલતી હતી. સ્વામીશ્રી તે વખતે સભામંડપમાં પૂજા કરતા હતા. એટલે પુરુષોને એક બાજુ બોલાવીને મેં સમજાવવા પ્રયત્નો કર્યા પરંતુ ઊલટાના તેઓ વધુ ઉશ્કેરાયા. સ્વામીશ્રી પૂજા પતાવીને ઉકાળાપાણી લઈ રહ્યા હતા ત્યાં જઈને મેં બધી વાત કરી. તેઓશ્રીએ શાંતિથી બધી વાત સાંભળી અને આજ્ઞા કરી કે ઉકાળાપાણી પતી જાય પછી તેઓને લાવો. તેઓ બધાને સ્વામીશ્રી પાસે લાવવામાં આવ્યા અને બધાએ પોતાની હૈયાવરાળ ઠાલવી અને સ્વામીશ્રીને આગ્રહ કરવા લાગ્યા કે આ સંતની તમે બદલી કરો. પછી તો સ્વામીશ્રીએ જરા સત્તાવાહી-કડક અવાજે તેઓને કહ્યું : 'શું તમારા બધાના દીકરા ડાહ્યાડમરા છે? શું તેઓ ક્યારેય અયોગ્ય વર્તન નહિ કરતા હોય? તેઓને તમે કાઢી મૂકો છો? જાવ, એ તો અહીં જ રહેશે.' સ્વામીશ્રી તે સમયે જે પ્રભાવમાં આવીને બોલ્યા કે પેલા બધા જ ચૂપચાપ ઊઠીને ચાલ્યા જ ગયા! પછી તો સ્વામીશ્રીએ પેલા સંતને બોલાવીને આવું ન કરવા શિખામણ આપી.

સ્વામીશ્રીની સંતો પ્રત્યેની લાગણી દર્શાવતો એક બીજો પ્રસંગ પણ જાણવા જેવો છે. અટલાદરા મંદિરમાં ચતુર્ભુજદાસ સ્વામી હતા. બ્ર. સ્વ. શાસ્ત્રીજી મહારાજના હસ્તે ખૂબ નાની ઉંમરમાં દીક્ષા ગ્રહણ કરેલી. યુવાનીમાં અટલાદરા મંદિરનાં બાંધકામમાં તનતોડ મહેનત કરેલી અને પછી પણ ઠાકોરજી માટે દાન, ધર્માદો લાવવાની સેવા કરતા. તેઓને કિડનીની તકલીફ ઊભી થતાં સારવાર માટે મુંબઈ લઈ જવા સ્વામીશ્રીએ આજ્ઞા કરી. તેઓની બંને કિડની કાર્ય કરતી બંધ થઈ જતાં ડાયાલિસીસ માટે તેઓને હરકીશનદાસ હૉસ્પિટલમાં લઈ જવા પડતા. આ સારવાર ખર્ચાળ હતી તે ચકોર દૃષ્ટિવાળા ચતુર્ભુજ સ્વામીના આવી ગયું. પૂર્વે, જેઓએ અકલ્પ્ય આર્થિક હાડમારી વેઠીને આ સંસ્થા ઊભી કરવામાં શાસ્ત્રીજી મહારાજને સાથ - સહકાર આપેલો એવા ચતુર્ભુજ સ્વામીને પોતાને માટે થઈ રહેલ આ ખર્ચ ખાતર દુ:ખ થતું અને બળાપો વ્યક્ત કરતા હતા. તે અરસામાં સ્વામીશ્રી મુંબઈ પધાર્યા. જ્યારે તેઓશ્રી ચતુર્ભુજ સ્વામીને દર્શને દેવા પધાર્યા ત્યારે તેમની સેવા કરતા આનંદકંદ સ્વામીએ સ્વામીશ્રીને જણાવ્યું કે ચતુર્ભુજ સ્વામીને ડાયાલિસીસના ખર્ચ અંગેની નારાજી છે. સ્વામીશ્રી તુરત જ બોલી ઊઠ્યા, 'ચતુર્ભુજ સ્વામી, તમારા માટે

એકથી લાખ રૂપિયાનો ખર્ચ કરવો પડે ને તો પણ કરીશું. તમે તેની જરાપણ ચિંતા કરશો નહિ. તમારે માટે બે ગામડાં વધારે ફરીશું...' સંતો પ્રત્યે કેટલી હમદર્દી ! સ્વામીશ્રીએ દરેક મંદિરના કોઠારીઓને આદેશ આપ્યો છે કે સંતોની સારવાર માટે પાછી પાની કરવી નહિ.

*

સ્વામીશ્રીને મન હરિભક્તો પણ તેટલા જ વહાલા છે. ધર્મજમાં વયોવૃદ્ધ, પથારીવશ, જૂના નિષ્ઠાવાન હરિભક્ત એ.પી. પટેલને દર્શન દેવા પધાર્યા હતા. જેમનું શૂરવીરતાનું અંગ હતું તેવા એ.પી. પટેલ પોતાની વેદનાની વાત કર્યા વિના પોતે જો બેઠા થાય તો સત્સંગ પ્રચાર માટે કેવા કાર્યો કરે તેની વાતો કહેવા લાગ્યા. ખૂબ જ શાંતચિત્તે સ્વામીશ્રીએ તેમની વાતો સાંભળી જણાવ્યું, 'આપણે એમને વાત કરવા-હિંમત આપવા આવ્યા હતા. પરંતુ સામે એ તેમણે આપણને બળભરી વાતો કરી.' તેઓના શરીરે હાથ ફેરવી, આશીર્વાદ આપી ત્યાંથી અમો મંદિરે આવવા ગાડીમાં બેઠા. આગળ ઊભેલી ફીયાટ ગાડીમાં ચાર સંતો બેઠા હતા અને સ્વામીશ્રીનો હાથ પકડ્યો હતો તે સંતને તેમાં બેસવાનું હતું. પરંતુ સી. એમ. પટેલ (લંડનવાળા) તેમાં બેસવા જતા હતા. એટલે મેં એક હરિભક્ત સાથે કહેવડાવ્યું કે સંત જોડ વગરના રહી જશે. માટે તેઓ ગાડીમાં બેસે અને સી. એમ. પટેલ ચાલતા આવે. મંદિર નજીક છે. પરંતુ સ્વામીશ્રીએ તરત જ ના પાડી અને જણાવ્યું કે ગાડીમાંથી એક સંત જોડ માટે ઊતરી પડે અને સી. એમ. પટેલને બેસાડો. પછી જ્યારે ગાડી ચાલી ત્યારે સ્વામીશ્રીએ ચોખવટ કરી કે સી. એમ. પટેલને અવસ્થાને કારણે બંને પગે વાની તકલીફ છે એટલે ચાલી શક્તા નથી. આ હકીકત તો હું પણ સારી રીતે જાણતો હતો પરંતુ મને તેનું જાણપણું રહ્યું નહિ. જ્યારે સ્વામીશ્રીએ કેવું ધ્યાન રાખ્યું! સ્વામીશ્રીને મન તો ત્યાગી તેમજ હરિભક્તનો પણ એટલો જ મહિમા છે. આવી મહિમાની દૃષ્ટિ તો આવા પ્રસંગનો વિચાર કરીએ ત્યારે આપણામાં ઉદ્‌ભવે છે. તેઓશ્રીના પ્રસંગથી જ આપણને જીવનમાં નિયમપાલનના, ઠાકોરજી પ્રત્યેના ભક્તિભાવના, સહનશીલતાના, ઉદારતાના, વ્યવહાર કુશળતાના પાઠો શીખવા મળે છે.

*

નાના બાળકને તેની માતાનાં દૂધ અને વાત્સલ્યથી જ સાચું પોષણ મળે છે. તેને ગમે તેટલાં સારાં કપડાં પહેરાવવામાં આવે, ગમે તેવા સારા પારણામાં સુવાડવામાં આવે કે ગમે તેટલાં મોંઘાં રમકડાં આપવામાં આવે પણ જો તેની માતાનો પ્રેમ ન મળે તો તે બાળકનો સર્વાંગી વિકાસ થતો નથી. તેવી રીતે ભગવાનના ભક્તનો વિકાસ-પ્રગતિ કહેતાં તેનામાં ધર્મ, વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ આદિ શુભ ગુણોની વૃદ્ધિ ગુણાતીત સંતના પ્રસંગથી જ થાય છે. ગમે તેવાં ભવ્ય મંદિરો હોય, ગમે તેટલાં શાસ્ત્રોનું અધ્યયન હોય, યજ્ઞ-યાત્રા વગેરે કરાવતા હોય, દાન-દક્ષિણા-ધર્માદો આપતા હોય - તેનાથી ભક્તના જ્ઞાન-વૈરાગ્યાદિક શુભ ગુણો લાંબા સમયે વૃદ્ધિ પામતા હોય છે. જ્યારે પ્રગટ સત્પુરુષના સમાગમથી તો કુપાત્ર વ્યક્તિમાં પણ ઝડપી પ્રગતિ દેખાવા માંડે છે. ત્યારે તો મુક્તાનંદ સ્વામીએ ગાયું છે :

'પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા, ગીધ, ગણિકા કપિવૃન્દ કોટી;
વ્રજતણી નાર વ્યભિચાર ભાવે તરી, પ્રગટ ઉપાસના સૌથી મોટી.'

વાસ્તવિક પરિસ્થિતિનો વિચાર કરતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે પ્રગટનાં દર્શનથી અને સમાગમથી ભક્તોને જે સુખ-શાંતિ અનુભવાય છે તે બીજી કોઈ રીતે અનુભવાતી નથી. તેથી જ તો સ્વામીશ્રી જ્યાં બિરાજતા હોય ત્યાં ભક્તોનો સમુદાય આપોઆપ ભેગો થઈ જતો હોય છે. ચોમાસામાં દીવા-બત્તી આગળ જીવડાં ભેગાં થઈ જતાં હોય છે તેમ વગર આમંત્રણ કે વગર જાહેરાતે ભક્તજનોનો સમુદાય ભેગો થઈ જતો હોય છે. પણ હવે પરિસ્થિતિ કેવી બની છે? એક બાજુ આપણી સંસ્થા અને સત્સંગનો વ્યાપ હરણફાળ ગતિએ વધતો જાય છે. દિવસે દિવસે નવાં મંદિરો, ત્યાગીઓ, હરિભક્તો, સત્સંગને લગતી વિવિધ પ્રવૃત્તિઓ, સંસ્થા દ્વારા હાથ ધરાતી સામાજિક પ્રવૃત્તિઓ કૂદકે અને ભૂસકે વધતી જાય છે. આ તમામને સ્વામીશ્રીનાં માર્ગદર્શનની તાતી આવશ્યક્તા રહેતી હોવાથી સ્વામીશ્રીનો સારો એવો સમય એમાં વ્યતીત થતો હોય છે. બીજી બાજુ સ્વામીશ્રીની ઉંમર વધતી જાય છે અને તેનો પ્રભાવ પણ શરીર ઉપર વર્તાતો જાય છે. તેઓશ્રી તો પોતાના દેહની પરવા કરતા જ નથી. પરંતુ જ્યારે અમર્યાદિત શ્રમ ઉઠાવે ત્યારે સ્વાભાવિક છે કે શરીર સાથ ન આપે. એટલે તેઓશ્રીને આરામ મળે તે રીતે દિવસભરનો કાર્યક્રમ ગોઠવાતો હોય છે. આ બધો

ખ્યાલ આપવાનું કારણ એટલું જ કે હવે પહેલાંની જેમ સ્વામીશ્રીનાં દર્શન-સેવા-સમાગમનો લહાવો છૂટથી મળી શકતો તેવું અત્યારે શક્ય નથી. આ સ્થાને, આપણા સંપ્રદાયના જૂના નિષ્ઠાવાન શૂરવીર હરિભક્ત મણિભાઈ સલાડવાળાના શબ્દો સાંભરી આવે છે. તેઓ તેમના પ્રવચનમાં તેમની આગવી જુસ્સાદાર શૈલીમાં કહેતા, 'આ પ્રમુખસ્વામીનાં દર્શન કરવા કલાકો સુધી રાહ જોવી પડશે, એક એક કિલોમીટર દૂરથી દર્શન કરવાં પડશે.' ટૂંકમાં આજે સ્વામીશ્રીનાં દર્શન દુર્લભ બન્યાં છે. જ્ઞાનની-સમજણની ઘણી વાતો કરીએ કે 'આજ્ઞા ભેળી મૂર્તિ' કહેતાં, સ્વામીશ્રીની આજ્ઞાથી જયાં જઈએ ત્યાં તેઓ ભેળા જ છે; સ્વામીશ્રી વૃત્તિ દ્વારા પોતાના ભક્તોને સુખ આપે છે. આમ જ્ઞાનની-સમજણની વાતો કરીએ છીએ પણ એક વાસ્તવિક હકીકતને તો સૌ કોઈ અનુમોદન આપશે જ કે તેમના એક પળ માટેનાં દર્શનની ઝલક કે તેમનું લટકું કે હાસ્ય કે ચાલ કે પછી ગંભીર મુખમુદ્રા કે વિચારમગ્ન ક્ષણિક દર્શનથી પ્રગટના ઉપાસકોને જે શાતા અનુભવાય છે; તેનાથી તેમનામાં જે આનંદ અને ઉત્સાહ જાગૃત થાય છે તેવું ગમે તેટલી વાતોથી પણ થતું નથી.

આ કારણથી જ મુમુક્ષુઓ સ્વામીશ્રીનાં દર્શન માટે, તેઓશ્રીની એક ઝાંખી લેવા માટે તડપતા હોય છે. પછી ભલે ઠંડી હોય કે તાપ હોય કે વરસાદ વરસતો હોય - કોઈ વ્યક્તિના ઘરની અગાશીએથી કે કોઈના ઘરની બારીએથી - ખૂણે ખાચરેથી પણ જો સ્વામીશ્રીના - પગે ચાલીને જતાં કે મોટરમાં બેસીને જતાં એક ક્ષણનાં દર્શન થતાં હોય તો દર્શનાર્થીઓ મુશ્કેલીઓની પરવા કરતા નથી. ઘણીવાર તો લાંબા સમય સુધી રાહ જોતા પણ આવી પરિસ્થિતિમાં ઊભા રહેતા હોય છે.

સવારે પૂજા કરવા બિરાજે છે ત્યારે તો એક વ્યવસ્થિત સભા જેવો કાર્યક્રમ થઈ જતો હોય છે. મંગળમય પ્રભાતમાં પૂજા દરમ્યાન સંતો-યુવકો-બાળકો સુંદર કીર્તન ગાતા હોય ત્યારે પૂજા-મગ્ન સ્વામીશ્રીનાં દર્શનથી ભક્તોને તો એવાં સુખ-શાંતિ અનુભવાય છે કે ખૂબ મોટી સંખ્યામાં ભક્તો એકત્રિત થઈ જતા હોય છે. આ કારણથી સ્વામીશ્રી જયાં પૂજા કરવાના હોય ત્યાં અગાઉથી એવું આયોજન કરવું પડે છે કે કેમ કરીને મોટી સંખ્યામાં હરિભક્તો સારી રીતે લાભ લઈ શકે. અને હરિભક્તોને પણ

સ્વામીશ્રીનાં દર્શનનો એવો ખપ હોય છે કે જેમ બને તેમ નજીકથી તેઓશ્રીનાં દર્શનનો લાભ મળે તે માટે વહેલા આવીને પોતાનું સ્થાન પસંદ કરી લેતા હોય છે.

આવો જ મહિમા તેઓશ્રીના ભ્રમણ(વૉકીંગ)નો છે. દિવસમાં મોટે ભાગે સ્વામીશ્રીને બેઠાં બેઠાં જ બધાં કાર્યો પતાવવાનાં હોઈ, સ્વામીશ્રી ડૉક્ટરોના આદેશ અનુસાર દિવસમાં બે વાર સવાર-સાંજ નિયમિત અડધો કલાક ભ્રમણ કરે છે. ક્યારેક જ કોઈ એવા અગત્યના કારણોસર કે તબિયત નરમ હોય ત્યારે જ તેઓશ્રી ભ્રમણ કરતા નથી – બાકી તો ગમે તેમ વખત મેળવીને તેઓશ્રી આ કાર્યક્રમ પતાવે છે. આ સમયનાં દર્શન માટે પણ ભક્તો શક્ય હોય તેટલી તક ઝડપી લેતા હોય છે. ક્યારેક પ્રતિકૂળ હવામાનને કારણે કે એવા વિશાળ સ્થાનના અભાવે સ્વામીશ્રીને બંધબારણે ભ્રમણ કરવું પડતું હોય છે; ત્યારે સ્વાભાવિક છે કે હરિભક્તો દર્શનનો લાભ લઈ શકે નહિ. બાકી તો ભ્રમણ શરૂ થાય તે અગાઉ લાભ લેવા હરિભક્તો ગોઠવાઈ જતા હોય છે. ભ્રમણ દરમ્યાન સ્વામીશ્રીને નિહાળવા એ અનુપમ લહાવો છે. તેઓશ્રીની એકધારી, ત્વરિત, સરળ, સહજ ચાલ આપણા મનને મુગ્ધ કરી દેતી હોય છે. ભ્રમણ દરમ્યાન સંતો, બાળકો, યુવકો, કાર્યકર્તાઓ તેમની પ્રવૃત્તિના અહેવાલ રજૂ કરતા હોય છે, તો ક્યારેક તેઓએ કંઠસ્થ કરેલાં વચનામૃત, સ્વામીની વાતો, શ્લોકો, ભજનોનો મુખપાઠ રજૂ કરતા હોય છે. જ્યારે નાનાં બાળકો પ્રસંગવર્ણન કરતાં હોય છે ત્યારે સ્વામીશ્રી તેઓને ઉત્સાહ પ્રેરવા સારો પ્રતિસાદ આપતા હોય છે. ભ્રમણ-ક્રિયા તો સ્વામીશ્રીનું શરીર કરતું હોય છે પરંતુ તેઓશ્રીના કાન અને મનની વૃત્તિ તો જે કાર્યક્રમની રજૂઆત થતી હોય છે તેમાં જ હોય છે. આનો અનુભવ ઘણી વાર એ રીતે થાય છે કે ક્યારેક રજૂઆતમાં કંઈ ભૂલ થતી હોય અથવા તો તેને અનુરૂપ બે શબ્દો કહેવા યોગ્ય લાગે તો સ્વામીશ્રી ભ્રમણ કરતાં કરતાં એ કાર્ય કરે છે. સ્વામીશ્રીના ભ્રમણ દરમિયાનના આ સમયમાં એમની મૂર્તિમાં સૌનાં મન એવાં તો નિમગ્ન બની જતાં હોય છે અને એવો આનંદ આવતો હોય છે કે અડધા કલાકનો સમય ક્ષણવારમાં જ પસાર થઈ જતો હોય છે તેવું અનુભવાય છે.

આવો દર્શનીય બીજો પ્રસંગ છે, સ્વામીશ્રી ઠાકોરજી જમાડતા હોય તે છે.

જો કે આ લહાવો મોટે ભાગે સંતો પૂરતો મર્યાદિત હોય છે. તેમ છતાં ક્યારેક વિશાળ સ્થળ હોય તો બાળકો, યુવકો, કાર્યકર્તાઓને લાભ મળે છે. છે. જેમ ભ્રમણ દરમિયાન થતું હોય છે તેમ સ્વામીશ્રી જ્યારે ઠાકોરજી જમાડી રહ્યા હોય, ત્યારે સંતો, બાળકો, યુવકોના વિવિધ કાર્યક્રમો રજૂ થતા હોય છે. સ્વામીશ્રી જમતાં જમતાં વચમાં ટાપસી પૂરાવી વાતાવરણને આનંદમય બનાવી દેતા હોય છે. સ્વામીશ્રી પોતે સાક્ષાત્ મૂર્તિમાન બ્રહ્મ છે. બ્રહ્મ-સચ્ચિદાનંદ ચિદ્‌ઘન મૂર્તિ છે, તેમાંથી સદાય બ્રહ્મરસ-આનંદનાં મોજાઓ વહેતાં જ હોય છે. અને તેથી જ તો સ્વામીશ્રીનાં સાન્નિધ્યમાં સદાય આનંદ અનુભવાય છે. ત્યારે સ્વામીશ્રી જ સર્વના આકર્ષણનું મધ્યબિન્દુ (centre of attraction) બની જતા હોઈ, બધા તેઓશ્રીની મૂર્તિમાં એવા જોડાઈ જતા હોય છે કે બહારનું જગત (દુઃખ માત્ર) વીસરાઈ જાય છે.

સ્વામીશ્રી ઠાકોરજી જમાડવાની જે લીલા કરે છે તે પણ આપણને નવાઈ પમાડે તેવી છે. દરેક મનુષ્યને ભોજન કરતી વખતે એક પ્રકારનું સુખ અનુભવાતું હોય છે. કોઈ બીમાર વ્યક્તિ હોય કે ચિંતાગ્રસ્ત વ્યક્તિ હોય તેવા અપવાદને બાદ કરતા હરકોઈ વ્યક્તિ ભોજન વેળા વાનગીઓનો સ્વાદ માણવામાં આનંદ અનુભવતી હોય છે. જ્યારે સ્વામીશ્રી તો વાનગીઓમાં બિલકુલ રસ જ ધરાવતા નથી. સવારે-બપોરે-રાત્રે ત્રણેય સમય સ્વામીશ્રી આગળ શ્રીહરિકૃષ્ણ મહારાજને થાળમાં ધરાવવામાં આવેલ વિવિધ વાનગીઓનો થાળ મૂકવામાં આવે છે. કેટલીયવાર, તેઓશ્રી ઠાકોરજી જમાડી રહ્યા હોય ત્યારે સન્મુખ બેસવાનો લહાવો મળ્યો છે અને મેં ખાસ ચીવટ રાખી જોયું છે કે તેઓશ્રી તે સર્વે વાનગીઓને કેવળ દૃષ્ટિ પ્રસાદી જ કરતા હોય છે. ક્યારેક સેવક સંત કોઈક વાનગી પત્તરમાં પીરસે તો તેને રાજી કરવા સહેજ ટુકડો જ મોઢામાં મૂકે અને પ્રવાહી હોય તો ચમચી જ ગ્રહણ કરે છે. બહુધા તો તેઓશ્રી ખાખરાના કે શેકેલા પાપડ-પાપડીના ટુકડા મોંમાં મમળાવી સમય પસાર કરતા હોય છે. તેઓશ્રી તો ભોજન સમયે સંતો-યુવકો જે કોઈ અહેવાલ રજૂ કરતા હોય તો તે સાંભળવામાં અગર તો તે સમયે વંચાતી કથામાં જ વિશેષ ધ્યાન મગ્ન રહે છે, પરંતુ ભોજન કરવામાં તો બિલકુલ નહિ. ભોજન આરોગવાની ક્રિયા તો

યંત્રવત્ જ થતી હોય છે પરંતુ વિશેષ ધ્યાન-રસ તો શ્રવણ ક્રિયામાં જ હોય છે. અને તેથી જ તો ક્યારેક કંઈ ભૂલ હોય અથવા તો તે અંગે વિશેષ માહિતી આપવાની હોય તો ભોજન કરતાં કરતાં જ તે વાત તેઓશ્રી કરતા હોય છે.

ઉકાળા પ્રત્યે પણ તેઓશ્રીની રુચિ નથી. સવાર-સાંજ ગોળીઓ ગળવા માટે ઉકાળો ગ્રહણ કરે છે. ચા, કૉફી કે ઉકાળો ધીમે ધીમે પીવામાં લિજ્જત-આનંદ આવતો હોય છે. જ્યારે સ્વામીશ્રી તો ઉકાળો પણ દવાની જેમ એક શ્વાસે ગટગટાવી જાય છે. સ્વામીશ્રીની રસાસ્વાદ પ્રત્યેની અરુચિની વિશેષતાનો ખ્યાલ બીજાને આવવો મુશ્કેલ છે. પરંતુ ૩૩ વરસથી ત્યાગી થયા પછી અને શ્રીજીમહારાજના રસાસ્વાદને જીતવા ઉપર રાખેલ આગ્રહને જાણવા છતાં પણ આ દિશામાં પા પા પગલી ભરતા મારા જેવા ત્યાગીને જ સ્વામીશ્રીની આ વિરલ સિદ્ધિ વધુ અહોભાવ ઊપજાવે તેમ છે.

સ્વામીશ્રીની બીજી એક વિશેષતા મને સ્પર્શી ગઈ હોય તો તે છે તેઓશ્રીનું એકાન્ત શૂન્ય જીવન ! જાહેરજીવનમાં ગળાબૂડ થયેલી ઘણી વ્યક્તિઓ જગતમાં હોય છે. પરંતુ, તેઓ દિવસમાં, અઠવાડિયામાં, મહિનામાં, વરસમાં થોડોક સમય એકાંતમાં અથવા તો પોતાના અંગત મિત્રો સાથે અગર કુટુંબના સભ્યો સાથે અવશ્ય ગાળતા હોય છે. કેટલાક તો દૂરનાં સ્થળોમાં નિવૃત્તિ ભોગવવા ચાલ્યા જતા હોય છે. માણસ એકાંતપ્રિય છે. તે એકાંતની થોડી પળો તો ઇચ્છતો જ હોય છે કે જ્યારે તે નિરાંતે બેસીને કંઈ વિચાર કરી શકે અને પોતાના સ્વજન સાથે હળવાશની પળો માણી શકે. જ્યારે સ્વામીશ્રી તો ક્યારેય એકાંત સેવતા નથી. તેઓશ્રીએ ક્યાંય પોતાના માટે ખાનગી ઓરડો બંધાવ્યો નથી. તેઓશ્રી જે ઓરડામાં આરામ કરતા હોય છે ત્યાં સાથે અન્ય સંતો-યુવકો પણ હોય છે. તેઓશ્રી સ્નાનવિધિ કરતા હોય છે ત્યારે પણ સંતો-યુવકોની હાજરીમાં જ સ્નાન કરતા હોય છે અને ધોતિયું પહેરતા હોય છે ત્યારે પણ કેટલાંક આજુબાજુ ઊભા હોય છે. સંતો તો હરહંમેશ સ્વામીશ્રીનું નીકટનું સાન્નિધ્ય ઇચ્છતા હોય છે. કારણ કે તેઓને માટે સ્વામીશ્રીની દરેક ક્રિયા કે વચન કલ્યાણકારી છે. તેમના સ્મૃતિપટ ઉપર સ્વામીશ્રીની પ્રત્યેક ક્રિયા ઝડપી લેવા સદા તત્પર જ હોય છે. ક્યારેક સ્વામીશ્રીએ કોઈને અંગત મુલાકાત આપી હોય અગર તો અગત્યની

મંત્રણા-મીટિંગ ચાલી રહી હોય ત્યારે સંતો રાહ જોઈને બહાર ઊભા જ હોય છે અને જ્યારે તે કાર્ય પતે કે તુરત જ સંતો સ્વામીશ્રીને વીંટળાઈ વળતા હોય છે. તેઓશ્રી પત્રલેખન કરી રહ્યા હોય ત્યારે કે કોઈની સાથે વાત કરતા હોય ત્યારે સંતો છેટેથી તેઓશ્રીનાં દર્શનનું સુખ માણતા હોય છે.

સંતો સ્વામીશ્રીથી છૂટા ક્યારે પડે છે ? તો રાત્રે; જ્યારે યોગનિદ્રા ગ્રહણ કરવા સ્વામીશ્રી પલંગ ઉપર લંબાવે છે અને સેવક-સંત આંખમાંથી લૅન્સ કાઢી લે અને દીવાબત્તી બંધ થાય ત્યારે દંડવત્ કરીને સૌ સંતો છુટા પડે છે. આ રીતે જેણે બીજાને માટે જ પોતાનું જીવિતવ્ય કરી રાખ્યું છે, જેના હૃદયમાં કેવળ અનેક જીવનું હિત જ વસેલું છે અને તો પણ માન-મોટપ-પ્રશંસા-પદાર્થ વગેરેની પ્રાપ્તિ માટે નહિ પણ કેવળ દરેકને રાજી કરવા - દરેક જીવનું આત્યાંતિક કલ્યાણ કરવા માટે જ આ પૃથ્વી ઉપર વિચરી રહ્યા છે એવા સ્વામીશ્રીને નિહાળતા અને તેઓશ્રીના અગાધ વ્યક્તિત્વનો વિચાર કરતા મારું મન અહોભાવની લાગણીમાં ગરકાવ થઈ જાય છે.

તેઓશ્રીમાં ગુણો તો અગણિત છે પરંતુ તેનું વર્ણન કરતાં મારી શક્તિ વામણી પડે છે. ચંદ્રમા દૂરથી તો નાની થાળી જેવડો ભાસતો, પણ સમીપમાં પહોંચતા તો દૃષ્ટિ પણ પહોંચી શકે નહિ તેવું સ્વરૂપ અનુભવાયું, તેમ સ્વામીશ્રીને નિહાળવાની મારી તે વળી કઈ ગુંજાશ ?

* * *

સિદ્ધેશ્વર સ્વામી
મુંબઈ

જીવનમાં અનેક પ્રસંગોએ સ્વામીશ્રીનાં અનેક રૂપોને જોવા મળ્યાં છે. યુવાવસ્થામાં છોકરમત ગણો કે અણઘડપણું ગણો એવા મારી સ્મૃતિના ત્રણેક પ્રસંગોએ વિવેક ચૂકી સ્વામીશ્રી સાથે આલાપ કર્યો છે. સ્વામીશ્રીએ તે તરફ એક વડીલ પોતાના સ્વજન-ફરજંદની જે રીતે ખેવના રાખે તેવો ભાવ રાખી લેશ અણગમો કે ઉપેક્ષા રાખી નથી, પરંતુ અસ્ખલિત પ્રેમ વરસાવ્યો છે.

યોગીજી મહારાજના અમૃત મહોત્સવ પ્રસંગે સાથે કામ કરવાનો અવસર આવ્યો હતો. ખૂબ દોડવું પડતું. કામકાજમાં અટવાયા હોઈએ ત્યારે સ્વામીશ્રી દેવચરણ સ્વામીને કહે : 'રામચરણ અને સિદ્ધેશ્વર માટે જમવાનું ઢાંકી રાખજે, મોડું થાય તો બોલાવી જમાડી દેજે.' એકવાર રાત્રે કાપડ ખરીદીના કામ માટે રાજકોટ જવાનું થયું. રાત્રે દોઢ વાગે પાછા આવ્યા. ત્યારે હર્ષદ ચાવડા અને દેવચરણ સ્વામી જમાડવાની રાહ જોતા ઊભા હતા. આવતાં સાથે કહ્યું : 'પ્રમુખસ્વામીએ કહ્યું છે, જમવા ચાલો.' આવી મમતા, આવું વાત્સલ્ય પૂર્વાશ્રમમાં સ્વજનો પાસેથી યે ક્યારેય સાંપડ્યું નથી.

* * *

૧૯૬૬માં ઊંઝામાં યોગીજી મહારાજના સાન્નિધ્યમાં પારાયણ ચાલતી હતી. એ દરમ્યાન મુંબઈમાં આપણા મંદિરમાં દાદુભાઈ અને એમના મંડળના કેટલાક લોકોએ ઉપાધિ ઊભી કરી. યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને આ સંબંધી સમાચાર આપવા માટે અમે બે સંતો તથા રસિકભાઈ સેક્રેટરી અને રમેશભાઈ દલાલ ટેક્સી કરી ઊંઝા પંહોચ્યા. રાત્રે દોઢ વાગ્યે પ્રમુખસ્વામી મહારાજને જગાડ્યા. મધરાતે પણ ખૂબ સ્વસ્થતાથી તેમણે બધા સમાચાર સાંભળ્યા. કોઈપણ સંસ્થાના પ્રમુખ-અધ્યક્ષ વ્યાકુળ થઈ જાય એવા એ સમાચાર હતા. પરંતુ સ્વામીશ્રી સ્વસ્થ હતા.

તાત્કાલિક નિર્ણયો લેવાની આવશ્યકતા હતી. પરંતુ સંસ્થાના પ્રમુખ હોવા છતા એમણે કોઈ પણ ફરમાનો કે નિર્ણયો સીધા લેવાને બદલે યોગીજી મહારાજની અનુવૃત્તિ-મરજી જાણવા તેમને જગાડ્યા. સ્વામીશ્રીની આ સ્વાભાવિકતા જ રહી હતી કે યોગીજી મહારાજની સંમતિ-અનુરુચિથી બહાર ક્યારેય એક પગલું પણ ભરવું નહિ. ખલેલ કરવા બદલ ખૂબ સંકોચપૂર્વક સ્વામીશ્રીએ યોગીજી મહારાજને હકીકત સંભળાવી.

રાત્રે દોઢ વાગ્યે યોગીજી મહારાજે એક પત્ર લખી આપ્યો. એ પત્ર લઈને સ્વામીશ્રી સાથે અમે અમદાવાદ આવ્યા. અહીં ખેંગારજીભાઈને ત્યાં દાદુભાઈને બોલાવ્યા. તેમણે ઊભી કરેલ ઉપાધિને શમાવવા સ્વામીશ્રીએ ખૂબ શાંતિથી તેમને સમજાવ્યા. પરંતુ તે પોતાની ભૂલ સ્વીકારવા તૈયાર ન હતા. તેમણે કરેલી ભૂલો ઉપાધિઓથી સ્વામીશ્રી ખૂબ સારી રીતે જ્ઞાંત હતા, તેમ છતાં તેઓ એ સ્વીકારવા સંમત નહોતા. સ્વામીશ્રી તો અધિકારનું પ્રદર્શન કર્યા સિવાય નમ્રતાપૂર્વક એક જ સત્ય તેમને વારેવારે સમજાવી રહ્યા હતા કે 'યોગીજી મહારાજની આજ્ઞા માનો. તેમાં ભલું છે. યોગીજી મહારાજ સાથે કપટ શા માટે?'

જોકે આ નમ્ર અને ગંભીર સમજાવટની એમના પર ઝાઝી અસર ન થઈ ત્યારે સ્વામીશ્રીએ પુણ્ય પ્રકોપ સાથે પુનઃ એ જ વાત દોહરાવી, 'યોગીજી મહારાજે આજ સુધી તમારું બધું ચલાવ્યું છે. હવે સમજીને એમની આજ્ઞા માનો. આ બધું સારું નથી થતું.'

લગભગ દસેક મિનિટ સુધી એકધારા વાક્પ્રવાહ સાથે સ્વામીશ્રીએ એવી ચોટદાર વાતો કરી કે એ ક્ષણ પૂરતું તેઓ પોતાની ભૂલ સ્વીકારવા તૈયાર થઈ ગયા.

યોગીજી મહારાજની અનુવૃત્તિ-રુચિ મુજબ જ કાર્ય કરવાની સ્વામીશ્રીની નિશ્ચલતા અને એમની સમજાવવાની એ છટા હજુએ સ્મૃતિપટ પરથી ખસતી નથી.

* * *

ગઢપુરના મંદિર નિર્માણનું કામ સોમપુરાને કોન્ટ્રાક્ટરૂપે આપ્યું હતું. કોન્ટ્રાક્ટર હંમેશા માપ વગેરેમાં એકપક્ષીય ગણતરી રાખે તેમ તેણે કર્યું. સ્વામીશ્રીની નજરમાં એ વાત આવતાં સોમપુરાનું ધ્યાન દોર્યું. તેમણે તે

બાબતે પોતાની વાતનું મમત્વ અને ગણતરી છોડ્યાં નહિ તેથી બંને પક્ષે માન્ય હોય તેવા લવાદને રાખી હિસાબ કરવા ઠરાવ્યું. તે માટે મૂળ પાલીતાણાના પરંતુ મુંબઈમાં વસતા શ્રીમોહનભાઈ રાઠોડની લવાદ કરીકે નિયુક્તિ કરી. શ્રીમોહનભાઈ, શ્રીહરમાનભાઈ, શ્રીહર્ષદભાઈ દવે ગઢપુર મંદિરના માપ માટે ગઢપુર રહ્યા. પ્રમુખસ્વામી પણ આ કામ માટે ગઢપુર રોકાયા હતા. રોજ સવારે મોહનભાઈ વગેરે માપ અને મોજણીનું કામ કરવાનું શરૂ કરે. મોડી બપોર સુધી કામ ચાલે, સ્વામીશ્રી તેમના કાર્યમાં હોય છતાં સમયે સમયે ચા-પાણી વગેરે પહોંચાડવામાં ચીવટ રાખે. જ્યારે મોહનભાઈ વગેરે આવે ત્યારે સ્વામીશ્રી તેમને જમાડે. તેઓ જમી રહે પછી જ પોતે જમવા બેસે. સ્વામીશ્રીનું આ સૌજન્ય અને વાત્સલ્યપૂર્ણ વ્યવહાર મોહનભાઈને બહુ જ સ્પર્શી ગયો. તેઓ રામાયણના સારા અભ્યાસી. તેમજ અનેક મહાત્માઓના તેમજ રાજા-મહારાજાઓનાં પ્રસંગમાં રહ્યા હતા. તેમણે આગતા-સ્વાગતા તેમજ રીતિ-નીતિ જોયાં હતાં પણ જે સ્વામીશ્રીમાં જોયું તે ક્યાંય નહોતું. તેથી તેઓ કહેતા : 'પ્રમુખસ્વામી નારાયણસ્વરૂપ તે ખરેખર નારાયણનું સ્વરૂપ છે.' આ વાત તેઓ ઘણીવાર તેમના પ્રવચનમાં યોગીજી મહારાજની ઉપસ્થિતિમાં કહેતા.

* * *

આપણી નાની મોટી ભૂલો તરફ સજાગ રાખવાનું સ્વામીશ્રી ક્યારેય ચૂકતા નથી. એમને કાળજીપૂર્વક કરેલું કામ ગમે છે. આપણી વારંવારની ભૂલો પ્રત્યે પુણ્યપ્રકોપ વ્યક્ત કરે છે, ક્યારેક સહજ ઉપેક્ષા પણ કરે છે. આમ કરવા પાછળનો હેતુ આપણને ઘડવાનો, કાળજીપૂર્વક કામમાં નિયોજવાનો જ હોય છે. તેમના વાત્સલ્ય, પ્રેમની બાબતમાં પ્રસંગ પછી ઓટ જણાતી નથી. આવા કોઈ પ્રસંગે મારી ભૂલને કારણે હું સાવ હતોત્સાહ થયો હતો. મારી દૃષ્ટિએ જે ગંભીર ભૂલ હતી તેને સ્વામીશ્રીએ સાવ સહજ ગણી સાવ હળવાફુલ કરતાં કહ્યું : 'એની ચિંતા શું ?' એનો ઉકેલ પણ કરી આપ્યો. એ પછી એ બાબતનો નિર્દેશ તેઓએ ક્યારેય કર્યો નથી અને ભૂલ પછી હેત-પ્રેમની માત્રા ઓછી થઈ નથી.

* * *

છેલ્લે, નડિયાદ પાસે કાર એક્સીડન્ટમાં મારા હાથે ઈજા થઈ હતી. ઈજા

ગંભીર છે તેવો ખ્યાલ સ્થાનિક ડૉક્ટરને ન આવ્યો. પણ પછીથી ગંભીરતા સમજાઈ. તેના ઑપરેશન માટે અમેરિકા જવું પડે તેવું સૂચન ડૉ. કિરણભાઈ અને ડૉ. હર્ષદભાઈ ભટ્ટે કર્યું. મારા મનમાં સ્વામીશ્રીને તે માટે પૂછવામાં ગડમથલ હતી. પરંતુ સ્વામીશ્રીના પ્રત્યુત્તરમાં ક્ષણનોય વિલંબ નહોતો. 'ડૉક્ટર કહે તો જવાનું.' બસ! આટલો ઉત્તર મારા માટે હતો. ડૉક્ટર હર્ષદભાઈએ જ્યારે સ્વામીશ્રી પર ફોન કર્યો ત્યારે સ્વામીશ્રીએ બધી જ સૂચના તેમને આપી. ધર્મ-નિયમ સચવાય, ઑપરેશનમાં કાંઈ ખામી ન રહે, વ્યવસ્થા બરાબર થાય વગેરે સૂચના તેમને તથા ડૉ. કે. સી. પટેલને આપી. સુખી-સંપન્ન ગૃહસ્થને પણ ન મળે તેવી સંભાવના પૂર્વક સ્વામીશ્રીની આજ્ઞાથી અમેરિકામાં ઑપરેશન થયું. જ્યારે સ્વામીશ્રીની કરુણાનો વિચાર કરું છું ત્યારે હૃદય ભરાઈ આવે છે અને જીવ પર સ્વામીશ્રીની અપાર-અકારણ કેવી દયા છે તે મહિમા સમજાય છે.

* * *

હરિભૂષણ સ્વામી

મુંબઈ

યોગીજી મહારાજના અંતિમ બીમારીના દિવસો હતા. હું અન્નકૂટ ઉત્સવ બાદ બાલમુકુંદ સ્વામી સાથે પ્રસાદ વિતરણમાં જોડાયો હતો. અમે એક મહિને ગોંડળ આવ્યા, ત્યારે બાલમુકુંદ સ્વામીને માણાવદર આવવાનું નિમંત્રણ આપવા કેટલાક હરિભક્તો આવ્યા હતા.

થોડા સમય પહેલાં સંસ્થામાંથી દાદુભાઈ અને બાબુભાઈ નાથાભાઈ પટેલને તેમની ગેરરીતિઓ અને ધર્મ વિરુદ્ધ વર્તનને કારણે વિમુખ કર્યા હતા. તે છતાં માણાવદરના કેટલાક લોકો તેમની સાથે હેતભાવ રાખી સંસ્થા વિરુદ્ધ અને સિદ્ધાંત વિરુદ્ધ થતી પ્રવૃત્તિઓમાં સંકળાયેલા હોવાથી આપણા સંતોએ માણાવદર જવાનું બંધ કર્યું હતું. તેમાં નિષ્ઠાવાન ભક્તોને ઓછું આવે તે સ્વાભાવિક છે. તેથી જ સૌએ બાલમુકુંદ સ્વામીને માણાવદર લઈ જવા ખૂબ આગ્રહ કર્યો. તેમણે મને કહ્યું : 'તમે યોગીબાપાને પૂછી આવો. તેઓ કહે તો જઈ આવીએ.'

હું સભામંડપમાં પહોંચ્યો. એક હરિભકતનું પ્રવચન ચાલુ હતું. યોગીબાપા સિંહાસન પર બિરાજ્યા હતા. મેં વિગતે વાત જણાવીને પૂછ્યું, ત્યારે બાપા કહે : 'પ્રમુખસ્વામીને પૂછો. એ જેમ કહે તેમ કરવું. ખૂબ સુખ આવશે.' એટલે હું તરત એમને મળવા નીકળ્યો. સ્વામીશ્રી ગોશાળા તરફ કોઈ કાર્ય-સૂચના માટે ગયા હતા, ને બોમ્બે ગેસ્ટ હાઉસની બાજુની ગલીમાંથી આવતા હતા. હું પગે લાગ્યો.

સ્વામીશ્રી કહે : 'કાંઈ કહેવું છે?'

'હા.' મેં કહ્યું. અને માણાવદરના હરિભક્તોની વિનંતી સંભળાવી.

સ્વામીશ્રી કહે : 'યોગીબાપાને પૂછો!'

'એમણે આપને પૂછવાનું કહ્યું છે.' મેં નમ્રભાવે કહ્યું.

'તો એમ કરો,' સ્વામીશ્રીએ તાત્કાલિક નિર્ણય આપી દીધો, 'બાલમુકુંદ

સ્વામીને કહો કે હમણાં જવાની જરૂર નથી.'

આ એક જ પ્રસંગ દ્વારા યોગીજી મહારાજે જાણે મને એ સંદેશ આપી દીધો કે મારા સ્થાને હવે પ્રમુખસ્વામી છે. જે કાંઈ કરવું તે પ્રમુખસ્વામીને પૂછીને કરવું.

* * *

૧૯૬૬, યોગીજી મહારાજ અને સ્વામીશ્રી સંતમંડળ સાથે મુંબઈ પધાર્યા હતા. એક અગત્યની ચર્ચા કરવા માટે ગુલઝારીલાલ નંદા તથા પવઈના શ્રી ચંદ્રભાણ શર્મા મંદિરે આવ્યા હતા. ચર્ચા ચાલુ હતી, તે દરમિયાન હું દૂધ, ફળ વગેરે લઈ ચાલુ મીટિંગે ઓરડામાં ગયો. જરા ઉતાવળને કારણે દૂધ છલકાયું અને તાસક દૂધવાળી થઈ ગઈ. સ્વામીશ્રીએ એક એવી નજર નાંખી કે મને ભાવ પકડાઈ ગયો કે તેમને ગમ્યું નથી.

થોડી વારે બંને મહાનુભાવોએ વિદાય લીધી. પછી સ્વામીશ્રી મને એક ખૂણામાં લઈ ગયા. ને શાંતિથી કહે : 'હરિભૂષણ, એ યાદ રાખવું. દૂધ કે પાણી કાંઈ પણ છલોછલ ન ભરવું. રકાબીમાં ઢોળાવું ન જોઈએ. થોડું ઓછું ભરવું. સંભાળીને લઈ આવવું. ટીપુંય ઢોળવું નહીં !'

એમની શીખવેલી આ ચીવટ અને કાળજી અનેક પ્રસંગે પ્રેરણારૂપ બનતી આવી છે.

* * *

૧૯૮૨માં હું કલકત્તા હતો. દિલ્હીથી લીધેલી એક મોટર કલકત્તા આવી હતી. તેમાં બેસી અમે બોચાસણમાં ઉજવાનાર સંસ્થાના અમૃત મહોત્સવમાં આવીએ કે નહીં તેવો પત્ર અમે સ્વામીશ્રીને લખ્યો હતો. તેનો ઉત્તર સ્વામીશ્રીએ ખૂબ પ્રેરક આપ્યો હતો, તે સૌની પ્રેરણા માટે અત્રે લખું છું.

પૂ પુરુષોત્તમપ્રકાશ સ્વામી, પૂ. હરિભૂષણ સ્વામી, પૂ નિરન્નમુક્ત સ્વામી, પૂ. પુરુષોત્તમજીવન સ્વામી તથા પૂ. રામજીભગત તથા પૂ. તળશીભગત. વિગેરે

શા. નારાયણસ્વરૂપદાસના આશીર્વાદ સહ

જય સ્વામિનારાયણ વાંચશો.

વિ. પત્ર આપનો મળેલ છે. મોટર આવવાની છે તેમાં આપ આવો તે અંગેનો પત્ર મળેલ છે. પણ અત્યાર સુધી ધીરજ રાખી છે તો થોડી વધારે

રાખશો અને આસોએ દર્શનલાભ થશે તો રાજી રહેશો.

મારો પત્ર મળેલ હશે તો તેમાં પણ ત્યાં રહેવા જણાવેલ છે તે મળેલ હશે. આપના વતી અત્રે દર્શન કરેલ છે.

કથા, વારતા, ભજન, સેવા સાથે હળીમળીને કરો છો તેમ કરશો. કંટાળો લાવ્યે કામ ન થાય. જો કે થોડું તેવું થાય પણ સ્વામી કહે આ સત્સંગ જીવને ગમે છે પણ દેહ-ઇન્દ્રિયોને ગમતો નથી. એટલે આળસ-પ્રમાદ થાય છે. આળસ ને પ્રમાદ ભગવાન ભજવામાં બે મોટા શત્રુ છે. તો તે વાતનો ખ્યાલ રાખશો.

આળસમાં એમ કે હમણાં થશે, પછી થશે, કાલે થશે, તેમ કરતાં કરતાં ભજન-ભક્તિ સેવામાં આળસ આવી જાય પણ વાણિયાના નામાનું વચનામૃત છે, તમારે તો ત્યાં વાણિયા શેઠિયા છે તો તે જેમ પોતાના ધંધાનું નામું દરરોજ લખી રાખે, એક દિવસનું ચડવા દે જ નહિ. તો આજે લાખો રૂપિયા ફેરવે છે. અને અત્યારે પણ આળસ રાખ્યા વગર નિયમિત ધંધો ને નામું કરે છે. તો સર્વે પ્રકારે સુખિયા છે. તેમ આપણે પણ દરરરોજ નામું કરવું જોઈએ. પણ મોડા ઊઠીએ તે આળસ. પૂજા જરા મોડી થશે તે પણ આળસ, થાળ વહેલો-મોડો થાય, દર્શન વહેલા-મોડા થાય તે આળસ, ચેષ્ટા થાય ન થાય તે આળસ, એમ આળસમાં આમ બને. આળસમાં બધું ખોયું જી... તેમ નિષ્કુળાનંદ સ્વામી લખે છે.

તો જેમ વાણિયો નામું દરરોજ દરરોજનું ન લખે તો દેવાળું કાઢે તેમ આપણી દશા થાય. માટે જુવાન અવસ્થા છે, તેમાં જ આળસ પેસે તો પછી થવાનું નથી. અત્યારે તો ખબરદાર થઈને મંડી પડવું. આવો અવસર આવેલ છે. તો ખબડદાર થઈને આળસ મૂકી દઈને ઉત્સાહ અને ઉમંગથી કાર્ય કરવું. જેમ કહેલ કે 'કાલ કરતા આજ અને આજ કરતાં અબ, મૂળ વિનાનું ઢોકળું, ઢળેગા કબ, ને કરેગા કબ.' તેમ રહી જાય. માટે, 'કોણ જાણે કેમ થયું. આવ્યું અણચિંતવ્યું સુખ.' તો તે સુખ જાણપણું રાખીને લેવું. તેમાં આળસ આવે તો મળેલ લાભ જતો રહે. માટે કોઈ વાતમાં આળસ રાખવું નહીં. કાલે નહિ, આજે જ કરવું છે. માટે પાઠ, પૂજા, કથા, વારતા, ભજન સેવા નિયમિત આળસ રાખ્યા સિવાય કરવી. મહારાજ કહે 'ધર્મનું કામ તત્કાળ કરવું.' સ્વામી કહે : 'કરોડ કામ બગાડી એક મોક્ષ સુધારવો, તેમ

મહારાજ ને સ્વામી કેટલું બધું મહત્ત્વ સમજાવે છે. અને આપણે આળસમાં જાય તો કેવું અજ્ઞાન ?! શાસ્ત્રીજી મહારાજ ને બાપાએ આળસ રાખી નથી, માટે દરરોજ નિયમિત સર્વે (કાર્ય) થવું જોઈએ. દેહ તો સુવાડી મૂકે તેવું છે, માટે શૂરવીર થવું અને શું કરવા આવ્યા છીએ ને શું થાય છે તે નિરંતર વિચાર કરવો. જે કરવા આવ્યા છીએ તે કરી લેવું. તો સાધુ થયા, તે ધ્યેય ઉપર તાન રાખવું, ખાવા, પીવા કે સૂઈ રહેવા કે ફરવા, હરવા કે દુનિયા જોવા માટે આવ્યા નથી. ભગવાન ને સંત જોવા, ને ભજન કરવા આવેલ, તે રહી ન જાય તે નિરંતર વિચાર કરવો, તેમાં ખામી આવવા દેવી નહીં. દૂર છો છતાં આજ્ઞાથી નજીક છો. તેમ માની નિરંતર જાણપણું રાખી મૂર્તિનું સુખ લેવું પણ અખંડ રાજી રહેવું. ને મોજશોખ કે રજોગુણના વિચારો મૂકી મહારાજની આજ્ઞામાં રહેવું. મર્યાદા સાચવવી. સાધુતા રાખવી તે શોભા છે, તે સાચવવી. માટે સર્વે રાજી રહેશો. આપને અત્રે આવતાં અટકાવું છું તો માફ કરશો. ને રાજી રહેશો. સંપીને કાર્ય કરો છો ને કરશો.

'પ્રમાદ તે શું તો ભગવાન અને સંત જેવા છે તેવા ઓળખાય નહિ અને બીજા મનુષ્ય જેવા જણાય તે પ્રમાદ છે. માટે બાપા ને શાસ્ત્રીજી મહારાજ મળ્યા છે તે થકી જ મોક્ષ-કલ્યાણ છે તે સિવાય જગતમાં ક્યાંય માલ નથી, સુખ નથી, શાંતિ નથી, માટે ગમે તે ઉપાયે સુખ-દુઃખ વેઠી, માન-અપમાન વેઠી, મનને મારીને પણ તે કહે તેમ જ કરવું છે. ને તેઓને રાજી કરવા છે એવો દૃઢાવ રાખી ભજન કરવું. વચનામૃતમાં કહેલ છે : જેના હૃદયમાં ભક્તિ છે તેણે એમ વિચાર રહે છે કે ભગવાન અને સંત જેમ કહે તેમ જ કરવું છે. પણ તેમાં શંકા કુશંકા ન થાય. પાંચસો સંતો તેમ વર્ત્યા છે. અને સુખિયા થયા છે તેમ આપણે પણ સુખિયા થઈ તેઓની પંક્તિમાં બેસવું છે તો રાજી રહીને ભજન કરશો.

આશીર્વાદ

જય સ્વામિનારાયણ.

* * *

યજ્ઞેશ્વર સ્વામી
મુંબઈ

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે વિદેશની ધરતી પર ધર્મધજા લહેરાવીને સંપ્રદાયનો ડંકો બજાવ્યો હતો, તેથી ગુજરાતની પ્રજાએ તેમનું ઠેર ઠેર બહુમાન કર્યું હતું.

ભાવનગરની ભાવિક જનતાને પણ આ લાભ ચૂકવો ન હતો. તેથી ભાવનગરના માસુમઅલી શેઠે યોગીજી મહારાજ, સ્વામીશ્રી અને સંઘનું સ્વાગત કરવા પોતાની ચાર ઍમ્બેસેડર ગાડીઓ ગઢડા મોકલી. યોગીજી મહારાજ અને સ્વામીશ્રી સહિત વડીલ સંતો તે ગાડીઓ દ્વારા વલ્લભીપુર પ્રતિષ્ઠા કરી સાંજે ભાવનગર પહોંચે તે રીતે કાર્યક્રમ ગોઠવાયો.

એ વખતે સંઘમાં સાથે ફરનાર દરેકે ક્યાં કઈ ગાડીમાં બેસવું તે સ્વામીશ્રી જ ગોઠવતા. એ સમયે હું મહંત સ્વામીની સેવામાં હતો. તેથી સ્વામીશ્રીને પૂછવા ગયો કે મારે કઈ ગાડીમાં બેસવાનું છે ?

સ્વામીશ્રીએ સંઘના વડીલ સંતો અને મોટેરા હરિભક્તોનું લાબું લિસ્ટ જોઈને કહ્યું : 'બધી ગાડીઓ ભરેલી છે. તમે બસમાં જ ભાવનગર જજો. ત્યાં સાંજે ભેગા થઈ જ જઈશું. માટે મોડું વહેલું થાય તેવું લાગે તો મહંત સ્વામીનું પત્તર 'દેવ'(દેવચરણ સ્વામી)ને આપી દેજો. ને એમનું પોટલું તમારી પાસે રાખજો...'

મેં તરત હા પાડી. યોગીજી મહારાજ-સ્વામીશ્રી તથા અન્ય વડીલ સંતો વલ્લભીપુર જવા નીકળી ગયા. અમારે નીકળવાનું હતું એવામાં ધોધમાર વરસાદ શરૂ થયો. એક જ કલાકમાં તો ઘેલા નદી ગાંડીતૂર બનીને વહેવા લાગી. પૂલ ઉપરથી પણ પાણી પ્રચંડવેગે વહેતું હતું. આ સ્થિતિમાં વાહનવ્યવહાર અટકી જ પડે તે સ્વાભાવિક હતું. મારા મનમાં સતત ચિંતા થયા કરતી હતી કે મહંત સ્વામીનું પોટલું-પૂજા-ધોતિયાં મારી પાસે છે, આજે રાત્રે નહીં પહોંચાય તો ત્યાં કેવી પરિસ્થિતિ થશે ? અહીં વરસાદે

એવું જોર કર્યું હતું કે કોઈ દ્વારા પોટલું પહોંચાડી શકાય તેમ પણ નહોતું.

આમ ને આમ ત્રણ દિવસ વરસાદ મુશળધાર વરસતો રહ્યો. ભાવનગરમાં તો મહંત સ્વામીને ધોતિયાંની વ્યવસ્થા થઈ ગઈ, અને યોગીબાપાની આજ્ઞાથી શ્રીહરિ સ્વામીની પૂજા પણ તેઓ કરી લેતા. એટલે પ્રશ્ન ઊકલી ગયો હતો. પણ અમે ચોથે દિવસે ભાવનગર પહોંચ્યા ત્યારે ત્યાંની જનતાએ યોગીજી મહારાજની ભવ્ય શોભાયાત્રા કાઢી હતી તે ટાઉનહૉલ સુધી પહોંચી ચૂકી હતી.

યોગીજી મહારાજ હૉલમાં પ્રવેશ્યા ને પાછળ જ પ્રમુખસ્વામી અંદર પ્રવેશતા પૂર્વે પોતાની મોજડી ઊતારી રહ્યા હતા. હું એમને ત્યાં જ ભેગો થઈ ગયો.

સ્વામીશ્રી મને જોતાં જ સહજ વિનમ્રતાથી બોલી ઊઠ્યા, 'માફ કરજો, અમારે તમને મોટરગાડીમાં (ઍમ્બેસેડરમાં) સાથે જ લેવાના હતા પણ લેવાયા નહીં, ને મુશ્કેલી પડી. તો માફ કરજો !'

મારી ઉંમર તે સમયે માત્ર ૧૮ વર્ષની ! પોતે સંસ્થાના સૂત્રધાર, મોવડી, વડીલ સંત ! વળી માફી માગવાની એમને જરૂર પણ ન હતી. કેમકે સંજોગો જ એવા હતા કે મોટરોમાં અન્ય વ્યવસ્થા શક્ય જ નહોતી.... પણ બસ, વાંક વિના ભૂલ માથે ઓઢી લઈ સ્વામીશ્રીએ મારા જેવા સામાન્ય સેવક સંતની માફી માગી ! અહંશૂન્યતાની આ પરાકાષ્ઠા હતી !

જેવી નમ્રતા તેવા જ વાત્સલ્યવારિધિ!

સ્વામીશ્રી નાના-નાના સંતો સાથે એ સમયે એવી રીતે ભળી જતા કે એમની અગાધ પ્રતિભાનો અણસાર માત્ર જણાતો નહીં.

યોગીજી મહારાજ સાથે સંઘ ભાદરા આવ્યો હતો. બપોરે યોગીબાપા આરામમાં પધારે પછી અન્ય સંતો - હરિભક્તો ઊંડ નદીના પ્રાસાદિક જળમાં સ્નાન કરવા જતા. તેમાં એકવાર સંતોને પાણીમાં પિરામિડ કરવાનો વિચાર આવ્યો. સ્વામીશ્રીએ પણ આ વિચાર વધાવી લીધો. પોતે સૌથી નીચેના મજબૂત ગ્રુપમાં ઊભા રહ્યા. તેમના ખભે પગ દઈને અન્ય સંતો - વળી તેમની ઉપર ત્રીજું ગ્રુપ અને સૌથી ઉપર યોગીચરણ સ્વામી ચડ્યા! તેમની ઉંમર તે સમયે તેરેક વર્ષની હશે તે ઉપર ચડીને જોરથી જય બોલાવે પછી બધા વારા ફરતી નદીમાં કૂદી પડે ! આ વિશ્વવંદનીય સંતના ખભે

પગ મૂકીને રમત પણ કરી છે, એ સુખ યોગીજી મહારાજના સાંનિધ્યનો આનંદ જ આપતું હોય તેવું આજે લાગ્યા કરે છે.

ઈ. સ. ૧૯૭૧નો એક પ્રસંગ નજર સમક્ષ તરવરે છે.

સૌરાષ્ટ્રના તીર્થસમા પાળિયાદ સ્થાનકના ગાદીપતિ સ્વ. ઉન્નડબાપુને શાસ્ત્રીજી મહારાજના સમયથી ખૂબ જ સારો સદ્‌ભાવ. તેમાંય યોગીજી મહારાજ ૧૯૭૦માં વિદેશમાં ધર્મધજા ફરકાવીને ગોંડલ પધાર્યા, ત્યારે તેમના સ્વાગત સમારંભમાં, તેઓએ પોતાના જાહેર પ્રવચનમાં કહેલું કે 'હવેથી બધાએ યોગીજી મહારાજને 'જગદ્‌ગુરુ યોગીજી મહારાજ' એવી રીતે જ સંબોધવા!'

આ પછી ૧૯૭૧માં યોગાનુયોગ યોગીજી મહારાજના અક્ષરવાસ પછી બીજા જ વર્ષે ઉન્નડબાપુ પણ ધામમાં સિધાવ્યા. તેમના અસ્થિનું વિસર્જન તેમના પુત્ર અને ગાદીના વારસદાર શ્રી અમરાબાપુએ સ્વામીશ્રીના પુનિત હસ્તે સોમનાથના પવિત્ર પ્રભાસક્ષેત્રમાં ગોઠવ્યું હતું. તેથી સ્વામીશ્રી માંગરોળથી વેરાવળ થઈને પ્રસંગ સ્થળે પધારી ગયા. અહીં અમરાબાપુ પણ ઉપસ્થિત હતા. બંને મહાનુભાવો તા. ૧૬-૬-૭૨ના સવારના લગભગ પોણા દસની આસપાસ ત્યાં ભેગા થયા હતા.

અસ્થિ વિસર્જન સમુદ્રમાં કરવાનું હોઈ, વસ્ત્ર બદલાવીને અસ્થિની થાળીને બંનેએ સંયુક્ત રીતે પોતાના હાથમાં ઝાલી હતી. સમુદ્રમાં પ્રવેશ કરીને બંને ધીમે ધીમે તે રીતે આગળ વધી રહ્યા હતા. લગભગ સાથળ સુધી પાણી આવ્યું હશે તે વખતે અચાનક સ્વામીશ્રી ચાલતાં ચાલતાં ક્ષણવાર સહેજ હલબલી ગયા; પરંતુ તે વખતે તો તેમણે કશું જ કળાવા દીધું નહીં. ધીમે ધીમે તેમણે અમરાબાપુ સાથે યથાવત્‌ અસ્થિની થાળી ઝાલી રાખીને આગળ વધવાનું ચાલું રાખ્યું. જળની સપાટી કેડ સુધી આવી ત્યારે વિધિપૂર્વક બંનેએ અસ્થિ વિસર્જન કર્યું. પછી સ્નાન કરીને બહાર આવ્યા.

તૈયાર થઈને તરત જ સ્વ. બાપુની શ્રદ્ધાંજલિ સભામાં પધાર્યા. હકાબાપુએ તેમની લાક્ષણિક શૈલીમાં શ્રદ્ધાંજલિ પ્રવચન વહેવડાવ્યું. ત્યારબાદ સ્વામીશ્રીએ પણ પ્રાસંગિક શ્રદ્ધાંજલિ અર્પી. પહેલેથી જ બધાને ભોજન પણ અહીં જ લેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ અસ્થિ વિસર્જનના કાર્યક્રમ માટે જ સ્વામીશ્રી પોતાના કાર્યક્રમમાં

ફેરફાર કરીને વેરાવળ થઈ ખાસ અહીં પધાર્યા હતા. ભોજન બાદ વેરાવળમાં 'સિંધીવાડી'માં પોતાને ઉતારે પધાર્યા.

આ વખતે સ્વામીશ્રી માટે ઉતારાની કોઈ ખાસ અલગ વ્યવસ્થા હતી જ નહીં. સૌ સંતો-ભક્તોની સાથે જ તેમનો ઉતારો રહેતો. રાત્રે જાહેરસભા થઈ. બીજે દિવસે બપોર પછી (એટલે કે લગભગ ૨૮ કલાક બાદ) તેઓએ વિશ્રામ માટે આસન ઉપર લંબાવ્યું, ત્યારે અમે તેમના ચરણ ચાંપવા માંડ્યા. ઓરડામાં લગભગ અંધારું જ હતું. તે વખતે હું સ્વામીશ્રીનો જમણો ચરણ દબાવી રહ્યો હતો. કોઈ વાતચીત તે વખતે ચાલુ હતી. પગ દાબતાં તેમના ચરણમાં પાની ઉપર કોઈ ચોક્કસ જગ્યાએ મારો હાથ અડે કે તરત જ સ્વામીશ્રી સહેજ પગ ખેંચે. પણ કશું કહે નહીં. આવું ત્રણ ચાર વખત બન્યું એટલે મને શંકા પડી તેથી સ્વામીશ્રીએ ઓઢેલી રજાઈને સહેજ ઊંચી કરીને ટોર્ચના અજવાળે ચરણમાં જોયું ત્યારે બહુ જ પશ્ચાત્તાપ અને દુઃખ થયું અને સ્વામીશ્રીની સહનશક્તિનો મૂર્તિમાન અનુભવ પણ થયો.

તેમના ચરણમાં પાનીના ભાગમાં લગભગ પોણા ઈંચથી સ્હેજ મોટો અને સારો એવો ઊંડો, ઊભી લીટીના આકારે એક ખુલ્લો જખમ તતડી રહ્યો હતો ! ગઈકાલના પ્રસંગનો તાળો છેક આજે મળ્યો કે સમુદ્રમાં ચાલતાં ચાલતાં સ્વામીશ્રી ક્ષણવાર માટે શાથી હલબલી ગયા હતા. તે વખતે તેમના ચરણમાં સમુદ્રના કોઈ ધારદાર ખડકની ધાર વાગી ગઈ હતી. ઘામાં દરિયાનું ખારું પાણી અડે ત્યારે કેટલી વેદના થાય એ તો જાતે અનુભવ્યા વગર ખબર પણ કેમ પડે ? અને તે પણ સતત ૨૦ થી ૨૫ મિનિટ સુધી ! સ્વામીશ્રીએ મનની સમતુલા જાળવી, પ્રસંગની ગરિમા પણ જાળવી અને બધી જ વેદનાને દબાવી રાખી, અરે ! બહાર આવ્યા પછી કે સભા પછી કે સાંજે કે રાત્રે કે બીજે દિવસે પણ કોઈને કશું જ જણાવ્યું નહીં. અરે ! અત્યારે પગ દબાવનાર સંતને પણ કહ્યું નહીં કે અહીં સાચવીને દબાવજો ! અને હજુ કશું જ કહેતા નથી કે સિસ્કારો પણ બોલાવતા નથી ! ખરેખર સ્વામીજી, તમે ગજબ છો. રોજિંદા જીવનમાં પણ તમારી સહનશક્તિના પેંગડામાં બીજાનો પગ ભાગ્યે ટકી શકે. अतिशयसहनशक्तिमते नमः।

સતત પરિવ્રાજક રહેતા સ્વામીશ્રીને ૧૯૭૨-૭૩ના વિચરણમાં જે રીતે જોયા છે, તેની આજે કલ્પના પણ થઈ શકે તેમ નથી.

સંસ્થાનું તે સમયે કોઈ જ પોતાનું વાહન નહોતું. સ્વામીશ્રી પણ હરિભક્તોની મોટરોમાં વિચરણ કરતા. અનેક પ્રકારની અગવડો સ્વામીશ્રીએ સહજ રીતે ચલાવી લીધી હતી.

એ દિવસોમાં નવાગામ-સેજકપરનો કાર્યક્રમ આટોપી સ્વામીશ્રી સંતો સાથે એક ખખડધજ જીપ દ્વારા લીંબડી જવા નીકળ્યા. રસ્તે વરસાદનું એવું જોરદાર ઝાપટું શરૂ થયું કે લીંબડી આવતાં સુધી સ્વામીશ્રી આગલી સીટ ઉપર બેઠાં બેઠાં સંપૂર્ણ ભીંજાઈ ગયા. કારણ એ હતું કે આ ગાડીની બારીને કાચ જ ન હતો !

* * *

૧૯૭૫-૭૬માં ઉનામાં રાત્રે ૯ થી ૧૨ સુધી ઠંડા વાતાવરણમાં ખુલ્લા મેદાનમાં જાહેરસભા થઈ હતી. સ્વામીશ્રીના શરીરમાં સારી એવી કળતર થતી હતી. ઉતારે પહોંચ્યા ત્યારે એમણે સંતોને પૂછ્યું, 'ચેષ્ટા બોલ્યા ? સંતોએ ચેષ્ટા શરૂ કરી. સ્વામીશ્રીનું શરીર અસ્વસ્થ હતું, તે પ્રત્યક્ષ કળાતું હતું. તો પણ તેઓ પ્રબળ ઈચ્છાશક્તિથી શરૂઆતથી તે 'પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ' એ પદ બોલાયું, ત્યાં સુધી સૌની વચ્ચે પોતાની પથારીમાં બેઠા રહ્યા અને ચેષ્ટા બોલતા રહ્યા. પદ પૂરું થયું કે તરત જ ઢળી પડ્યા ત્યારે સૌને ખ્યાલ આવ્યો કે અત્યાર સુધી પોતે આત્મશક્તિથી અને પરાભક્તિથી ચેષ્ટાગાન કરી રહ્યા હતા.

* * *

એજ અરસામાં તા. ૫-૬-૭૩ ના રોજ ઊંટવાડા મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા કરીને સ્વામીશ્રી ઉતારે જમવા માટે પધાર્યા ત્યારે મને શરૂઆતમાં બે અને પછી એક-એમ ત્રણ લાડુની પ્રસાદી આપી. શાથી આપી તે મોડેથી સમજાયું.

તે સાંજે લગભગ ૪.૩૦ વાગ્યાની આસપાસ ઊંટવાડાથી ગીરના જંગલ રસ્તે જૂનાગઢ આવવા માટે ફારગો[૧] ગાડી દ્વારા નીકળ્યા. તે વખતે ડૉક્ટર સ્વામી, અનુપમ ભગત (ભગવત્પ્રિય સ્વામી), દેવચરણ સ્વામી, પ્રગટ ભગત અને હું. આટલા સંતો તથા એ.પી. પટેલ વગેરે બે વડીલ હરિભક્તો સ્વામીશ્રીની સાથે હતા. ગીરના જંગલમાં પ્રવેશ થઈ ગયો ને થોડે ગયા ત્યાં એક નાનો ડેમ આવ્યો. રસ્તાનું જંકશન પણ આવ્યું. બંને રસ્તા અજાણ્યા

૧. સ્ટેશનવેગન જેવી મોટી ગાડી

હતા તેથી ડ્રાઇવર દામજીભાઈએ જંકશન ઉપર જ ગાડી ઊભી રાખી અને સ્વામીશ્રીને પૂછ્યું, 'કયે રસ્તે ગાડી લેવી?'

બે ત્રણ ક્ષણ વિચાર કરીને સ્વામીશ્રી કહે : 'ડાબી બાજુ લઈ લો.' પરંતુ દામજીભાઈને સમજવામાં ફેર થયો કે શું થયું, તેમણે તો ગાડી સીધી જ જવા દીધી. સ્વામીશ્રીએ કે અન્ય કોઈએ પણ તેમને વાર્યા નહીં. ગાડી સડસડાટ રસ્તો કાપતી હતી... સંધ્યા ઢળવા આવી હતી અને જંગલના કાચા રસ્તાની આસપાસ ગીચ ઝાડીઓ વધારે ને વધારે ગીચ થતી જતી હતી... ક્યાં જઈ રહ્યા છીએ તેના કોઈ જ સગડ મળતા ન હતા.

થોડીવારમાં તો ગાઢ અંધારું છવાઈ ગયું. ગાડીની હેડલાઇટના ઉજાસમાં અમે આગળ વધી રહ્યા હતા. સૌના મન શંકિત હતા, કારણ કે રસ્તો અજાણ્યો, નિર્જન અને ભેંકાર હતો. વળી એ કઈ દિશામાં અથવા ક્યાં જઈ રહ્યો છે તે પ્રશ્ન પણ સૌના મનમાં ઘોળાતો હતો. દામાભાઈ ધમધમાવીને ગાડી હંકાર્યે જતા હતા.

એટલામાં અચાનક ગાડીની ડાબી બાજુએ કોઈ પ્રાણી ગાડીની સાથે દોડતું જોયું અને એક સંતે બૂમ પાડી, 'સિંહ ! સિંહ !...' જીજ્ઞાસાવશ સૌ જોઈ રહ્યા. દામજીભાઈએ ગાડી ધીરે ધીરે ધીમી પાડી અને ઊભી રાખી. ગાડીના બધા કાચ બંધ હતા. એક જુવાન ભરાવદાર સિંહ, રસ્તાની ડાબી બાજુથી નીકળીને ગાડીની આગળ થઈને, રસ્તો ક્રોસ કરીને જમણી બાજુ બરાબર સ્વામીશ્રી જે સીટ ઉપર બેઠા હતા તે તરફ નજીક આવીને બારી સામે મીટ માંડીને ઊભો રહ્યો ! સૌ અદ્ધર શ્વાસે આ અપૂર્વ ઘટના જોઈ રહ્યા હતા. પોતાના ધબકાર પણ સંભળાય તેવું નિર્જન એકાંત હતું.

એટલામાં અમારા આશ્ચર્ય વચ્ચે અચાનક સ્વામીશ્રીએ પોતાની બારીનો કાચ ઉઘાડ્યો ! સ્વામીશ્રી અને સિંહ બન્ને એકબીજાને એકાદ મિનિટ સુધી જોઈ રહ્યા અને પછી સિંહ પીઠ વાળીને થોડી જ ક્ષણોમાં ગીચ ઝાડીઓમાં અદૃશ્ય થઈ ગયો ! દામજીભાઈએ ફરીથી ગાડીનું સુકાન સંભાળ્યું. સિંહ જોયાનો સૌને આનંદ તો થયો પણ થોડી થોડીવારે ગોળાકારમાં વળતો આ રસ્તો ગીચ ઝાડીઓ વચ્ચે થઈને ક્યાં જઈ રહ્યો છે તે પ્રશ્ન સૌના મનમાં ઘોળાયા જ કરતો હતો. અરસપરસ ચર્ચા ચાલતી હતી કે કોઈ મળે તો પૂછપરછ કરીએ. પણ... કોઈ જ વાહન કે કશું જ મળ્યું નહીં. હા, દૂર

ઝાડીમાં બે ત્રણ ટમટમિયાં દેખાયાં !

પરંતુ તોય અમારી ગાડી આગળ ને આગળ વધી રહી હતી. લગભગ અડધો કલાક પછી એક બીજું જંકશન આવ્યું, જેમાં બૉર્ડ મારેલું હતું, 'વિસાવદર (અમુક કિ.મિ.)'

દામજીભાઈએ ગાડી ઊભી રાખી અને પૂછ્યું, 'શું કરવું છે?'

સ્વામીશ્રીએ પૂછ્યું, 'પેટ્રોલ કેટલું છે?' પ્રગટ ભગતે પ્લાસ્ટિકના બે મોટા કેનમાં થોડો રિઝર્વ સ્ટોક રાખેલો. તેથી તેઓ કહે : 'વાંધો નહીં આવે'.

સ્વામીશ્રી કહે : 'પાછી વાળી લો'. પેટ્રોલ પૂરીને ગાડી પાછી વાળી.

એ જ રસ્તે પાછા વળ્યા. ગાડીમાં ભજન-કીર્તન ચાલુ હતાં. સ્વામીશ્રી પ્રાસંગિક વાતો પણ કરતા હતા. ૮ વાગે જૂનાગઢ પહોંચીને ઠાકોરજી જમાડીને પૂર્વ આયોજિત મોટી જાહેરસભામાં ઉપસ્થિત રહેવાનું હતું. પણ આઠ તો અહીં જ થઈ ગયા હતા ! મૂળ જંક્શન ઉપર આવીને સ્વામીશ્રીએ પ્રથમ સૂચના આપી હતી તે રસ્તા તરફ ગાડી વાળી. થોડા આગળ ગયા તો રસ્તો જ દેખાય નહીં ! કારણ કે ચોમાસું બેસી ગયું હોવાથી સૂકાં પાંદડાં, ડાળખાં જે ઉપરવાસથી પાણીમાં તણાઈને આવ્યાં હોય તે સર્વત્ર પથરાયેલાં જોવા મળે. તેથી અસલ રસ્તો કયો છે તે ચાલુ ગાડીએ એકદમ નક્કી પણ થઈ ન શકે. તેથી થોડી થોડી વારે ગાડી થોભાવવી પડે.

કીચડ આવે ત્યારે ગાડી સ્લીપ થાય, ક્યારેક ફંગોળાય પણ ખરી. ગાડી એક તો ભારેખમ, અને પાછી સંપૂર્ણ લોડેડ. દામજીભાઈએ ખમીસ કાઢી નાખ્યું. ઊભી થતી દરેક પરિસ્થિતિમાંથી ગાડીને ખૂબ જ સાવધાની પૂર્વક હેમખેમ પાર ઉતારવા માટે જાણે કમર કસી. આ જોઈ અનુપમ ભગત કહે : 'આજે દામજીની ખરેખરી કસોટી છે !'

તે વખતે સ્વામીશ્રી પણ પોતાની સીટનો ટેકો છોડીને, દામજીભાઈની સીટને પાછળથી પોતાના બન્ને હાથ વડે ઝાલીને, સાવધાનીથી ટટ્ટાર બેઠા બેઠા દામજીભાઈને અણીની ક્ષણો વખતે માર્ગદર્શન આપતા હતા. એવામાં એક ઢોળાવ શરૂ થયો અને ગાડી સ્લીપ થતાં થતાં ફંગોળાવા માંડી. એકદમ સ્વામીશ્રી દામજીભાઈને કહે : 'દામાજી ! થર્ડમાં નાખો !' દામજીભાઈએ તરત એમ કર્યું. ગાડી કંટ્રોલમાં આવી ગઈ.

ઢોળાવને માંડ પાર કર્યો ત્યાં એક વોકળું આવ્યું. તેમાં પાણી ખળખળ

વહેતું હતું. ઉપરવાસ સારો વરસાદ થયો હશે તેની આ એંધાણી હતી. પુલ હતો નહીં. તેથી ગાડી થોભાવી. દેવચરણ સ્વામી અને પ્રગટ ભગત નીચે ઊતર્યા. સોટી શોધીને પાણીની ઊંડાઈનો ક્યાસ કાઢતા બંને ધીમે ધીમે આગળ ચાલ્યા. ખાસ વાંધો નહીં આવે એમ જણાવાથી તેમના ઇશારે ગાડી પાણીમાં નાખી અને વોકળું પાર કર્યું. આવા બે ત્રણ વોકળાં આવ્યાં.

લગભગ સાડા નવની આસપાસ એક ફોરેસ્ટ રેન્જરનો કૅમ્પ આવ્યો. કંપાઉન્ડમાં ગાડી પાર્ક કરી. સ્વામીશ્રી લઘુ કરવા માટે નીચે ઊતર્યા. પાણી આપ્યું પણ પીધું નહીં. રેન્જરને રસ્તા અંગે પૂછપરછ કરી. તેને જૂનાગઢ જવું હતું અને અમારે ભોમિયાની જરૂર હતી. ગાડીમાં જગ્યા ન હોવા છતાં તેને સાથે લીધો. જંગલના રસ્તામાં વચ્ચે આવતી ફાટકો રાત્રે બંધ કરવામાં આવતી હોય છે પરંતુ આ રેન્જરને હિસાબે ફાટકવાળા અનુકૂળ થઈ જતા.

સૌને ભૂખ પણ કકડીને લાગી હતી. દેવચરણ સ્વામીએ ગાડીમાં તપાસ કરી પણ કશું જ મળ્યું નહીં. તેઓ કહે : 'આજે પરચો કહેવાય કે ગાડીમાં શીંગચણા પણ મળતા નથી !'

રાત્રે લગભગ દોઢ વાગ્યાની આસપાસ જંગલનો છેડો આવ્યો હોય તેવું જણાયું. રસ્તામાં વચ્ચોવચ્ચ એક મોટું ખાબોચિયું આવ્યું અને ગાડી પાણી અને કાદવ ઉછાળતી તેમાં ફસાવા લાગી. જેમ જોર કરે તેમ વધુ ખૂંચતી ગઈ. અંતે, સ્વામીશ્રી સિવાય અમે બધા જ કછોટા વાળીને નીચે ઊતર્યા. સ્વામીશ્રી પણ કાદવ-કીચડમાં નીચે ઊતરવા માટે તત્પર થયા, પણ સૌએ તેમને સવિનય ના પાડી તેથી બેસી રહ્યા.

હવે એન્જિન ચાલુ કરીને સૌએ સહિયારો પુરુષાર્થ માંડ્યો. ચારેય પૈડાં પાસેથી શક્ય એટલી ગાડીને ઊંચી કરતા જવું અને ધક્કો મારતા જવું, આ વ્યાયામ શરૂ થયો... કાદવ-કીચડ અને પાણી સખત ઊડી રહ્યાં હતા. સ્વામીશ્રી ગાડીની અંદર ઘડીક આ બારીએ તો ઘડીક સામી બારીએ આવીને સૌના ચાલુ પુરુષાર્થમાં માર્ગદર્શન આપી રહ્યા હતા આમ લગભગ અડધો કલાક મથ્યા અને... અને... પેટ્રોલ ખતમ ! બધા સ્તબ્ધ થઈ ગયા.

સ્વામીશ્રી કહે : 'આને પૂછો.' એટલે રેઈન્જર કહે '૫-૭ કિ.મિ. ઉપર સતાધારની જગ્યા છે. ત્યાંથી પેટ્રોલ મળી જશે. મેં રસ્તો જોયો છે.' સ્વામીશ્રી, ડૉક્ટર સ્વામી, વડીલ હરિભક્તો વિગેરેને ગાડીમાં શક્ય એટલો

વિશ્રામ કરવા માટે રોકીને અમે ચાર સંતો અને દામજીભાઈ રેન્જરની સાથે ટોર્ચના ઉજાસે પેટ્રોલના કેન લઈને ઉપડ્યા. કીચડમાં પગરખાં અનુકૂળ ન હોવાથી એક ચોક્કસ જગ્યાએ મૂકી દીધાં. વાતો કરતા શક્ય એટલી વધુ ઝડપે પંથ કપાતો હતો. એટલામાં દેવચરણ સ્વામીની આગળથી એક મોટો સર્પ ઝડપથી રસ્તો પાર કરતો હતો, પાછળ ચાલતા અનુપમ ભગતે તે જોયો અને બૂમ મારી, 'દેવ ! સાચવજે ! સાપ છે !' ને દેવ સ્વામી સર્પને કૂદી ગયા. સર્પ પણ ઉપદ્રવ કર્યા વગર સડસડાટ પોતાના માર્ગે ચાલ્યો ગયો.

સતાધારની જગ્યાએ પહોંચીને, બાપુને જગાડીને પેટ્રોલ માટે વિનંતી કરી. તેમના ટ્રેક્ટર ઉપર બેસીને અમે ડેમ ઉપર ગયા. દેવચરણ સ્વામીએ મહામહેનતે અધિકૃત માણસને જગાડ્યો. દામજીભાઈએ દામ ચૂકવ્યા. ફરી સતાધાર આવ્યા. ફારગોને બાંધવા માટે મજબૂત કેબલ લીધો. અતિસંકડાશ અને ભીંસ હોવાથી અમો બે સંતો ઊતરી ગયા. ચાર જણા ટ્રેક્ટર ઉપર 'ફારગો'ની વિધિ કરવા માટે ગયા.

અનુપમ ભગત અને મેં 'બાપુ'ની જાયગામાં ગારાવાળું શરીર ધોયું. ભૂખ એવી કકડીને લાગી હતી કે સહજે સ્મરણ થઈ આવ્યું કે આજે બપોરે સ્વામીશ્રીએ ત્રણ લાડુની જે પ્રસાદી પત્તરમાં આપી હતી તે આ સેવાની આગોતરી તૈયારી રૂપે જ આપી હશે.

ખેર ! પોણો કલાકમાં ફારગો રમરમાટ કરતી આવી પહોંચી. સંઘ ફરી ઉપડ્યો. વિસાવદરમાં ફરીથી પેટ્રોલ પુરાવ્યું અને પછી દામાજીએ ગાડી મારી મૂકી.. કે સવારે ૪.૩૦ વાગે જૂનાગઢ પહોંચી ગયા.

જ્યારે રાત્રે આઠ વાગે પહોંચવાનું હતું ત્યાં પરોઢિયે પહોંચ્યા ! નિત્યવિધિ બાદ નામનો આરામ કરીને બીજા દિવસનો કાર્યક્રમ યથાવત્ શરૂ થઈ ગયો.

કેવો વિકટ હાડમારી ભર્યો હતો એ સમય ! સારી તબિયતમાં રાતોરાતના ઉજાગરા કરીને સ્વામીશ્રીએ કેવળ હરિભક્તો માટે દેહના, મનના, આરામ અને સુવિધાઓના ભુક્કા કર્યા છે. આ સ્મૃતિ આવા પ્રસંગોને કારણે આજે પણ ઘેરી બનતી રહી છે.

* * *

૧૯ જૂન, ૧૯૭૭, લંડન, આજે રવિવારનો દિવસ હતો. અહીંના નવા બંધાયેલા 'Wembly Conference Centre'માં એક ભવ્ય જાહેરસભા

ચાલી રહી હતી. વિશાળ સ્ટેજ ઉપર ફક્ત ૧૦-૧૨ વ્યક્તિ જ બેઠેલી, અને તે પણ છૂટી છૂટી. ઉપર છતમાંથી એરકંડીશન મશીન દ્વારા સખત ઠંડી હવા અમારા વાંસા ઉપર ફેંકાઈ રહી હતી. સામે ઓડીયન્સ અર્ધ ગોળાકારવાળા વિશાળ ઓડીટોરિયમમાં ખીચોખીચ ભરેલું, તેથી તેમને ઠંડી ઓછી લાગે તે સ્વાભાવિક છે.

સ્ટેજ ઉપર ઠાકોરજીના સિંહાસનની બાજુમાં સ્વામીશ્રી પણ આસન ઉપર બેઠા હતા. આ સભા સાંજના ૪ થી ૯ સુધી સતત ૫ કલાક ચાલી. સ્ટેજ ઉપર બેઠેલા અમે બધા ઘણા જ ઠરી ગયા હતા.

સભા પછી ઓડીટોરિયમની બહાર ખુલ્લા વાતાવરણનો સ્પર્શ થયો તો ત્યાં પણ સખત ઠંડીના સુસવાટા ફૂંકાઈ રહ્યા હતા. હૂંફાળી મોટરકાર દ્વારા સ્વામીશ્રી અને અમે સૌ ઈશ્વરભાઈ માસ્તરને ત્યાં આવ્યા. અહીં પણ હકડેઠઠ હરિભક્તોની ભીડ જામી હતી.

અહીં સ્વામીશ્રી અને સંતો માટે ભોજનની વ્યવસ્થા તેમના નાના રસોડામાં ગોઠવાઈ હતી. બહાર લગભગ ૪૦ થી ૫૦ યુવકો અને ૨૫ થી ૩૦ હરિભક્તો લોનમાં ઠંડા વાતાવરણમાં 'બુફે ડીનર'ની શરૂઆત કરવાની તૈયારીમાં હતા. થોડી ક્ષણોમાં ભોજન માટે રસોડામાં સ્વામીશ્રીનો પ્રવેશ થયો કે સામેથી વિશાળ બારીઓના કાચ પાછળ દર્શન માટે ઊભેલા ૩-૪ યુવકો સ્વામીશ્રીને જોતા જ એકદમ ગેલમાં આવી ગયા. તેમણે મોટેથી બૂમ પાડી, 'બાપા ! પ્રસાદી !'

સ્વામીશ્રીએ ભક્તિકિશોર સ્વામી સામે સૂચક દૃષ્ટિથી જોયું. સ્વામીશ્રીની મરજી જાણીને તરત જ તેમણે પીસ્તાપાકનો એક થાળ સ્વામીશ્રી સમક્ષ ઝાલી રાખ્યો. પણ યુવકોને પ્રસાદી આપવી કેવી રીતે ? સ્વામીશ્રી આમ તેમ જોવા માંડ્યા. પણ બારી સખત રીતે બંધ હતી.[૧] મજબૂત એવા ભક્તિકિશોર સ્વામીએ રસોડાના પ્લૅટફૉર્મ ઉપર પીસ્તાપાકનો થાળ મૂકીને પોતાના મજબૂત હાથે બારીઓ ખોલવા માટે મથામણ કરી જોઈ પણ વ્યર્થ ! બારી સજ્જડ હતી.

એ દરમ્યાન સ્વામીશ્રીની ચકોર નજર બારીના ઉપરના ભાગમાં આવેલ વેન્ટીલેશન ઉપર પડી. તેમણે પગના અંગૂઠા અને આંગળીઓ ઉપર ઊભા

---

૧. ઠંડા પ્રદેશમાં બારી ખોલવાની ભાગ્યે જ જરૂર પડતી હોય છે.

રહીને, ઊંચા થઈને પીસ્તાપાકનાં ચક્તાં એક પછી એક યુવકોને આ વેન્ટીલેશનમાંથી આપવા માંડ્યાં. આ બધી પળો દરમ્યાન બહાર તો યુવકો અને હરિભક્તોનું ટોળું પ્રસાદીની આશાએ બારી પાસે જમા થઈ ગયું હતું. દરેકના મુખ ઉપર આતુરતાપૂર્વકનો પ્રેમભાવ અવર્ણનીય દેખાતો હતો.

સ્વામીશ્રીને આ રીતે પગના પંજા ઉપર ઊભા રહીને જમણો હાથ ઊંચો કરી કરીને દરેકને પ્રસાદી આપવાનું થોડું કષ્ટ પણ પડી રહ્યું હતું. તેથી તેમને થોડું સરળ પડે એ હેતુથી કોઈ બે પાટલા લઈ આવ્યું. તેની ઉપર ઊભા રહીને સ્વામીશ્રીએ પ્રસાદી આપવાનું ચાલુ રાખ્યું. પીસ્તાપાકના બે થાળ ખાલી થયા પણ હજી પ્રસાદી લેવાવાળા કેટલાક બાકી હતા; તેથી બાજુમાં રોટલા ભરેલી થાળી પડી હતી તેમાંથી ચોથિયું ચોથિયું દરેકને આપવા માંડ્યું. લગભગ ૧૦ થી ૧૨ મિનિટ સુધી આ રીતે પાત્રતાવાળા ભક્તોને અણચિંતવ્યો લાભ સ્વામીશ્રીએ આપ્યો.

ત્યારપછી હાથ ધોઈને નિયત આસન ઉપર જમવા માટે બેઠા. સ્વામીશ્રીનું આસન એ નાનકડા રસોડાનાં પ્લૅટફૉર્મ ઉપર બેસાડેલા સીન્ક (ટબ) આગળ જ ગોઠવવામાં આવ્યું હતું. તેમની જમણી બાજુ મહંત સ્વામી અને ડાબી બાજુ ઈશ્વરચરણ સ્વામી બેઠા હતા. અન્ય સંતો પણ જગ્યા પ્રમાણે બેઠા હતા. ભોજન સામગ્રી પણ ઘણી જ બનાવી હતી. તેથી રસોડામાં ચાલવા માટે ભાગ્યે જ કોઈ જગ્યા ખાલી હતી.

એટલામાં સર્વેને પાણીના ગ્લાસ ભરીને આપવાના હોઈ મેં સ્વામીશ્રી અને મહંત સ્વામીની વચ્ચે સાવધાનીથી ઊભા રહીને પ્રથમ ગ્લાસ ભર્યા અને એકબીજાના ટેકે ગોઠવ્યા. તેમાંથી પ્રથમ બે ગ્લાસ સંતોને આપ્યા ન આપ્યા અને એક ગ્લાસ સીધો જ સ્વામીશ્રીની પીઠ ઉપર નમ્યો, પડ્યો અને ઢોળાયો. સ્વામીશ્રીનું ગાતરિયું (ઉત્તરીય વસ્ત્ર) પીઠના ભાગમાં સંપૂર્ણ પલળી ગયું. એક તો હૉલમાં સભા દરમ્યાન સ્વામીશ્રી ઠર્યા જ હતા. તેમાંય આ રીતે ઠંડા પાણીના અભિષેકથી ફરીથી ઠાર્યા ! છતાં સ્વામીશ્રી રંચમાત્ર પણ ગુસ્સે ન થયા ! આ ઘટનાથી મારા તો હોશકોશ ઊડી ગયા. કારણ કે આમાં નિમિત્ત હું બન્યો હતો. સ્વામીશ્રી તો શાંતિથી બેસી રહ્યા હતા. તેઓ ઠરી રહ્યા હતા (તેમનું Extra ગાતરિયું તે વખતે સાથે ન હતું.) સમયસૂચકતા વાપરીને બાજુમાં બેઠેલા ઈશ્વરચરણ સ્વામીએ સ્વામીશ્રી વધુ

ન ઠરે તે હેતુથી સ્વામીશ્રીની પીઠ ઉપરથી ભીનું ગાતરિયું હળવેકથી ઉતારી લઈને પોતાનું હૂંફાળું ગાતરિયું તેમને ઓઢાડી દીધું. ત્યાર પછી ભોજનવિધિ શરૂ થયો તે દરમ્યાન સ્વામીશ્રીનું ગાતરિયું નિચોવીને ઈસ્ત્રી દ્વારા તેને સારી રીતે કોરું કરીને, અમે વ્યવસ્થિત કર્યું. અને જમ્યા પછી સ્વામીશ્રી બેઠકરૂમમાં સોફા ઉપર બિરાજીને હરિભક્તોને આનંદ કરાવી રહ્યા હતા, ત્યાં જઈને તેમને ઓઢાડી દીધું.

જાણે 'કશું બન્યું જ નથી' એટલી સાહજિકતાથી સ્વામીશ્રીએ તે સ્વીકારી લીધું.

ખરેખર ! ક્રોધ થવાનું નિમિત્ત હોવા છતાં પ્રચ્છન્નરૂપે પણ તેમને ગુસ્સો આવ્યો નહીં એ જ એમની મહાનતા છે ને !

विकारहेतौ सति विक्रियन्ते येषां न चेतांसि त एव धीराः ।

વિકારનો હેતુ હોવા છતાં જેમનાં ચિત્ત વિકારને પામે નહીં તે જ ધીર પુરુષો છે. સ્વામીશ્રીમાં નિહાળેલું આવું નૈસર્ગિક ધીરપણું અન્યત્ર ખરેખર દુર્લભ હોય છે. धीरपुरुषाय नमः ।

* * *

ઈ. સ. ૧૯૭૮નો પ્રસંગ છે. સ્વામીશ્રી મુંબઈનો કાર્યક્રમ આટોપીને મોટરકાર દ્વારા દક્ષિણ ગુજરાતના વિચરણ માટે નીકળ્યા. સેલવાસ, વાપી, અતુલ વગેરે ગામો કરીને સ્વામીશ્રી ઉકાઈ પધાર્યા. તે અરસામાં તે વિભાગમાં એવું સખત વિચરણ થયેલું કે જેમાં સ્વામીશ્રીના ભોજન કે આરામના સમયનો કે તેમની યોગ્ય વ્યવસ્થાનો ભાગ્યે જ મેળ રહેતો. વિભાગીય આયોજન જ ઢંગ અને ધડા વગરનું હતું, છતાં સ્વામીશ્રી હસતે મોઢે બધું ચલાવી લેતા.

ગામડાંનું વિચરણ પૂરું થયે સ્વામીશ્રી તા. ૨૬-૯-૭૮ના રોજ કરચેલિયા થઈ ઉકાઈ પધાર્યા હતા. તે અરસામાં પાયોરિયાની તકલીફના કારણે તેમની દાઢમાં સખત દુખાવો રહેતો હતો. પણ તેઓ કોઈને કળાવા દેતા ન હતા. કરચેલિયા જાહેરસભા બાદ ધોમ ધખતા તાપમાં તા. ૨૭-૯-૭૮ના રોજ જીપ દ્વારા સોનગઢ પધાર્યા. અહીં ભરબપોરે પતરાંની છતવાળી એક પુરાણી ધર્મશાળામાં આયોજકે જાહેરસભાનો કાર્યક્રમ રાખ્યો હતો. એક તો ધોમધખતો તાપ, તેમાંય સખત તપેલાં પતરાંની છત નીચે જ બેસવાનું.

પંખા કે લાઇટ કશું જ મળે નહીં. પરસેવે રેબઝેબ થવાનું અને ગરમીમાં બફાવાનું. પણ સ્વામીશ્રીએ કશી જ ફરિયાદ કરી નહીં. અધૂરામાં પૂરું આજે એકાદશી હતી. એ સમયે સ્વામીશ્રી હંમેશાં નિર્જળા એકાદશી કરતા. ચાલુ દિવસોમાંય સ્વામીશ્રી સવારે ઉતારેથી ઉકાળાપાણી કરીને નીકળ્યા હોય, પછી ગણતરી વગરની પધરામણી કરીને બપોરે બે-અઢી-ત્રણ (અને ક્યારેક ચાર) વાગે જમવા ભેગા થાય, ત્યારે પાણી ભેગા થાય. વચ્ચે ગમે તેટલી તરસ લાગી હોય પણ તેમણે પોતે સામેથી ક્યારેય પણ પાણી માગ્યું નથી ! ક્યારેક સહેજે ઠાકોરજીને ધરાવીને કોઈ સંત શુદ્ધ જળ લાવે તો તે પી લેતા. આવી તેમની સહજ પ્રકૃતિ આજે પણ છે.

સોનગઢની કષ્ટમય જાહેરસભા બાદ ઉતારે આવીને સાંજે વીરપુર થઈ વ્યારા પધાર્યા. વ્યારામાં પણ રાત્રે જાહેરસભા થઈ. તા. ૨૮-૯-૭૮ના સવારે પ્રાતઃપૂજાવિધિ તથા કથાવાર્તા બાદ સંતમંડળ સાથે કપુરા પધાર્યા. અહીં ટોરોન્ટો (કેનેડા) નિવાસી સુમન નરસિંહભાઈ ભક્તાને[૧] ત્યાં વિશાળ ખંડમાં સત્સંગસભા ચાલી રહી હતી. નારાયણ ભગત ઊભા ઊભા પ્રવચન કરી રહ્યા હતા. તે દરમ્યાન તેમની બાજુમાં બિરાજેલા સ્વામીશ્રીનું શરીર એટલું અસ્વસ્થ થવા માંડ્યું કે તેનો અણસાર સાથેના સંતોને પણ તરત આવવા માંડ્યો. તેમનું શરીર જાણે શ્યામ પડતું જતું હોય તેવું જણાયું, નિર્જળા ઉપવાસમાં કરેલા પરિશ્રમનું આ પરિણામ હતું. પણ તેઓ તો તેમની લાક્ષણિકતા અનુસાર માળા જ ફેરવ્યે જતા હતા. માનસિક રીતે સંપૂર્ણ સ્વસ્થ. સાથેના સંતો પરસ્પર સ્વામીશ્રીના કથળી રહેલા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરતા હતા અને ઉપાય શોધતા હતા. જેનો અણસાર ચકોર એવા નારાયણ ભગતને ચાલુ પ્રવચને જ આવી ગયો. તેમણે ખાત્રી માટે સ્વામીશ્રીના હાથનો ત્વરાથી સ્પર્શ કરી લીધો. સ્વામીશ્રીનું શરીર અત્યંત તાવના કારણે સખત તપી રહ્યું હતું, તેથી તેમણે અડધા પ્રવચને જ 'જય' બોલાવી દીધી અને ટૂંકમાં જાહેરાત કરીને સભાનું વિસર્જન કર્યું. સંતો સ્વામીશ્રીને ટેકો આપીને મોટર સુધી લઈ ગયા અને સડસડાટ બધો જ સંઘ વ્યારા સ્વામીશ્રીના ઉતારે જીતુભાઈ શાહને ત્યાં આવી ગયો.

ઉતારો પહેલે માળે હતો. સ્વામીશ્રીને તાવના કારણે અશક્તિ સખત વધી

૧. હાલ, સેઈન્ટ લુઈસ (U.S.A.) ઉત્તમપ્રકાશ સ્વામીના પૂર્વાશ્રમના ભાઈ.

રહી હતી, તેથી સંતો એમને ઝાલી રાખીને, ટેકો આપીને જેમ તેમ કરીને ઉપર લઈ ગયા. બે ગાદલાં ઉપર ચાદર સરખી પથરાય તે પહેલાં તો સ્વામીશ્રી પથારીમાં ઢળી જ પડ્યા.

અમે અમુક સંતો તેમનું શરીર દબાવવા માંડ્યા. જાણકાર સંતે સ્વામીશ્રીને કોઈ ઔષધ પાયું.[૧] પણ મિનિટે મિનિટે સ્વામીશ્રીની અસ્વસ્થતા વણસતી જતી હતી. લગભગ અર્ધબેશુદ્ધ એવા તેઓ ક્યારેક કંઈક બોલે અથવા કંઈક સૂચના આપે તે પણ અંધધંધ જેવું લાગે. નજીકથી કાન માંડીને સાંભળનારને પણ સંપૂર્ણ તો ન જ સમજાય. નરસિંહભાઈના ઘરેથી અચાનક નીકળી જવાનું થયું હતું તેથી તાવમાં-ઊંઘમાં બોલતા હતા : 'સુમનના બાપુજીને ખોટું તો નહીં લાગ્યું હોય ને !' વળી કહે, 'મઢીવાળા મહેન્દ્રભાઈએ આપણને તેડાવવા ઘણી તૈયારી કરેલી પણ આપણાથી જવાયું નહીં...' આમ બિમારીમાંયે ભક્તોને સંભારી દુઃખ વ્યક્ત કર્યા કરતા હતા... સ્વતંત્ર રીતે પડખું ફરવા જેટલી તાકાત પણ તેમના શરીરમાં ન હતી તેમની શરીર ઉપરની શુદ્ધિ તેઓ મિનિટે મિનિટે જાણે ગુમાવી રહ્યા હતા. સાથેના સંતોને લાગણીવશ ખૂબ જ ચિંતા થવા લાગી હતી. હરિભક્તો ડૉક્ટરને લેવા માટે પહોંચી ગયા હતા.

બપોરે લગભગ ૧૧.૩૦ વાગ્યા હશે. અમારા આશ્ચર્ય વચ્ચે સ્વામીશ્રી પ્રયત્ન પૂર્વક એકદમ ઝડપથી સફાળા બેઠા થઈ ગયા અને સંતોને પૂછ્યું, 'હરિકૃષ્ણ મહારાજને થાળ ધરાવ્યો?'

'હા, અક્ષરસ્વરૂપ સ્વામી થાળ માટેની તૈયારી સવારથી કરતા હતા. મંદિરમાં અત્યારે થાળ ચાલુ જ છે'. એક સંતે વિગતવાર જવાબ આપ્યો. સ્વામીશ્રીના મુખ ઉપર અપાર સંતોષની લાગણી ફરી વળી અને શાંતિથી સૂઈ ગયા. સમય સમયની ઠાકોરજીની સેવાનું કેવું સતત અનુસંધાન !

બીજે દિવસે વ્યારાથી સાંકરી આવ્યા. આજે સ્વામીશ્રીનો તાવ ઊતરી ગયો હતો. જો કે અશક્તિ ઘણી જ હતી. તેમની દાઢમાં સખત પીડા હતી પણ તેઓ તે અંગે કોઈને ફરિયાદ કરતા ન હતા. તેમાં વળી બારડોલીના ડૉ. રમણભાઈ પટેલે કમળો હોવાનું નિદાન કર્યું. અને એ દિવસ બાદ

---

૧. તે વખતે પ.પૂ. સ્વામીશ્રી માટે અત્યારે છે તેવી કોઈ સુવ્યવસ્થિત વ્યવસ્થા જ નહોતી.

અમદાવાદ જવા નિર્ણય લેવાયો. યોગાનુયોગ ત્રીજે દિવસે સવારે રાજકોટના પ્રખ્યાત દંતવૈદ્ય શ્રી લાભશંકરભાઈ સાંકરી સ્વામીશ્રીનાં દર્શનાર્થે આવ્યા. સોમાભાઈના બંગલે ગ્રાઉન્ડ ફલોર ઉપર રસોડાની બાજુની રૂમમાં સ્વામીશ્રીની દાઢ તપાસવા માટે તેમણે સ્વામીશ્રીના મુખમાં નીચેના જડબામાં ડાબી બાજુના પેઢામાં દાઢ પાસે સહેજ સ્પર્શ કરીને દબાવ્યું તો મોઢામાંથી પરુની એક નાનકડી સેડ ઊડી ! તેઓ તરત જ બોલી ઊઠ્યા, 'આટલી પીડા તો એક સ્વામીશ્રી જ વેઠી શકે !'

તેમણે તેમની ખાસિયત પ્રમાણે સ્વામીશ્રીના જડબાની એક ચોક્કસ રગ દબાવીને લોહી વહેવડાવ્યા વગર આસાનીથી સ્વામીશ્રીની દુઃખતી દાઢ કાઢી નાખી અને પોટેશ્યમ પરમૅંગેનેટના કોગળા કરાવ્યા. ત્યાર પછી પણ થોડા દિવસો સુધી સ્વામીશ્રીના શરીરમાં તાવની આવન-જાવન ચાલુ રહી હતી.

* * *

આવા પ્રસંગોથી હૈયું ભરાઈ આવે છે. સ્વામીશ્રીએ આ બધું જ કરવામાં 'લોકહિતાર્થે કરું છું' એવું પણ જાણપણું રાખ્યું નથી. કેવળ શ્રીહરિની પ્રસન્નતાનું જ લક્ષ્ય હોય ત્યારે જ આ સંભવી શકે ને !

આવી ઈષ્ટભક્તિ આપણને પણ પ્રાપ્ત થાય તે પ્રાર્થના.

* * *

પ્રભુસ્વરૂપ સ્વામી
સાંકરી

સ્વામીશ્રીના જીવન પ્રસંગો વિષે લખવું એટલે તો મૂંગો માણસ સાકર ખાય અને તેને સ્વાદ માટે પૂછીએ તો શું જવાબ આપે? તેના જેવું છે. કારણકે તેઓશ્રીમાં અનંત કલ્યાણકારી ગુણો. આ ગુણોને આપણી માયિક ભાષામાં કઈ રીતે વર્ણવી શકાય ? છતાં તેઓશ્રીની સાથે ઘણા પ્રસંગોએ રહેવાનું સદ્ભાગ્ય મળ્યું છે. એ સમયે તેમના પ્રસંગમાં આવતાં તેઓશ્રીની પોતાના ઇષ્ટદેવ પ્રત્યેની ભક્તિ, શ્રીહરિના નિયમપાલન અર્થાત્ બ્રહ્મચર્યનું અષ્ટપ્રકારે પાલન, દયા, નિર્માનિતા, પરોપકારવૃત્તિ વગેરે ગુણો તેમનામાં સહજ સ્ફુટ થતાં નિહાળ્યાં છે.

૧૯૭૨ના કાર્તિક માસનો સમય હતો. સ્વામીશ્રી ૫૬ સંતો તથા ૮૦૦ હરિભક્તો સાથે સ્પેશિયલ ટ્રેન દ્વારા ભારતની યાત્રાએ પધાર્યા હતા. સ્પેશિયલ ટ્રેન અલ્હાબાદ સ્ટેશને યાર્ડના પ્લૅટફોર્મ ઉપર ઊભી હતી. સ્વામીશ્રી પ્રાત:પૂજા કરવા માટે પ્લૅટફોર્મ ઉપર બિરાજ્યા. સંતો-હરિભક્તો દર્શન કરતા બેઠા હતા. એ જ વખતે જમરૂખ ભરેલી ત્રણેક હાથલારી લઈને ફેરિયાઓ આવી પહોંચ્યા. હરિભક્તોએ લારી જોઈ. એટલે એકે ખરીદ્યાં, બીજાએ ખરીદ્યાં. એમ કરતાં લગભગ બધાય હરિભક્તોએ ખરીદ્યાં. અને સૌએ સ્વામીશ્રીની પૂજામાં જમરૂખનો ઢગલો કરી દીધો. લારીઓ ખાલી થઈ ગઈ. ફેરિયા ખુશ થઈ ચાલતા થયા. સ્વામીશ્રીએ પૂજા પછી કહ્યું, 'આ બધા જમરૂખ ટોપલામાં ભરીને આપણા ડબામાં મૂકી દો. પછી ફરી સમજાવ્યું, 'ચાર ટોપલા જમરૂખ રાખી મૂકજો ને બાકીના વધે તે તમે બધા જમજો.' અમને આશ્ચર્ય થયું કે સ્વામીશ્રીએ ચાર ટોપલા ભરીને જમરૂખ શા માટે રાખવાંના કહ્યા હશે? અમે અહીંથી અયોધ્યા આવ્યા. અહીં અમદાવાદ દેશના સ્વામિનારાયણ મંદિરે સંતોને તથા સ્વામીશ્રીને જમવાનું હતું. સ્વામીશ્રીએ અચાનક મને યાદ કરાવ્યું, પેલા જમરૂખ રાખેલા છે તેમાંથી બે

ટોપલા અહીં ઠાકોરજી માટે લાવો!' અને બીજા બે ટોપલા જમરૂખ, કાલે છપૈયા જવાનું છે ત્યાં ઠાકોરજી માટે લઈ જવાના છે !' ત્યારે તાળો મળ્યો કે સ્વામીશ્રીના અંતરમાં ઠાકોરજીને ભેટ ધરવાની ભાવનાઓ અંતરમાં ચાલી રહી હતી.

છપૈયા જેવા દૂર પ્રદેશમાં એ વર્ષોમાં તો ફળ વગેરે લઈ જનાર બહુ ઓછા મળતા. ત્યારે સ્વામીશ્રીએ આ રીતે ઠાકોરજી માટે પોતાની ભક્તિ અદા કરી!

* * *

ઈ.સ. ૧૯૭૯ના જૂન માસમાં સ્વામીશ્રીનું વિચરણ સુરત જિલ્લાના, મહુવા તાલુકાના આદિવાસી વિસ્તારમાં હતું. સ્વામીશ્રી કરચેલિયા પધાર્યા. ત્રણ દિવસની પારાયણ હતી. અત્યારે જે મંદિર છે તે તૈયાર ન હતું; તેથી સ્વામીશ્રીનો ઉતારો ડૉ. મદનભાઈ વ્યાસના ઘરે હતો. સવારે અલ્પાહાર તથા બપોરે ભોજન રણછોડભાઈના ઘરે હતું. એક દિવસ સવારે નિત્ય પૂજા બાદ સ્વામીશ્રી ઉકાળાપાણી માટે રણછોડભાઈના ઘરે પધાર્યા. ઠાકોરજીનો થાળ થતો હતો. એટલે સ્વામીશ્રી આરામખુરશી જેવી એક સાદી ખુરશીમાં બિરાજ્યા હતા. હું બાજુમાં હતો. તે વખતે સ્વામીશ્રીની ખુરશીની બાજુમાં એક દાતણ પડેલું. તે જોતાં સ્વામીશ્રીએ તે હાથમાં લીધું ને જોયું તો એક બાજુ કૂચા જેવું ઠાકોરજી માટે કચરીને રાખે છે તેવું હતું. તેથી મને કહે : 'આ દાતણ આમ કેમ?'

'ઠાકોરજીનું હશે અને ધરાવ્યા પછીથી અહીં પડી ગયું હશે.' મેં કહ્યું. સ્વામીશ્રી કહે : 'ઠાકોરજીને આવું દાતણ ધરાવે છે ? તેને સાફ કરવું જોઈએ.' પછી તે દાતણ ઉપર બે ઝીણા કાંટા હતા તે મને બતાવ્યા. મેં કહ્યું : 'પુજારીના ધ્યાન બહાર ગયું હશે.' તો કહે 'ઠાકોરજીને તો વ્યવસ્થિત જ ધરાવવું જોઈએ- બેદરકારી ન ચાલે.' સ્વામીશ્રીએ ઠાકોરજીની ભક્તિની રીત બતાવી પ્રત્યક્ષભાવે ભક્તિ કરવા જાણે કે શીખ આપી દીધી.

* * *

કરચેલિયામાં જ રણછોડભાઈને ત્યાં અમે સંતો સ્વામીશ્રીની રસોઈ બનાવવાની તૈયારી કરતા હતા. રસોઈ માટીના ચૂલા ઉપર બનાવવાની હતી. સ્વામીશ્રીએ આ જોયું એટલે ઘનશ્યામપ્રસાદ સ્વામીને કહ્યું : 'ચૂલા

પાણી છાંટીને લીંપે તે રીતે ધોઈ નાખવા. આ સીધે સીધું ચડાવો તે એંઠું કહેવાય. બીજા માણસો ચૂલાને અડે એટલે એંઠું થાય. જેથી ચૂલા ધોઈ નાખવા.' સ્વામીશ્રીને આચારશુદ્ધિનો પણ એટલો જ આગ્રહ.

કરચેલિયાથી સ્વામીશ્રીને ઝેરવાવરા જવાનું હતું. અને ત્યાં સાંજનું ભોજન નવા મુમુક્ષુ અને મહુવા સુગર ફેક્ટરીના તત્કાલીન ચેરમેન ઘેલાભાઈ નાગરજી પટેલને ત્યાં હતું. તેઓ અગાઉ તૈયારી માટે સંતો પાસે આવી વિગતો પૂછી ગયા હતા. આપણી રીત પ્રમાણે જ રસોઈ બનાવી હતી. છતાં દેવચરણ સ્વામી, ઘનશ્યામપ્રસાદ સ્વામીએ અગાઉ પહોંચી તે જોઈ સંતોષ વ્યક્ત કર્યો. સ્વામીશ્રી થોડી પધરામણીઓ કરીને સમયસર આવી પહોંચ્યા. હાથ-મોં ધોઈ સ્વામીશ્રીએ ઘનશ્યામપ્રસાદ સ્વામીને બોલાવીને પૂછ્યું કે 'આ લોકો નવા છે અને અહીંની રસોઈમાં લસણ વગેરે નાખવાનો રિવાજ હોય છે એટલે બધું તપાસી લીધું ને? આપણા નિયમ પ્રમાણે જ રસોઈ છે ને? એવું ના હોય તો ઠાકોરજી તથા સંતો માટે રસોઈ જાતે બનાવી લેવી.' દેવચરણ સ્વામી અને ઘનશ્યામપ્રસાદ સ્વામીએ કહ્યું કે, 'અગાઉ બધા સંતોને પૂછીને લીસ્ટ લઈ ગયેલા અને તે પ્રમાણે જ રસોઈ બનાવી છે અને અમે પણ આવીને જોઈ લીધું છે.' સ્વામીશ્રી સંતોષ દર્શાવતાં કહે : 'તો બરાબર.' નિયમ-પાલનનો કેવો આગ્રહ !

* * *

ઈ.સ ૧૯૭૫માં મે-જૂન માસમાં ખેરાળુમાં વીરચંદભાઈ મોદીએ સ્વામીશ્રીની હાજરીમાં એક વાડીમાં પારાયણ યોજ્યું હતું. એક સાંજે વીરચંદભાઈ મોદીને ત્યાં ભોજન માટે પધાર્યા. સ્વામીશ્રી અને થોડા સંતો જમતા હતા. રૂમ નાની હતી. સામે દર્શન માટે પણ ઘણા સંતો-ભક્તો ખીચોખીચ બેઠા હતા. સ્વામીશ્રીને નજીકની નાનકડી બારીમાંથી મહિલાઓ દર્શન કરે છે એ અણસાર આવી ગયો. સ્વાભાવિક જ અંતર બહુ નજીકનું હતું. સ્વામીશ્રીએ તરત જ વીરચંદભાઈને કહ્યું : 'બારી બંધ કરો.' પછી બારી બંધ કરી ત્યારે શાંતિ થઈ. અષ્ટ પ્રકારના બ્રહ્મચર્યમાં સહેજ પણ ઊણપ ન આવે તેનો કેટલો ખટકો !

* * *

સ્વામીશ્રી ૧૯૮૮-૮૯માં સાંકરી પધાર્યા હતા. અચાનક આગમનને

લીધે હરિભક્તો થોડા હતા. તેથી સ્વામીશ્રીની પૂજા મંદિરના હૉલમાં ગોઠવી હતી. પૂજા દરમ્યાન એક ઉત્સાહી હરિભક્તે કીર્તન ગાયું. સૌ ઝીલતા હતા પણ ભાઈઓ નીચા સૂરમાં ઝીલે તેથી બાઈઓનો અવાજ ખૂબ મોટો આવતો. સ્વામીશ્રીએ તરત જ એ કીર્તન બંધ રખાવીને કહ્યું : 'તમારે કીર્તન ગાવું હોય તો તમે એકલા જ કીર્તન ગાવ. ઝિલાવવું નથી.' મહારાજની આજ્ઞા કે ત્યાગીએ બાઈઓના મુખથી કથા-કીર્તન ન સાંભળવાં. તેનું યથાર્થ પાલન થતું જોયું !

* * *

૧૯૭૯ના જૂન માસમાં સુરત જિલ્લાના મહુવા તાલુકામાં આદિવાસી વિસ્તારમાં સ્વામીશ્રીનું વિચરણ હતું. હું પણ સાથે જ હતો. દેડવાસણ, ગોપળા, વાંસકુઈ વગેરે કેવળ આદિવાસી ગામોમાં ઝરમર ઝરમર વરસતા વરસાદમાં એક એક ઝૂંપડે ચાલતાં ચાલતાં નીચા નમીને ઝૂંપડાંઓમાં પ્રવેશતાં પધરામણી કરી રહ્યા હતા. ગરીબ આદિવાસી હરિભક્તો સ્વામીશ્રીની પધરામણી પછી રૂપિયો સવા રૂપિયો ભેટ મૂકે, અને કહે : 'સ્વામીબાપા ! અમારી પાસે જે છે તે આપીએ છીએ.' સ્વામીશ્રી ભાવમાં આવીને બોલે, 'તમે બધા વ્યસનો છોડીને ભગવાનની ભક્તિ કરો છો તે અમારે મન લાખો રૂપિયા ભેટ જ છે !' ત્યારે લાગતું કે આ સત્સંગ પ્રચારની ધગશ કેવી અદ્‌ભુત! અને ભક્તો ઉપર અનહદ કૃપા પણ કેવી! આ સમયે વાંસકુઈ ગામમાં તો રાત્રિસભા બાદ લગભગ દશ વાગ્યા પછી ફાનસને અજવાળે સ્વામીશ્રીને આદિવાસીઓનાં ઘરમાં પધરામણી કરતા નિહાળ્યા છે !

* * *

સ્વામીશ્રી સને ૧૯૮૬ની સાલમાં સાંકરી પધારેલા. લગભગ આઠેક દિવસનો કાર્યક્રમ હતો. તે દરમિયાન શરૂઆતના બે ત્રણ દિવસ સ્વામીશ્રી મને કહે : 'આપણે બિચારા હળપતિઓને જમાડવા છે. કેટલી વસ્તી હશે?' પરંતુ મારી, સાંકરીના રમણભાઈ તથા સ્થાનિક સંતોની ઇચ્છા ઓછી કે આ લોકો દારૂ પીને તોફાન કરે તેને વળી શું જમાડવા? તેવામાં એક દિવસ બાજુના ગામમાં સાંજે સભાનો કાર્યક્રમ ગોઠવાયો. અમે સ્વામીશ્રીની સાથે સભા માટે ગયા. આ દરમ્યાન રાત્રે મોડા કેટલાક હળપતિઓ દારૂ પીને

આવ્યા ને સંતો પાસે જમવા માગ્યું પણ બધું ખૂટી ગયું હતું તેથી સૌએ ના પાડી. આથી તેમણે ઘણું તોફાન કર્યું. રાત્રે અમે આવ્યા ત્યારે આ સમાચાર મળ્યા. એટલે બીજે દિવસે સ્વામીશ્રીને બધી વાત કરી. સ્વામીશ્રી આ સાંભળી નિરાશાના સૂરે બોલ્યા, 'ભલે, આપણે જમાડવા નથી.' અમે બધા રાજી થયા. પરંતુ તેમણે સંકલ્પ કર્યો જ હતો. જેઠ સુદ દશમના દિવસે સાંકરી મંદિરનો પાટોત્સવ દિન આવ્યો. આ દિવસે સવારે સાંકરીના સોમાભાઈએ સ્વામીશ્રીને કહ્યું કે 'આજે મારો જન્મદિવસ છે. તો મારી રસોઈ રાખો અને બધા હળપતિઓને પણ જમાડો!' સ્વામીશ્રી ખૂબ રાજી થયા. પૂજામાં જ મને બોલાવ્યો ને વાત કરી કે આજે સોમાભાઈની રસોઈ છે અને હળપતિ તથા બધાને જમાડવા છે. આમ તેઓને ગરીબોને જમાડવા હતા તો બીજા દ્વારા સંકલ્પ કરીને પણ જમાડ્યા.

* * *

આ જ અરસામાં ગામની એક હરિજનબાઈએ કોઈ હરિભક્ત દ્વારા પોતાની ગરીબાઈ માટેનો પત્ર સ્વામીશ્રી ઉપર મોકલ્યો. સ્વામીશ્રીએ મને બોલાવીને કહ્યું : 'આવા માણસોને થોડા થોડા વખતે અનાજ વગેરે આપણે આપવું.' અહો! પ્રેમાનંદ સ્વામીએ ગાયું છે ને કે 'અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો' આ પંક્તિ જાણે કે સ્વામીશ્રી દ્વારા મહારાજ આપણને બતાવતા ન હોય! તેમ જણાવ્યું.

* * *

ત્યાર પછી સાંકરીવાળા સોમાભાઈનો નોકર લલ્લુ અંત અવસ્થામાં હતો. સોમાભાઈ પોતે પરદેશ હતા અને તેમની તબિયત પણ સારી ન હતી. સ્વામીશ્રીને આ વાતની ખબર પડી તો લલ્લુની તબિયત જોવા ગયા ને કહ્યું કે : 'લલ્લુ, તેં તો સંતોની ખૂબ જ સેવા કરી છે, મહારાજ ધામમાં લઈ જશે.' પછી મને કહ્યું કે 'લલ્લુની સંભાળ રાખવી. કંઈ જોઈતું હોય તો આપવું. દવા કરાવવી.' એક સામાન્ય અદના આદમી પર કેવો દયાભાવ!

સાચે જ, સ્વામીશ્રી તો ગુણોનો સાગર છે. પણ મારી બુદ્ધિ પ્રમાણે તેમાંથી આચમન કર્યું છે, તે તેઓના ચરણે સમર્પિત કરીને વિરમું છું.

* * *

યોગીસ્વરૂપ સ્વામી

રાજકોટ

૧૯૭૦માં સારંગપુરનું ધર્મકુળનું સોનાનું સિંહાસન મુંબઈ સત્સંગ મંડળની સેવાઓથી તૈયાર થયું હતું. યોગીજી મહારાજે તેની વિધિવત્ આરતી કરી સુંદર ઉજવણી કરી હતી.

આ જ દિવસે બપોરે સભામંડપની સામે ભોજનશાળામાં હરિભક્તોને જમવા બેસાડ્યા હતા. એ સમયના તમામ ઉત્સવોની તમામ પ્રકારની સેવા સ્વામીશ્રીનાં માર્ગદર્શન પ્રમાણે જ થતી. અમે કેટલાક સંતો હરિભક્તોને પીરસવા લાગ્યા. પણ પીરસનારા ખૂટતા હતા તે સ્વામીશ્રીની નજર બહાર કેમ જાય? એમણે તરત જ ગાતરિયું કેડ ઉપર બાંધી મોહનથાળની કથરોટ હાથમાં લીધી. મને કહે : 'જુઓ, આવી રીતે પીરસવાનું. ધોતિયું ઓંટીએ ખોસી દેવું એટલે લબડે નહીં. જમણા હાથે પીરસવું..' એમ કહેતાં જાતે જ પીરસવાનું શરૂ કરી દીધું. હરિભક્તો તો સ્વામીશ્રીને જોઈ આનંદમાં આવી ગયા. દરેકને સ્વામીશ્રી જાણે, ઓળખે તેથી ખબર પૂછતાં જાય ને દરેકને પીરસતા જાય.. એ મૂર્તિ આજે પણ આંખો સામે તરે છે. દરેક સેવામાં એમણે કેવળ બે જ તાન રાખ્યા છે. એક મહારાજની પ્રસન્નતાનું અને બીજું હરિભક્તોને રાજી કરવાનું. દેહનો ભીડો ભાવના વિના વેઠી શકાતો નથી.

* * *

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને અંતિમ બીમારી સમયે મુંબઈની ભાટિયા હૉસ્પિટલમાં સારવાર અપાતી હતી. અમને નાના નાના સંતોને સ્વામીશ્રીની તબિયત કેવી છે, સારું થઈ જશે કે નહીં? કેવી રીતે દવાઓ અપાય છે ? કોણ ડૉક્ટરો છે તે જાણવાની સહજ જિજ્ઞાસા હોય જ; તેથી સ્વામીશ્રી અમને રોજ રાત્રે હૉસ્પિટલમાં શું બન્યું, કઈ દવા કોણે-કેવી રીતે આપી, અને સ્વામીબાપાને ઘણું જ સારું છે એ પ્રકારના સમાચાર આપતા રહેતા. તે સમયે એકવાર સ્વામીશ્રી બોલ્યા હતા કે 'યોગીબાપાની તબિયત સારી

થાય તે માટે સૌએ રોજ પૂજામાં એક માળા ફેરવવી...'

આ પછી મેં એ માળા શરૂ કરી, પછી તો યોગીજી મહારાજ ધામમાં ગયા, ત્યારથી આજ સુધી એ માળા સ્વામીશ્રીના સ્વાસ્થ્ય હિત માટે ફેરવાય છે.

૧૯૭૨ના ડિસેમ્બરમાં સ્વામીશ્રી સાથે સ્પેશિયલ ટ્રેનમાં દિલ્હી પહોંચ્યા. અહીં પ્લૅટફૉર્મ ઉપર જ સ્વામીશ્રી સભા કરીને બિરાજમાન થયા. તે સમયે તુલસીની માળા હતી તે મેં આપી. તે પ્રસાદીની થાય તેવો મારો હેતુ હતો.

સ્વામીશ્રીએ લગભગ અડધા કલાકે સભા પૂરી કરી ને હું માળા લેવા સ્વામીશ્રી પાસે પહોંચ્યો; તો મારા હાથમાં માળા મૂકતાં કહે : 'રોજ એક માળા કરો છો ને?'

હું દિગ્મૂઢ બની ગયો! મેં કહ્યું : 'હા સ્વામી, યોગીબાપા પછી આજે પણ એ માળા કરું છું.'

સ્વામીશ્રીએ ખૂબ રાજીપો દર્શાવ્યો.

* * *

૧૯૭૪માં સ્વામીશ્રી વિદેશયાત્રા પૂર્વે મુંબઈ રોકાયા. તે સમયે એકવાર સવારે દસેક વાગે બાથરૂમમાંથી બહાર આવી સંતોના રૂમનાં બારણાં પાસે ઊભા રહ્યા. હાથમાં રૂમાલ હતો. ને લૂછતાં લૂછતાં અંદર દૃષ્ટિ કરી. હું એકદમ ઊભો થઈ ગયો ને સ્વામીશ્રીને ચરણ સ્પર્શ કર્યો.

સ્વામીશ્રી કહે : 'યોગી, જય સ્વામિનારાયણ.'

'બાપા ! જોગી તો આપ છો.' મેં કહ્યું

સ્વામીશ્રી કહે : 'તું યોગી નહીં?'

'ના બાપા ! આપ યોગીબાપાનું સ્વરૂપ છો, આપ યોગી છો.'

સ્વામીશ્રી કહે : 'પણ તારું નામ યોગીસ્વરૂપ ખરું કે નહીં?'

મેં કહ્યું : 'એ ખરું. યોગીસ્વરૂપ તો આપ સ્વયં છો !

સ્વામીશ્રી સંમતિદર્શક સ્મિત કરતાં ઉતારે પધાર્યા. કેટલી નાની વાત! કેટલી અનુપમ દૃષ્ટિ !

* * *

એંકવાર આ જ દિવસો દરમ્યાન પવઈની અક્ષરવાડીએ સંતોનો કાર્યક્રમ હતો. વાડીમાં નહાવા - ધોવાની કોઈ વ્યવસ્થા નહોતી. બે જાજરૂ હતાં. તેમાં એક બંધ હતું. અને બીજું એટલું ગંદું હતું કે સાફ કરનારને જ બોલાવવા

પડે. વાડી સંભાળતા કરમશીભાઈએ કહેલું કે માણસ આવી જશે. એટલે અમે નચિંત હતા. પણ બપોર સુધી સફાઈ થઈ નહીં. સાડા ત્રણ-ચાર વાગે તો સ્વામીશ્રી નહાવા પધારે. એટલે બપોરે જમીને સ્વામીશ્રી આરામમાં પધાર્યા ત્યારે હું ગાભો બાંધેલી લાકડી લઈને સાફ કરવા લાગ્યો. બીજાં કોઈ સાધનો હતાં પણ નહીં. મેં મેલું ઉખાડવા જરા દબાણ કર્યું તો લાકડી છટકી ને મેલું ઊડીને સીધું મારા શરીર પર આવ્યું ! મને એટલી બધી સૂગ ચડી કે હાથ-મોં-શરીર ફરી ફરીને ધોયા. પછી તો એક સળિયો લઈને મંડ્યો. તે પણ છટક્યો ને આખો હાથ મળના કાદવમાં ખૂંચી ગયો. ગંધ આવવા લાગી. એટલી ચીતરી ચડી કે ઊલટી જેવું થવા લાગ્યું ને બકારીઓ આવવા લાગી. એટલે થાય તેટલું જલદીથી સાફ કરી આઠ-દસ વાર આખા શરીરે માટી ઘસી ઘસીને નહાયો. ૩-૪૫ વાગ્યા હતા. નહાયા પછી ફરીથી પણ શક્ય તેટલું વધુ ઘસીને સાફ કરી દીધું હતું એટલામાં સ્વામીશ્રી આવ્યા. સ્વામીશ્રીએ મેં સાફ કરેલું તે જાજરૂમાં એક પગ અંદર અને એક પગ બહાર રાખી બારણું હાથથી પકડેલું ને મારી સામું જોયું. અમારી ચાર આંખ ભેગી થઈ એટલે કરુણાકટાક્ષથી સ્મિત કરતાં કહે : 'સેવા થઈ ગઈ!!' મારી સેવા સ્વામીશ્રી સુધી પહોંચી ગઈ હતી. સ્વામીશ્રીની આ દૃષ્ટિ પછી ક્યારેય આવી સેવામાં ગમે તેટલું જોડાવું પડે પણ ક્યારેય સૂગ ચડી નથી ને સેવામાં આનંદ જ આવ્યો છે ! અણુમપ્યતુલં હિ મન્યતે, સહજાનંદ ગુરું ભજે સદા !

* * *

સ્વામીશ્રીને ૧૯૮૪-૮૫ દરમ્યાન પિત્તાશયની પથરીનો અત્યંત દુખાવો રહ્યા કરતો. આ સમાચાર મને રાજકોટ મળ્યા, ત્યારે એટલો જ ખ્યાલ હતો કે સ્વામીશ્રીને પથરીનો દુખાવો છે. કિડનીની કે પિત્તાશયની - એ ભેદની મને ખબર નહોતી.

એજ અરસામાં મને કિડનીમાં પથરીનો દુખાવો થયો. દુખાવો અસહ્ય હતો એટલે વૈદ્યની સૂચનાથી જવનું પાણી જાતે બનાવીને ચાર દિવસ લીધું એટલે નીકળી ગઈ. આ વાત મેં સ્વામીશ્રીને લખી જણાવી. અને નમ્ર સૂચન કર્યું કે આપ પણ જવનું પાણી અંગીકાર કરશો તો આરામ થશે.

ત્યારે સ્વામીશ્રીએ ઉત્તર લખ્યો કે જવનાં પાણી આ પથરીને લાગુ પડે

નહીં. આ તો અક્ષરધામની પથરી છે!

તાત્પર્ય એ હતું કે મોટાપુરુષના રોગો પ્રારબ્ધકર્મવશ નથી હોતા. ભક્તોનાં દુઃખ ગ્રહણ કરે, સ્વેચ્છાએ ગ્રહણ કરે કે પછી શ્રીહરિની ઇચ્છાથી આવ્યા છે એમ સમજી ટાળવાની સામર્થી હોવા છતાં રોગ રાખી મૂકે - ભક્તોને સેવા મળે તે હેતુ હોય કે પછી માયિક દેખાતા એમના દિવ્યતનુમાં અખંડ દિવ્યભાવ સૌને રહે છે કે નહીં, તેની કસોટી કરતા હોય તેની તો એમને જ ખબર હોય ને !

* * *

નરેન્દ્રપ્રસાદ સ્વામી (આચાર્ય સ્વામી)

સાંકરી

૧૯૬૬ થી ૧૯૭૨ સુધીનો સમય વિદ્યાનગર છાત્રાલયમાં અભ્યાસ માટે રહેવાનું થયું, એ મારી ધન્યતાના દિવસો હતા. બિલકુલ બિનસત્સંગી અને દેશભક્તિના રંગે રંગાયેલા મારા વિચારો આ છાત્રાલયમાં સંતો અને ખાસ કરીને યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજના સંગે વધુ પરિપક્વ અને સાચી દિશા તરફ વળ્યા.

છાત્રાલયમાં પ્રારંભના દિવસો દરમ્યાન જ ગાનામાં (૧૯૬૭માં) યોગીજી મહારાજનાં સાંનિધ્યમાં એક શિબિરનું આયોજન થયું હતું. ત્યાં દર્શનનો લાભ લેવા મારા મિત્ર કિરીટ પટેલે (હાલ, અક્ષયમુનિ સ્વામી) ખૂબ આગ્રહ કર્યો. સાથે અન્ય બિનસત્સંગી યુવકો જયંત દોશી અને દીપક જાડેજાને પણ તૈયાર કર્યા. ભોજન લીધા વિના જ નીકળવાનું કહ્યું એટલે મેં કિરીટભાઈને કહ્યું કે 'જમીને જઈએ. સાંજે પાંચ વાગે તો જમવાનું થઈ જાય છે.' પણ તેમણે જણાવ્યું કે ત્યાં બધું થઈ રહેશે.. છેવટે અમે ચારે સાઇકલો લઈને ગાના ઉપડ્યા. હવે તો તરસ પણ ઘણી લાગી હતી.

ગાના પહોંચ્યા ત્યારે તો હાથી ઉપર યોગીજી મહારાજને બદલે એમની આજ્ઞાથી સ્વામીશ્રી બિરાજ્યા હતા. ને ગામ આખું ઉત્સવના-નગરયાત્રાના હિલોળે ચડ્યું હતું. અમે ત્રણે એક સાથે બોલી ઊઠ્યા, 'મહારાજ તો વરઘોડે ચડ્યા છે! ને આપણા પેટમાં તો ગલુડિયાં બોલે છે!'

ચારે બાજુ ચાલતાં જયનાદો, ભજન - કીર્તનની રમઝટ અને અસંખ્ય માણસોમાં કોણ જાણે કેમ સ્વામીશ્રીની દૃષ્ટિ અમે ચારે દૂર ઊભા હતા ત્યાંજ પડી. હાથી પરથી જ ઇશારો કરી અમને નજીક બોલાવ્યા. એક સ્વયંસેવકને ઉપર રહ્યા રહ્યા જ જમવાનો ઇશારો કરી અમને ચારેને જમાડી દેવા આજ્ઞા કરી.

જયંત કહે : 'મહારાજ સમજે છે ખરા!'

જો કે પેલા યુવકને નગરયાત્રાનો લાભ ગુમાવવો ન હતો, તેથી તે કચવાતો હતો. તેથી મેં કહ્યું : 'તમે અહીં રહો, અમે રસોડે પહોંચી જઈશું.'

પણ તેણે દઢતાથી કહ્યું : 'એવું ન ચાલે. મને સ્વામીની આજ્ઞા છે. મારે પાળવી પડે!' તે છેક સુધી સાથે આવ્યો. રાત્રે અમે યોગીબાપાનાં દર્શન પણ કર્યાં. આ એક જ પ્રસંગમાં સ્વામીશ્રીની નિરીક્ષણ શક્તિ, યુવકો સાથેની આત્મીયતા, સ્વયંસેવકો ઉપર એમની આજ્ઞાનો પ્રભાવ આવા અનેક સદ્‌ગુણો જોઈ હું વિચારમાં પડી ગયો હતો.

* * *

૧૯૬૮-૬૯ દરમ્યાન વિદ્યાનગર છાત્રાલયમાં અમે રૂમ નંબર ૧૪ માં રહેતા હતા. વૅકેશનનાં દિવસો હતા. ઘણાં ખરા વિદ્યાર્થીઓ પોતપોતાના ગામે ચાલ્યા ગયા હતા. અમે થોડા ઘણા વિદ્યાર્થીઓ રહ્યા હતા. એક રાત્રે મોડે સુધી વાંચતા હતા. સાડાબાર-એક વાગ્યો હશે. ત્યાં બારણું ખખડ્યું. અંદર લૉક નહોતું તેથી સીધું જ ખુલી ગયું. જોયું તો સ્વામીશ્રી ! બહાર ગામથી હજુ હમણાં જ ચાલ્યા આવતા હતા. પોટલાં સાથે હતાં. સેવક સંત અને સ્વામીશ્રી ખૂબ થાકેલા જણાતા હતા. છાત્રાલય સંભાળતા પાર્ષદો સૂઈ ગયા હતા તેથી તેમને જગાડ્યા વિના જ અમારા રૂમની લાઈટ ચાલુ જોઈને સ્વામીશ્રી અમારી રૂમમાં આવ્યા હતા. અમે ત્રણે પાર્ટનરો ઊભા થઈ ગયા. ભગતોને જગાડવાનું કહ્યું તો સ્વામીશ્રીએ ના પાડી. ને કહે : 'એ રહેવા દો. રાત તમારી રૂમમાં જ પડી રહીશું !'

અમારી રૂમમાં ઘરે ગયેલા વિદ્યાર્થીઓની પથારીઓ પડી હતી તે પાથરી આપી. આ જ સમય અમારે રાત્રે ચા પીવાનો સમય હતો. અમે ત્રણે એકબીજા સામું જોયા કરીએ કે આપણો ચાનો સમય થયો ને આ સંતો આવી ગયા! પછી મેં જરા સંકોચથી હિંમત કરતાં કહ્યું : 'સ્વામી, અમે ઉકાળો બનાવીએ, તમે પીશો?'

સ્વામીશ્રી કહે : 'લાવો અમે બનાવીએ. જુઓ કેવો થાય છે!' પછી જાતે બાલકનીમાં જ્યાં સ્ટવ વગેરે હતું ત્યાં ગયા. સેવક સંત પથારી, પોટલાં ઠીકઠાક કરવામાં વ્યસ્ત હતા. આ બાજુ સ્વામીશ્રી ત્રણ કપ તૈયાર કરીને લાવ્યા. અમે તો અવાચક થઈ ગયા, એ ઉકાળો નહીં, ચા હતી!

એક પાર્ટનર બોલી ઊઠ્યો, 'ચા!'

મેં કહ્યું : 'સ્વામી ! આપને કેવી રીતે ખબર પડી કે અમારે ચા પીવી છે?'

સ્વામીશ્રી મંદ સ્મિત કરતા કહે : 'ખબર તો પડે ને!'

અમારો આદરભાવ આવા અનેક પ્રસંગોથી વધુને વધુ ઘૂંટાતો ગયો હતો. સ્વામીશ્રી તો કાંઈ જ લીધા વિના આરામ માટે નીચે પાથરેલી પથારીમાં સૂતા. અમે કહ્યું : 'સ્વામી ! આ પલંગ ઉપર આરામ કરો.' પણ સ્વામીશ્રી તો નીચે જ સૂતા. અમે પલંગ ઉપર સૂઈ રહ્યા!!

સવારે જયકૃષ્ણ ભગત અમને ઉઠાડવા આવ્યા, ને જોયું તો સ્વામીશ્રીને સૂતેલા જોયા. તે તો દંડવત્ કરવા મંડી ગયા. ને બધી વાત જાણી ત્યારે તેમને પણ આશ્ચર્યનો પાર ન રહ્યો. સંસ્થામાં કેવી સત્તા હતી, છતાં કેટલા સરળ! નિખાલસ!

આ પ્રસંગ પછી બે વર્ષે એમણે મને કહેલું કે તમે ચા પીઓ છો તે હવે મૂકી દેજો! છાત્રાલયમાંથી અમે અવારનવાર સિનેમા જોવા જતા રહેતા. એકવાર સ્વામીશ્રીએ મને જ સોંપ્યું કે 'તમારે ધ્યાન રાખવું કે છાત્રાલયના યુવકો સિનેમા જોવા ન જાય..' એ પછી મારે પણ ફિલ્મો જોવાનું બંધ થઈ ગયું હતું.

* * *

તા. ૨૩-૧-૧૯૭૧નો દિવસ સંપ્રદાય માટે વજ્રાઘાત સમાન હતો. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ ધામમાં પધાર્યા છે એ વાત વાયુવેગે સમગ્ર ગુજરાતમાં પ્રસરી ગઈ હતી. 'ચાલો ગોંડલ' આ નાદ ચારે તરફ વહેતો થયો હતો. અમે યુવકો પણ નીકળવાની તૈયારીમાં હતા! ત્યાં જ ગોંડળથી સ્વામીશ્રીનો ફોન આવ્યો કે ભગતોને ગોંડળ મોકલી દો ને તમે બે-ચાર યુવકો છાત્રાલયમાં જ રોકાજો..! અમારી ઇચ્છા મનની મનમાં રહી ગઈ ચાલુ સભા હતી એટલે મોકળે મને રડી પણ શકાયું નહીં. તેમાં આ આદેશ આવ્યો એટલે રૂમમાં જઈ હું મન મૂકીને રોઈ પડ્યો. મોડી રાતે રડતાં રડતાં ક્યારે ઊંઘ આવી ગઈ તે જાણ ન રહી, એવામાં યોગીબાપાનાં દર્શન થયાં, મને કહે : 'કેમ રડે છે? અમે ક્યાં ગયા છીએ?'

મેં કહ્યું : 'તો આ બધું શું છે?'

એવામાં પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન થયાં. તેઓ કહે : 'અમે છીએ

ને!'

'પણ યોગીબાપા તો છાત્રાલયમાં કાયમ આવતા ને અમારી ખબર રાખતા!' મેં કહ્યું.

સ્વામીશ્રી કહે : 'અમે પણ અવારનવાર આવશું ને ખબર રાખીશું.' એમ કહી તરત અંતર્ધાન થઈ ગયા.

આ બધું જાણે જાગૃતમાં જ બન્યું હોય તેમ એ અનુભવ આજે પણ નજર સામે તરવરે છે.

* * *

તા. ૨૨-૪-૭૨. સ્વામીશ્રી સારસા મહીજીભાઈ પટેલના ઘરે પધાર્યા હતા. વિદ્યાનગર છાત્રાલયમાંથી હું અને કિરીટભાઈ પટેલ સ્વામીશ્રીનાં દર્શને ગયા હતા. રાત્રે પાછા વિદ્યાનગર પહોંચવાનું હતું તેથી સ્વામીશ્રીની રજા લઈને અમે સારસાને પાદર આવીને બસની રાહ જોતાં ઊભા. વાહનની કોઈ સગવડ કે શક્યતા નહોતી. એવામાં સ્વામીશ્રીને અચાનક અમદાવાદ જવાનું થયું. તેથી તેમની ફાર્ગો ગાડી ત્યાંથી પસાર થઈ. ગામને પાદર અમને બેઠેલા જોઈને સ્વામીશ્રીએ ગાડી રોકાવી. અમે દોડી આવ્યા એટલે પૂછ્યું, 'તમે કેવી રીતે જશો ?'

અમે જરા ઢીલા સાદે કહ્યું કે કાંઈક મળી જશે.

સ્વામીશ્રી કહે : 'અમારી સાથે બેસી જાવ. તમને વિદ્યાનગર છોડીને અમદાવાદ જઈશું.' અમે બેસી ગયા, આણંદ ટાઉનહૉલ આવ્યો ત્યાં અમે કહ્યું : 'બાપા હવે અમે જતા રહીશું. આપ આગળ પધારો.'

સ્વામીશ્રી કહે : 'એમાં વાંધો નહિ, છેક સુધી મૂકી જઈશું..'

પછી છેક મોડી રાત્રે છાત્રાલય પાસે ઊતાર્યા ને વિદાયનાં વચનો સાથે રાત્રે અમદાવાદ જવા રવાના થયા!

* * *

તા. ૩૦-૧-૭૭ના રોજ કરમસદમાં વિનુભગતે પ્રવીણભગત(હાલ ભગવત્ચરણ સ્વામી)ના મિત્ર હિતેશકુમારના ઘરે સ્વામીશ્રીની પધરામણી ગોઠવી હતી. સમયની એવી કટોકટી હતી કે હજુ સ્વામીશ્રીને વડોદરા પહોંચવાનું હતું. ત્યાંથી મુંબઈ જવા ટ્રેન પકડવાની હતી. સ્વામીશ્રી પણ ઝડપથી એક પછી એક કાર્યો આટોપી લેતા હતા. એવામાં કોઈએ કહ્યું :

'હિતેશના ઘરે પધરામણીએ જવાનું છે.'

સ્વામીશ્રી કહે : 'કોણ જવાનું છે?'

વિનુભગતે કહ્યું : 'આચાર્ય સ્વામીને કહ્યું છે. તે જશે.'

સ્વામીશ્રી અકળાયા તેમને સંબોધીને કહેવા માંડ્યા કે તમને ખબર નથી, ત્યાં ટ્રેન પકડવાની છે. આ આચાર્યને પધરામણીએ મોકલવાના છે? હવે એનું શું કરીશું? કોણ એમને લઈ જવાનું છે ?...' એટલે મેં કહ્યું : 'બાપા ! એ તો હું ને જયકૃષ્ણ ભગત જતા રહીશું.' પણ સ્વામીશ્રી કહે : 'તમને તો અમે છાત્રાલય ઉતારી દઈશું.' પછી તાત્કાલિક ગાડીમાં બેસી ગયા, હું પણ બેસી ગયો, છાત્રાલય આવ્યું એટલે પોતે પણ નીચે ઊતર્યા ને કહે : 'હવે દર્શન કરી લઈએ.' પછી દંડવત્ કરવા લાગ્યા ત્યારે મારાથી રડી જવાયું કે મારા માટે સ્વામીશ્રીને અહીં સુધી ધક્કો ખાવો પડ્યો ને સીધા જ વડોદરા જવા નીકળી શક્યા નહીં. સ્વામીશ્રી આ જોઈ દંડવત્ પડતાં મૂકી મારી પાસે આવ્યા. બાથમાં ઘાલીને મળ્યા, ને પોતાના રૂમમાં લઈ જઈ બરડે હાથ ફેરવી આશ્વાસન આપવા લાગ્યા કે 'એમાં તમારો કાંઈ વાંક નથી, એવું કાંઈ મનમાં લેવું નહીં..' પછી ઉતાવળે વિદાય થયા ને ટ્રેનમાંથી જ મને સંબોધીને પત્ર લખ્યો. જેમાં લખ્યું કે 'યોગીબાપાના સંત દુ:ખાઈ ગયા. રાજી કરવા તો રહ્યા પણ દુ:ખાઈ ગયા, તો માફ કરશો...!'

* * *

તા. ૭-૫-૭૭. પેટલાદમાં મૂર્તિપ્રતિષ્ઠાનો ઉત્સવ હતો. હરિભક્તોએ ઉત્સાહપૂર્વક નગરયાત્રાનું આયોજન કર્યું હતું. સ્વામીશ્રી માટે સફેદ ઘોડાની સુંદર બગી તૈયાર રાખી હતી. સ્વામીશ્રીએ પોતાની સાથે નારાયણ ભગત તથા અમને બે સંતોને પણ બેસવા કહ્યું. નગરયાત્રા આગળથી ચાલવાની શરૂ થઈ. પણ આશ્ચર્ય એ થયું કે અમારી બગીના ઘોડા સહેજ પણ ચાલે નહીં! આમજનતા વચ્ચે આ શરમજનક લાગે તેવી ઘટના હતી. સ્વામીશ્રી સ્થિર-સ્થિતપ્રજ્ઞ બેસી રહ્યા હતા. બગીવાળો ઘોડાને મારવા લાગ્યો. સ્વામીશ્રી કહે : 'ભ'ઈ, ઘોડા ન ચાલે તો વાંધો નહીં, મારશો નહીં. આપણે ચાલવા માંડીએ, એમાં શું?'

મુખ્ય હરિભક્ત મોહનભાઈ કહે : 'બાપા ! એ સારું ન લાગે.'

હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'આ સારું લાગે છે?'

'બાપા ! શું કરીએ?' મોહનભાઈ લાચાર અવાજે બોલી ઊઠ્યા.

સ્વામીશ્રીએ સાદી ઘોડાગાડી દૂર હતી, તેના ઘોડા બતાવીને કહ્યું : 'સાદા ઘોડા ન ચાલે?'

'બાપા ! તે સારા ન લાગે.' તેમણે ફરી કહ્યું. સ્વામીશ્રીએ કેવળ સ્મિત કર્યું. થોડી વારે એ જ નિર્ણય લેવાયો કે સાદા ઘોડા બગીમાં જોડી દેવા. એમ કર્યું પછી નગરયાત્રા ચાલી!

અમારામાંથી કોઈ સંત બોલ્યા, 'પેલા ચાલ્યા નહીં, તો બીજા!'

સ્વામીશ્રી કહે : 'એમ નહીં, પેલાએ (સફેદ ઘોડાએ) આ (સાદા) ઘોડાને લાભ અપાવ્યો! એમ કહેવું!' આવી સાધારણ અપમાનજનક સ્થિતિમાં પણ જેમની મતિ-જેમની પ્રજ્ઞા ઘોડા જેવા પ્રાણીનો પણ ગુણ લઈ શકે તેવી સ્થિર હોય તેનાથી અધિક આ મહાપુરુષની સંતતાનું કયું પ્રમાણ હોઈ શકે?

* * *

૧૯૭૭નું વર્ષ દુષ્કાળનું વર્ષ હતું. તેથી સંતોનાં મંડળો સૌરાષ્ટ્ર તરફ મોકલી હરિભક્તોની મુશ્કેલીઓમાં મદદરૂપ થવા સ્વામીશ્રીનો આદેશ આવ્યો. આથી ડૉક્ટર સ્વામી અને હું ૬ મંડળોની ગોઠવણ કરી તેનો અંતિમ નિર્ણય લેવા માટે તા. ૨૦-૫-૭૭ના રોજ ગઢડામાં સંધ્યા સમયે સ્વામીશ્રી પાસે પહોંચ્યા. સ્વામીશ્રી આ સમયે ઓરડામાં એક સામાન્ય રજાઈ ઉપર બેસી પત્રલેખન કરી રહ્યા હતા. અમે અંદર પ્રવેશ્યા કે તરત સ્વામીશ્રીએ કહ્યું : 'આવો, બેસો..' એમ કહી બીજી રજાઈ હોય તો ડૉક્ટર સ્વામીને બેસાડી શકાય તે હેતુથી આજુબાજુ જોવા લાગ્યા, એ જ વખતે લાઇટ ગઈ.

મેં કહ્યું : 'બાપા ! પછી રાખીએ.'

સ્વામીશ્રી કહે : 'ના બેસો. સંભળાશે, વાંધો નહિ આવે.'

અમે બંને તેમની સમક્ષ બેઠા ને મંડળોની વાત શરૂ કરી એટલામાં લાઇટ આવી. અમે બંને સ્તબ્ધ બની ગયા! સ્વામીશ્રી સાવ નીચે બેઠા હતા. ને પોતાની રજાઈ અંધારાનો લાભ લઈ અમારી તરફ સેરવી દીધી હતી. થોડી ક્ષણોમાં કેવો અદ્ભુત નિર્ણય! કેટલી ઝડપ! કેવો મહિમા! અમે એકદમ ઊભા થઈ ગયા.

સ્વામીશ્રી કહેવા લાગ્યા, 'બેસોને.. બેસો..!'

બીજે દિવસે તાજપુર થઈને સારંગપુર પધાર્યા. અહીંથી વિદાય લેતાં મંડળોને ફાર્ગો ગાડીમાં વળાવવા માટે છેક ગાડી સુધી પોતે જાતે આવ્યા. એ દિવસે ફાર્ગોનો ભયાનક અકસ્માત્ થયો. મને ઘણી ઈજા થઈ હતી. સ્વામીશ્રી રાતોરાત ખબર કાઢવા અમદાવાદ આવ્યા. ત્યારે સવાર પડી ચૂકી હતી. (તા. ૨૨-૫-૭૭) સ્વામીશ્રી મારી પથારીમાં જ બેઠા હતા. મેં આંખો ખોલી ત્યાં સ્વામીશ્રીને જોયા! મને લાગ્યું કે સ્વપ્નું છે કે શું ? મેં પૂછ્યું પણ ખરું : 'સ્વામી, આ સ્વપ્નું છે ?'

સ્વામીશ્રી ધીરેથી કહે : 'ના, અમે આવ્યા છીએ.' પછી પૂછપરછ કરવા લાગ્યા. 'ક્યાં વાગ્યું છે?' એમ કહી બધે હળવો હાથ ફેરવ્યો. ને બાથરૂમમાં હું નહાવા ગયો ત્યાં પણ મને બરડે વાગેલું તે જોયું. આશીર્વાદ આપ્યા.

આવી અતિ અપાર આત્મીયતા, આવો મહાસાગર સમો એમનો અગાધ પ્રેમ અનેકવાર અનુભવ્યો છે અને ધન્યતાની પ્રતીતિ થતી રહી છે.

* * *

૧૯૭૭માં સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા હતા. સાથે ફરતા યુવકોનો ઉતારો સ્વામીશ્રીના જૂના ઉતારાના ઉપરના માળે હૉલમાં રાખ્યો હતો. રાત્રે ઠંડી હતી. વળી જગદીશ (હાલ, નારાયણચરણ સ્વામી) બીમાર હતો. તેથી મેં રજાઈ શોધવા પ્રયત્ન કર્યો, પરંતુ ક્યાંય ઓઢવા માટે રજાઈનો મેળ પડ્યો નહીં. રાત્રે બાર પછીનો સમય હશે, અમે મુંઝાતા હતા, ત્યાં સ્વામીશ્રી ઉપર યુવકોના ઉતારામાં આવ્યા. હાથમાં રજાઈ હતી. મને કહે : 'લો ઓઢાડી દો.' તેઓ તરત જતા રહ્યા. અમને સવારે જાણ થઈ કે સ્વામીશ્રી પોતાની રજાઈ લઈને આપી ગયા હતા. પોતે આખી રાત ગાતરિયું ઓઢીને સૂઈ રહ્યા. દેહનો કેવો અનાદર! યુવકો ઉપર કેવી નિઃસ્વાર્થ મમતા!

* * *

૧૯૭૮માં સ્વામીશ્રીને લાંબી બીમારી આવી, તે પછી ડૉક્ટરે અને સંતોએ સ્વામીશ્રીનું ગામોગામ ઝડપથી અને એકધારું થતું વિચરણ અટકાવવા અને ઓછું કરવા ખૂબ પ્રયત્નો કર્યા હતા. પરંતુ હરિભક્તોને રાજી કરવા દેહનો ભીડો વેઠવો એ એમનો સહજ સ્વભાવ છે.

જાન્યુઆરી, ૧૯૭૯માં અમે સ્વામીશ્રી સાથે કપડવંજ વિસ્તારમાં

વિચરણમાં હતા. રોજના ચાર-પાંચ ગામ ફરવામાં અમે પણ થાકી જતા. પરંતુ સ્વામીશ્રીના ઉત્સાહમાં અને આનંદમાં લેશમાત્ર ઓટ જોવા નહોતી મળી.

તોરણા, ભાટેરા, પીઠાઈ થઈ સ્વામીશ્રી છીપડી આવી પહોંચ્યા. અહીંથી કઠલાલ જતાં વચ્ચે એક નાના ગામમાં પ્રેમશંકર દવે નામે ગુણભાવી બ્રાહ્મણ કથા કરતા હતા. તેમના આગ્રહથી તેમની પારાયણમાં ૧૧ વાગે પહોંચવાનું હતું. પરંતુ દરેક ગામમાં પધરામણી અને સભા કાર્યક્રમો હોવાથી છીપડીમાં જ ૧૨.૦૦ વાગ્યાનો સમય થઈ ગયો. સૌએ વિનંતી કરી, 'સ્વામી, હવે જમીને જ વિદાય લો.'

સ્વામીશ્રીએ ના પાડી, 'હમણાં જ નીકળવું છે. કથાવાળા બધા રાહ જોતા હશે.' સ્વામીશ્રી નીકળ્યા, ને રસ્તે જ ગાડી બગડી. સ્વામીશ્રી, સંતો અને ડ્રાઇવર રસ્તા પર ઊતરી ગયા. ચાર રસ્તા નજીક હતા ત્યાં સુધી ચાલ્યા ને ચારે રસ્તે સ્વામીશ્રીએ એક એક સંતને ઊભા રાખ્યા ને પોતે પણ ઊભા રહ્યા. જે મોટું વાહન નીકળે તેને ઊભું રાખવા સ્વામીશ્રી હાથ બતાવે. એક પછી એક કાર, ટ્રક, લોડીંગ મૅટાડોર પસાર થઈ, પણ કોઈએ વાહન ઊભું ન રાખ્યું. સ્વામીશ્રીએ કલોલવાળા શંકર કવિ સાથે હતા તેમને એક ભક્ત સાથે સ્કૂટર પર કઠલાલ રીક્ષા લેવા મોકલ્યા ને પોતે ગાડી પાસે આવ્યા. ડ્રાઇવરને બોલાવી ગાડી ચાલુ થાય તો પ્રયત્ન કરવા કહ્યું. થોડે દૂર એક સામાન્ય ગૅરેજવાળો શિખ યુવાન બેઠો હતો. સ્વામીશ્રી જાતે ગયા. હું સાથે જ હતો. મને કહે : 'આ છોકરાને ખબર પડશે?'

મેં કહ્યું : 'પૂછી જોઈએ.' પછી તે યુવાનને બધી વિગત સમજાવી ગાડી હતી ત્યાં લઈ આવ્યા, બધું ચેક કરી તેણે કહ્યું : 'ચાર ઘંટા લગેગા!'

સ્વામીશ્રી કહે : 'અત્યારે ટ્રાય તો કરો! થઈ જશે..'

તેણે પ્રયત્ન કર્યો ને ગાડી ચાલુ થઈ ગઈ ત્યાં જ શંકર કવિ વીલે મોંએ પાછા આવ્યા. કહે : 'રીક્ષા ન મળી!'

સ્વામીશ્રી સ્મિત કરતાં કહે : 'સારું થયું. ચાલો, ગાડીમાં બેસી જાવ!'

સ્વામીશ્રી પારાયણમાં પહોંચ્યા ત્યારે ૧.૧૫ વાગી ગયો હતો છતાં સૌ બેસી રહ્યા હતા. સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા.

અહીંથી કઠલાલ જવા નીકળ્યા ત્યારે વિદ્યાનગર-નડિયાદથી સાત ગાડીઓ આવી ગઈ હતી. સ્વામીશ્રીની ગાડી પણ રિપેર થઈને આવી ગઈ

હતી. બે જ કલાક પહેલાં આ ગુરુદેવને વાહન વિના ચાર રસ્તે હાથ કરતા જોયા હતા, ને બે કલાક બાદ કુલ આઠ ગાડીઓના રસાલા સાથે ભવ્ય ઠાઠમાં જોયા હતા. બંને પરિસ્થિતિમાં એમના મુખારવિંદની આનંદરેખામાં લેશ પણ ફરક નિહાળ્યો નહીં! આવી સ્થિતપ્રજ્ઞતા વિરલ હોય છે.

* * *

સ્વામીશ્રી ઊંઢેલા (જિ. ખેડા) પધાર્યા હતા. મણિભાઈના ઘરે ઉતારો હતો. સભા ચાલુ હતી તે દરમિયાન સ્વામીશ્રી પત્રલેખન કરી રહ્યા હતા. આખી થપ્પી પૂરી થઈ ને સ્વામીશ્રીએ સહજતાથી પેન બંધ કરી. તે બાજુમાં મૂકવા જતા હતા ને ધર્મચરણ સ્વામી પત્રોની બીજી થપ્પી બાજુમાં મૂકી ગયા. મારાથી રહેવાયું નહીં. તેથી કહ્યું : 'બાપા ! થોડીવાર પછી..'

સ્વામીશ્રી અત્યંત દયાર્દ્ર દૃષ્ટિથી મારી સામે જોઈ રહ્યા. પછી કહે : 'આચાર્ય, સેવાનો અનાદર ન થાય.' પછી બોલવા લાગ્યા, 'જેનો પત્ર હોય તે વ્યક્તિ જવાબની રાહ જોતી હોય અને તેનો પ્રશ્ન તેને માટે ખૂબ જ અગત્યનો હોય. વળી પત્રો ભેગા થાય પછી પણ જવાબ તો આપવાના જ છે. તો આજે થઈ જાય તેમાં શું વાંધો?'

ભક્તોની તકલીફ નિવારવાની પ્રક્રિયા એમને મન ઉપકાર નથી, સેવા છે, એ સત્ય જરા વિશેષ રીતે સમજાયું.

* * *

બદલપુરથી બોરસદ થઈ આણંદ એક ડૉક્ટરના દવાખાનાના ઉદ્‌ઘાટનમાં જવાનું હતું. તેમણે જણાવ્યું હતું કે વચ્ચે ક્યાંય પધરામણી ગોઠવશો નહીં. જેથી સીધા સમયસર આણંદ પહોંચી શકાય. આ સમયે બોરસદના યુવક મહેન્દ્ર પટેલ બદલપુરમાં સ્વામીશ્રી સાથે જ ફરતા. તેમણે સ્વામીશ્રી સ્નાન બાદ વસ્ત્ર પરિધાન કરતા હતા ત્યારે પૂછ્યું, 'બાપા ! મારું ઘર રસ્તામાં જ આવે છે. આપ પધારો તો સારું.' સ્નેહવશ સ્વામીશ્રી આજુબાજુ જોઈ ધીરેથી બોલ્યા, 'કોઈને કહેતો નહીં, રોડ ઉપર ઊભો રહેજે. આવી જઈશ.' આ બધી લીલા મેં દૂર ઊભા રહીને જોયેલી. એટલે મને તો એ પધરામણીની જાણ હતી જ.

સ્વામીશ્રી નીકળ્યા ને બોરસદ આવ્યું એટલે રોડ ઉપર જોવા લાગ્યા. મહેન્દ્ર દોડી આવ્યો ને કહે : 'બાપા ! મારે ત્યાં આવો.'

વિવેકસાગર સ્વામી કહે : 'શક્ય જ નથી, આણંદ ઉદ્‌ઘાટનમાં જવાનું છે.'

સ્વામીશ્રી ધીરે રહીને કહે : 'રસ્તામાં જ આવે છે, તો જઈ આવીએ !'

વિવેકસાગર સ્વામી કાંઈ બોલ્યા નહીં, ગાડી તેના ઘર તરફ લીધી ત્યાં ફસાઈ ગઈ! લંડનનો યુવક સુભાષ પટેલ ગાડી ચલાવતો હતો. સ્વામીશ્રી મહેન્દ્રને ઉદ્દેશીને આકળા થયા. કારણ કે સમય ઘણો જતો હતો, છેવટે એ પધરામણી કરી ત્યાં બીજા ભાઈ આવ્યા. કહે : 'બાપા ! મારું ખેતર રસ્તામાં જ આવે છે. પુષ્પ છાંટતા જાવ તો સારું..' સ્વામીશ્રીએ તેને પણ રાજી કર્યો. આ દરમિયાન વિવેકસાગર સ્વામી તદ્દન મૌન બેસી રહ્યા હતા. મનમાં ઉદ્‌ઘાટનનું મોડું થાય છે તેમ ઉચાટ હતો. એમને મૂડલેસ જોઈ સ્વામીશ્રીએ ગાડીની આગળ ચાલતા ખટારા પાછળ દોરેલું એક ચિત્ર મને બતાવ્યું. પછી કહે : 'આચાર્ય ! આ ચિત્ર ને લખાણ શું કહેવા માગે છે?'

મેં સમજાવ્યું. પણ બહુ ફાવ્યું નહીં એટલે વિવેકસાગર સ્વામી સમજાવવા લાગ્યા. 'આ દીવામાં પતંગિયું છે, તે કુરબાન થઈ જાય છે..' આમ તે બોલવા માંડયા એટલે સ્વામીશ્રી મારી સામું જોઈ મલકી રહ્યા.. એમનો વિવેકસાગર સ્વામીને 'મૂડ'માં લાવવાનો હેતુ સિદ્ધ થઈ ગયો હતો!

જ્યારે ઉદ્‌ઘાટન સ્થળે પહોંચ્યા ત્યારે ડૉક્ટર આભાર માનવા લાગ્યા કે સ્વામી, સારું થયું થોડા મોડા આવ્યા. અહીં ઇલેક્ટ્રિસિટી જતી રહી હતી. તે હજુ હમણાં જ આવી! વીજળી વિના મશીનોના ઉદ્‌ઘાટન શી રીતે કરી શકાય ?

ભગવત્સ્વરૂપ સંતની પ્રત્યેક ક્રિયાની પાછળ ન કળી શકાય તેવો હેતુ હોય છે. આ દિવ્યતાની વાતનો અમને પ્રત્યક્ષ અનુભવ થયો. સ્વામીશ્રીની અમાનુષી છબિના આ નિરાળાં દર્શન હતાં.

* * *

તા.૫-૨-૮૩. સ્વામીશ્રી સુંદલપુરામાં સવારે પૂજા કરતા હતા ને અચાનક હાર્ટબિટ્સ ઘટવા લાગ્યા. ડાબી તરફ જોરદાર દુખાવો થયો. હૃદયરોગના હુમલાનું અનુમાન થાય તે પહેલાં તો હુમલો થઈ ચૂક્યો હતો. કોઈ દિવસ નહીં ને આ જ દિવસે મારે પૂજા બાકી હતી છતાં પાઘ પહેરીને સ્વામીશ્રીના ઉતારે આવી ગયો. જોયું તો પરિસ્થિતિ જુદી જ હતી! ડૉ.

મણિભાઈ નાડી શોધી રહ્યા હતા પણ નાડી ન પકડાતાં તેઓ પણ ગભરાઈ ગયા હતા. થોડીવારે નાડી પકડાઈ. અમે ટેલિફોન કરવા દોડ્યા. આ ગામમાં થોડા જ સમય પહેલાં એક જ ટેલિફોન આવ્યો હતો. એક્સચેન્જમાં મહિલા ઑપરેટર હોવાથી અમે યુવક દ્વારા આ સંદેશો અપાવ્યો અને અમદાવાદ, મુંબઈ, વડોદરા વગેરે સ્થળોએ સંપર્ક સાધી આપવા તાત્કાલિક વ્યવસ્થા કરી આપવા વિનંતી કરી, પણ આશ્ચર્ય એ હતું કે તે માનવા જ તૈયાર ન થાય. કહે : 'પ્રમુખ સ્વામીને ઍટેક આવે જ નહીં !' છેવટે તે માન્યાં ને કાર્ય સરળ થયું.

સ્વામીશ્રીને સુંદલપુરાથી વડોદરા લઈ જતા હતા. ત્યારે રસ્તે અચાનક મને યાદ કરી ગાડી ઊભી રખાવી. બધી જ ગાડી ઊભી રહી ગઈ. સૌ દોડી આવ્યા. સ્વામીશ્રીએ ખૂબ જ ધીરા અવાજે જણાવ્યું કે આવતીકાલે ડાહ્યાભાઈ ગજ્જરને ત્યાં આણંદમાં પારાયણનો કાર્યક્રમ શરૂ થવાનો હતો ત્યાં તમે જઈ આવજો ને પ્રસંગ સારી રીતે ઉકલે તેમ કરજો.' આવી નાજુક પળોમાં તેમને હરિભક્તોની ચિંતા થઈ રહી હતી!!

* * *

૧૯૮૮ની વિદેશયાત્રા દરમિયાન સ્વામીશ્રીએ અતિકરુણા કરીને મને ખૂબ જ લાભ આપ્યો છે. એમાં કેટલાક ચિર સ્મરણીય પ્રસંગો બની ગયા. જેમાંથી એક હૃદયસ્પર્શી પ્રસંગ લોસએન્જેલિસ(અમેરિકા)માં થયેલા મંદિરના પાટોત્સવ દરમ્યાન થયો.

અમે પાટોત્સવ વિધિ દરમ્યાન જ અન્ય સ્થળે જવા નીકળવાના હતા. તેથી સ્વામીશ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ ઉપર જળ છંટકાવ કરી વિધિ કરી રહ્યા હતા, ત્યારે જ હું રજા લેવા ગયો. સ્વામીશ્રી કહે : 'આટલી સેવા કરતા જાવ!' એમ કહી મૂર્તિ ઉપર રૂમાલ ફેરવતા હતા તે મને આપ્યો. મેં ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ સ્વચ્છ કરવાની શરૂ કરી. એવામાં મૂર્તિ વિશે મને સંશય થયો. રૂમાલમાં જ હાથ રાખી મેં ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિનો અંગૂઠો જરા જોરથી દબાવ્યો, સ્વામીશ્રીનું ધ્યાન તે વખતે બીજે જ હતું, તે એકદમ મારી તરફ ગયું. જાણે એમનો પોતાનો અંગૂઠો દબાયો હોય તેમ મારી સામે જોઈને કહે : 'આચાર્ય, આસ્તે!'

હું દિગ્મૂઢ બની ગયો. મેં કહ્યું : 'આપને કેવી રીતે ખબર પડી?'

સ્વામીશ્રી મંદ સ્મિત કરતાં ધીરેથી બોલ્યા, 'પડે જ ને!'

સ્વયં ગુણાતીતને શ્રીહરિ સાથે તાદાત્મ્ય હોય તે વાતની આજે પ્રત્યક્ષ પ્રતીતિ થઈ !

* * *

ત્યાગસ્વરૂપ સ્વામી

અમદાવાદ

યોગીજી મહારાજની સાથે આફ્રિકામાં મને પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન થયાં હશે, પણ તેમની સ્મૃતિ તો ૧૯૭૦માં યોગીબાપા સાથે લંડન પધાર્યા ત્યારની જ છે.

લંડનમાં યોગીબાપા પ્રતિષ્ઠા કરવા પધાર્યા ત્યારે હું લંડનથી ૧૫૦ માઇલ દૂર આવેલા કાર્ડીફ શહેરમાં બી. ઈ. ઈલેક્ટ્રિકલ-ઇલેક્ટ્રોનિક્સના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. મારી પરીક્ષા બાદ યોગીબાપાનો લાભ લેવા હું લંડન આવ્યો. ડોલિસ હિલમાં અરવિંદભાઈ ગુરુના મકાનમાં સ્વામીશ્રી ઊતરેલા. પ્રમુખસ્વામી મહારાજના ગંભીર વ્યક્તિત્વને લીધે હું તેમની પાસે જતો નહીં.

યોગીબાપાની પૂજામાં કીર્તન ગાનાર કોઈ નહીં. તેથી દિનકરભાઈ તથા મને કીર્તન ગાવાનો લાભ મળતો. ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન. યોગીબાપા નીચે પૂજા કરતા અને તે વખતે હરિભક્તોની ખૂબ ભીડ રહેતી. તેથી પ્રમુખસ્વામી મહારાજ અને બીજા સંતો ઉપલા માળે બિરાજતા. એક વખત હું બારણામાં ઊભો ઊભો કીર્તન ગાતો હતો અને તેમાં કડી આવી કે 'ઘરમાં નથી ગોઠતું ને કામ નથી સૂઝતું...' ત્યાં પ્રમુખસ્વામી મહારાજ ઉપરથી દાદરા ઊતરતા બોલ્યા કે 'તો અમારી સાથે આવી જાવ ને !' આમ પ્રથમવાર મને સાધુ થવાની ટકોર પ્રમુખસ્વામી મહારાજે કરેલી તે ઇદમ્ સાંભરે છે.

પછી યોગીબાપાને મેં સાધુ થવાનું વચન આપેલું અને હું દેશમાં આવું તે પહેલા યોગીબાપા ધામમાં જતા રહ્યા.

સ્વામીશ્રી એ દોર ચાલુ રાખ્યો. પણ મને સાધુ થવા માટે કુટુંબમાંથી રજા ન હતી. કારણ કે લગ્નનાં માગાં આવે, હું એન્જિનિયર થયેલો અને અમે બે જોડિયા ભાઈઓ ઘરમાં મોટા. તેમાંથી ગોવિંદપ્રસાદ સ્વામીને ૧૯૭૦માં

આફ્રિકાથી સાધુ થવાની રજા મળી ગયેલી. એટલે કુટુંબમાંથી બીજા ભાઈને પણ શા માટે સાધુ કરવો? એમ વિચારતા સભ્યો પાસેથી રજાની શક્યતા ન હતી. પણ સ્વામીશ્રીએ મને કાગળમાં લખેલું કે તમને રાજીખુશીથી રજા મળશે. આ તો માન્યામાં આવે તેવું જ ન હતું પણ સ્વામીશ્રીનાં વચન સત્ય ઠર્યાં અને મને વિના દાખડે સાધુ થવાની રજા મળી.

* * *

લંડનમાં ૧૯૭૦માં યોગીબાપા તથા સંતોનું જમવાનું કનુભાઈ (B.O.A.C.) ને ત્યાં ઇલીંગમાં ગોઠવાયેલું. તે દિવસે સવારે મને યોગીબાપાએ કહેલું કે તમારે સાથે આવવાનું છે. યોગીબાપા પધરામણી હોવાથી વહેલા નીકળ્યા અને તે વખતે મને આવવા માટે ફરી યાદ કરાવ્યું પણ લોકલાજ આડી આવી. તેથી આ આજ્ઞા પાળવાનું ગણકાર્યું નહીં. એક તો મને કનુભાઈએ આમંત્રણ આપેલું નહિ અને વળી તે મારા પૂર્વાશ્રમના ગામના થાય તે કેમ જવાય?

બધા ઉતારેથી નીકળી ગયા છે તેમ માનીને હું પણ મારા મિત્રને ત્યાં વેમ્બલીમાં જવા નીકળ્યો. પણ તેજ વખતે પ્રમુખસ્વામી મહારાજની ગાડી ઉપડવાની તૈયારીમાં હતી. સ્વામીશ્રીએ મને બોલાવી બેસી જવા કહ્યું. હું ના પાડી શક્યો નહીં. ગાડીમાં જગ્યા હતી નહીં. સંકડાશમાં બેઠો. જ્યારે અડધા કલાક પછી કનુભાઈનું ઘર આવ્યું ત્યારે મારા બન્ને પગે ખાલી ચઢી ગયેલી. માંડ માંડ નીચે ઊતર્યો.

સ્વામીશ્રીની ગાડીમાં જગ્યા ન હતી છતાં મને સાથે લીધો અને યોગીબાપાની આજ્ઞા પળાવી મને કૃતાર્થ કર્યો તે પ્રસંગ કેમ ભુલાય?

* * *

૧૯૭૫માં ઑક્ટોબરમાં શરદપૂનમે યોગીજી મહારાજના સ્મૃતિ મંદિરના ઉદ્‌ઘાટન વખતે અમને ૧૮ યુવકોને સ્વામીશ્રીએ દીક્ષા આપીને દોઢ મહિનો વિચરણમાં સાથે લીધા હતા.

* * *

સુરતમાં સ્વામીશ્રીની ૫૫ જન્મ જયંતી અને મૂર્તિપ્રતિષ્ઠા બંને સમૈયા સાથે હતા. તેના આગલે દિવસે લંડનના મહેન્દ્રભાઈ અમીને મને તથા એક બીજા સંતને મોજડી લઈ આપી. સવારની સભા બાદ સ્વામીશ્રી જમવા માટે જઈ

રહ્યા હતા. ત્યારે એ સંતે મોજડી પ્રસાદીની કરવા પહેરાવી. તે પછી સ્વામીશ્રીએ મારી મોજડી પહેરી. મેં પાછી લેવા તૈયારી બતાવી ત્યાં તો તે પહેરીને ચાલવા માંડ્યા તે છેક જમવાના સ્થળ સુધી પહેરી રાખી. આ પછી મેં મોજડી પહેરવાનું કાયમ માટે બંધ કર્યું અને આજ સુધી ચાખડી જ પહેરી છે.

* * *

વિચરણ કરતાં સ્વામીશ્રી બોચાસણ પધાર્યા. તે વખતે અમને ૧૮ સંતોને શાલ આપવાની હતી. પણ પૂરતી શાલ ન હોવાથી સ્વામીશ્રી પોતે શાલ આપતા હતા. સામાન્ય રીતે મને ગરમ કોઠો હોવાથી ઠંડી ઓછી લાગે તેથી મેં ઇચ્છા દર્શાવેલી નહીં કે મને શાલ આપે. પણ તે વખતે મને શરદી થયેલી તે સ્વામીશ્રીએ મને કહ્યું કે તમને શરદી છે તો શાલ તમે રાખો.

આ શાલ મને આપી. પણ આજે ૧૮ વર્ષમાં મારે શાલ ઓઢવાની જરૂર પડી નથી. પરદેશની યાત્રામાં ન્યુઝીલેન્ડ જેવા ઠંડા દેશમાં પણ જરૂર પડી નથી.

* * *

ડિસેમ્બર, ૧૯૭૫માં અમને સંસ્કૃત તથા ફિલોસૉફીના અભ્યાસ માટે અમદાવાદ મૂક્યા. સ્કૂલ ઑફ ફિલોસૉફીનું ઉદ્‌ઘાટન નાતાલ એટલે કે ૨૫મી ડિસેમ્બરે રાખેલું. સ્વામીશ્રી બીજે વિચરતા હતા તે ઉદ્‌ઘાટનમાં આવી શકે તેમ હતું જ નહિ.

બબુભાઈ કોઠારી છેલ્લી અવસ્થામાં અમદાવાદ મંદિરમાં સારવાર લઈ રહ્યા હતા. તબિયત બગડી અને સ્વામીશ્રી અચાનક અમદાવાદ આવી પહોંચ્યા. બીજે જ દિવસે ઉદ્‌ઘાટન હતું. હરિકૃષ્ણ મહારાજના ખંડ આગળ સ્કૂલ ઑફ ફિલોસૉફીના ઉદ્‌ઘાટન નિમિત્તે ચીમનલાલ શાસ્ત્રીએ વિધિ કરાવ્યો અને સ્વામીશ્રીને હાર પહેરાવ્યો અને તે હાર અમને વિદ્યાર્થી સંતોમાંથી મને પહેરાવ્યો.

પણ મારે ભણવાનું તેમજ ભંડાર કરવાનું સાથે હોવાથી અભ્યાસમાં ધ્યાન અપાતું નહીં. તે સ્વામીશ્રીની આજ્ઞાથી અભ્યાસ મૂકી દીધો.

આ પ્રસંગ મારા સાધુજીવનમાં મને ખૂબ સ્પર્શી ગયા છે.

* * *

દિલ્હી મૂર્તિપ્રતિષ્ઠા કરવા પ્રમુખસ્વામી મહારાજ અમદાવાદથી પ્લેનમાં

દિલ્હી જવાના હતા. ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૪ના એક જ દિવસનું અમદાવાદમાં સ્વામીશ્રીનું રોકાણ હતું. તેમાં સવારે વહેલાલની મૂર્તિપ્રતિષ્ઠા પણ કરવાની હતી. કાર્યક્રમ ખૂબ ભરચક હતો. તે વખતે ગઢડા મંદિરમાં સેવા આપતા મૂળ રણિયાળાના પુરુષોત્તમભાઈ (પૂ. યોગમુનિ સ્વામીના પૂર્વાશ્રમના પિતાશ્રી) તેમના સગામાં એક બહેનને હૃદયની તકલીફ હોવાથી અમદાવાદ આવેલા અને ડૉક્ટરોએ નિદાન કર્યું કે ઑપરેશન કરવું પડશે અને રૂપિયા પંદર હજારનું ખર્ચ થશે. તેથી તે મૂંઝાતા હતા. મેં તેમને સ્વામીશ્રીને વાત કરવા કહ્યું. આટલા બધા ભીડામાં તેમની સ્વામીશ્રીની સાથે મુલાકાત કરાવવાની મારી હિંમત ન ચાલી.

એવામાં અમેરિકાથી, બર્મીંગહામવાળા મહેન્દ્રભાઈનો કોઠારમાં ફોન આવ્યો કે ભાદરણવાળા ભદ્રેશભાઈને હૃદયની તકલીફ થઈ છે તે સ્વામીશ્રીને જાણ કરી આશર્વાદ અપાવશો.

પ્લેનનો સમય રાત્રે ૯.૦૦ વાગ્યાનો હતો અને હું લગભગ સાંજે ૬.૦૦ વાગે સ્વામીશ્રીના ઉતારે અક્ષરપીઠના મકાનના ચોથા માળે પહોંચ્યો. તે વખતે બ્રહ્મમુનિ સ્વામી પુરુપોત્તમભાઈને સ્વામીશ્રી પાસે લઈ આવેલા. તેમણે બધી વાત કરી અને સ્વામીશ્રીએ કહ્યું કે 'ડૉ. બાજડિયા શું કહે છે ?' તો કહે : 'આ પ્રમાણે ઑપરેશન કરવાનું છે.'

સ્વામીશ્રી કહે : 'કરાવી નાખો.' પુરુષોત્તમભાઈ કાંઈ બોલ્યા નહીં. તે જ વખતે મેં સ્વામીબાપાને કહ્યું કે તેમને બીજો પ્રશ્ન છે.

તો સ્વામીશ્રી કહે : 'શું છે?'

મેં કહ્યું કે આર્થિક પ્રશ્ન છે.

સ્વામીશ્રી મને કહે : 'તમે ડૉ. બાજડિયાને મને મળવાનું કહેશો.' પણ ડૉ. બાજડિયા તો ટ્રેન દ્વારા દિલ્હી જવા રવાના થઈ ગયેલા.

સ્વામીશ્રી દિલ્હી પહોંચ્યા. ત્યાં પણ નવા મુમુક્ષુઓ તથા પ્રતિષ્ઠાની તૈયારી વગેરેની ભીડો હતો છતાં સ્વામીશ્રીએ ડૉ. બાજડિયાને મળી લીધું. પહેલાં ડૉ. બાજડિયાનો ઋષિરાજ સ્વામી ઉપર ફોન આવ્યો ને ઑપરેશનની વ્યવસ્થાની વાત કરી. પછી સ્વામીશ્રીએ પોતે મને અમદાવાદ ફોન કર્યો અને જણાવ્યું કે પુરુષોત્તમભાઈને કહેશો કે ઑપરેશન કરાવે અને તે જેટલો ખર્ચો કરી શકે તેટલો કરે ને બાકીના ખર્ચની આપણે વ્યવસ્થા કરશું. પછી

કહે : ' સિવિલમાં ડૉ. તેજસ પટેલ (ડૉ. એમ.આર. પટેલના પુત્ર) જે હાર્ટ સ્પેશીયાલીસ્ટ છે તેમને પણ ઑપરેશન વગેરે દ્વારા સારામાં સારી સારવાર થાય તે માટે ફોન કરી દીધો છે !

આ બધી વ્યવસ્થાથી પુરુષોત્તમભાઈ તથા તેમનાં સગાં સ્નેહીઓને સ્વામીશ્રી માટે એટલો બધો સદ્ભાવ થયો કે ખરા સગા તો સ્વામીશ્રી છે !

* * *

શ્વેતવૈકુંઠ સ્વામી

સારંગપુર

પ્રમુખસ્વામી મહારાજને સ્થૂળ દૃષ્ટિએ નિહાળવા એ બહુ સુલભ બાબત છે; કારણ એમનું જીવન ખુલ્લી કિતાબ જેવું છે. એમાં Privacy કે અંગત જેવું કશું જ નથી. તેમનું વિશદ જીવન સતત પરને અર્થે જ સમર્પિત છે. એટલે સ્થૂળ દૃષ્ટિએ તો સ્વામીશ્રીને સૌ કોઈ જોઈ શકે છે, પણ એમનામાં રહેલા દિવ્યગુણો નિહાળવા માટે આપણાં ચર્મચક્ષુ જરૂર ઊણાં ઊતરે. તે માટે તો એમની કૃપા જ અનિવાર્ય છે.

ભગવાન અને સંતની કૃપા જ આપણાં નિમીલિત જ્ઞાનચક્ષુને ઉઘાડે છે અને ત્યારે જ આપણને એમના નિર્મળ, લોકોત્તર દિવ્ય જીવનની ઝાંખી થાય છે. ઉપનિષત્કાર પણ એ જ કહે છે કે 'यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम् ।'

જેને પરમાત્મા કે સત્પુરુષ કૃપા કરીને સ્વયં પસંદ કરે છે તેને જ પોતે સાક્ષાત્ પ્રાપ્ત થાય છે. અને તેની સમક્ષ પોતે પોતાનું યથાર્થ સ્વરૂપ પ્રગટ કરે છે.

ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને પણ અર્જુનને કહ્યું છે કે

न तु मां शक्यसे द्रष्टुं, अनेनैव स्वचक्षुषा ।
दिव्यं ददामि ते चक्षुः, पश्य मे योगमैश्वरम् ॥ ११/८

'હે પાર્થ ! આ સ્થૂળ ચક્ષુથી જ તું મને (યથાર્થ) જોવા સમર્થ નથી. માટે હું તને દિવ્ય(જ્ઞાન)ચક્ષુ આપું છું, તેનાથી મારો ઈશ્વરીય યોગ પ્રતાપ તું જો.'

અને શ્રીજીમહારાજનાં મ.૧૩નાં અમૃતવચનો પણ કંઈક આવાં જ છે :

'તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી.' એમ સ્વામીશ્રીનાં સ્થૂળ જીવન, કાર્ય, ઉપદેશ જોવામાં આવે છે પણ પરિપૂર્ણ સમજવા દુષ્કર છે. તે માટે એમની કૃપા સાથે

પૂર્વસૂરિઓનો કે જેઓ સ્વામીશ્રીની વધુ નિકટ પહોંચ્યા છે, તેમના સમાગમ ને અનુભવસિદ્ધ વચનો પણ ખૂબ મદદગાર બને છે. જેમ શ્રીકૃષ્ણ ભગવાનનાં આશ્ચર્યકારી ચરિત્રો જોઈને વ્રજના ગોપને તેમનામાં પ્રથમ દેવભાવ આવ્યો, પણ પછી ગર્ગાચાર્યના વચને સાક્ષાત્ નારાયણનો ભાવ આવ્યો. તેમ અનભિજ્ઞજનો પ્રથમથી જ ભગવાનને દેખતા તો હતા પણ મનુષ્યભાવે સહિત દેખતા હતા, પણ પછી સમાગમ થયા બાદ દિવ્યભાવે સહિત દર્શન કર્યાં.

તદનુસાર પ્રગટ ગુરુહરિની પોતાની જ કૃપા ને મોટા સદ્‌ગુરુ સંતોના સમાગમના આધારે સ્વામીશ્રીના જીવનપ્રસંગો અને ઉપદેશ દ્વારા તેમને નિહાળવાનો અલ્પ પ્રયાસ કરી પ્રગટ ગુરુહરિને અમૃત અર્ઘ્ય અર્પું છું.

આપણી ગુરુપરંપરામાં અનાદિથી આધ્યાત્મિકતા અને વ્યાવહારિકતાનો સમન્વય સુપેરે જોવા મળે છે. સદ્‌ગુરુ મહામુક્ત ગોપાળાનંદ સ્વામીએ બોટાદના શિવલાલ શેઠને કહ્યું હતું કે 'તારે વ્યવહાર શીખવો હોય તો સુંદરિયાણાના પૂંજા શેઠ પાસે જજે; ને વ્યવહાર અને મોક્ષ બંને શીખવાં હોય તો જૂનાગઢ - મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી પાસે જજે.' તેમજ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને સરળ સાધુપ્રકૃતિ ધરાવતા ગુરુહરિ યોગીજી મહારાજમાં પણ આ બંને વિરોધી ગુણોનો અભૂતપૂર્વ સમન્વય જોવા માણવા મળતો હતો.

આજે સ્વામીશ્રીમાં પણ વહીવટી કુનેહનાં અસાધારણ દર્શન થાય છે. સાથે સાથે આધ્યાત્મિકતા - એટલે કે આત્મા-પરમાત્માના તત્ત્વજ્ઞાનમાં પણ તેઓ અજોડ છે. તેમની સિદ્ધાંતનિષ્ઠા ને જ્ઞાનવિશદતા અદ્વિતીય છે. ઉપર ઉપરથી એવું લાગે કે સ્વામીશ્રીને સંપ્રદાયમાં પ્રવર્તતું તાત્ત્વિક નિરૂપણ બહુ નથી ફાવતું; પણ એવા કેટલાય પ્રસંગો છે જેમાં સ્વામીશ્રીએ તાત્ત્વિક બાબતો ઉપર એવું સચોટ અને અનુભવગમ્ય નિરૂપણ કર્યું છે કે જે આપણે બીજા કોઈ પાસે ક્યારેય ન સાંભળ્યું હોય.

* * *

સારંગપુરમાં તા. ૨૪-૪-૮૭, એકાદશીના દિવસે બપોરે ફરાળ કરીને સ્વામીશ્રી મિલન કક્ષમાં બિરાજ્યા હતા. આગલે દિવસે સાંજે સ્વામીશ્રીએ ભક્તચિંતામણિનો લાભ આપતાં 'છો તો એક ને દીસો છો દોય' એનો અર્થ

બહુ સરસ રીતે સમજાવ્યો હતો. તે અંગે વિશેષ સ્પષ્ટતા થાય તે માટે અમૃતપ્રકાશ સ્વામીએ બીજે દિવસે બપોરે સ્વામીશ્રીને પૂછ્યું, 'આપે ગઈકાલે જે વાતો કરી એ વાતમાં ધ્યાન ન રહ્યું.'

સ્વામીશ્રી કહે : 'બદરિકાશ્રમમાં ઋષિઓની સભા ભરાઈ હતી. બધા નર અને નારાયણની રાહ જોતા હતા. ત્યાં પ્રથમ શ્રીનરનારાયણ ઋષિ વગર નર ઋષિ એકલા સભામાં પ્રવેશ્યા. ઋષિઓને નરનાં દર્શન થયાં એટલે ભગવાનનાં દર્શન થયાનો ભાવ થયો, કારણ કે નર ઋષિ ખરેખરા ઉત્તમ ભક્ત હતા. એટલે ભક્તનાં દર્શન થતાંની સાથે જ ભગવાનનાં દર્શનનો અનુભવ થયો. આપણે નથી કહેતા કે આ માણસમાં ભગવાનનું નૂર છે ?! એમ ઉત્તમ ભક્તમાં ભગવાનનાં દર્શન થાય. તેથી કાંઈ શ્રીજીમહારાજ વ્યતિરેક નથી એવું નથી. ભગવાન તો સ્વતંત્ર છે. તેઓ તો અક્ષરબ્રહ્મમાં રહીને ય દર્શન આપે અને સ્વતંત્ર પણ આપે. બંનેમાં સ્વામીસેવકભાવનો ભેદ તો છે જ.

'શિક્ષાપત્રીમાં મહારાજે એવું પણ કહ્યું છે કે 'જ્યારે કેવળ એકલા ભગવાનનાં દર્શન થતાં હોય ત્યારે પણ તેઓ ભક્તે સહિત જ છે. કારણ, ભક્ત ભગવાનનાં સ્વરૂપને વિષે અતિપ્રેમે કરીને લીન વર્તે છે. આમ ભગવાન એકલા હોય ત્યારે પણ ભક્તે સહિત જ છે. અને ભગવાનને પણ ભક્ત ઉપર અતિપ્રેમ છે. એટલે ભક્ત એકલા હોય તો પણ (સમ્યક્પ્રકારે અખંડ ધરી રહ્યા હોવાને કારણે) ભગવાન સહિત જ છે. બેયનો મજિયારો વેચાતો નથી. એમાં કંઈ ભક્ત એ ભગવાન બની જતા નથી અને ભગવાન એ ભક્ત બની જતા નથી.'

આ પ્રસંગે બીજી ઘણી વાતો થઈ હતી પણ 'છો તો એક ને દીસો છો દોય' એ પંક્તિનો અર્થ અશ્રુતપૂર્વ રહ્યો. પૂર્વે આપણાં પ્રકાશનોમાં શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજની મૂર્તિઓની નીચે, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિ નીચે ઉપરોક્ત પંકિત લખેલી જોવા મળતી. જે એમ સૂચવતી હતી કે બંને ગુરુહિરનાં સ્વરૂપો તત્ત્વતઃ એક જ છે છતાં બે રૂપે દર્શાય છે. જ્યારે અહીં સ્વામીશ્રીએ ભક્ત અને ભગવાન બંને તત્ત્વતઃ હંમેશાં ભિન્ન હોવા છતાં પણ પ્રેમની અધિકતા અને વિશુદ્ધિને લઈને ભક્તની સાથે ભગવાનની અપૃથક્સિદ્ધતા અને ભગવાન સાથે

ભક્તનું ભાવાત્મક ઐક્ય સમજાવ્યું. આ અર્થ બદરિકાશ્રમની સભાના પ્રસંગના સંદર્ભે વિચારીએ તો ખરેખર અદ્‌ભુત છે. સત્પુરુષ જ જ્ઞાનનું મૂર્તિમાન સ્વરૂપ છે એની આ પ્રસંગે ઝાંખી થઈ.

* * *

ઈ. સ. ૧૯૮૪માં સ્વામીશ્રી 'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ' ઉપક્રમે વિશ્વપ્રવાસ કરી રહ્યા હતા. તે દરમ્યાન દેશમાં સદ્‌ગુરુ સંતોની હાજરીમાં 'યદક્ષરં વેદવિદો વદન્તિ' એ હર્ષદભાઈ દવે લિખિત લેખમાળા ઉપર ત્રણ ચર્ચાસત્રો ગોઠવાયાં હતાં. સ્વામીશ્રી પત્રો દ્વારા ખૂબ અંગત રસ લેતા અને બળ-પ્રેરણા આપતા રહેતા. ગમ્મતના લાંબા પત્રો પણ લખતા હતા. આ સત્રોમાં જે તાત્ત્વિક પ્રશ્નો એકત્રિત થયા તેનો ખુલાસો સ્વામીશ્રી દેશમાં પધારે ત્યારે તેમના પોતાના મુખે જ મેળવવો તેમ નક્કી થયું. તદનુસાર સ્વામીશ્રી દેશમાં પધાર્યા. ગુણાતીતાનંદ સ્વામીનો ૧૯૯મો જન્મોત્સવ ભાદરામાં અને સ્વામીશ્રીનો ૬૪મો જન્મોત્સવ મહેસાણા ઉજવાયો. એ પછી સ્વામીશ્રી મુંબઈ પધાર્યા. તે સમયે તા. ૨૧-૧૨-૮૪ થી તા. ૨૩-૧૨-૮૪ સુધી સતત ત્રણ દિવસ રાત્રે ૧૦ થી ૧૨ સુધી ૨૫-૩૦ સંતો સાથે બિરાજી સ્વામીશ્રીએ સુંદર ખુલાસા ને માર્ગદર્શન આપ્યાં. આ પરામર્શના ફળસ્વરૂપે એક પુસ્તક પ્રગટ કરવું એવો નિષ્કર્ષ થયો, અને તે અંગે મને તથા શ્રુતિપ્રકાશ સ્વામી, કિશોરભાઈ અને રમેશભાઈ દવેને આ કાર્ય સોંપાયું. આ રીતે 'સ્વામિનારાયણ વેદાંત - એક રૂપરેખા.' એ પુસ્તક પ્રકાશિત થયું. તે પ્રસંગે સ્વામીશ્રી તો મુંબઈથી એમના વિચરણમાં વ્યસ્ત થઈ ગયા. પુસ્તક લખાણમાં જે શંકાઓ થતી તે પત્ર દ્વારા સ્વામીશ્રીને જણાવતો અને તેના ઉત્તરો પોતે લખી મોકલતા,

એવા એક પ્રસંગે 'મુક્તના ભેદ' વિષયક લખાણ મેં સ્વામીશ્રીને લખી જણાવ્યું કે 'મૂળઅક્ષરબ્રહ્મ એક અને અદ્વિતીય છે. તેના પૂર્ણ સાધર્મ્યને જે કોઈ પામે તે સંસિદ્ધ થઈ માયાથી મુક્ત થાય છે. માટે ભાગવતીતનુધારી મુક્તોમાં ભેદ શક્ય નથી, જ્યારે સા. ૧૭માં તો મુક્તોના ઘણા ભેદ મચ્છરથી ગરુડ અને ખદ્યોતથી મહાપ્રલયકાળના અગ્નિ સુધીના બતાવ્યા છે. તે અંગે જ્ઞાનવૃદ્ધ સદ્‌ગુરુ સંત સ્વામી પાસેથી ઘણીવાર સાંભળ્યું છે કે 'આ બધા ભેદ અક્ષરધામમાં નથી પણ આ લોકમાં છે. આ લોકમાં એટલે અહીં

આપણા સત્સંગ સમાજમાં જ્યાં નવદીક્ષિત હરિભક્તથી સદ્‌ગુરુ કોટિના ભક્તોમાં ભેદ સ્પષ્ટપણે અનુભવાય છે, ત્યાં જ એ ભેદો સમજવાના છે. જેમ મૅડિકલ કૉલેજમાં હજી તો દાખલ થયો હોય તેય ડૉક્ટર કહેવાય ને F.R.C.S. થયો એય ડૉક્ટર કહેવાય. પણ તેમાં ભેદ છે તેમ વર્તમાન ધરાવી સત્સંગી થયો તે પણ મુક્ત અને જે સંસિદ્ધ થાય - જીવન મુક્ત બને તે પણ અક્ષરમુક્ત, પણ તેમાં ભેદ છે. અને તે ભેદ અહીં આ લોકમાં જ છે.' આમ લખ્યા પછી પુછાવ્યું કે ઉપરોક્ત વાત બરાબર છે કે તેમાં કંઈ ફેર છે ?

સ્વામીશ્રીએ તા. ૨૯-૧૨-૮૪ના પત્રમાં નવસારીથી ખુલાસો લખ્યો કે 'સા. ૧૭ પ્રમાણે મુક્તના ભેદ છે તે ઉપાસનાના ભેદ છે. એટલે કે તે તે ધામના (અધિપતિઓની) ઉપાસનાની ભિન્નતાને લઈને છે. માટે આ લોકમાં ભેદ છે તેમ કહેવા કરતાં તે તે ધામમાં (તે તે ઉપાસ્યમૂર્તિની) ઉપાસનાએ કરીને તે તે ધામને પામે છે. ને આ લોકમાં પણ તેવા સુખને પામે છે. એમ ભેદ છે.'

સ્વામીશ્રીના ઉત્તરમાં રહેલી સ્પષ્ટતા મને બહુ જ સ્પર્શી ગઈ. ઉપાસનામાં શ્રદ્ધા અને વેગની તીવ્રતામાં ભિન્નતાને લઈને તેનું પરિણામ પણ પ્રત્યેક ભક્ત-મુક્તના જીવનમાં જુદું-જુદું જણાય પણ અંતે વહેલા-મોડા બધા જ સર્વોપરી નિષ્ઠાવાળા ભક્તો અક્ષરધામના જ અધિકારી છે. માટે સ્થિતિના ભેદે કરીને ઉપાસનાનો ભેદ નથી. પરંતુ ઉપાસનામાં ઉપાસ્યમૂર્તિની ભિન્નતાથી તો ભિન્ન ધામની પ્રાપ્ત થાય છે. આ સ્પષ્ટતાથી સત્સંગમાં દેખાતા ભક્તો-મુક્તોના ભેદ તે ઉપાસનાના ભેદ નથી. માટે તે ભેદને વચ. સા. ૧૭માં જણાવેલ મુક્તોના ભેદ સાથે ન સાંકળી શકાય.

ખરેખર, આવો ઉત્તર પૂર્વે કોઈ પાસે સાંભળ્યો નહોતો. સ્વામીશ્રી તો સત્સંગની પ્રવૃત્તિ, વિચરણ, વહીવટ, આયોજન વગેરે અનેક બાબતોમાં આકંઠ ડૂબી ગયેલા જણાય છે છતાં પણ કળા, સંગીત ને તત્ત્વજ્ઞાન જેવા વિષયોમાં પણ અનુપમ અધિકારિતા ધરાવે છે તે જ એમના સઘન પૂર્વાભ્યાસ ને આલોડન ને વ્યક્ત કરે છે.

ઉપરોક્ત ચર્ચાસત્રમાં એક મુદ્દો એવો રજૂ થયો કે આપણા સત્સંગમાં ઘણા એમ સમજે ને વાત કરે છે કે આપણે જ્યાં સુધી બ્રહ્મરૂપ ન થઈએ

ત્યાં સુધી ચાર ચરણની ઉપાસના રહે છે કહેતાં અક્ષરરૂપ થવા અક્ષરબ્રહ્મરૂપ સત્પુરુષની અને પુરુષોત્તમની એમ બંનેની ઉપાસના રહે છે અને બ્રહ્મરૂપ થયા બાદ એને પરબ્રહ્મ સાથે જ સ્વામીસેવકભાવનો નાતો રહે છે. એટલે ત્યારે એને બે ચરણની ઉપાસના જ રહે છે.

સ્વામીશ્રી આ સાંભળી એકદમ ભાવમાં આવીને બોલ્યા કે 'કોણ આવું કહે છે ? એવી વાત જ નથી. અહીં જે સત્પુરુષમાં જોડાય છે, આત્મબુદ્ધિ, હેત, પ્રીતિ કરે છે તથા મનન દ્વારા એનો સંગ કરે છે તેના પરિણામે એનું માયાનું કપટ ટળે છે ને બ્રહ્મરૂપ થાય છે. ને ભગવાનનો યથાર્થ જેવો છે તેવો ઉત્કૃષ્ટ નિશ્ચય થાય છે ને તેમનો સાક્ષાત્કાર થાય છે. અહીં જે સત્પુરુષમાં જોડાય છે, આશ્રય કરે છે, સેવા કરે છે તે પણ સાક્ષાત્ શ્રીજીમહારાજનું સ્વરૂપ સમજીને કરે છે. સત્પુરુષનાં અંગો અંગમાં ભગવાન રહ્યા છે. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે 'સંત તે સ્વયં હરિ...' આવા દિવ્યભાવથી જ જોડાય છે ને ઉપાસે છે એટલે મહારાજની જ - બે ચરણની જ ઉપાસના થઈ. સત્પુરુષ તો માધ્યમ છે, દ્વાર છે, સેતુ છે.

'આપણી ઉપાસના 'અક્ષરપુરુષોત્તમની છે.' એમ જે આપણે બોલીએ છીએ તેમાં પણ અક્ષર દ્વારા અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની જ ઉપાસનાની વાત છે. એટલે આપણે તો સાધક અવસ્થામાં અહીં ને ધામમાં સદાય બે ચરણની જ - શ્રીજીમહારાજની જ ઉપાસના છે.'

આ ઉત્તરમાં તો સ્વામીશ્રીએ ભાવમાં આવીને ઘણી વાતો કરી હતી પણ આ તો તેનો સાર છે. આ ઉપરથી ભગવાન સ્વામિનારાયણે આપેલા સિદ્ધાંતોમાં સ્વામીશ્રી કેટલા સ્પષ્ટ અને દૃઢ છે એ સહેજે જ જણાઈ આવે છે.

* * *

ઈ.સ. ૧૯૭૩ની સાલમાં સ્વામીશ્રી રાજકોટમાં બિરાજમાન હતા. પારાયણ ચાલતી હતી. તે વખતે મેં ત્યાગાશ્રમની દીક્ષા લીધી નહોતી. ત્યાં મહિલા વિભાગમાંથી સ્વામીશ્રીને કેટલાક પ્રશ્નો લખીને પુછાવ્યા હતા. હું સ્વામીશ્રીને તે કાગળ આપવા ગયો. સ્વામીશ્રીએ મારી પાસે જ કાગળ વંચાવ્યો. તેમાં એક પ્રશ્ન એવો હતો કે સા.૧૦માં મહારાજે કહ્યું છે કે બાહ્યદૃષ્ટિવાળાની સમજણે ભગવાનનું ધામ અતિ દૂર છે જ્યારે આત્મદૃષ્ટિવાળાની સમજણે તો તે અણુ માત્ર છેટું નથી. અને પહેલી

સમજણ મિથ્યા છે ને બીજી સમજણ સત્ય છે. વળી મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ તેમની વાતોમાં પણ કહ્યું છે કે પોતાને અક્ષર મનાય તો જવા આવવાનું ક્યાં રહ્યું ?

આ ઉપરથી તો પ્રેમાનંદ સ્વામીએ ઓરડાનાં પદોમાં વર્ણવેલું તથા નિષ્કુળાનંદ સ્વામીએ ચોસઠપદીમાં વર્ણવેલું ચૈતન્યની ભૂમિકાવાળું અક્ષરધામ તથા વચનામૃત, લીલા ચરિત્રોના ગ્રંથોમાં અક્ષરધામની જે વાતો છે તે મિથ્યા થઈ જાય ને અક્ષરધામ એ માત્ર સમજણમાં એક સંકલ્પના (Concept) તરીકે રહે છે...

હજી તો પ્રશ્ન પૂરો થયો નથી ત્યાં જ સ્વામીશ્રીએ ઉત્તર શરૂ કર્યો કે 'બંને વાત સત્ય છે કોઈ મિથ્યા નથી, પણ મહારાજનો અભિપ્રાય એ છે કે અષ્ટાવરણ પાર ભગવાનનું ધામ છે તો ખરું જ, પણ તેને સત્ય કહે તો આ પ્રત્યક્ષ જે મળ્યા છે, દેખાય છે તેમાં વૃત્તિ સ્થિર થાય નહીં અને ઉપર આકાશમાં - જે નથી દેખાતું એમાં જ મન રહે. એટલે જે દેખાય છે તે મનાય નહીં અને જે નથી દેખાતું તેમાં જ પ્રતીતિ રહ્યા કરે, અંતે ઉભયભ્રષ્ટ થાય. તે માટે આ અર્થમાં મહારાજે ધામને મિથ્યા કહ્યું છે પણ મૃગજળની જેમ અક્ષરધામનું અસ્તિત્વ જ નથી કે કેવળ ભ્રમ જ છે એમ નથી.

'અને છતી દેહે જે શુદ્ધ થયો, મુક્ત બન્યો તે ભલે આ માયાના લોકમાં હોય પણ તેની દૃષ્ટિ ફરી ગઈ છે ને તેને સમ્યક્‌જ્ઞાન થઈ ગયું છે એટલે એને અક્ષરધામના સુખ સિવાય કંઈ જ ન રહે. પછી ધામ અણુમાત્ર છેટે ન જ લાગે ને ! માટે બ્રાહ્મીસ્થિતિની અનુભૂતિ છે. તે પણ સત્ય છે.'

અહો ! સત્પુરુષ સિવાય અધ્યાત્મશાસ્ત્રના આવા અર્થોનો વિરલ સમન્વય બીજા કોણ કરી શકે ?

* * *

ઈ.સ. ૧૯૮૪ સુધીના પરદેશ પ્રવાસમાં, સ્વામીશ્રી રોજ સવારે પૂજા બાદ તે જ આસન પરથી એક વચનામૃત નિરૂપતા અને પછી અલ્પાહાર માટે પધારતા, જેથી બધા હરિભક્તો પોતપોતાના નોકરી-ધંધા માટે અમૃતલાભ લઈને નીકળી શકે. એ રીત પ્રમાણે તા. ૧૦-૧-૭૮ મંગળવારને દિવસે 'નકુરુ (કેન્યા)માં પૂજા બાદ સ્વામીશ્રીએ વચનામૃત લો.૧૧નું નિરૂપણ કર્યું. અંતે ઉપસ્થિત ભક્તોને પુષ્પો આપતા હતા. તે દરમ્યાન

સ્વામીશ્રીને પૂછ્યું કે આ વચનામૃતનું નિરૂપણ સદ્ગુરુ સંતો અને મોટેરા હરિભક્તો પાસે સાંભળીએ છીએ ત્યારે બધાનો એક જ સૂર રહ્યો છે કે પતિવ્રતાની ટેક તો અજ્ઞાની ને અવિવેકી માટે છે પણ જ્ઞાનીને માટે નથી; તો શું જ્ઞાની માટે પતિવ્રતાની સમજણ નથી ?

સ્વામીશ્રી હરિભક્તોને પુષ્પ આપતાં બોલ્યા કે 'સાચો જ્ઞાની-વિજ્ઞાની તો પરમ વિવેકી છે. તેને તો ત્રણેય કાળમાં ને ત્રણેય અવસ્થામાં ભગવાન હાજરાહજૂર છે છે ને છે જ. (પં.૭) એને ભગવાન સિવાય બીજું કંઈ નજરમાં જ નથી. એટલે એને તો પતિવ્રતાની ટેક સહજ સિદ્ધ છે. એ માટે એને ઉપદેશવાની જરૂર નથી પણ જે અવિવેકી છે તેને તો પતિવ્રતાની ટેકનો ઉપદેશ વિશેષે કરીને કરવો પડે. પણ બંનેને એ ટેક તો ખરી જ.'

* * *

ઈ.સ. ૧૯૯૫ના ઝોળીપર્વના એકાદ દિવસ પૂર્વે સ્વામીશ્રી અમદાવાદમાં ભોજન લઈ રહ્યા હતા, ત્યારે આચાર્ય સ્વામી તેમની આગવી રમૂજી શૈલીમાં બધાને આનંદ કરાવતાં સ્વામીશ્રીનો મહિમા ગાઈ રહ્યા હતા કે 'સ્વામી ! આ તો મહારાજે સંકલ્પ કર્યો કે જ્ઞાની-અજ્ઞાની સર્વે મને દેખો (પ્ર. ૭૮) ત્યારે એમને આપનો યોગ થયો ને અમારો પત્તો પડ્યો વગેરે...'

આ સાંભળી સંતો અંદરોઅંદર ચર્ચા લાગ્યા કે પં.૭ પ્રમાણે જ્ઞાનીને મતે તો ભગવાન સર્વત્ર ને સદૈવ છે છે ને છે જ. તો પછી એ જ્ઞાનીનો સમાવેશ મહારાજે પોતાના સંકલ્પમાં શા માટે કર્યો ? સ્વામીશ્રી જમતાં જમતાં બધા સામું જોઈ રહ્યા હતા. તેમની ચકોર નજરે સંતોની અંદરોઅંદર શરૂ થયેલી ચર્ચાને જોઈ લીધી અને વાતનો મુદ્દો જાણી લીધો. આચાર્ય સ્વામી બોલતા હતા એવામાં વચમાં જ પોતે બોલ્યા કે 'મહારાજે પ્ર.૭૮માં જે જ્ઞાનીની વાત કરી છે તે તો આ લોકના ઈતિહાસ, પુરાણ, (વેદ ઉપનિષદ્, ગીતા, ભાગવત આ તમામ) સત્શાસ્ત્રના અર્થ કરવામાં, વિજ્ઞાન (Science) ને ટેકનોલોજીમાં જે નિષ્ણાત છે, હોશિયાર છે, તેને જ્ઞાની તરીકે ગણ્યો છે. બાકી ભગવાનના સ્વરૂપનો જે પૂર્ણ જ્ઞાની છે તે તો ભગવાનને પ્રત્યક્ષપણે દેખે જ છે. તેવા જ્ઞાની માટે સંકલ્પ નથી કર્યો.'

આવા અનેક પ્રસંગોએ સ્વામીશ્રીના સાંપ્રદાયિક ઈતિહાસના, તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસનાં, તર્કબદ્ધતાનાં અને અનુભવની ભૂમિકાનાં

અસાધારણ દર્શન થયાં છે. તે મારા માટે સૌભાગ્યની વાત છે.

આ ઉપરાંત સ્વામીશ્રીના અનેક ગુણો માણવા મળ્યા છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સમયમાં ઈ. સ. ૧૯૬૫ થી ૧૯૭૦ સુધીમાં ૫ થી ૬ દિવાળી વૅકેશનો યોગીબાપાની દિવ્ય સંનિધિમાં ગાળવાનો લહાવો મળ્યો હતો. તે વખતે યોગીબાપા રોજ રાત્રે ગોળી લેતી વખતે યુવકો-બાળકોને ટટ્ટાર બેસાડી મટકાં રહિત ધ્યાન કરવાની પ્રેરણા આપતા. ત્યાર બાદ રોજ કોઈ સંતને યુવકોની ગોષ્ઠિમાં પ્રેરણા આપવા – વાતો કરવા મોકલતા. કોઈવાર 'પ્રમુખસ્વામી આજે ગોષ્ઠિમાં લાભ આપશે.' એમ કહેતા. જો કે સ્વામીશ્રી તો તે વખતે ત્યાં હાજર ન હોય પણ અમારામાંથી કોઈ સ્વામીશ્રીને યોગી બાપાની આજ્ઞા જણાવે કે તરત તેઓ સભામંડપમાં જાળી પાસે એક નાની ગાદી ઉપર બેસી જતા અને રાત્રે અમને વાતો કરતા. શું વાતો કરતા તે તો અત્યારે યાદ નથી, પણ 'શ્રદ્ધા' ઉપર ને 'યોગીબાપાની આજ્ઞામાં મંડી પડવું.' આવા વિષયો ઉપર ખૂબ ધીર ગંભીર રીતે પણ તન્મયતાથી વાતો કરતા.

સ્વામીશ્રી મુંબઈ પધારતા ત્યારે તો યોગીબાપા તેમને સ્નાન કરાવવા અમને બાળ-યુવકોને મોકલતા. આટલી જ સ્મૃતિ યોગીબાપાના વખતની મને તેઓશ્રીની છે. પણ યોગીબાપા ધામમાં પધાર્યા અને ગોંડળમાં અગ્નિ સંસ્કાર ને ગોંડલી સ્નાનબાદ અક્ષરદેરીમાં પ્રદક્ષિણા ફરી, હું સંધ્યા આરતી બાદ શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ પાસે દર્શન કરતો હતો. ત્યાં સ્વામીશ્રી સ્નાનાદિ વિધિ બાદ દેરીમાં પધાર્યા ને શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ પાસે દર્શન કરતા ઊભા રહ્યા. તે સમયે અચાનક જ મેં સ્વામીશ્રીને પગે લાગીને સાધુ થવાનો સંકલ્પ જાહેર કર્યો, ને તેમાં કોઈ પ્રકારનું વિઘ્ન ન આવે તેવા આશીર્વાદ માગ્યા. સ્વામીશ્રીએ એમની હળવી રીતે સંમતિસૂચક દૃષ્ટિ કરીને શાસ્ત્રીજી મહારાજ સમક્ષ આશીર્વાદ પણ આપ્યા. ગાદીનશીન થયા પછી તેમની સાથેનો આ પ્રથમ પ્રસંગ હતો. પછી તો યોગીબાપા જેવું હેત પોતે કરતા ગયા અને યોગીબાપાના વચન પ્રમાણે સાધુ પણ કર્યો.

* * *

ઈ. સ. ૧૯૭૩ના જૂન મહિનામાં હું સ્વામીશ્રી સાથે યુવક તરીકે ફરતો હતો. બીજા ત્રણ-ચાર યુવકો પણ સાથે હતા. સ્વામીશ્રી ભાદરા જતા

રસ્તામાં પડધરી ગામે એક રાત રહ્યા. સ્વામીશ્રીનો ઉતારો બ્રાહ્મણ ભક્ત ભગવાનજીભાઈને ત્યાં હતો. સાંજે સ્વામીશ્રી પધરામણી કરીને પોતાના ઉતારે જઈ રહ્યા હતા. મકાન આવી ગયું પણ હું દ્વાર શોધતો હતો. મારાથી મોટેથી બોલાઈ ગયું 'દ્વાર ક્યાં છે ?' હું બે-ત્રણ વાર બોલ્યો. સ્વામીશ્રી બાજુમાં જ ઊભા હતા. તેઓ હસીને મર્મમાં બોલ્યા કે 'દ્વાર તો આ રહ્યું. (મોક્ષનું) અને આ (મારું નામ દઈને) દ્વાર શોધે છે.' આ સાંભળીને હું પણ તેમની સામે જોઈને હસી પડ્યો. એના પ્રતિભાવરૂપે સ્વામીશ્રીએ પોતે પોતાના ઊછળતાં હાસ્ય સાથે તાળી આપી અને યોગીબાપાની અદાથી હાથ ખેંચ્યો, અને પાસે લઈ મળ્યા.

આમ, સ્વામીશ્રીએ 'દ્વાર' શબ્દનો સુપેરે શ્લેષ કરી જ્ઞાનને હેતમાં સમાવી લીધું.

પહેલાં સ્વામીશ્રીની દરેક સેવાનો લાભ અનાયાસે જ મળી રહેતો. પધરામણી, સભા, સ્નાન કરાવવું, શરીર લૂછવું, ધોતિયાં-ગાતરિયાં પહેરવા આપવાં, જળ પાન કરાવવું, આસન-પથારી તૈયાર કરવી, પીરસવું, ચરણસેવા, ગોડી, આરતી, અષ્ટક, ચેષ્ટા, થાળ ગાન વગેરે દરેક ક્રિયામાં સજ્જ રહેવું પડતું ને સહેજે જ સજ્જ થઈ જવાતું, પણ સ્વામીશ્રી પોતે પૂર્ણ છે એટલે આપણે ગમે તેટલું ધ્યાન રાખીએ તો પણ કોઈક અંશે કાચપ રહી જ જાય ને સ્વામીશ્રી પણ તેવે જ વખતે હાજર થઈ જાયં ને આપણને પૂર્ણતા તરફ દોરી જાય.

* * *

તા. ૨૭-૧૨-૭૭, મંગળવારે સ્વામીશ્રી મ્વાન્ઝા(આફ્રિકા)માં પૂજા કરી રહ્યા હતા. ધનુર્માસના દિવસો ચાલતા હતા. રોજ સવારે પ્રેમી હરિભક્તોના ઘરેથી ઠાકોરજી હરિકૃષ્ણ મહારાજ માટે ગરમ શીરો આવતો, પણ તે દિવસે સમયસર શીરો ન આવ્યો, એટલે રોજ પૂજા પાથરનાર ને સંકેલનાર સંત જ્ઞાનપ્રિય સ્વામી રસોડામાં શીરો બનાવવા ગયા અને મને પૂજા સંકેલવાનું કહેતા ગયા. પૂજામાં સ્વામીશ્રીની તમામ ક્રિયાઓનાં સારી રીતે દર્શન કરેલાં. પણ પૂજા સંકેલવાનું કર્મ તો સેવક સંત કરતા હોય અને તે તરફ બહુ ધ્યાન આપેલું નહીં.

સ્વામીશ્રીએ શિક્ષાપત્રી વાંચન શરૂ કર્યું. મેં પૂજા સંકેલવાનું કામ ધીરે

ધીરે આત્મવિશ્વાસે રહિત શરૂ કર્યું. સ્વામીશ્રી વાંચતા જાય અને ત્રાંસી આંખે મારી અવઢવ સહિતની ક્રિયાને પણ નિહાળતા જાય. વચ્ચે વચ્ચે મને માર્ગદર્શન પણ આપતા ગયા. મેં જેમ તેમ કરી પૂજા સંકેલી. સ્વામીશ્રીએ શિક્ષાપત્રી અને જનમંગલ નામાવલીનો પાઠ પૂરો કર્યા બાદ પુસ્તક મારા હાથમાં મૂકતાં હળવી પણ માર્મિક ટકોર કરી, 'બહુ ઝીણવટપૂર્વક દર્શન નથી કર્યાં લાગતાં !' 'विज्ञाय संज्ञा मूढाय दण्डः ।' આ પંક્તિ અનુસાર તેજીને ટકોર કરવાની અને તે પણ યોગ્ય સમયે, સ્વામીશ્રીની ખાસિયત છે. સ્વામીશ્રીએ પણ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી બાપાની સમગ્ર ક્રિયા તો કેટલી સૂક્ષ્મતાથી ને ભક્તિભાવથી નિહાળી હશે ત્યારે જ આપણને પોતાના જેવા કરવા ટકોર કરતા હશે ને !

* * *

નકુરુમાં (કેન્યા) તા. ૧૧-૧-૭૮, બુધવારે સ્વામીશ્રી, સંતો ને હરિભક્તો નિત્યક્રમથી પરવાર્યા બાદ લેક બોગોરિયા જવા નીકળ્યા. અહીં 'વન મહોત્સવ' ઊજવવાનો હતો. આ સ્થળે જમીનમાંથી ઊકળતું પાણી કુદરતી રીતે જ નીકળે છે. તેની વરાળમાં લોકો 'બાષ્પ સ્નાન' (Vapour Bath) કરે છે. સ્વામીશ્રીએ પણ બધા સંતોને ખાસ બોલાવીને સાથે Steam Bath લીધો. સ્વામીશ્રીએ સ્નાન વખતે સંતોને કહ્યું : 'આવો સંતો, આપણે ઘણી જગ્યાએ ફર્યા એટલે ઘણો બધો કચરો પેસી ગયો હોય તે નીકળી જાય.' વરાળથી શરીર શુદ્ધિ અને સ્વામીશ્રીના જાણપણાના વચનથી આંતરશુદ્ધિનો લાભ સૌએ લીધો. એક કલાક સુધીના આ સ્નાન દરમ્યાન સ્વામીશ્રીએ કેટકેટલાય સંતો હરિભક્તોને નામ લઈ સંભાર્યા અને કેટલાય સંકલ્પો કરી ખૂબ ધૂન કરી ને કરાવી. ત્યારબાદ ભોજન અને કથાવાર્તાનો કાર્યક્રમ હતો.

ભોજન વખતે રોજના ક્રમ મુજબ મને ને નારાયણ મુનિ સ્વામીને સાથે જ જમવા બેસાડ્યા. સ્વામીશ્રી કહે : 'પહેલા જમી લઈએ તો બીજી પંગતમાં પીરસવા કામ લાગે અને ક્યારેક પ્રસાદીનો પણ લાભ મળે.' તે દિવસે નારાયણમુનિ સ્વામીને બાજુમાં બેઠેલા જોયા નહીં. તેમને જમવું નહોતું એટલે થોડે દૂર ઝાડ નીચે, ભોજન પછી સભામાં રમત રમાડવાની હતી તેની ચિઠ્ઠીઓ બનાવતા હતા અને સ્વામીશ્રીએ બાષ્પ-સ્નાન વખતે જે લાભ

આપ્યો ને વાતો કરી હતી તે ડાયરીમાં લખતા હતા.

સ્વામીશ્રીએ તેમને સંભાર્યા અને બોલાવી લાવવા કહ્યું. તેઓ આવ્યા એટલે સ્વામીશ્રીએ જાતે જ પ્રસાદી આપીને કહ્યું કે 'ક્યાં ગયા હતા ?' બાજુમાં બેઠેલા ઈશ્વરચરણ સ્વામી બોલ્યા કે 'કામમાં હતા.' આ સાંભળી કોઈક બોલ્યું કે 'એમને જમવું નહોતું.'

સ્વામીશ્રી કહે : 'નારાયણ મુનિ ! કામ કોઈનું પૂરું થયું નથી. આ તો ભેગા ભેગા આવી જઈએ તો (ભલે ને ન જમવું હોય તો પણ) સ્મૃતિ રહેને કે ક્યાં જમવા બેઠા હતા, કેવાં દર્શન થતાં હતાં વગરે...'

નારાયણમુનિ સ્વામીના મિષે સ્વામીશ્રીએ પોતાની રુચિ જણાવી દીધી કે દર્શન, વાતું, પ્રસાદી વગેરે મેવા મળતા હોય ત્યારે જમી લઈએ તો વાગોળવા કામ લાગે. ભગવાન અને સંત હંમેશાં મુમુક્ષુ ભક્તોને સ્વસન્મુખ રાખવા જ પ્રયત્ન કરે છે.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવના વર્ષમાં - ઈ. સ. ૧૯૮૫માં સ્વામીશ્રીએ ગોંડળમાં 'યોગી જયંતી' ઊજવી. બાદ મેવાસામાં પ્રતિષ્ઠા કરી પ્રસાદીના સોરઠ દેશમાં પધાર્યા. પૂર્વ આયોજન વગર પંચતીર્થીનાં બધાં પ્રસાદીનાં સ્થળોએ પધાર્યા અને જૂની સ્મૃતિ તાજી કરી. તે દરમ્યાન એક દિવસ સ્વામીશ્રી 'હાટીના માળિયા ' ગામે પધાર્યા. અહીં પ્રસાદીનું આંબાવાડિયું છે. ભગતજી મહારાજે આ વાડીના ૩૦૦ આંબાને ૪-૪ બેડાં પાણી પાયું હતું, અને ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનો રાજીપો મેળવ્યો હતો. એ જ વાડીમાં સ્વામીના સમયનો એક પ્રસાદીનો જાંબુડો પણ છે. તેની નીચે સંધ્યાકાળે નાની સભા થઈ. સભા બાદ વાડીમાંથી બહાર રસ્તે આવતા સુધી જમણી બાજુએ પ્રિયદર્શન સ્વામીનો અને ડાબી બાજુએ મારો હાથ પકડી સ્વામીશ્રી ચાલી રહ્યા હતા. ત્યારે નિત્યસ્મૃતિમાં રહી જાય એવું એક વાક્ય સ્વામીશ્રી બોલ્યા કે 'સારું થયું તમે અહીં સાથે આવી ગયા. ભવિષ્યમાં તમારે સ્મૃતિ કરવા થશે કે આપણે સ્વામી સાથે અહીં આવ્યા હતા ને સુખ મળ્યું હતું.'

સ્વામીશ્રીને અધ્યાત્મશાસ્ત્રના ગહન જ્ઞાનના જીવંત સ્વરૂપે સિદ્ધાંત પુરુષ તરીકે પણ નિહાળ્યા છે અને ભગવાનની મૂર્તિનું સર્વપ્રકારે સુખ આપવા તત્પર એવા 'રસિયાબાલમ' તરીકે પણ નિહાળ્યા છે.

આવા વિરલ પ્રગટ ગુરુહરિના અમૃત મહોત્સવે યત્કિંચિત્ અમૃત સ્મૃતિઓને અમૃતમય અક્ષરદેહ આપી તેઓશ્રીના ચરણકમળમાં આ અમૃત અર્ઘ્ય અર્પી કૃતાર્થ થયો છું. અસ્તુ !

* * *

જ્ઞાનપ્રિય સ્વામી
મુંબઈ

ગુરુને નિહાળવાની દૃષ્ટિ ગુરુએ જ આપી છે.

એમના અનંત ઉપકારોમાં શિરમોર જો કોઈ પણ ઉપકાર હોય તો એ છે એમના સ્વરૂપની કિંચિત્ ઝાંખી! વિશ્વવંદનીય અને અનાદિબ્રહ્મ હોવા છતાંયે અમની ફૂલ શી હળવાશ, એમની નિજાનંદી મસ્તી અને એમનો પારદર્શક પ્રેમ, આ બધું એમના માતૃત્વસભર વ્યક્તિત્વમાંથી નીપજેલો સહજ આવિષ્કાર છે.

અમે એમને ગામડાંની ગલીઓમાં પગપાળા પધરામણી કરતાં નિહાળ્યા છે. ઠાકોરજીનો થાળ ભરતાં, તો ઠાકોરજી સમક્ષ ભજન ગાતાં નિહાળ્યા છે. ઉત્સવ-પર્વોમાં હરિભક્તો સાથે કીર્તન ગાતા, ગવરાવતા, તાલ દેતા ને આત્મીયતાના પ્રવાહમાં ઓતપ્રોત થતા જોયા છે; તો એ જ હરિભક્તોની પથારી કરી દેતા, એમને પીરસતા, પીરસાવતા અને સેવાઓ કરતા પણ જોયા છે. સંતોની સાથે જળવિહાર કરતા, તો ઊંડ નદીમાં વહેણ વચ્ચે ઊભા રહી જનમંગલ નામાવલિનો એક શ્વાસે પાઠ કરતા પણ જોયા છે. મહાપૂજામાં ને આરતીમાં, પારાયણની પાટ ઉપર અને ગામડા ગામની ખેતર સીમના શેઢા પર એક જ આનંદ સાથે બિરાજેલા પણ જોયા છે. ઠાકોરજીના ઉત્થાન સમયે અક્ષરદેરીમાં કે અન્ય મંદિરોમાં ધ્યાન કરતા કે માળા ફેરવતા નિહાળ્યા છે. કોઈનું દુઃખ દેખીને એમની કરુણામય આંખ ભીની થયેલી જોઈ છે. તો દીનદુઃખીને માટે ધૂન કરતા એમના વણથાક્યા હાથ પણ નિહાળ્યા છે.

એમની પ્રત્યેક સ્મૃતિમાં એક દિવ્યાનુભૂતિ છે. એમના સ્પર્શમાં રોમાંચ છે. એમના સાંનિધ્યમાં પ્રિયતમની મધુરતા છે. એમના વિરાટ વ્યક્તિત્વને જે ખૂણેથી નિહાળી શકાયું છે તેનો પણ આ તો માત્ર એક અલ્પ અંશ જ છે.

* * *

અમેરિકાના ૧૯૭૭ની સાલના વિચરણમાં સ્વામીશ્રીની સેવા કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું. એ વિચરણ અભૂતપૂર્વ હતું. એ હાડમારી એવી હતી કે ઉતારો એક જગાએ, પૂજા સ્થળ બીજી જગાએ, ઉકાળાપાણી ત્રીજે અને પધરામણીઓનો અતૂટ દોર તો ચાલુ જ! બપોરનું ભોજન ચોથી જગાએ કરી પાંચમી જગાએ કલાકેક આરામ કર્યો ન કર્યો ત્યાં પધરામણીઓ શરૂ! છઠ્ઠી જગાએ સભા કરી ઉતારે પહોંચીએ ત્યારે રાત્રે સાડાબાર તો અચૂક વાગ્યા જ હોય.

એકવાર બપોરે ૨.૩૫ વાગે ભોજન ભેગા થયા. સ્વામીશ્રીએ સાતેક મિનિટમાં જ જમી લીધું! વચનામૃત વંચાવી ૩.૦૫ વાગે આરામમાં ગયા. ને કહ્યું : 'મને સાડા ત્રણે ઉઠાડજે'. મેં એ ઘડિયાળ સ્વામીશ્રી ન જાણે તેમ પાછળ હાથમાં રાખી અડધો કલાક પાછળ કરી નાખ્યું. મને એમ કે સ્વામીશ્રીને ખ્યાલ નથી. પણ એમની ચકોર નજર આ પારખી ગઈ. સ્વામીશ્રીને વધુ આરામ મળે તે હેતુ જ હતો. પણ સ્વામીશ્રી પલંગમાં લંબાવતાં બોલ્યા, 'તું આઘો થાય કે પાછો થાય ગમે તે કરે પણ આપણે તો ખાટલા વચ્ચે ને પાટલા વચ્ચે જ રહેવાનું છે !'

મને મર્મ ન પકડાયો, તેથી સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરી : 'તને એમ કે અડધો કલાક મોડું કરું. પણ પધરામણી તો એટલી જ થવાની છે. ને સમય એટલો જ જવાનો છે, એટલે હવે રાત્રે મોડું થશે. મારા કામમાં કોઈ ફેર નહીં પડે.'

એટલી શાંતિથી તેઓ બોલ્યા હતા કે ફરી ઘડિયાળ સાથે ચેડાં કરવાનું વિસરાઈ ગયું!

* * *

આ વિચરણમાં અમેરિકામાં ન્યૂયોર્કથી કેલિફોર્નિયા સુધીનું ૩,૦૦૦ માઈલનું અંતર મોટરકાર દ્વારા કાપવાનું હતું. માઈલો સુધી કોઈ જ સત્સંગીના ઘર ન આવે, તેથી હૉટેલ-મોટેલના રૂમમાં પણ નિત્યક્રિયા કરવાની થતી. અમારી સાથે ડ્રાઇવર તરીકે સેવા કરનારા ચાર યુવકોને રાખ્યા હતા. દરેકને આઠેક કલાકની સેવા વહેંચાઈ ગઈ હતી.

તા. ૧૧-૧૦-૭૭ના સાંજે ૬ વાગે અમે કેન્સાસ સિટીથી સાનફ્રાંસિસ્કો જવા નીકળ્યા. બે દિવસ ને ત્રણ રાતની મુસાફરી કારમાં જ થઈ! પછી તા.

૧૪-૧૦-૭૭ના રોજ સવારે ૯.૦૦ વાગે ડબલીન (સાનફ્રાન્સિસ્કો) પધાર્યા. અહીં રમણિકભાઈ શાહના ઘરે ઉતારો હતો. નિત્યવિધિથી પરવારી ઠાકોરજી જમાડી સ્વામીશ્રીએ કાર્યક્રમ પૂછ્યો. તો ખ્યાલ આવ્યો કે બપોરે અઢી વાગે સભામાં જવા નીકળવાનું છે. બપોરે ૩.૩૦ થી ૫.૩૦ સુધી સભા ગોઠવાઈ છે! સંતો જમીને આરામ કરતા હતા. દિવસરાતની મુસાફરીનો થાક એવો હતો કે ઊઠાય તેમ જ નહોતું. પરંતુ સ્વામીશ્રી એકલા જ બરાબર ૨.૩૦ વાગે જાગી ગયા. સ્નાન કર્યું. સેવકે વસ્ત્રો ક્યાં મૂક્યાં છે તેની ખબર ન હોય એટલે ધોતિયાથી જ શરીર લૂછી લીધું. પછી સંતોને ઢંઢોળીને જગાડવા લાગ્યા. 'ઊઠો, ટાઈમ થઈ ગયો!'... સ્વામીશ્રી અને સંતો સમયસર હૉલ પર પહોંચ્યા ત્યારે એક પણ શ્રોતા આવ્યો ન હતો! સ્વામીશ્રી સંતો સાથે બિરાજ્યા. ખૂબ ગમ્મતો થઈ. ચારેક વાગ્યા ને હૉલ ભરાવા લાગ્યો. સભા ૬.૦૦ વાગે પૂરી થઈ. ઉતારે આરતી-ભોજન બાદ સંતો તો ચેષ્ટાગાન કરીને સૂઈ જ ગયા. માત્ર સ્વામીશ્રી વિનુભગતને લઈને પત્રો લખવા બિરાજ્યા. સામે બેસી હું ઝોકાં ખાતો હતો. ૯.૦૦ વાગ્યાથી પત્રલેખન શરૂ કર્યું. ૧૧.૦૦.. ૧૨.૦૦.. પોણો વાગ્યો હતો. વિનુભગત કહે : 'બસ, હવે કાલે..' એમણે બીજા પત્રો લઈ લીધા. સ્વામીશ્રી એ વખતે દેશમાં પોતાના અંગત સેવક દેવચરણ સ્વામીને પત્ર લખી રહ્યા હતા. જેમાં લખ્યું કે 'સામે જ્ઞાનપ્રિય બેઠા છે. પ્રગટ આઘા પાછા થાય છે. જ્ઞાનપ્રિય દાઢીએ ટેકો દઈને ઝોલાં ખાય છે. પણ બેયમાંથી કોઈ કહી શક્તું નથી કે સૂઓ ને સૂવા દો! તું હોય તો કહેત કે લપ મૂકો!'.. એમ લખીને ખડખડાટ હસતાં એ પત્ર મારી પર ફેંક્યો.

જ્યારે આરામમાં ગયા ત્યારે ૧.૦૦ વાગ્યો હતો.

આવા પ્રસંગોમાં શિષ્યો સાથેના એમના ભાતીગળ સંબંધોની ભાત ઊપસી આવે છે. સાથે સાથે કર્મઠતા, દેહનો અનાદર અને વિચરણના વિપરીત સંજોગોમાંય સ્થિરતાનાં દર્શન તો અવર્ણનીય પાસાં જ રહે છે.

* * *

આજ વિચરણમાં સ્વામીશ્રી સાઉથ આફ્રિકાના એક શહેરમાં હતા. પધરામણી બાદ બપોરે જમવા પધાર્યા ત્યારે ૧.૧૫ વાગ્યા હતા. અમે સંતો રાજી થયા કે આજે વહેલા પધાર્યા છે, અને તેથી વહેલા આરામમાં જશે.

પરંતુ જમ્યા પછી એમણે વચનામૃત વંચાવી એવા કેફમાં કથા શરૂ કરી કે ૨.૩૦ વાગી ગયા! આ રોજનો સમય થઈ ગયો એટલે હસતાં હસતાં અમારી સામું જોઈને કહે :

'એક સવાએ સવા, લાડવા ખાવા જવા;
લાડવાને કઢી, બે સવાએ અઢી!'

આ સાહજિક લાક્ષણિકતામાં એવો ભાવ ઝળકતો હતો કે દેહને તો સામે ચાલીને ભીડો આપવો અને તે પણ એવી રીતે કે એ ભીડો વેઠ્યાનો કોઈ ભાર નહીં, કોઈ અણસાર નહીં!

* * *

૧૯૮૨માં સ્વામીશ્રી વિદેશયાત્રાએથી મુંબઈ પધાર્યા ને ત્રીજે જ દિવસે વૈશાખની ધીખતી ગરમીમાં મહારાષ્ટ્રનાં સત્સંગ કેન્દ્રોને લાભ આપવા નીકળી ગયા.

એ દિવસ હતો તા. ૩.૫.૮૨નો. સ્વામીશ્રી ધૂળિયાથી નીકળ્યા. કાર્યક્રમ પ્રમાણે વરખેડા ગામ હતું જ નહીં. પરંતુ સ્વામીશ્રીએ સામેથી ઉમેરાવ્યું. સખત ગરમી હતી. ઇલેક્ટ્રિસિટીના અભાવે કુલર કે પંખા માત્ર શોભાના બની રહ્યા. અહીં પધરામણી બાદ સ્વામીશ્રીએ બાજુના 'જાપી' ગામે મધુભાઈના ઘરે જવા ઇચ્છા વ્યક્ત કરી. અમારી ઇચ્છા હતી કે આટલી ગરમીમાં ધૂળિયા રસ્તે જવામાં ભીંસે પડે તેથી ત્યાં ન જાય તો સારું. પરંતુ સ્વામીશ્રીએ એ નિર્ણય મક્કમતાથી આપી દીધો. સૌ જાપી પહોંચ્યા. અહીં મધુભાઈ ગજમલ પટેલના ઘરે પધાર્યા ત્યારે પ્રથમ વાક્ય આં બોલ્યા, 'અમે તમારો સંકલ્પ હતો તે પૂરો કરવા આવ્યા છીએ!' મધુભાઈને તો આનંદનો પાર ન રહ્યો. પણ અમને આશ્ચર્ય એ થયું કે આમને વળી શું સંકલ્પ હશે, નેં કયો સંકલ્પ પૂરો કરવાનો છે ?

જો કે રહસ્ય પછી સમજાયું. વાત એમ હતી કે બે વર્ષ પૂર્વે મધુભાઈએ મુંબઈમાં સ્વામીશ્રીને પૂછ્યું હતું કે મારા ખેતરમાં કૂવો ક્યાં કરવો? ત્યારે સ્વામીશ્રીએ પૂછેલું કે તમે ક્યાં કરવા વિચારો છો?' મધુભાઈએ સામાન્ય કાગળ પર નકશો દોરી ટપકું કર્યું . કહ્યું કે આ જગાએ કરવાનો વિચાર છે. સ્વામીશ્રીએ તેમને જમીનનો ઢાળ જે તરફ હોય તે તરફ કૂવો કરવા સૂચવ્યું ને એમણે ખોદકામ કર્યું તો માત્ર ૫૦ ફૂટ ઊંડેથી પાણીનો ધોધ છૂટ્યો! હર્ષ

ભર્યા મધુભાઈએ તાત્કાલિક નિયમ લીધો કે જ્યાં સુધી મારા કૂવાનું પાણી સ્વામીશ્રી ન પીએ ત્યાં સુધી કૂવો વાપરવો નહીં!

સ્વામીશ્રીએ આ જાણી તેમના કૂવાનું પાણી ઠાકોરજીને ધરાવીને પાછું મોકલેલું તે પીધા પછી પણ તેમણે આ નિયમ તો ચાલુ જ રાખ્યો! આજે સ્વામીશ્રી અંતર્યામીપણે તેનો સંકલ્પ સિદ્ધ કરવા આ નાનકડા ગામમાં પગલાં પાડવા આવી પહોંચ્યા હતા! મધુભાઈ તો ગદ્ગદ થઈ ગયા! નાના એવા ગણાતા ભક્તની અંતરની અમીરાત એ જ તો સ્વામીશ્રીની મનભાવન મૂડી છે.

એજ સાંજે સ્વામીશ્રી જાપીથી વરખેડા આવી ગયા. વીજળી ન હોવાને કારણે ફાનસને અજવાળે જ સભા થઈ. સ્વામીશ્રી પણ ફાનસને અજવાળે પત્ર લેખન કરતા ગયા. ચેષ્ટા બાદ ૧૧.૧૫ વાગે આરામમાં પધાર્યા ત્યારે પણ વીજળી આવી નહોતી. સ્વામીશ્રીને જરાપણ ઊંઘ ન આવી. પડખાં ફર્યા કરે, થોડી વારે ઊઠ્યા. લઘુપાણી કરી ફરીથી સૂતા. પણ ઊંઘ તો ન જ આવી. રાત્રે ૨.૦૦ વાગ્યા હતા.

મેં પૂછ્યું, 'સ્વામી, ઊંઘ નથી આવતી?'

'હા! 'સ્વામીશ્રીએ કહ્યું, 'ગરમી થાય છે.'

'બહાર સૂવું છે?'

'ચાલો.' સ્વામીશ્રીએ સંમતિ આપી એટલે ખાનદેશના મકાનોની સળંગ માટીથી નક્કર કરેલી છતની ઉપર અગાશી જેવા સ્થળે ખુલ્લા આકાશ નીચે અમે બંને થઈને આસન પાથર્યું. સ્વામીશ્રી આડે પડખે થયા. પણ પવન તદ્દન પડી ગયેલો. મચ્છરોનો ત્રાસ તો અસહ્ય હતો. તેથી ફરી બેઠા થયા. ત્યાં કમોસમનાં છાંટણાં શરૂ થયાં. સ્વામીશ્રી ફરી ઓરડામાં પધાર્યા. ઊંઘ તો વેરણ થઈ હતી. ૩.૩૦ નો સુમાર થયો એટલે જાતે ઊભા થયા. હાથ ધોવાનો લોટો લઈને અગાસીમાં ગયા. આ અગાસીઓ આખી શેરી સુધી સળંગ હોય તેથી ગામના છેડે સુધી જઈ શકાય તેમ હતું. મેં સ્વામીશ્રીને અગાશીમાં જતા જોયા હતા તેથી હમણાં પાછા ફરશે એવા વિચારથી પાછળ જવાનું ટાળ્યું હતું. પણ દસ મિનિટ-પંદર મિનિટ થઈ ગઈ. હજુ સ્વામીશ્રી દેખાયા નહીં. તેથી હું બહાર નીકળ્યો. દૂર સુધી ટોર્ચથી પ્રકાશ ફેંક્યો પરંતુ સ્વામીશ્રી જણાયા નહીં. હું ગભરાયો. તરત ધર્મચરણ સ્વામીને

ઉઠાડ્યા : 'ઊઠો, સ્વામી દેખાતા નથી!' અમે બંને બે-ત્રણ અગાશીઓમાં શોધવા નીકળી ગયા. પણ સ્વામી દેખાયા નહીં. વીસેક મીનિટ તપાસ કરી. એક પછી એક બધા સંતોને ઊઠાડવા માંડ્યા. સૌ આખા વરખેડા ગામમાં ફરી વળ્યા. સૌની ગભરામણનો પાર નહોતો. શું હશે? ક્યાં ગયા હશે?

ગામની ભાગોળે નંદ પરમહંસોએ બાંધેલું મંદિર છે, ત્યાં ઊંચા પગથિયાં છે. આ મંદિર તરફ આવવું હોય તો ચાલતાં જ જવાય તેવું છે, વાહન આવી શકે તેવી શક્યતા નથી. અમે તે તરફ, ગયા ત્યાં લોટો લઈને સ્વામીશ્રીને સામેથી આવતા જોયા. અમે એકદમ દોડ્યા. પ્રશ્નોની ઝડીઓ વિસ્મય અને ચિંતામાંથી ઘુંટાઈ ઘુંટાઈને વરસી પડી. ક્યાં ગયા હતા? કોઈને લઈ ગયા હોત તો? કાંઈ થઈ જાત તો? અહીંયા તો સાપેય ફરતા હોય છે!'...

સ્વામીશ્રી મંદ સ્મિત કરી રહ્યા હતા. પછી કહે : 'ક્યાં જાય ? આ લોટો તો લીધો છે!' સૌ હસી પડ્યા. સ્વામીશ્રી કહે : 'તને ક્યાં હેરાન કરવો? નકામા જગાડવાનું શું કામ? આ ગામ તો મારું જોયેલું જ છે, એટલે મારી મેળે જઈ આવ્યો!'

સ્વામીશ્રી ઉતારે નાનકડી ચોકડીમાં નહાવા બેસી ગયા. આ સરળતાની-વિચરણના ભીડાની હદ હતી. વિદેશયાત્રાનો શ્રમ અને જેટલેગ ઊતર્યો નહોતો. અહીંના હવામાનને અનુકૂળ સ્વાસ્થ્ય બને તે પૂર્વે તો ઠંડીના પ્રદેશોમાંથી ૪૫ ડિગ્રી ગરમી ફેંકતા વિસ્તારમાં વિચરણમાં આવી ગયા હતા. ભોજન અને આરામમાં અંતરાય થાય ત્યાં પેટની તકલીફ પણ થાય જ. સ્નાન બાદ કંઈક કળ વળી. પછી પુનઃ થોડો આરામ લીધો અને પૂજા પછી ધૂળિયા જવા નીકળી ગયા!

આવી અગણિત પ્રેરણામયી સ્મૃતિઓ એમની સાથે ગાળેલી ક્ષણો સાથે જડાઈ ગઈ છે. તેમાંથી આ આચમન કરાવી ધન્યતા અનુભવાય છે..

* * *

બ્રહ્મપ્રકાશ સ્વામી

અમદાવાદ

પ્રમુખસ્વામી મહારાજની કોઈપણ વાત, કોઈપણ ક્રિયા કે કોઈપણ પ્રસંગ હેતુ વગરના કે પ્રેરણા વગરના હોતા નથી. ઘણીવાર બીજાને કેવળ આનંદ કે રમૂજ ભર્યો પ્રસંગ લાગતો હોય તો પણ તેમાં કોઈક ભેદ કે કોઈક મર્મ છુપાયો હોય.

૧૯૯૪ના ડિસેમ્બરમાં અમદાવાદમાં એક સવારે પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી 'અક્ષરપીઠ'ના મકાનમાં ઉતારામાં જઈ રહ્યા હતા. વચ્ચે જૂના ઉતારાના મકાન પાસે હરિભક્તો પોતાનાં બાળકોને કંઠી પહેરાવવા લાઈનમાં ઊભા હતા. તેમને નિત્યક્રમ મુજબ વર્તમાન ધરાવી કંઠી પહેરાવી. તેમાં છેલ્લે મારી ઓળખાણવાળા એક નવા મુમુક્ષુને કંઠી પહેરાવી ઉતારા ભણી આગળ ચાલ્યા. બાદ હસતાં હસતાં એકદમ પાછા વળ્યા અને ગમ્મત કરતાં કરતાં મારો જમણો હાથ લઈ જળ આપી વર્તમાન ધરાવ્યાં. ત્યાં ઊભેલા બધા જ આ લીલા જોઈ હસી પડ્યા. પરંતુ મને ખ્યાલ હતો કે આ ગમ્મત નથી થઈ. હકીકતમાં કેટલાક સમયથી મારે એક અંગત વાત સ્વામીશ્રીને કરીને એક વિશેષ નિયમ ધારણ કરવો હતો. પરંતુ સ્વામીશ્રીને બહારના લોકો અને ખાસ તો વિધાનસભા ચુંટણી તે ગાળામાં હોવાથી, રાજકીય પુરુષોની મુલાકાતોનું પ્રમાણ એટલું મોટું હતું કે વાત કરવાનો મોકો જ ન મળે. તે દિવસે આ વાત મારા મનમાં રમતી હતી. ત્યાં તો અંતર્યામીપણે સ્વામીશ્રીએ વાત પકડીને વગર કશું બોલ્યે સાનમાં કહી દીધું કે 'શુભસ્ય શીઘ્રમ્, રાહ શું જોવાની ? સારી વાતમાં તરત નિયમ લઈ જ લેવાનો.' આ વાત એમની આંખોમાં તરતી દેખાઈ અને સાથે સાથે નિયમ આપતાં વર્તમાન પણ ધરાવી દીધાં. બીજાને તો આ રમૂજ પાછળના રહસ્યની શી ખબર પડે ?

સ્વામીશ્રીનું ઐશ્વર્ય, પ્રતિભા, રુચિ, રીતિ, કળા, તેજસ્વિતા, વિચક્ષણ

બુદ્ધિ, ચાતુર્ય વગેરે વ્યક્ત કરતાં કેટલાક પ્રસંગો પણ અદ્‌ભુત છે. વિશ્લેષણ વગર વાચકો જ તેમાંથી કયો ગુણ પ્રદર્શિત થાય છે તે કળી શકશે તેથી સીધે સીધા પ્રસંગો જ જોઈએ.

૧૯૭૨-૭૩માં સંતો-હરિભક્તોને સાથે લઈને સ્વામીશ્રી ભારતના તીર્થધામોની યાત્રાએ સ્પેશિયલ ટ્રેન દ્વારા નીકળ્યા હતા. સ્વામીશ્રી પણ તેમાં સાથે હતા. મદ્રાસમાં એવું બન્યું કે બીજા બધા સંતો અને હરિભક્તો નગરદર્શન માટે ગયા હતા જ્યારે અમે ૩-૪ સંતો સ્પેશિયલ ટ્રેનમાં જ યાર્ડમાં રોકાયા હતા. સ્વામીશ્રી તો ત્યાંના હરિભક્તોને ઘેર પધરામણીઓ કરવા ગયા હતા. સાંજે સ્વામીશ્રી યાર્ડમાં આવ્યા ત્યારે અમને જોયા. પોતાના સેકન્ડ કલાસ ડબ્બામાં જઈ, પાઘ ઉતારી, હાથ-મોં ધોઈ થોડીવારે પ્લૅટફૉર્મ પર આવ્યા, અમે જે ૩-૪ સંતો ડબ્બા પાસે ઊભા હતા ત્યાં આવી પહોંચ્યા. કશી જ પ્રસ્તાવના વગર જ ‘બીજા બધા સંતોની સાથે કેમ ન ગયા ?’ એમ કહીને ઉધડો લેવાનું શરૂ કર્યું. વિશેષતા એ હતી કે બીજા બધાને છોડીને એમણે મને જ લક્ષ્ય બનાવ્યો. હું કશું બોલું તે પહેલાં તો તેમણે શબ્દોનો એવો ધોધ શરૂ કરી દીધો કે વચ્ચે કશું બોલી જ ન શકાય. માફી માગવાનીય તક ન રહે. આમ તો સ્વામીશ્રી આપણાં મા-બાપ કહો કે સર્વસ્વ કહો, આપણા ભલા માટે જ કહેતા હોય, તેથી વઢે-ટોકે તેમાં કશું વાંધા જેવું લાગવાનો પ્રશ્ન જ ન રહે. પરંતુ આ દરમ્યાન જ નગરદર્શન કરીને સંતો અને હરિભક્તો પાછા આવ્યા. સ્વામીશ્રી મોટેથી અમને કહી રહ્યા હતા એટલે જરા વારમાં તો મોટું ટોળું થઈ ગયું. આ પરિસ્થિતિ કઠવા લાગી. એટલે હું વળી સ્વામીશ્રી તરફથી મોઢું ફેરવીને જે બીજા એક સંતના કહેવાથી રોકાઈ ગયેલો તેની તરફ જોવા લાગ્યો. કદાચ એ ચેષ્ટાથી હવે સ્વામીશ્રી મને મૂકીને એને ટોકે. પરંતુ સ્વામીશ્રી તો જાણે નક્કી કરીને જ આવ્યા હોય તેમ મારું મોઢું હાથથી ફેરવી પાછું કહેવા લાગ્યા, ‘હું તને કહું છું. આમ ક્યાં જુએ છે ? સંતોએ સંઘમાં નીકળીએ ત્યારે સંઘમાં સૌની સાથે રહેવું જોઈએ એટલી ખબર નથી ? માથું દુઃખે, થોડી તબિયત નરમગરમ હોય તો પણ સહન કરીને બધાની સાથે રહેવું જોઈએ. ફરવાની ઇચ્છા હોય કે ન હોય. કદાચ પહેલાં જોયું હોય તો પણ બધાની સાથે જ રહેવાનું હોય, આપણી આ રીત છે. ઇચ્છા નો’તી તો મને પહેલેથી કીધું હોત તો બીજા કોઈ

સંતને લાવત-આ તો નકામા ૬૦૦ રૂપિયા ધર્માદાના પડી ગયા.' એમ કહીને વધુ ને વધુ તીવ્રતાથી બોલતા ગયા. હું આજુબાજુ દૃષ્ટિ કરીને વધતાં જતાં ટોળાં તરફ તેમનું ધ્યાન દોરવા પ્રયત્ન કરું, તો તેઓ એ તરફ જરાય જોયા વગર વાક્પ્રવાહને વધુ વેગવાન બનાવે. આ લીલા ખાસ્સો સમય ચાલ્યા પછી બંધ રહી. રાત્રે પ્લૅટફૉર્મ પર જમવાની પંગત પડી. તેમાં હું જમીને ચળુ કરવાની તૈયારીમાં જ હતો ત્યાં સ્વામીશ્રી જાતે એક હાથમાં કમંડળ અને બીજા હાથમાં મોટો ચમચો લઈ આવ્યા. બે હાથ થોડા પહોળા કરી મને રોક્યો અને પછી શીરાથી પત્તર ભરી દીધું.

આ વાતને ઘણો સમય થયા બાદ લગભગ ૨-૩ વર્ષ પછી એકવાર સ્વામીશ્રી મુંબઈમાં કથા કરતા હતા. તેમાં તેમણે ઇયળ-ભમરીના સિદ્ધાંતની વાત કરી કે 'ઇયળ ભમરીના ચટકા ખમે તો દુઃખ તો થાય પણ પછી ખમતાં ખમતાં ઇયળ પોતે ભમરી બની જાય. એમ મૂળ અક્ષર થકી અક્ષરરૂપ થઈ જવાય.' આટલી વાત કરીને એકદમ મારી સામું જોઈ બોલ્યા, 'શું, ઘનુભા, (ઘનશ્યામ ભગત) એમ ચટકા ખમવા પડે.'

મેં કહ્યું : 'હા, મારતા રહેજો.'

સ્વામીશ્રી એકદમ હસતાં હસતાં કહે : 'કેમ તે વખતે મદ્રાસમાં માર્યો હતો ને ! એવા ચટકા આવે તો ખમવાના.' મારા મનમાંય જે વાત ગૌણ થઈને લગભગ વિસરાઈ ગયેલી તે વાત આટલા લાંબા સમય પછી પણ તેમણે ઇદમ્ સંભારી રાખેલી અને તેની 'સમર્તિ' પણ કરાવી.

* * *

એકવાર અમદાવાદમાં સ્વામીશ્રીની હાજરીમાં સંતોના બે વૃંદ વચ્ચે 'ચર્ચા' ગોઠવવામાં આવી હતી. એક પક્ષે શ્રીહરિ સ્વામી મોવડી હતા, જેમણે 'સત્સંગની દૃઢતા માટે સેવા અધિક છે' એવી રજૂઆત કરવાની હતી. બીજા પક્ષે હું હતો અને અમારે પાંચ સંતોના વૃંદે 'સત્સંગની દૃઢતા માટે કથાવાર્તા અધિક છે' એવી રજૂઆત સાથે ચર્ચામાં ઊતરવાનું હતું. ચર્ચા ઘણી રસકસી ભરી થઈ. છેવટે સમય મર્યાદા પ્રમાણે 'ચર્ચા' સમાપ્ત થઈ.

ચર્ચાને અંતે સ્વામીશ્રીને પૂછ્યું કે આમાં કોણ જીત્યું ? ત્યારે સ્વામીશ્રી બંને પક્ષની દલીલોને ગોળ ગોળ ફેરવીને વાત કરવા લાગ્યા. બંનેને સમર્થન આપે પણ સ્પષ્ટ અભિપ્રાય ન ઉચ્ચારે. શ્રીહરિ સ્વામીથી રહેવાયું

નહિ, એમણે વચ્ચે સીધો જ પ્રશ્ન કર્યો કે 'બાપા ! જીત્યું કોણ ?'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'મેં આ વાત કરી તેટલી મને ખબર છે. પછી તો સબોસબ ખેંચાણીને મારી આંખ મિંચાણી.' એમ કહી આખા હૉલને બધાના મુક્ત હાસ્યથી ભરી દીધો. મેં પૂછ્યું, 'આમાં કંઈ સમજણ ન પડી.' એટલે તેમણે વિસ્તારથી બે દરબારોના ઝઘડાની અને વાણિયાની હોંશિયારીની વાત કરી. તે પછી મેં કહ્યું : 'આવું રીઝલ્ટ ના ચાલે. શ્રીહરિ સ્વામી મોટા છે, હું તેમની આગળ હારી ગયો.' ત્યાં તો શ્રીહરિ સ્વામી ઊભા થઈ ગયા અને કહે : 'કથાવાર્તા વગર મુક્તિ જ નથી, હું સ્વીકારું છું તમે જ જીત્યા હું હાર્યો !' એમ કહીને મારી પાસે આવ્યા. મેં કહ્યું : 'તમે મારા ગુરુ સમાન, અનુભવી, જ્ઞાની અને જૂના સંત છો, મારાથી તેમને ના જીતાય.' શ્રીહરિ સ્વામીએ મને, 'તમે જીત્યા' 'તમે જીત્યા' કહેતાં બાથમાં લઈ લીધો. અમે બંને ભેટ્યા, એટલે તરત સ્વામીશ્રી કહે : 'લ્યો, પરિણામ આવી ગયું. ચર્ચાને અંતે આ બેઉ ભેટ્યા એ આપણને ગમ્યું. આગળ વધવું હોય તો સેવા પણ જોઈએ અને કથાવાર્તા પણ જોઈએ-બંને એટલા જ અગત્યના છે. એ બંને ભેગા - આ બે ભેટ્યા તેમ સાથે જ હોવા જોઈએ.' એમ કહીને ચર્ચા સભા પૂરી કરી. 'સંપ-સુહૃદભાવ-એકતા'નું સૂત્ર એમનેય યોગીબાપા જેટલું જ વહાલું છે.

* * *

એકવાર સંગીત જાણનારા સંતો વચ્ચે, હાર્મોનિયમ પર સંગીતના ટ્યુન પરથી બીજી ટીમના સભ્યોએ કીર્તનના શબ્દો શોધી કાઢવાની સ્પર્ધા રખાઈ હતી. સ્પર્ધાને અંતે એક ટ્યુન પરથી સ્વામીશ્રીએ એ કયું કીર્તન છે તે શોધી કાઢવાનું ઠરાવ્યું. સંતોએ જરાક હાર્મોનિયમ વગાડ્યું ત્યાં તો સ્વામીશ્રીએ તરત ગાયું, 'શાસ્ત્રી મહારાજનો સંગ ભાઈ મને...' કડી પૂરી થતાં મેં વિવેક ચૂકીને પાછળથી બૂમ પાડી, 'બાપા ! આખું પૂરું કરો.' જગતમાં ક્યાંય કોઈ સામાન્ય સેવક પોતાના ગુરુને આવી રીતે કહી શકે ખરું ? સ્પષ્ટ મર્યાદાભંગ છતાં સ્વામીશ્રીએ આખું કીર્તન ગાયું. હૉલ સંતોની તાળીઓ અને આનંદ કિલ્લોલથી ગૂંજી ઊઠ્યો. હું આગળ આવ્યો, સ્વામીશ્રીને પૂછ્યું, 'આવો આનંદ, આવી હાસ્યની છોળો શાસ્ત્રીજી મહારાજના સમયમાં ઊડતી ? શાસ્ત્રીજી મહારાજ કડક પ્રકૃતિ ધારણ કરીને રહેતા કેમ ?!'

ત્યાં તો એકદમ સ્વામીશ્રીં બોલી ઊઠ્યા, 'અરે હોય કંઈ ! શાસ્ત્રીજી મહારાજ તો એકદમ રસિયા વાલમ. ખૂબ સુખ આપતા. ખૂબ આનંદ કરાવતા.' એમ કહીને શાસ્ત્રીજી મહારાજે આપેલાં સુખની વાતો કરવા લાગ્યા. પછી તો સંતો પણ એક પછી એક પ્રશ્નો પૂછવા લાગ્યા, ત્યારે સ્વામીશ્રી જાણે હજુ ગઈ કાલની જ ઘટના હોય તેમ શાસ્ત્રીજી મહારાજના પ્રસંગોની વાત કરવા લાગ્યા. પોતાના ગુરુ પ્રત્યે કરેલો અનન્ય ભાવ હશે કે પ્રત્યેક પ્રસંગ ઝીણામાં ઝીણી વિગત સાથે કહેતા ગયા. ૩૫-૪૦ વર્ષ પૂર્વેની સ્મૃતિ આટલી સ્પષ્ટ હોય એ ગુરુ સાથે તદાકાર થઈ ગયા વગર સંભવિત જ ન બની શકે !

* * *

૧૯૮૫માં ગુણાતીત દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે એકવાર સભા સમાપ્ત થયા પછી સ્વામીશ્રી સ્ટેજ પરથી નીચે ઊતરી કારમાં બેસી રહ્યા હતા. મેં થોડે દૂરથી જોયા એટલે દોડીને તેમની સાથે વાત કરવા ગયો. મને આવતો જોઈ તેમણે કારનો કાચ બટન દબાવીને ચડાવી દીધો. હું પહોંચ્યો ત્યાં સુધીમાં કાચ પૂરો વસાઈ ગયો અને તેઓ અંદર હસવા લાગ્યા. મેં છેવટે કાચ પર મારો પંજો મૂક્યો. મારા આશ્ચર્ય વચ્ચે તેમણે પણ બરાબર મારા પંજાની સામે પોતાનો પંજો, આંગળા-અંગૂઠો એકબીજાને મળે તે રીતે કાચની બીજી બાજુ મૂક્યો. બંને પંજા બિલકુલ એકબીજાની સામે હતા. પરંતુ વચ્ચે હતો કાચ. જરાવાર રહીને ધીમેથી એમણે બીજા હાથે બટન દબાવ્યું એટલે કાચ નીચે ઊતરવા લાગ્યો. કાચ સરકતો ગયો તેમ છતા એમણે અને મેં પોતાના પંજા એજ જગ્યાએ એમનેમ રહેવા દીધા. કાચ ઊતરી ગયો એટલે હાથ બેઉ ભેગા થયા. હસતાં હસતાં પંજામાં પંજો - આંગળામાં આંગળા ભીડી તેમણે હેતથી તેને દબાવ્યો. હસતાં હસતાં જાણે સંકેત આપી દીધો કે પોતે તો આપણો હાથ પકડવા જ આવ્યા છે પણ મનુષ્યભાવરૂપી અંતરાય આપણને દેખાતો ન હોવા છતાં નડતો હોય છે તે કાઢી નાંખીએ તો તરત સત્પુરુષ સાથે ભેંટભેટા થઈ જાય. આવી કંઈક સમજણ આપવાની સાથે તેમણે ડ્રાઇવરને ગાડી ચલાવવા ઇશારો કર્યો અને મને વિચારમાં મૂકી ઉતારે પ્રયાણ કરી ગયા.

* * *

આજ પ્રકારે ફરી એકવાર તેઓ ૧૯૮૮માં નેનપુરના કેટલકેમ્પની મુલાકાત બાદ વિદેશયાત્રાએ જવાના હતા ત્યારે ભવાનપુરામાં તેમની કારના આગળના કાચ પર હાથ મૂક્યો. ત્યારે તેમણે આગળ ઝુકીને ફરી એજ રીતે પંજો મેળવ્યો હતો અને મને સાનમાં સમજાવ્યું કે પેલો પ્રસંગ હું ભૂલ્યો નથી તો તું પણ ભૂલતો નહિ. અંતરાય ટાળ્યે જ છૂટકો છે.

* * *

૧૯૮૫, ગુણાતીત દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે છેલ્લે દિવસે 'સંદેશ' દૈનિકના શેઠ શ્રી ચીમનભાઈએ મહોત્સવનો સંપૂર્ણ સમાપન કરતો સ્વામીશ્રીનો એક ઇન્ટરવ્યૂ લેવાની ઇચ્છા વ્યક્ત કરી. મેં ઉત્સાહથી હા પાડી, એટલે તેમણે સીનિયર પત્રકારને કાલે સવારે ૧૦ વાગે મોકલીશ એમ કહ્યું. ગોઠવણ થયા પછી સ્વામીશ્રીને વાત કરી તો એમણે કહ્યું : 'એવું બધું ઇન્ટરવ્યૂ-ફીન્ટરવ્યૂ આપણને ના ફાવે. ના પાડી દો.'

મેં કહ્યું : 'હવે રાત પડી ગઈ છે તો ક્યારે કેન્સલ કરીએ ? કાલે સવારે તો આવે છે. આપને જે ઠીક લાગે તે વાત કરજો.' પરંતુ તેમણે મક્કમતાથી ના કહી દીધી. અને ઈશ્વરચરણ સ્વામી કે બીજા મોટેરા સંતનો ઇન્ટરવયૂ લઈ લેજો એમ સૂચવ્યું. મેં ઘણું કહ્યું કે તેઓને ખાસ આપના ઇન્ટરવ્યૂમાં જ રસ છે, છતાં તેઓ મક્કમ જ રહ્યા. પૂછ્યા વગર હા પાડી દેવાના અફસોસ સાથે અને હવે કઈ રીતે શ્રી ચીમનભાઈ પટેલ આગળ વાત કરવી તેના વિચારો સાથે રાત પૂરી કરી. બીજે દિવસે સવારે મોટેરા સંતો પણ પૂર્ણાહુતિનાં કાર્યોમાં વ્યસ્ત હતા. હું મુંઝાતો હતો ત્યાં સ્વામીબાપાએ બોલાવડાવ્યો. હું ગયો એટલે કહે : 'પેલા ઇન્ટરવ્યૂવાળા ક્યારે આવવાના છે ?

મેં કહ્યું : 'કલાકે'ક પછી.'

તેઓ કહે : 'આપણા ઉતારામાં જ વાત કરી લઈશું. આવે કે તરત મને જાણ કરી દેજે.' મેં રાજી થઈને કહ્યું : 'બાપા ! કાલે તો ના પાડતા હતા ને !'

તેમણે કહ્યું : 'આ ગોઠવી દીધું એટલે શું થાય ? પણ આપણને એવું બધું છાપાની રીતે ગોઠવી ગોઠવીને બોલવું ફાવે નહીં. શું વાત કરવાની છે તે ખ્યાલ આવે નહીં, એટલે તમારે લોકોએ જ બધું પતાવી દેવાનું હોય. મને કંઈ બધા આંકડાઓ યાદ ન હોય ને એ લોકો પૂછે ત્યારે કહીએ નહીં તો એમનેય સંતોષ ના થાય.' આમ, 'ના ફાવે' 'ના ફાવે' કરતાં ઇન્ટરવ્યૂ

ગોઠવાઈ ગયો. ઇન્ટરવ્યૂ લેનાર હતા ચીફ રીપોર્ટર બિપીનભાઈ શાહ. મેં તેમનેય વાત કરી કે તમારે મહોત્સવના ફેક્ટસ અને ફિગર્સ જોઈતા હોય તો અમે આપીશું. તમારે તો જનરલ વાત જ પૂછવી. ઇન્ટરવ્યૂમાં સ્વામીશ્રી એવા વરસ્યા કે બિપીનભાઈ છક થઈ ગયા. સ્વામીશ્રીના ચરણસ્પર્શ કરીને બોલ્યા કે 'મેં આજ સુધી ઘણા મોટા મોટાના ઇન્ટરવ્યૂ લીધા છે પણ આપના જેવો સરસ ઇન્ટરવ્યૂ કોઈએ નથી આપ્યો. એટલું જ નહી 'અખબારી ધર્મ' જેવી વાત કદીય સાંભળી નહોતી. આજે આપની પાસે અખબારી ધર્મ શીખ્યો છું.' સ્વામીશ્રીએ આખાય મહોત્સવનું એટલું સુંદર વર્ણન નાની નાની વિગતો સાથે કર્યું હતું કે બીજા કોઈ વડીલ સંતો પણ આવું કરી શકત કે કેમ તે પ્રશ્ન થાય. મહોત્સવના આયોજનોથી સફળતા સુધીની વાત આવરી લેતાં તેમણે વચ્ચે બિપીનભાઈને એવું પણ કહી દીધું હતું કે 'બિનસાંપ્રદાયિકતા અને ધર્મનિરપેક્ષતાના નામે તમે લોકો જે રીતે ધર્મનું ખોટું દેખાડો છો તે બરાબર નથી.' છાપાંઓ ઘણીવાર વાતનું વતેસર કરે કે વાતને વળ ચડાવીને રજૂ કરે તે યોગ્ય ન કહેવાય. તમારે રિપોર્ટર તરીકે સમજવું જોઈએ કે આપણું લખાણ લાખો લોકો વાંચતા.હોય છે. જેવું તેવું લખાણ કરીને આપણાથી તેમનું નૈતિક ધોરણ નીચું ન લઈ જવાય. સારી વાતો આપીને તેમને વધુ સારા, વધુ નૈતિકતાવાળા કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. ધર્મ વગર કશું જ કાર્ય સારું નથી થતું. અને આખરે અખબારનોય કોઈ ધર્મ તો હોવો જોઈએ ને ! કંઈક સારા સિદ્ધાંતો તો હોવા જોઈએને ! તમે લોકો 'અખબારી ધર્મ' ચૂકો તેની ઘણી માઠી અસર સમાજ પર થતી હોય છે.'

બીજે દિવસે 'સંદેશ' દૈનિકના છેલ્લા પાને સ્વામીશ્રીનો જે ઇન્ટરવ્યૂ છપાયો તે ખરેખર અદ્‌ભુત હતો. ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી પ્રસંગે કે ૧૯૮૫માં લંડનમાં થયેલા C.F.I. મહોત્સવ પ્રસંગેય કોઈનો આટલો સુંદર રીતે સમગ્ર મહોત્સવને આલેખતો ઇન્ટરવ્યૂ કે પછી વાંચી, વિચારી, માહિતી ભેગી કરીને આપેલો લેખ પણ આ ઇન્ટરવ્યૂની તુલનામાં આવે તેવો જણાયો નથી. તેમણે ઇન્ટરવ્યૂમાં મહોત્સવ દ્વારા બે હેતુ સિદ્ધ થયેલા જણાવ્યા હતા. (૧) ધર્મશ્રદ્ધા વધી (૨) સદાચારની પ્રેરણા મળી.

* * *

તા. ૨૯-૧૦-૮૩ના રોજ મેં એક પત્ર સ્વામીશ્રીને લખ્યો હતો. તા. ૩૦-૧૦-૮૩ એટલે કે બીજે જ દિવસે પત્રનો જવાબ આવ્યો. તેઓશ્રીએ જવાબનો પત્ર મેં તેમને જે કવરમાં પત્ર લખેલો તે જ કવરમાં બીડીને મોકલ્યો હતો. મજાની વાત એ હતી કે કવર ઉપર મેં તેમનું જે નામ સરનામું લખેલા તે તેમણે જાતે છેકી નાંખ્યા હતા. અને પછી તૂટક લીટીઓ વડે કવરના ઉપરના ભાગ ઉપર ખાનું દોરી તેમાં મારું નામ સરનામું સ્વહસ્તે કર્યું હતું. મેં એ પ્રાસાદિક કવર સાચવી રાખ્યું. કેટલાક મહિના પછી સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા હતા, ત્યારે તેમના ભોજન સમયે હું એ કવર લઈને ગયો અને બતાવીને કહ્યું કે 'મેં આમાં કોનું નામ લખ્યું છે તે ખબર છે ? સાક્ષાત્ ભગવાનના ધારક એવા સંતનું : પ્રગટ બ્રહ્મસ્વરૂપનું નામ લખ્યું છે. તેના પર આવા છેકા મરાય તમારાથી ?'

સ્વામીશ્રી મર્માળું હસીને તરત જ બોલ્યા, 'મારાથી જ મરાય. તારાથી કે બીજા કોઈથી થોડા મારી શકાય તેમ છે !' જે ખુમારીથી તેમણે આ શબ્દો કહ્યા તે સાંભળનારને સ્પષ્ટ પ્રતીતિ કરાવનારા હતા કે જેને પ્રગટ બ્રહ્મસ્વરૂપ કે ભગવાનનું સ્વરૂપ તમે કહો છો તે હું જ છું તેમાં મીનમેખ નથી અને તેને દુનિયામાં કોઈ પણ છેકી-મિટાવી શકે તેમ નથી.

* * *

તા. ૧૨-૯-૮૨ના રોજ સ્વામીશ્રીએ રાજકોટના એક હરિભક્તના સગા માટે એક ભલામણ પત્ર મોકલ્યો હતો. જેમાં સરકારના આરોગ્ય ખાતામાં એક નોકરી મેળવવા વિષે ડે. ડાયરેક્ટર ઉપર ભલામણ હતી. ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી આપણી સંસ્થા સાથે કોઈ પરિચયમાં નહોતા. સ્વામીશ્રી સાથે પણ ક્યારેય તેમની મુલાકાત થયેલી નહીં અને પોતે જરા કડક સ્વભાવના હોવાનો મને થોડો ખ્યાલ હતો. એટલે વગર ઓળખાણે સીધો જ ભલામણપત્ર આપવો અને તે પણ સ્વામીબાપાનો, તે કેટલું ઉચિત ગણાય તેની દ્વિધા ચાલતી હતી. કોઈ બીજી ઓળખાણ દ્વારા તેમનો સંપર્ક કરવા વિચાર્યું, પણ તેમાં સફળતા ન મળી. છેવટે સ્વામીશ્રીએ કહ્યું જ છે તો સીધેસીધું મળી લઈએ. એમ વિચારી હું ડે. ડાયરેક્ટરશ્રી પાસે પહોંચી ગયો. મેં તેમને થોડી વાત કરીને પૂછ્યું, 'આપ પ્રમુખસ્વામીના પરિચયમાં આવ્યા છો ?' તેમણે કહ્યું : 'ના, કદી મળ્યો નથી. નામ સાંભળ્યું છે.' મેં પત્ર

કાઢીને તેમના હાથમાં મૂકીને કહ્યું : 'આ પ્રમુખસ્વામીનો એક ભલામણપત્ર છે.' તેઓ વિચારમાં પડી ગયા. આખો પત્ર વાંચ્યો અને પછી પૂછ્યું, 'આ તેમણે જાતે લખેલો પત્ર છે ?' મેં હા પાડી. એટલે તેમણે કહ્યું : 'આ તો મારું ભાગ્ય કહેવાય કે મારે એમની સાથે કોઈ પરિચય નથી છતાં તેમણે મારા પર આ પત્ર લખ્યો. તેમને મારા પર આટલો વિશ્વાસ છે, તો મારાથી તેને કેમ ઠુકરાવાય ?! ઉમેદવારની બધી લાયકાત અને માગણી વ્યાજબી પણ છે એટલે જરૂર કામ થઈ જશે. પણ મારીય એક વિનંતી છે, મારા ભત્રીજાએ હમણાં જ દવાખાનું ખોલ્યું છે, બે દિવસ પછી ઉદ્‌ઘાટન છે તો તેમાં સ્વામીશ્રી આવી શકે ?'

મેં કહ્યું : 'સ્વામીશ્રી તો છેક સૌરાષ્ટ્રમાં છે અને ઘણા સમય અગાઉથી તેમના કાર્યક્રમો નક્કી થઈ જાય છે. તેઓ અમદાવાદ પધાર્યા હોય તેવા સમયમાં ઉદ્‌ઘાટન હોત તો શક્ય બનત. તેમ છતાં તેમની આજ્ઞા અને આશીર્વાદ સાથે તેઓ બીજા સંતોને મોકલે તો કેમ ?' એમણે કહ્યું : 'તો પણ તેઓ આવ્યા બરાબર હું માનીશ.'

આમ, એક હરિભક્તનું કામ પણ થઈ ગયું અને અધિકારીશ્રીના સંબંધીના દવાખાનામાં સંતો ઉદ્‌ઘાટન પણ કરી આવ્યા. એ પછી તો તેઓ ઘણા નિકટ પરિચયમાં આવી ગયા.

* * *

એકવાર બોચાસણથી સ્વામીશ્રીનો પત્ર આવ્યો. તેમાં એક હરિભક્ત ફૂડ કંટ્રોલના કેસમાં ખોટી રીતે સપડાઈ ગયાની વાત હતી. નીચલી કોર્ટમાં નિર્દોષ જાહેર થયા છતાં સરકારે ઉપલી કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. હરિભક્તની સ્થિતિ અતિ સામાન્ય. નાનકડો ધંધો, તેમાં આવી કોર્ટ-કચેરીની ઉપાધિને પહોંચી શકાય તેમ ન હતું. સ્વામીશ્રીએ લાગતા વળગતા ખાતામાં ભલામણ કરવા જણાવ્યું હતું. સંસ્થાનાં ઘણાં કામો ચાલતાં હોય તેમાં આવા હરિભક્તોના કામ માટે ભલામણ કરવી, અને તે પણ એવા પ્રકારની કે જેમાં મોટા ભાગે તો નનૈયો જ સાંભળવો પડે. એટલે કોઈને વાત કરેલી નહીં. તેવામાં મારે બોચાસણ જવાનું થયું. સ્વામીશ્રીએ પેલા હરિભક્તનો ખૂબ મહિમા કહીને કહ્યું કે આ કામ થવું જ જોઈએ. હું અમદાવાદ આવવા નીકળવાનો હતો ત્યાં પાછો એમના ઉતારે બોલાવ્યો અને પેલા હરિભક્તની

ઓળખાણ કરાવીને વળી આગ્રહપૂર્વક કહ્યું કે જે સાહેબ હોય તેને સમજાવજો કે આવી નાની હાટડીમાં અને નાના ગામમાં આવું કંઈ બની શકે નહીં. ગાંધીનગરમાં મેં શ્રી છોટુભાઈ દેસાઈ જેઓ નિષ્ઠાવાન હરિભક્ત હતા તેમને વાત કરી. તેમણે કહ્યું : 'આમ તો આવા કેસમાં જલદી કોઈ મદદ ન કરે તેમ છતાં સરકારના આરોગ્ય ખાતાના લીગલ એડવાઈઝર ઘણા સજ્જન માણસ છે તેમને વાત કરીએ. આપણા પરિચયમાં નથી પણ છે ઘણા ધાર્મિક વૃત્તિના.' તે વખતે ત્યાં બંધાઈ રહેલા 'અક્ષરધામ' ખાતે લીગલ એડવાઈઝર શ્રી કિરીટભાઈ રાવળ સાથે મુલાકાત ગોઠવી. મેં બધી રજૂઆત કરી. તે શાંતિથી સાંભળ્યા પછી તેમણે કહ્યું : 'આમ તો આમાં કંઈ થઈ શકે નહિ, તેમ છતાં જે કાંઈ થઈ શકે તે મારાથી જ થઈ શકે કારણકે હું આ કેસ ઉપલી કોર્ટમાંથી પાછો ખેંચવા કદાચ સરકારને (સેક્રેટરીને) સમજાવી શકું.' મેં તો આનંદિત થઈને કહ્યું કે તો તો ઘણો ઘણો આભાર સાહેબ. ત્યાં તો તેમણે આગળ વાત કરતા કહ્યું : 'હું આ કામ કરી તો આપું પરંતુ એક શરતે. મારી થોડી ઇચ્છા પૂરી કરવાની.' આ વાત સાંભળી હું ડઘાઈ ગયો. મને લાગ્યું કે સાહેબને દક્ષિણા જોઈતી હશે. એટલે મેં તેમને પેલા હરિભક્તની આર્થિક સ્થિતિની વાત કરવા માંડી, ત્યાં તો એમણે વચમાં જ કહ્યું : 'ના, ના, એવી ચિંતા કરવાની જરૂર નથી. ગેરસમજ કરશો નહિ. મારી શરત એટલી જ છે કે આ કામ થાય તો તમારે મને પ્રમુખસ્વામીના નજીકથી રૂબરૂ દર્શન કરાવવાનાં. ઘણાં વર્ષોથી મારી ઇચ્છા હતી કે કોઈકવાર અત્યારે આપણે જેમ સામસામે બેસીને વાત કરીએ છીએ તેમ વાત કરવા મળે તો ઘણો આનંદ થાય. પ્રમુખસ્વામીના એક સાચા સંત તરીકે મેં ખૂબ પ્રશંસા સાંભળેલી છે એટલે આવો અક વિચાર વર્ષોથી મારા મનમાં ઘર કરી ગયો છે, તે તમે પૂરો કરાવી આપો તો આ કામેય તેમના આશીર્વાદથી જ થઈ જશે !' મેં તો ધારી લીધેલું કંઈક અને નીકળ્યું કંઈક. મેં તરત જ કહ્યું કે 'જ્યારે પણ સ્વામીશ્રી અમદાવાદ પધારશે ત્યારે ચોક્કસ આપની સાથે અંગત મુલાકાત કરાવીશ. પણ આ કામ થઈ જશે તેમ આપ કહો છો પરંતુ મોટા ભાગે સરકાર પીછે હઠ નથી કરતી તો આ કેસમાં કરશે ?' તેમણે હસીને જવાબ આપ્યો, 'તમે પ્રમુખસ્વામીએ કહ્યું છે એમ કહીને જે વાત કરી તેમાં જ કેસ પાછો ખેંચવા માટેની સચોટ દલીલ તો

આવી ગઈ. જે ગામની વસતી આટલી ઓછી હોય અને સાધનોય ટાંચા હોય ત્યાં આવડા નાના વેપારીથી આવું કામ થઈ શકે જ નહીં. તેની પાસે આગળ ઉપરથી જે માલ આવ્યો હોય ત્યાંજ કંઈક ગરબડ હોય. હું બરાબર કન્વીન્સ થઈ ગયો છું. તો સરકારનેય કન્વીન્સ કરાવી શકીશ.'

થોડા સમયમાં કેસ પાછો ખેંચાઈ ગયો. સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા ત્યારે શ્રી કિરીટભાઈ રાવળ દર્શન માટે આવ્યા. સ્વામીશ્રી સાથે અંગત રીતે બેસવાનું થયું ત્યારે એટલા ભાવવિભોર થઈ ગયા કે સત્સંગી થયા એટલું જ નહી દર રવિવારે મંદિરમાં સત્સંગ સભામાં પણ આવતા થઈ ગયા.

* * *

અટલાદરા મંદિરથી નજીકમાં એક થિયેટર બંધાવાનું શરૂ થયું. ખબર પડતાં મંદિર તરફથી વાંધો ઉઠાવ્રવામાં આવ્યો છતાં કંઈ થઈ શક્યું નહિ. કારણ કે વાંધો હોય તેણે વાંધા અરજી ચોક્કસ તારીખ પહેલા કરવી એવી જાહેરાત છાપામાં આવી ગયેલી અને સંસ્થાએ એ મુદત પછી વાંધો ઉઠાવેલો. સ્વામીશ્રીએ મનોરંજનકર કમિશનર શ્રી વિજયસિંહ પરમારને પત્ર લખી જાણ કરી. કમિશ્નર સાહેબને સહાનુભૂતિ ખરી પરંતુ કાનૂની રીતે જરા લાચારી દર્શાવી કે વાંધા-અરજી વહેલી કરી હોત તો ચોક્કસ રોકી શકાત, હવે તો વડોદરા ટાઉન પ્લાનર, પોલીસ કમિશનર તથા બીજા લાગતા વળગતા બધાએ મંજૂરી આપી દીધી છે.

થોડા દિવસ બાદ સ્વામીશ્રી અમદાવાદ આવ્યા ત્યારે શ્રી વિજયસિંહ પરમાર દર્શને આવ્યા. પેલી થિયેટરવાળી વાત કાઢીને સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'પરમાર સાહેબ, તમને ખબર છે કે અટલાદરા મંદિર ઘણું મોટું યાત્રાધામ છે. વળી ત્યાં આપણું છાત્રાલય પણ ચાલે છે. એટલે આવા પવિત્ર સ્થળે અને શૈક્ષણિક સ્થળે ફિલ્મ થિયેટર બંધાય તો કેટલું નૂસન્સ ઊભું થાય. મોટેથી રેકર્ડો વાગે, પાન-બીડી-મસાલાના ગલ્લાઓ થાય, જુગારના અડ્ડા થાય અને ગુંડાગર્દીય શરૂ થઈ જાય. ભલે સંસ્થાએ અરજી મોડી કરી છે પણ ખરેખર તો અરજી કરવાની હોય જ નહિ. સરકારના કાયદામાં જ આવા સ્થળે થિયેટર ન બંધાય તેવી જોગવાઈ હોવી જોઈએ. તમ જરા તપાસ કરો. આ તો અરજી કરી છે એટલે વાંધો તો છે જ, પણ કદાચ વાંધો ના હોય તો પણ કાનૂની બંધી હોય ત્યાં થોડું કાયદા વિરુદ્ધ

કામ થાય ? આપણે ત્યાં દારૂબંધી છે એટલે દારૂ પીનાર ગુનેગાર જ ગણાય. આડોશી-પાડોશી ના પાડે કે અમને વાંધો નથી, ભલે પીએ તો પોલીસ એને નિર્દોષ ગણીને પીવા દે ?' સ્વામીશ્રીની દલીલો સાંભળતા શ્રી પરમાર સાહેબના મગજમાં એકદમ ઝબકારો થયો.

તેમણે કહ્યું : 'સ્વામી ! થિયેટરવાળી જગ્યા મંદિરથી ૨૦૦ મિટરના અંતરથી નજીક છે ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'એવું કશું માપ્યું નથી પણ મારી ધારણા પ્રમાણે તો ૧૫૦ મીટરથીય નજીક હશે.' તરત જ પરમાર સાહેબે કહ્યું : 'સ્વામી ! સારું થયું આજે આપ અહીં આવ્યા છો. મારા જેવા કમિશનર અને આઈ. એ. એસ. અધિકારીના લેબલવાળાનેય તમે તો સાચું માર્ગદર્શન આપ્યું. સરકારમાં કાયદો છે જ કે મંદિરથી ૨૦૦ મીટરની અંદર થિયેટર ન બાંધી શકાય, માટે હવે ત્યાં થિયેટર નહિ જ થઈ શકે. ગમે તેટલી મંજૂરીઓ મેળવી હશે તે બધીય રદ થશે. બસ, આપનો ડિસ્ટન્સ અંગેનો અંદાજ ખરો પડવો જોઈએ. આપની વાત સાચી છે, આમાં નથી આપના તરફથી વાંધા-અરજીની જરૂર કે નથી હવે આપે કોઈ કેસ કાગળિયાં કરવાની જરૂર. હવે બધું કામ અમારા ડિપાર્ટમેન્ટનું છે.'

સરકારી સર્વેયર દ્વારા માપણી થઈ, તેમાં મધ્ય મંદિરથી થિયેટરવાળી જગ્યાનું અંતર લગભગ ૧૮૦ મીટર થયું અને મંદિરના દરવાજા પાસેના છાત્રાલયથી અંતર ૧૫૦ મીટરથીય ઓછું થયું. થિયેટરની પરમીશનો રદ થઈ ગઈ અને એને બદલે આજે એ જગ્યા મંદિરની માલિકીની છે જ્યાં નવું છાત્રાલય બંધાયું છે.

પરમીશન રદ થઈ પછી એકવાર વાત નીકળતા મેં કહ્યું : 'બાપા ! પરમાર સાહેબ કહેતા હતા કે સ્વામીશ્રી મોટા મોટા I.A.S. અધિકારીઓનાય કાન પકડાવે એવા છે. સેક્રેટરીઓ મૂંઝાય ત્યારે સ્વામીની સલાહ લેવી જોઈએ.' આ સાંભળી સ્વામીશ્રી કહે : 'જે લોકો થિયેટર બાંધનાર હતા તેમને આપણે ઘણું સમજાવેલા કે 'આ ખોટું થાય છે. હવે તો ટી.વી. ને લીધે થિયેટરો બંધ પડતાં જાય છે તેમાં આપને નવું બાંધવાનું શું સૂઝ્યું ? અને છતાંય બાંધવું જ હોય તો આ જગ્યા શું જોઈને પસંદ કરો છો ! ભગવાનના ધામ જેવા સ્થાનમાં ક્યાં કચરો લાવો છો ?!' ત્યારે તે

લોકોએ આપણને 'ભલે થિયેટર નહિ કરીએ' એમ કહીને છેતર્યા. બે-ચાર વખત બેઠક થઈ ત્યારે દરેક વખતે 'નથી કરવાના' કહીને છેતરતા રહ્યા અને તે દરમ્યાન બધી મંજૂરીઓ મેળવીને બાંધકામ પણ શરૂ કરી દીધું. આ ખબર પડ્યા પછી છેલ્લી વાર પણ મળ્યા. પણ માને તેમ ન હતું. છેવટે ધાર્યું બધું ભગવાનનું થાય છે.' આમ મેં તો ચોખ્ખું કહી દીધેલું તે ભગવાનની દયાથી રસ્તો નીકળી આવ્યો અને બધું સાજુંસમું પાર પડી ગયું.'

* * *

તા. ૧-૫-૮૭ના રોજ હું સારંગપુર ગયો હતો. અહીં સ્વામીશ્રીને મળ્યો ત્યારે તેમણે જમતાં જમતાં કહ્યું, 'ખાલી હાથે કેમ આવ્યા ?' આ પહેલાં ગયો હતો ત્યારે અમદાવાદથી શ્રી રામચંદ્ર બારોટે મોટો થેલો ભરીને મારી સાથે તાજાં શાકભાજી મોકલ્યાં હતાં અને રસોઈ આપવાનું પણ કહેવડાવેલું. તે વખતે મેં બડાઈ મારતાં કહેલું કે 'ગુરુનાં દર્શને જવું ત્યારે ઠાલે હાથે ન જવું, તેથી આ શાકભાજી લાવ્યો છું.' એ વાતના અનુસંધાનમાં સ્વામીશ્રીએ પ્રશ્ન પૂછ્યો તે હું સમજી ગયો. તેમ છતાં મેં કહ્યું : 'બાપા ! આશીર્વાદ લેવા માટે આવ્યો છું, તો હાથ ખાલી હોય તોજ તેમાં ભરાયને !'

સ્વામીશ્રી તરતજ કહે : 'ના. ભરેલા હાથ અહીં ખાલી કરાય અને પછી એ ખાલી હાથમાં આશીર્વાદ ભરાય.'

* * *

તા. ૨૨-૩-૮૮ના રોજ સ્વામીશ્રી સાંજે નેનપુર પાસે ભવાનપુરા પધાર્યા હતા. સાયંભોજન બાદ વિદાય લઈને પછી પરદેશ જવાના હતા. દુષ્કાળનું વર્ષ હતું તે ધ્યાનમાં રાખીને મેં એક ચોપાઈ બનાવેલી તે હું બોલ્યો :

'જાશો તમે તો દરિયા પાર, કરવા કૈંક ભક્તોના કલ્યાણ;
થાશે અમારે બીજો દુકાળ, તેનો કર્યો તેં મનમાં વિચાર?'

આ સાંભળી સ્વામીશ્રી તરતજ બોલી ઊઠ્યા, 'આપણે ક્યાં જવા આવવાનું હોય છે ? અહીં ગામડે ફરીએ તેમ આ થોડે આઘે જઈ આવવાનું. આપણે સેવા, કથા-વાર્તા, ભજન-ભક્તિમાં મંડી પડીએ તો ૮-૧૦ મહિના ક્યાંય નીકળી જાય. આ મને સાધુ થયે ૫૦ વર્ષ થઈ ગ્યા ખબરેય ન પડી. હમણાં બોચાસણમાં વિવેકસાગરે કહ્યું ત્યારે ખ્યાલ આવ્યો.

સમય જતાં વાર લાગે છે ? ૫૦ વર્ષ થઈ ગયા લ્યો. એમ મૂર્તિ ધારીને ભજનમાં મંડી પડીએ તો ૮-૧૦ મહિનાની તો ખબર જ ન પડે.' એમ કહી મોટર ભણી બેસવા માટે રવાના થયા.

* * *

૧૯૮૫માં ગુજરાત રાજ્ય સરકાર દ્વારા 'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ'ના અનુસંધાનમાં એક ૩૫ એમ.એમ.ની ડૉક્યુમેન્ટરી ફિલ્મ 'અક્ષરબ્રહ્મ' તૈયાર થઈ રહી હતી. ફિલ્મના અંતે સ્વામીશ્રી પણ કંઈક સંદેશો આપે તેવી યોજના હતી. સ્વામીશ્રીએ શું બોલવાનું છે તે હિંદીમાં લખીને તથા વડીલ સંતો પાસે ચેક કરાવીને શૂટીંગ સમયે અમે ગોંડલ ગયા. એક મોટા પાટિયા પર મોટા કાળા અક્ષરથી લખાણ કરી રાખેલું. અક્ષરદેરીમાં કૅમેરા પાસે હું પાટિયું લઈને ઊભો રહું અને સ્વામીશ્રી કૅમેરા તરફ જોઈને વાંચે તે સાથે ફિલમ ઊતરતી જાય તેમ ગોઠવેલું. સ્વામીશ્રીનાં ચશ્માં કે કૉન્ટેક્ટ લૅન્સ હતાં નહીં પણ અક્ષરો મોટા જોઈ તેમણે કહ્યું, 'ચાલશે.'

શૂટીંગ શરૂ થતા પહેલાં મને કહે : 'લખાણ બધું બરાબર છે ને ? કંઈ ભૂલ નથી ને ?' મેં કહ્યું : 'ના, બધું બરાબર છે.' તેમણે પાટિયું માંગીને કહ્યું : 'જોઈ તો લઈએ.' લખાણ વાંચીને કહે : 'આ બરાબર નથી.' એમ કહીને તેમણે બે નાનકડા સુધારા કરાવ્યા અને તેનાથી આખા લખાણનો ભાવ બદલાઈ ગયો, એટલું જ નહિ અર્થનો અનર્થ થતો રહી ગયો.

લખાણ નીચે મુજબ હતું.

'ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ઔર ભક્તિયુક્ત સંત અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને હમેં સિખાયા હૈ કિ હમ સબ દુર્ગુણોંસે તથા વિષય, વ્યસન ઔર વહમસે મુક્ત હોકર યાને બ્રહ્મરૂપ હોકર ભક્તિ કરેં. ઔર સંપ, સુહૃદભાવ ઔર એક્તાસે રહેં ઉસીમેં કલ્યાણ હૈ.

'ઉનકા દિવ્ય સંદેશ ફૈલાને કે લિયે ઉન્હીંકે નામસે એક ભવ્ય સ્મારક અક્ષરધામકા નિર્માણ ગાંધીનગરમેં કિયા ગયા હૈ. જહાંસે સારે વિશ્વકો ભારતીય સંસ્કૃતિકી પ્રેરણા મિલેગી ।'

ઉપરોક્ત લખાણમાં આમ તો કશું અજુગતું ન લાગે પણ તેમણે બીજા ફકરામાં 'ઉનકા' અને 'ઉન્હીંકા' આ બે શબ્દોમાંજ જે ફેરફાર કર્યો તે અદ્ભુત હતો ! તેમણે જાતે શબ્દ છેકી પોતાની પેનથી ત્યાં લખાણ કર્યું.

તેથી ફકરો નીચે મુજબ થયો.

(ઉનકા) - ભગવાન સ્વામિનારાયણ કા દિવ્ય સંદેશ ફૈલાનેકે લિયે (ઉન્હીંકે) - અક્ષરધામાવતાર ગુણાતીતાનંદ સ્વામીકે નામસે એક ભવ્ય સ્મારક અક્ષરધામકા નિર્માણ ગાંધીનગરમેં કિયા ગયા હૈ...

આ ફેરફાર કરીને મને કહે : 'સંદેશ કંઈ એમનો પોતાનો નહોતો. એમની પોતાની કોઈ વાત કે કોઈ જ્ઞાન નહોતું. જે હતું તે શ્રીજીમહારાજનું હતું. એટલે 'શ્રીજીમહારાજનો દિવ્ય સંદેશ ફેલાવવા માટે' એમ લખાય.' પછી કહે, 'ઉન્હીંકે' શબ્દનો પાછો એવો અર્થ ઘટાવે કે મહારાજના નામ પરથી 'અક્ષરધામ' નામ પાડ્યું. પણ 'અક્ષરધામાવતાર ગુણાતીતાનંદ સ્વામી બરાબર છે.' આ પછી શૂટીંગ થયું ત્યારે મોટા કે ઝીણા અક્ષરો ચશ્માં કે લૅન્સ વગરેય વાંચવામાં જરાય મુશ્કેલી ન પડી. એક જ ટેકમાં શોટ ઓકે થઈ ગયો.

ઉપાસના કે સમજણની વાતમાં તેઓશ્રી ખૂબ જ સ્પષ્ટતા અને ચોકસાઈ રાખે રખાવે છે.

* * *

ઈ.સ. ૧૯૮૮ની સાલમાં ઈસ્ટ આફ્રિકા ખાતે નૈરોબીમાં સ્વામીશ્રીની ૬૮મી જન્મ જયંતી ખૂબ જ ભવ્યતાથી ઊજવાઈ હતી. દેશમાંથી ઘણી મોટી સંખ્યામાં હરિભક્તો તેમજ સંતો એ ઉત્સવમાં હાજર રહ્યા હતા. સમગ્ર આફ્રિકા ખંડમાંથી પણ ખૂબ મોટી સંખ્યામાં ભક્તો ઊમટ્યા હતા. કાર્યક્રમો પણ ખૂબ અદ્‌ભુત થયા અને સ્વામીશ્રીએ પણ અનેક પ્રકારે લીલાઓ કરી અવર્ણનીય સુખ આપ્યું હતું.

મહોત્સવ બાદ છેલ્લે દિવસે સહુ વિદાય થઈ રહ્યા હતા. કેટલાક સંતો ઍરપૉર્ટ પહોંચી ગયા. જ્યારે કેટલાકને થોડીવાર પછી નીકળવાનું હતું. એવામાં સ્વામીશ્રી મંદિરના મુખ્ય હૉલમાં જ ભોજન લેવા બિરાજ્યા. હૉલ ભરાઈ ગયો. ભોજન દરમ્યાન રાબેતા મુજબ શ્લોકો, હરિલીલામૃતનાં પદો કે સાખીઓ બોલવાનું શરૂ થયું. જો કે આજે એના અઠંગ ખેલાડીઓ ઉપસ્થિત નહોતા. હું એક સંસ્કૃત શ્લોક બોલ્યો કે તરત નૈરોબીના એક હરિભક્ત સંસ્કૃતમાં શ્લોક બોલ્યા. તેમના પછી હું બીજો શ્લોક બોલ્યો કે તરત તેમણે પણ બીજો શ્લોક લલકાર્યો. બીજા બોલતા બંધ થયા અને જાણે

અમે બે સંસ્કૃત શ્લોકો ગાવાની સ્પર્ધામાં ઊતર્યા હોય તેમ પાંચ-છ શ્લોકો સામ સામે ગાઈ નાખ્યા. સ્વામીશ્રી હસતા જાય, જમતા જાય અને હરિભક્ત બોલે ત્યારે ડાબી બાજુ એમની તરફ અને હું બોલું ત્યારે જમણી બાજુ મારી તરફ મુખારિવંદ ફેરવી પ્રોત્સાહિત કરતા જાય. વળી આંખો નચાવી બંનેને આગળ બોલો, જવાબ આપો જેવી સંજ્ઞા પણ કરતા જાય. મારા મનમાં એમ કે પરદેશના હરિભક્તને સંસ્કૃતના શ્લોક કેટલા આવડતા હશે ! એટલે મેં સ્પર્ધકની જેમ ઝંપલાવ્યું. થોડીવાર પછી મને પરસેવો છૂટવો શરૂ થયો, કારણ કે મેં સંસ્કૃતમાં ખાસ કંઈ અભ્યાસ કરેલો નહિ, ખપપૂરતા ગોખેલા શ્લોકો ખૂટતા જતા હતા અને જેમ તેમ યાદ કરીને બોલવા પડતા હતા; જ્યારે સામે પક્ષે પેલા હરિભક્ત કોઈ વિદ્વાન શાસ્ત્રી જેવા નીકળ્યા. હું બોલી રહું ત્યાં તો કડકડાટ બીજો શ્લોક બોલી નાંખે. થોડીવારમાં તો મારો સ્ટોક ખલાસ થઈ ગયો. હું મુંઝાયો. સ્વામીશ્રી સામે જોયું તો તેમણે બોલો બોલો કહેતા હોય તેમ આંખ નચાવી. જેમતેમ યાદ કરી એક શ્લોક બોલ્યો કે તરત પેલા હરિભક્તે પણ સામે શ્લોકગાન શરૂ કર્યું. તે દરમ્યાન મેં જોયું કે બાપા ચળુ કરવાની તૈયારીમાં છે એટલે જેવું તે હરિભક્તે પૂરું કર્યું કે મેં મોટેથી 'સહજાનંદ સ્વામી મહારાજની જય' એમ કહીને જય બોલાવી. હાથ ધોતાં સ્વામીશ્રી અટકી ગયા કહે,

'કેમ ! કેમ જય બોલાવી ?'

મેં કહ્યું : 'બાપા ! ભોજન પૂરું થયું.'

સ્વામીશ્રી કહે 'ના, હજુ તો ચળુય નથી કર્યું બોલો.' ઘડીભર મૂંઝાઈને કોઈક શ્લોક યાદ કરવા મથામણ કરવા લાગ્યો પણ યાદ ન આવ્યો, એટલે પેલા હરિભક્ત કહે : 'બાપા ! બ્રહ્મપ્રકાશ સ્વામી હારી ગયા.'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'બ્રહ્મ હારે નહીં. હમણાં બોલશે. બોલો બ્રહ્મ.' એમ કહીને મારી સામે જોઈ રહ્યા. તે સમયે મેં એક સંવાદ માટે લખેલો હિંદી શેર મને યાદ આવ્યો. સ્વામીશ્રીની આ દિવ્યમૂર્તિ અને આ હરિભક્તોના આનંદથી ઊભરાતા માહોલ તથા હમણાં જ જેની પૂર્ણાહુતિ થઈ તે ઉત્સવની સ્મૃતિઓના સંગમને અનુરૂપ એના શબ્દો હોવાથી મેં કહ્યું : 'બાપા ! હિંદીમાં બોલું ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'હા, હિંદીમાં બોલો.'

હું નીચે પ્રમાણેનો શેર બોલ્યો :

'વૈસે તો જિંદગીમેં, સબકુછ હૈ ભૂલાનેકે લિયે,
હૈ ખુશિયાં ઔર ગમ, એક ખ્વાબ ટૂટ જાનેકે લિયે;
લેકીન હૈ કુછ નઝારે, આંખોમેં બસાનેકે લિયે,
ઔર ઐસી યાદે, મૌતકે બાદભી કામ આનેકે લિયે.'

તાળીઓથી હૉલ ગૂંજી ઊઠ્યો.

પછી મેં કહ્યું : 'બાપા ! આપની આ મૂર્તિ આંખોમાં વસાવવા જેવી છે અને નૈરોબીનો આ ઉત્સવ યાદ કરી સંભારી રાખવા જેવો છે- એ બે મૃત્યુ પછીય કામ લાગશે. જ્યારે તે સિવાયનું બધું ભૂલી જવા જેવું છે, સપના જેવું છે. બરાબર ને ?'

સ્વામીશ્રી એકદમ હસતાં હસતાં બોલ્યા, 'બસ, આ ઉત્સવ જિંદગીભર સંભારી રાખવો. હવે બરાબર. બોલો સહજાનંદ સ્વામી મહારાજની જય.' એમ કહેતાંકને પોતે જ જોરથી જય બોલાવી અને બધાએ પ્રતિસાદમાં હસતાં હસતાં જયનાદથી હૉલને ભરી દીધો.

મૂર્તિ ધારવી અને ઉત્સવો-લીલાઓની સ્મૃતિ રાખવી એ સ્વામીશ્રીને ગમે છે તે વાત આ પ્રસંગથી પ્રમાણિત થતી દેખાઈ.

* * *

૧૯૯૦માં વિદ્યાનગરમાં 'આંતરરાષ્ટ્રીય યુવક મહોત્સવ' હતો. મહોત્સવમાં અમદાવાદના યુવકો દ્વારા મારો રચેલો એક સંવાદ 'દષ્ટા' રાત્રી કાર્યક્રમમાં રજૂ થવાની તૈયારી હતી. દર વખતની જેમ સંવાદ શરૂ થાય તેની થોડી મિનિટો પહેલાં હું સ્વામીશ્રી સ્ટેજની સામે બિરાજ્યા હતા ત્યાં આશીર્વાદ લેવા ગયો. અને કહ્યું કે 'બાપા ! શરૂ કરીએ છીએ.' સ્વામીશ્રીએ જરા આગળ ઝૂકીને મને કહ્યું : 'જો બ્રહ્મ, એકદમ સડસડાટ જવો જોઈએ. વચ્ચે ક્યાંય અટકવો ના જોઈએ.' આગળના એક કાર્યક્રમમાં ખલેલ ઊભી થયેલી તેના અનુસંધાનમાં સ્વામીશ્રી કહી રહ્યા હતા. મેં વિશ્વાસપૂર્વક કહ્યું : 'બાપા ! બધી તૈયારી વ્યવસ્થિત છે વાંધો નહી આવે. આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'આશીર્વાદ તો છે જ પણ શરૂ કરતા પહેલા લાઈટો-બાઈટો બધું ફાઈનલ જોઈ લેવાનું. અહીં મોટા મોટા મહેમાન આવેલા છે તે જેમતેમ કાર્યક્રમ ન ચાલે.' પછી પાછા ખસી ટેકો લઈને બેઠા અને બાજુમાં

બેઠેલા મુખ્ય મહેમાન સાથે મારો પરિચય કરાવ્યો.

હું સ્ટેજ પાસે પહોંચ્યો કે તરત ત્યાં રેકોર્ડિંગ સંભાળતા પ્રેમવદન સ્વામીએ પૂછ્યું : 'બધું રેડી છેને ? કેસેટ પ્લે ઑન કરું ?'

મેં કહ્યું કે : 'એક મિનિટ, બાપાએ કહ્યું છે તો ફાઈનલ ચેકીંગ કરી લઉં.' એમ કહીને બધે તપાસ કરી તો ખબર પડી કે સ્ટેજ પરની જે જનરલ લાઇટો હતી તેનું સ્વીચ બૉર્ડ થોડે દૂર જુદું જ હતું. ઈફેક્ટની લાઇટો, પ્રોજેક્ટર, ફૉગમશીન વગેરે ઉપર માણસો વ્યવસ્થિત ગોઠવાયેલા પરંતુ જનરલ લાઈટની મેઈન સ્વીચ પર કોઈ જ નહીં. સંવાદમાં વારે વારે લાઇટો બંધ કરવાની આવતી હતી. એ લાઇટો બંધ થાય તો જ સ્લાઈડ્સ કે બીજી ઈફેક્ટ્સ દેખાય. તરત જ એક જાણકાર યુવકને મેઈન સ્વીચ પર ગોઠવી દીધો. કાર્યક્રમ ઘણો સારો ગયો. જો સ્વામીશ્રીએ સૂચવ્યું ન હોત તો સંવાદ ચાલતો હોત ત્યારે લાઇટો બંધ. કરો, બંધ કરોની બૂમો પાડવી પડત, દોડાદોડ થાત. અધવચ્ચે જાણકાર સિવાય કોઈને એ સ્વીચ પર ગોઠવી ન શકાત અને ઘણી બધી ગરબડો ઊભી થાત.

* * *

૧૯૭૨માં જળઝીલણીનો સમૈયો સારંગપુરમાં હતો. સવારે સ્વામીશ્રીની પૂજા બાદ એમની કંઠી તૂટી ગયેલી હતી તે મેં માગી પણ એમણે ના પાડી. દેવચરણ સ્વામીએ તેમને નવી કંઠી આપી તે ધારણ કરી. મેં કહ્યું : આ નવી પહેરેલી આપો અને આપ બીજી નવી પહેરો. તો પણ ના પાડી ને કહે : એ બધું આપણે ભેગું કરીને શું કરવાનું ?'

બપોરે બધા પાછળ કુંડમાં જળ ઝિલાવવા ગયા. કોઈએ કહ્યું : બાપા, ઘનશ્યામ ભગત (તે વખતનું નામ) ડાઈવિંગ સરસ કરે છે, 'એટલે મને કહે : 'તમારી કલા બતાડો.' મેં છેક ઉપરથી ૩-૪ જુદી જુદી રીતે સમરસોલ્ટ ખાઈને ડાઇવીંગ કર્યું. સ્વામીશ્રી રાજી થઈને બોલ્યા જબરું ઊલટસૂલટ થઈને પડો છો.' મેં ઉત્સાહમાં આવીને કહ્યું : 'બાપા ! આપ ડાઈવ મારો.'

સ્વામીશ્રી કહે : 'એટલે ઊંચેથી ના ફાવે, આ વચ્ચેના પગથિયેથી મારીએ.' એમ કહીને વચ્ચેના પગથિયે ઊભા રહ્યા. બીજા બધા સંતો બહાર નીકળી ગયા પછી સ્વામીશ્રીએ જોરથી ઠેકો લઈને ડાઇવ તો મારી પણ શિર્ષાસનની જેમ પડવાને બદલે જોરથી કૂદવાને કારણે વધુ રાઉન્ડ ફરી ગયા

અને પીઠનો ભાગ પાણીમાં પછડાય તે રીતે પડ્યા. કુંડનું પાણી હિલોળે ચડી ગયું. તરીને બહાર આવ્યા પછી કહે : 'ગુંલાટ મરાઈ ગઈ કેમ ! આપણને કશું અવળહવળ ફાવે નહીં, બધું સીધેસીધું કરવાનું જ ફાવે !' એમ કહી કોરાં વસ્ત્રોથી શરીર લૂછવા લાગ્યા. પ્રગટ ભગતનું એકદમ ધ્યાન ગયું એટલે પૂછ્યું : 'બાપા ! કંઠી ક્યાં ગઈ ?' જોયું તો કંઠી ન મળે. અમે બે ચાર સંતોએ કુંડમાં ડૂબકીઓ મારી, સપાટી પર પણ જોયું, પરંતુ કંઠી કંઈ મળી નહિ. દેવચરણ સ્વામી બીજી કંઠી લેવા ગયા. સ્વામીશ્રી કોરું ધોતિયું પહેરવા લાગ્યા. લાગ જોઈને મેં કહ્યું : 'બાપા ! મેં કંઠી માગી તો આપી નહીં અને આ કુંડમાં જવા દીધી !'

સ્વામીશ્રી તરત જ કહે : 'એ કુંડે કેટલી સેવા કરી છે ખબર છે ? શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની ખૂબ સેવા કરી છે તે લઈ જાય. એ તો જે સેવા કરે તે લાભ ખાટે !'

* * *

૧૯૯૪ના ડિસેમ્બરમાં મહેસાણામાં નવનિર્મિત મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા તેમજ નવા બંધાયેલા છાત્રાલયના ઉદ્‌ઘાટનનો પ્રસંગ ખૂબ ધામધૂમપૂર્વક ઉજવાયો.

પૂર્ણાહુતિના દિવસે કોઈ વક્તા સ્ટેજ પર સૂચનાઓનું પ્રવચન કરતાં હતા તે દરમ્યાન હું સ્વામીશ્રીના સિંહાસન પાસે પહોંચી ગયો. સ્વામીશ્રીની પડખે ઊભડક બેસીને મેં ઉત્સાહપૂર્વક અને પ્રચારવિભાગ તરફથી કંઈક મોટું કામ કરી નાંખ્યું હોય તેવા ગૌરવથી કહ્યું : 'બાપા ! ગઈકાલે દૂરદર્શન પર આ ઉત્સવના સમાચાર ખૂબ સારી રીતે આવ્યા. મંદિર, નગર, દરવાજા, નવું છાત્રાલય, સમૂહ લગ્ન એમ બધું જ આવરી લીધેલું અને આપના આશીર્વાદનો પણ શૉટ હતો એટલે કાલે તો આખા ગુજરાતે દૂરદર્શન દ્વારા આપનાં દર્શન કર્યાં.'

સ્વામીશ્રીએ મારાથી બમણી ખુમારી બતાવતાં કહ્યું : 'આખા બ્રહ્માંડને દર્શન થાય છે ?! શું તારું આવડું અમથું (એક હાથથી રમકડા જેવું કદ દર્શાવી) દૂરદર્શન બતાડવાનું !' મારા ઉત્સાહ પર ઠંડું પાણી રેડતાં ફરી ફરી કહેવા લાગ્યા, 'ખબર પડી ? આખા બ્રહ્માંડને દર્શન થાય છે. દૂરદર્શન પર આયું એમાં શું તેં ધાડ મારી ?' એમ કહી હસવા લાગ્યા.

પ્રસિદ્ધિમાં એમને આનંદ નથી, અને પ્રસિદ્ધિ ન થાય તેમાં કોઈ દુઃખ નથી. મહત્તા તો એમણે મહારાજ અને ગુરુના યશોગાન વિસ્તરે તેમાં જ માની છે.

* * *

છે. અમારો સાધારણ સેવા કરવાનો આવો મોટો બદલો સ્વામીશ્રી વાળશે, તેની તો શી ખબર હોય ?

* * *

૧૯૭૩માં સ્વામીશ્રી જન્માષ્ટમીના સમૈયા માટે અટલાદરા પધાર્યા હતા. હું માઇકરૂમ સંભાળવાની સેવામાં હતો. જન્માષ્ટમીએ સવારથી જ કાર્યક્રમોની પરંપરા શરૂ થઈ. આ દિવસે સવારથી બપોર સુધી અને એકાદ કલાકના વિરામ બાદ સાંજ સુધી સભા ચાલતી. આથી મારે પણ સવારથી જ માઇકરૂમમાં બેસી રહેવાનું થયું. બપોરે વિરામના સમયે હું ફરાળ લેવા ઘરે ગયો અને આવતા થોડું મોડું થઈ ગયું. આથી ત્યાં ભેગાં થયેલા વડીલ હરિભક્તો આકળા થઈને મને કહેવા લાગ્યા, 'ક્યારનો ક્યાં ગયો હતો? ખબર નથી પડતી? સભાનો ટાઇમ થઈ ગયો છે ને...'

આ જ વખતે સ્વામીશ્રી સભામાં આવી પહોંચ્યા. હું છોભીલો પડી ગયો હતો. પરિસ્થિતિને ક્ષણભરમાં માપી લઈને સ્વામીશ્રી વડીલોને કહે : 'એ સવારનો સેવામાં છે, તમે બધા આઘાપાછા જઈ આવ્યા તો તે પણ થોડો આરામ કરી લેને !' મને શાંતિ થઈ. મેં ઉત્સાહથી ફરી માઇકરૂમ સંભાળી લીધો.

સ્વામીશ્રીની આ લાક્ષણિકતા છે, જે કોઈ મંદિરમાં સેવા કરતા હોય તેના ઉપર વિશ્વાસ મૂકી હંમેશાં તેના પક્ષમાં રહે. ભલે તેની ભૂલ હોય, બિનઅનુભવી હોય, આવડત ઓછી હોય તો પણ સ્વામીશ્રી એટલી તો હૂંફ અને એવો વિશ્વાસ આપે છે કે ગમે તેવો સામાન્ય વ્યક્તિ અસામાન્ય સેવામાં માથું મૂકે ને ઝંપલાવે છે ! અને ગજા ઉપરાંતની સેવા કરી બતાવે છે.

* * *

ગાંધીનગરમાં યોજાનાર યોગી શતાબ્દી મહોત્સવની પૂર્વતૈયારીઓ ચાલતી હતી. દિવસો થોડા ને કામ ઝાઝાં હતાં. ચારે તરફથી સ્વયંસેવકો, કારીગરો અને મજૂરોનો ફોર્સ કામે લગાડ્યો હતો. છતાં મનમાં પૂરેપૂરી દહેશત હતી કે કેટલાય કામ હજુયે અધૂરાં છે, તે કેમ કરીને પૂરાં થશે ? સ્વામીશ્રી ગાંધીનગરમાં જ ગોરધનભાઈ પટેલના બંગલે સેક્ટર-૨૯માં બિરાજમાન હતા, પરંતુ એમની પાસે જવાની હિંમત ન ચાલે. કારણ કે જઈએ ને પ્રશ્નો પૂછે, કેટલું કામ થયું- એ રિપોર્ટ માગે તો બાકી કામનું

નિખિલેશ સ્વામી
અમદાવાદ

૧૯૬૩માં મારે કેન્યાથી વડોદરા ભણવા આવવાનું થયું. અટલાદરા મંદિરમાં જ વધુ પડતો સમય જતો. પૂજ્ય વડીલ સંતોની સેવા કરવાનો લાભ પણ ખૂબ મળેલો. એ સમયે મંદિરમાં કાયમી સેવા કરનારા ઘણા ઓછા યુવકો હોય, તેથી અમે વિવિધ પ્રકારની સેવામાં જોડાઈ જતા. અવારનવાર સ્વામીશ્રી સમૈયામાં કે કામકાજ અંગે આવ્યા હોય ને અમે કિશોરો સેવા કરતા હોઈએ એટલે વ્યક્તિગત રીતે પણ ઓળખે.

યોગીજી મહારાજે ૧૯૭૦માં અંતિમ વિદેશયાત્રા કરી. તેનો પડઘો સમસ્ત ગુજરાતમાં એવો પ્રભાવક પડ્યો હતો કે ગુજરાતમાં ઠેર ઠેર ભવ્ય સ્વાગત સમારંભો થયા હતા. વડોદરામાં પણ લાખો માણસોએ યોગીજી મહારાજને વધાવ્યા, એ દિવસોમાં સ્વામીશ્રી તો ખૂબ જ વ્યસ્ત હોય. યોગીજી મહારાજની વ્યવસ્થા અને કાર્યક્રમો, સમૈયાનું આયોજન અને મુલાકાતીઓનો ધસારો આ બધું જ સ્વામીશ્રી એકલે હાથે સંભાળી રહ્યા હતા.

આવા વ્યસ્ત સમયમાં સ્વામીશ્રીએ મને બોલાવ્યો, ને એવું નવું નક્કોર 'શીકીલોય'નું શર્ટ મારા હાથમાં મૂકતાં કહે : 'લે, બીજું તો કશું તારા માટે લાવ્યા નથી, પણ બે શર્ટ લાવ્યા છીએ.. એક તારા માટે અને બીજું માર્તન્ડ પંડ્યા માટે... તેનું દેવસ્વામી પાસેથી લઈ લેજે !' (એ મારા મિત્ર અને ઈલેક્ટ્રિક વિભાગમાં સેવા કરતા યુવક હતા)

મારા આનંદ-આશ્ચર્યનો પાર ન રહ્યો ! વિદેશયાત્રાએ યોગીજી મહારાજની સાથે દૂર દેશ સુધી અત્યંત વ્યસ્ત કાર્યક્રમોમાં વિચરવાનું હોય, તેવા સમયે એ ભૂમિ પર મારા જેવા સામાન્ય કિશોરને યાદ કરી એક સ્મૃતિ ભેટ લાવવી ! આ અસામાન્ય સ્નેહની યાદ આજે પણ રોમાંચિત કરી જાય

લિસ્ટ જ મોટું બને તેમ હતું. ઉદ્‌ઘાટનને અઠવાડિયું જ બાકી રહ્યું હતું. કાંમનું ટેન્શન અને ચિંતા સાથે અમે કેટલાક સંતો ચર્ચા કરી રહ્યા હતા. સૌએ વિચાર્યું કે ચાલો, સ્વામીબાપાનાં દર્શન તો કરી આવીએ ! પછી વિચારીશું.

અમે હિંમત કરીને પહોંચ્યા. સ્વામીશ્રીએ ઉકાળાપાણી કરી લીધા હતા. મુલાકાતીઓ નહીંવત્ હતા. અમે દંડવત્ કરી પગે લાગ્યા એ સાથે જ સ્વામીશ્રી આનંદમાં આવી ગયા, 'આવો, બેસો બધા...' અમે કંઈક વાત કરીએ તે પહેલાં જ પ્રિયદર્શન સ્વામીએ કહ્યું : 'આ નિખિલેશ સ્વામી બહુ ટેન્શનમાં છે કે કામ પતશે કે નહીં?..'

મેં કહ્યું : 'ટેન્શન તો ખરું જ ને વળી, કામ પતશે કે નહીં એ જ ચાલતું હોય છે મનમાં !'

સ્વામીશ્રી ભારે હળવાશથી અને છતાં અખૂટ આત્મવિશ્વાસથી બોલી ઊઠ્યા, 'ચિંતા ન કરવી સમજ્યા ?' પછી કહે : 'જા, તારામાં વાસુદેવનો પ્રવેશ કરવો છે... બધું કામ પતી જશે...'

'પણ મારા એકલાથી થોડું બધુ થવાનું છે ?' મેં દલીલ કરી.

સ્વામીશ્રીની ખુમારી ફરીથી છલકી આવી : 'બધામાં મહારાજ ૧૦૦ ટકા પ્રવેશ કરશે. આપણે ક્યાં કંઈ કરનાર છીએ? બધું એમને માથે છોડી દેવું...' પછી માર્ગદર્શન આપતા પ્રેમથી કહે : 'જો, Opening થાય એટલો ભાગ પહેલાં તૈયાર કરી રાખવો. ફૂડ સ્ટોલ-સ્ટોલ્સ એનું કામ ધીરે ધીરે ચાલ્યા કરે.. એક સાથે જ બધું કરવું એવું ઓછું છે ? એટલે મહારાજને ધારીને મંડવું. યોગીબાપાનો ઉત્સવ છે, એ જ બધું પાર પાડી આપશે...'

સ્વામીશ્રી એટલા પ્રેમ-હેત-આત્મીયતા અને હૂંફથી બોલી રહ્યા હતા કે અમારું બધું જ ટેન્શન બાષ્પીભૂત થઈને ઊડી ગયું. એ પછી કાર્યનો એટલો ઉત્સાહ વધ્યો કે સૌએ રાત-દિવસ જાગી સેવાઓ પૂરી કરી.. જે સંજોગોમાં બીજો નેતા સ્વયં ટેન્શનમાં આવી જાય અને સહાયકોને ટેન્શનમાં મૂકી દે, એ સંજોગોમાં સ્વામીશ્રીએ સ્વયં હળવાફૂલ રહી સૌમાં વાસુદેવનો પ્રવેશ કરાવી દીધો. મારા અદ્‌ભુત સંસ્મરણોમાં આ શિરમોરરૂપ પ્રસંગ છે.

* * *

જ્ઞાનપ્રકાશ સ્વામી

ગઢડા

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની પ્રેમદૃષ્ટિથી આકર્ષાઈને તેમની સાથે ૧૯૭૦ની સાલમાં અમે ૧૯ યુવકો દેશમાં ત્યાગી થવા માટે આવ્યા. આ ઘટના સત્સંગ સમાજ માટે અત્યંત આનંદની અને ગૌરવની ઘટના ગણાઈ હતી. વિદેશયાત્રા બાદ ગોંડળ પહોંચ્યા; ત્યાં સુધીમાં મુંબઈ, સુરત, વડોદરા, ભરૂચ, અમદાવાદ, લીંબડી, ભાવનગર... આમ અનેક સ્થળે યોગીજી મહારાજ અને સંતોનું ભવ્ય સ્વાગત થયું હતું.

આ સમય ચોમાસાનો હતો તેથી ઠેર ઠેર ગંદકી, મચ્છરો અને માખીઓનો ત્રાસ; વળી સુવિધાઓ પણ નહિવત્. તેથી અમારામાંથી કેટલાક યુવકો ખૂબ કંટાળી ગયા હતા. કેટલાકને ધાધર વગેરે ચામડીના રોગો પણ થયા હતા. આ ફરિયાદ અમદાવાદ આવ્યા ત્યારે સૌએ ભેગા મળીને યોગીજી મહારાજને કરી. યોગીજી મહારાજ સાથે પ્રમુખસ્વામી મહારાજ પણ મિટિંગમાં ઉપસ્થિત હતા.

'કહો, શું છે ?' યોગીબાપાએ શરૂઆત કરી.

સૌ વારાફરતી બોલતા ગયા. તેમાં એક યુવક કહે : 'ઇન્ડિયામાં આવ્યા પછી જ મને ખબર પડી કે ધાધર એટલે શું ! પહેલી વાર થઈ !'

યોગીજી મહારાજે બહુ સહજતાથી કહ્યું : 'ધાધર તો મનેય થઈ'તી, માટે એવું ન ગણકારવું...' આ મિટિંગના અંતે એ નિર્ણય આવ્યો કે જેમને નથી ફાવતું તે યુવકો મુંબઈ મંદિરે રહેવા જાય, ને શરદપૂનમે સીધા ગોંડળ આવે. ત્યાં દીક્ષાવિધિ સંપન્ન થશે. મિટિંગ પછી સૌની સાથે સ્વામીશ્રી પણ બહાર આવ્યા, ને અમને ત્રણ ચાર યુવકોને બાજુમાં બોલાવ્યા, ને પ્રેમથી સમજાવતાં કહેવા લાગ્યા : 'જુઓ, આવી બધી મુશ્કેલીઓ તો પડ્યા જ કરવાની, પણ એક વાત સમજી રાખો, યોગીબાપા સાથે ફરવાનો આવો લાભ ફરીથી નહીં મળે.'

અમે સૌ તરત જ સ્વામીશ્રીનાં વચનમાં ભળી ગયાં. આ વિચરણનો લાભ અમને ગોંડળ સુધી મળ્યો. યોગીજી મહારાજના આ અંતિમ મહિનાઓ હતા. આ પ્રસંગ બાદ ચાર જ મહિનામાં યોગીજી મહારાજ ધામમાં પધારી ગયા. આ પછી અમને સમજાયું કે સ્વામીશ્રી અને યોગીજી મહારાજ એક જ પુરુષ છે. થોડા જ સમયમાં યોગીબાપા ધામમાં જશે, તેવી કોને જાણ હોય ?

* * *

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ ગુજરાત યુનિવર્સિટીના વિશાળ મેદાનમાં યોજાવાનો હતો. ૧૯૮૫નું સમગ્ર વર્ષ એ ઉત્સવનાં વિવિધ આયોજનોમાં વીત્યું હતું. મુખ્ય મહોત્સવના પ્રારંભને દિવસો ગણાતા હતા. બધી જ મુખ્ય તૈયારીઓ થઈ ચૂકી હતી. મહોત્સવ સમિતિના મુખ્ય સંતો અને મુખ્ય હરિભક્તોની એક મિટિંગમાં દરેક સેવા વિભાગે પોતાની તૈયારીઓનો અંતિમ અહેવાલ રજૂ કરવાનો હતો. આ મિટિંગમાં સ્વામીશ્રી સહિત બધા જ વડીલ સંતો ઉપસ્થિત હતા. કાર્યવાહી શરૂ થતાં એક પછી એક વિભાગોનું રિપોર્ટીંગ શરૂ થઈ ગયું. મારે ઉતારા વિભાગનું રિપોર્ટીંગ આપવાનું હતું. એક કૉન્ફરન્સ રૂમમાં ટેબલની ફરતે બધા લંબચોરસ આકારે ગોઠવાયા હતા. હું સ્વામીશ્રીની જમણી તરફ બેઠો હતો. અમારી બંનેની વચ્ચે આશરે પચાસેક ફૂટનું અંતર હતું. મારો ક્રમ આવ્યો. પૂજ્ય ઈશ્વરચરણ સ્વામીએ જાહેરાત કરી કે હવે ઉતારા વિભાગ પોતાનો અહેવાલ રજૂ કરશે. હજુ હું ઊભો થાઉં ત્યાં તો એક અગ્રણી અને મોભાદાર હરિભક્ત ઊભા થયા ને પોતાનાં સૂચનો શરૂ કરી દીધાં કે અમે લંડન C.F.I.માં ગયા હતા, ત્યાં દરેક આગંતુક મહેમાનો માટે ગાડીઓની વ્યવસ્થા હતી. આપણે પણ પરદેશના તમામ ભક્તો માટે આવી કોઈ વ્યવસ્થા કરવી જોઈએ. સારી રૂમ, સારા સ્વયંસેવકો વગેરે વગેરે...

આ દરમ્યાન મારો ગુસ્સો ક્રમે ક્રમે વધતો જતો હતો. કારણ કે એમનું એક પણ સૂચન પ્રૅક્ટિકલ નહોતું. વળી મને થતું હતું કે તમે ગાડીઓની વાત કરો છો, પણ અમારે દોડાદોડી કરવી હોય તો જૂની ખખડધજ જીપ છે, તો ગાડીઓ ક્યાંથી કાઢવાની છે ? તમારે વાતો કરવી છે, પણ તમે પોતે તમારી ગાડી સેવામાં આપી છે ?... આ બધું મારા મનમાં જ ચાલી રહ્યું હતું. એ સભ્ય પોતાનું ભાષણ પૂરું કરે પછી હું તેના સણસણતા જવાબો

આપવાની તૈયારી સાથે બેઠો હતો. તેમણે જેવી બેઠક લીધી કે તરત હું ઊભો થયો. હજુ શરૂ કરું તે પૂર્વે સ્વામીશ્રી અને મારી નજર એક થઈ. ૫૦ ફૂટ દૂર બેઠા બેઠા જ સ્વામીશ્રીએ બીજાને અણસાર પણ ન આવે એ રીતે આંખ મીચકારી ને સંકેતથી કહ્યું : 'શાંતિ !'

બીજી જ પળે મારું મન શાંત થઈ ગયું. યોગ્ય અહેવાલ આપ્યો. પછી સ્વામીશ્રીએ માઇક લીધું. કહે : 'ઉતારામાં આપણે બનતી બધી સગવડ આપવાના છીએ. વ્યવસ્થા પણ કરી છે. પણ ઉતારા નજીક રાખીશું એટલે ગાડીઓની જરૂર નહીં પડે.' આમ થોડી વારમાં તદ્દન વ્યવહારુ ઉકેલો આપીને વાતાવરણ હળવું બનાવી દીધું. મને લાગ્યું કે સ્વામીશ્રીએ જાતે ઉતારાની સેવાઓ પૂર્વે દોડી દોડીને, રાતોની રાતો જાગીને કરી છે, તો તેઓ કેટલા પ્રેક્ટિકલ છે !

મોટામાં મોટી વાત તો મને એ લાગી કે આટલી મોભાદાર વ્યક્તિનું મારાથી અપમાન થતું બચી ગયું. અને સ્વામીશ્રીએ શરીરનો કોઈ જ ભાગ હલાવ્યા વિના, કેવળ આંખના સંકેતથી મને શાંત કરી દીધો, તે મારા માટે અત્યંત હૃદયસ્પર્શી ક્ષણ બની રહી છે. ક્ષણ માત્રમાં અન્યના માનસ ઉપર Control કરવો એ પોતાના આત્મસ્વરૂપમાં રમમાણ વ્યક્તિત્વનો જીવંત પુરાવો જ કહી શકાય ને !

* * *

જનમંગલ સ્વામી

સુરેન્દ્રનગર

૧૯૭૫માં ઉનાળામાં જૂના નાવડામાં અમરશીભાઈને ત્યાં પારાયણમાં સ્વામીશ્રી ત્રણ દિવસ રોકાયા હતા. ઉતારો સ્વામિનારાયણ મંદિરમાં હતો. ફળિયામાં એક કૂઈ હતો, તેમાંથી દોરડું અને ડોલ લઈ હું પાણી સીંચતો અને સ્વામીશ્રી-સંતોને સ્નાન કરાવતો. સાંજે જમ્યા પછી સ્વામીશ્રી મંદિરમાં બેઠા હતા. હું ને સોમપ્રકાશ સ્વામી યુવકમાં હતા અને સ્વામીશ્રીના પગ દબાવતા હતા. તેમાં અચાનક સ્વામીશ્રીએ મને પૂછ્યું, 'તમારે સાધુ થવું છે ?' મેં 'હા' પાડી. પછી ગામનું નામ પૂછ્યું પછી કહે : 'તમો કેટલા ભાઈ?'

મેં કહ્યું : 'ત્રણ'

સ્વામીશ્રી કહે : 'અમે પણ ત્રણ ભાઈ હતા.'

'તમારો કેટલામો નંબર ?'

મેં કહ્યું : 'સૌથી નાનો.'

સ્વામીશ્રી કહે : 'હુંય સૌથી નાનો હતો ને સુખિયો થઈ ગયો. તમારે સુખિયા થવું હોય તો આવી જાવ !'

મેં કહ્યું : 'હવે ઘેર પાછા જવું જ નથી !'

જો કે સ્વામીશ્રીએ માતા-પિતાની સંમતિ પછી જ આવવાનું કહ્યું. પરંતુ આ એમનો પ્રથમ સંપર્ક અને એમની સાથેની પ્રથમ વાતચીત ત્યાગી થવા બાબત હતી. એ પછી બધું સાનુકૂળ થઈ ગયું. ને સ્વામીશ્રીનું જે સુખ લીધું છે, જેવા-જ્યારે નિહાળ્યા છે, તે યથા-તથા વર્ણવું છું. જો કે તેઓ તો અગાધ છે. પણ જે ઝીલાયું તે સર્વનું છે એ પણ એટલું જ સાચું છે ને !

* * *

૧૯૭૮ના વિચરણમાં અમે સ્વામીશ્રી સાથે જોડાયેલા. ઉતારો ધર્મશાળામાં હતો. એકાદશીની આગલી રાત્રે ૧૨ વાગ્યા સુધી સ્વામીશ્રીએ કથા કરેલી. બારસના દિવસે સ્વામીશ્રીએ પારણાંમાં માત્ર એક વાટકી મગ લીધેલા. બપોરે

બે વાગ્યા સુધી એકધારી પધરામણી ચાલી. તેમાં ૧૪૦ પધરામણી કરી ! પછી જમવા ભેગા થયા ! સ્વામીશ્રી બહુ જ થાકી ગયા હતા. ઉનાળો હતો વળી ઈલેક્ટ્રિસિટી નહીં. તેથી સ્વામીશ્રી આરામમાં પધાર્યા ત્યારે હું પંખો નાંખતો હતો, અને મને ઝોલું આવ્યું, તે સ્વામીશ્રી પર પડ્યો. પછી તો બેઠા બેઠા મને ઊંઘ આવતી, તેથી ઊભા ઊભા પંખો નાખવાનું શરૂ કર્યું તોય ઝોલાં ચાલુ જ રહ્યાં, ને ફરી એકવાર સ્વામીશ્રી પર પડ્યો. આ વખતે સ્વામીશ્રી એકદમ જાગી ગયા. મારી પરિસ્થિતિ જોઈ તે સ્મિત કરતાં પડખું ફરી સૂઈ ગયા ! એક શબ્દ પણ ઠપકો આપ્યો નહીં ! મને બહુ ડર લાગેલો, પરંતુ સ્વામીશ્રી કશું જ બોલ્યા નહીં, એ મારે મન મહાન આશ્ચર્ય હતું !

* * *

આ જ અરસામાં દામનગર વગેરે ગામોનું વિચરણ કરતાં સ્વામીશ્રી નાનીવાવડી ગયા, ત્યાં નગરયાત્રા થઈ. રાતના ૧૨ વાગ્યા સુધી કાર્યક્રમ ચાલ્યો. રાત્રે ૧૨ાા વાગ્યે સ્વામીશ્રી સુવા માટે ગયા ત્યારે બહુ જ થાકી ગયા હતા. અમે પગ દબાવતા હતા. લાઈટ બંધ થઈ ત્યાં સ્વામીશ્રીએ પૂછ્યું કે 'ચેષ્ટા બોલ્યા ?'

મેં કહ્યું : 'હા.' મારે મન એમ કે સ્વામીશ્રી થાક્યા છે તો સૂઈ જાય, પણ સ્વામીશ્રીએ ઊલટ તપાસ આદરી. કહે : 'ક્યારે બોલ્યા ? કોણ કોણ બોલ્યા ?' હું કાંઈ જ બોલ્યો નહીં. સ્વામીશ્રી સમજી ગયા ને પથારીમાં બેઠા થયા. લાઈટ ચાલુ કરાવી અને આખી ચેષ્ટા બોલ્યા. અમે પણ તેમાં જોડાયા. એ પછી રાત્રે ૧ વાગે સ્વામીશ્રી આરામમાં પધાર્યા ! સખત હાડમારીઓ વચ્ચે, દેહ તોડી નાખે એવા ભીડા વચ્ચે પણ સ્વામીશ્રીની પરાભક્તિને સદા તાજગીસભર જોઈ છે. એમની ભક્તિ ક્યારેય કરમાતી નથી !

* * *

૧૯૮૧, ઉત્તર ગુજરાતમાં સ્વામીશ્રીએ દાસજ ગામમાં મંદિરની પ્રતિષ્ઠા કરી. સ્વામીશ્રી સાંજે ચાર વાગ્યે આરામમાંથી જાગ્યા અને પ્રસાદ લેતા હતા ત્યારે મેં જિજ્ઞાસાવશ સ્વામીશ્રીને પૂછ્યું, 'અક્ષરધામ કેવું હશે ?'

સ્વામીશ્રી રમૂજમાં કહે : 'આ રૂમ જેવું.'

મેં કહ્યું : 'એમ નહીં, પણ સાચું કેવું હશે ?'

સ્વામીશ્રી કહે : 'તમે હરતું-ફરતું દવાખાનું જોયું છે ? તેમ આ હરતું-

ફરતું અક્ષરધામ છે.' એમ કહી પોતાને બીજે દિવસે આબુ જવાનું હતું તેથી કહે : 'એ અક્ષરધામ હવે કાલે આબુ જશે !' સૌ આ પરભાવની વાણી સાંભળી દિગ્મૂઢ થઈ ગયા ! સ્વામીશ્રી એટલે ઉપનિષદ્‌માં વર્ણવાયેલા અગમ્ય અક્ષરબ્રહ્મનો જ પર્યાય !

* * *

૧૯૮૨માં કપડવંજ તાલુકાના ગામડાંમાં સ્વામીશ્રીનું વિચરણ ચાલુ હતું. રોજના ત્રણ ગામ ફરતા, તેમાં તા. ૨૩-૨-૮૨ના રોજ તોરણાથી ક્લેસર ગામ જતા વચ્ચે એક વૃદ્ધ ભાવિકનો કૂવો હતો. ને પતરાનું છાપરું હતું ત્યાં પધરામણી કરવાની હતી. હજી બે ગામ પધરામણી કરી ત્રીજે ગામ બપોરનું ભોજન લેવાનું હતું. પેલા દાદા કરેણનાં ફૂલ વીણી લાવ્યા ને હાર બનાવતા હતા.

મેં કહ્યું, 'ફૂલ ભગવાન પાસે મૂકો ને આરતી કરો.'

દાદા કહે : 'ના, મારે સ્વામીશ્રીને હાર પહેરાવો છે.'

સ્વામીશ્રી કહે : 'તેમને હાર બનાવી લેવા દો, વાતું કરાવશો તો વધારે મોડું થશે.'

મેં દાદાને કહ્યું : 'લાવો, હું બનાવી દઉં.'

દાદા કહે : 'ના હું જાતે જ બનાવીને પહેરાવીશ.'

સ્વામીશ્રી મને કહે : 'તમે અહીં આવતા રહો ને ભજન ગાવ.' પછી દાદા હાર બનાવીને લાવ્યા અને આરતી કરી ત્યાં સુધી સ્વામીશ્રી બેસી રહ્યા. આમ ઘણું મોડું થયું પણ સ્વામીશ્રીએ તે વડીલની ભાવના પૂરી કરી !

* * *

બોરસદમાં સૂર્યમંદિરમાં વિવેકસાગર સ્વામી ભાગવતની પારાયણ કરતા હતા. સ્વામીશ્રી બોચાસણ મંદિરેથી કથામાં આવતા. હું ને સર્વમંગલ સ્વામી વિવેકસાગર સ્વામીની સાથે જ જતા. થોડી વારે સ્વામીશ્રી કથામાં આવ્યા. કથા ચાલુ હતી. હું ને સર્વમંગલ સ્વામી વાતો કરતા હતા. સ્વામીશ્રી અમને કહે : 'તમો કથામાં આગ્રહવાળાને ખપવાળા છો. ને વાતો કેમ કરો છો ? કથામાં માળા લઈને બેસવું ને એક ચિત્તે કથા સાંભળવી જોઈએ. વાત તો થાય જ નહીં. તમે જ્ઞાની થઈને વાતું કરો છો. આ કાયમ યાદ રાખશો.' તેમ પ્રેરણા આપી.

* * *

૧૯૮૨માં સારંગપુરથી વિદાય લેતા પહેલાં ઠાકોરજીનાં દર્શને પધાર્યા. હું બાજુમાં ઊભો હતો. સ્વામીશ્રી મૂર્તિનાં દર્શન કરતા હતા, ત્યારે હું સ્વામીશ્રી સામું જોઈ રહ્યો હતો.

સ્વામીશ્રી, 'મૂર્તિ સામે દર્શન કરો.'

મેં કહ્યું : 'મૂર્તિ તો અહીં કાયમ રહેવાની છે. આપ તો હમણાં જતા રહેશો.'

સ્વામીશ્રી કહે : 'જતાય નથી તે આવતાય નથી. અખંડ ભેગા જ છીએ. તમે જ્ઞાની થઈને ભૂલા કેમ પડ્યા ?'

* * *

૧૯૮૩માં સ્વામીશ્રી ડભાણથી નડિયાદ આવ્યા. સાંજનું જમવાનું ખેડા જિલ્લાના પ્રમુખ શ્રીચંપકસિંહ ગોહિલને ત્યાં હતું. ચંપકસિંહે પૂજન કરીને ૧૦૦ રૂપિયા ભેટ મૂક્યા. તે કોણે લીધા તે મને ખબર રહી નહીં. બીજે દિવસે નડિયાદના કાર્યકર નવનીતભાઈ પંચાલને મેં કહ્યું કે 'ચંપકસિંહને ૧૦૦ રૂપિયાની પહોંચ પહોંચાડવાની છે ને રૂપિયા મળતા નથી.'

નવનીતભાઈ કહે : 'મને ખબર નથી કે કોણે લીધા છે.' બહુ તપાસ કરી પણ કોઈની પાસે ન હતા. પરંતુ ૧૦ દિવસ પછી વડોદરા જિલ્લાના કોઈ ગામમાંથી સુરેશ નામના કોઈ યુવાનનો પત્ર આવ્યો અને એમાં લખેલું, 'મને કાલે જ રાત્રે પ્રમુખસ્વામીએ દર્શન દીધાં, અને કહ્યું કે તેં ધર્મના રૂપિયા ૧૦૦ ચોર્યા છે. તે સુખી નહીં થાય, અને તેં સંતો સાથેની પધરામણીના પણ પૈસા પોતાના ઘરમાં વાપરી નાખ્યા છે, તો તે પૈસા જનમંગલ સ્વામીને આપી દેજે. નહીં તો તેમને બીજા વિષે વહેમ આવે, ને દોષમાં તું પડીશ. માટે પૈસા મોકલી દેજે.' આ અદ્‌ભુત વિગત વાળો પત્ર મને સુરેશે લખેલો તે બોચાસણ મંદિરે મારી ગેરહાજરીમાં આવીને, ત્યાગવલ્લભ સ્વામીના ટેબલ પર મૂકીને જતો રહ્યો હતો. અને તેણે લખ્યું હતું, 'હું મારું સરનામું લખું તો પકડાઈ જાઉં તેથી લખેલ નથી !' આ અદ્‌ભુત બનાવથી સ્વામીશ્રીની સર્વાંતર્યામી શક્તિનો સહજ પરિચય થયો.

* * *

સ્વામીશ્રીનો લાભ લેવા ૧૦ દિવસ માટે હું સારંગપુર ગયો હતો. ત્યારે બે પત્રો સ્વામીશ્રીને સહી કરવા આપ્યા.

સ્વામીશ્રી કહે : 'આ સાક્ષાત્ સ્થાન, તેમાં વહેવાર કરાય જ નહીં ! તમો લાભ લેવા આવ્યા ને આવા સ્થાનમાં વહેવારની વાત જ ન થાય !'

મેં કહ્યું : 'તમો તો રોજ પચ્ચીસ પત્રો લખો છો તેમાં વહેવારની જ વાત હોય છે !'

સ્વામીશ્રી સ્મિત કરતાં કહે : 'વાદ ન લેવાય, કહે એમ કરાય. અમને તો વહેવાર અડતો જ નથી. અખંડ મહારાજ દેખાય છે !'

સ્વામીશ્રી સહજમાં બોલી ગયા ! આવી ધન્ય ક્ષણો બહુ થોડી મળતી હોય છે.

* * *

૧૯૮૪માં સ્વામીશ્રી નડિયાદ પધાર્યા હતા. ગોવિંદભાઈની 'રાજન બિલ્ડર્સ'ની જગ્યામાં પગલાં કરવા જવાનું હતું. તેમણે મંદિર કરવા ૧૮૦૦ વાર જગ્યા ડભાણ રોડ પર સંસ્થાને દાનમાં આપી હતી. વળી ૭૦૦ મકાનનું યોગીનગર બનાવ્યું હતું. આ સ્થળે સ્વામીશ્રી મંદિરના ખાતમુહૂર્ત નિમિત્તે પધાર્યા હતા. જગ્યા બરાબર સાફ ન હતી. વળી સ્વામીશ્રીએ પણ મોજડીને બદલે ચંપલ જ પહેર્યાં હતા. અચાનક ચંપલની સાઈડમાંથી ગાંડા બાવળનો મોટો કાંટો સ્વામીશ્રીના પગમાં પેસી ગયો. સ્વામીશ્રી ઊભા રહ્યા. અમે આવીએ ત્યાં તો તેમણે જાતે જ કાંટો ખેંચી લીધો. જેવો ખેંચ્યો અને લોહીની ધાર છૂટી. મેં લોહી લૂછી લીધું. સ્વામીશ્રી પણ કાંટો વાગ્યો કે તરત જ અવળા ફરી ગયા, જેથી સેવક સંતો-હરિભક્તોને તેની જાણ ન થાય.

સેવક સંતો તો આસન તૈયાર કરવા અગાઉ ચાલ્યા ગયા હતા. તેથી તેમને ખબર ન પડી. પણ સ્વામીશ્રી મને કહે : 'કોઈને કહેશો નહીં.' પણ વાત કંઈ છાની રહે ? નારાયણચરણ સ્વામી પગે નીકળેલી લોહીની ટશર જોઈ ગયા. અને આકળા થઈ ગયા. સ્વામીશ્રી તો શાંતિથી વિધિ પતાવી નજીકમાં ભરતભાઈ વી. પટેલને ત્યાં યોગીનગરમાં પધરામણી કરવાની હતી ત્યાં પધાર્યા. પોતે ગાડીમાંથી ઊતરવા જતા હતા, પણ સેવક સંતોએ ના પાડી, તેથી હું ઠાકોરજી લઈને ગયો. પછી વિલાસભાઈ બિલ્ડરને ત્યાં ઉતારો હતો. ત્યાં આવ્યા. અમે વિચાર કર્યો કે વ્યવસ્થાપકને બે શબ્દો કહેવા કે સાફસૂફ કરાવ્યા વગર સ્વામીશ્રીને બોલાવ્યા તે ઠીક ન થયું. સ્વામીશ્રી અંતર્યામીપણે જાણી ગયા કે સંતો આમ કરશે જ, તેથી બપોરે જમીને

આરામમાં જતી વખતે મને બોલાવી સ્વામીશ્રી કહે : 'કોઈની ઉપર રોષ કરવો નહીં. વાગવાનું હોય તો બંગલામાં, રૂમમાં બેઠા હોય તોય વાગી જાય.' અમે કાંઈ કહી શક્યા નહીં. વળી નંદકિશોર સ્વામીને ખબર નહી અને તે જ પગે પગ દબાવવા લાગ્યા. પણ સ્વામીશ્રીએ એક ઊંહકાર કે હરફ ઉચ્ચાર્યો નહીં ! આત્મનિષ્ઠા અને ક્ષમાભાવનું જાણે તારામૈત્રક રચાયું હતું !

* * *

નડિયાદના રશ્મિકાંત ઈશ્વરભાઈ પટેલ સ્વામીશ્રી માટે સરસ બ્લૅંકેટ લાવ્યા હતા. કોઈ રાજા-મહારાજા ઓઢે તેવું અને જોતાં જ ગમી જાય તેવું આ બ્લૅંકેટ કિંમતમાં પણ મોંઘું હતું. તેમનો એવો ભાવ કે સ્વામીશ્રી ઓઢે. બોચાસણમાં સ્વામીશ્રીને તેમની રૂમમાં આખું ખોલીને બતાવ્યું, સેવક સંતોને પણ ગમ્યું. પરંતુ સ્વામીશ્રી કહે : 'આ ઠાકોરજી માટે આપી દો. મારે જોઈતું જ નથી !'

પુજારી સંત કહે : 'સ્વામી ! ઠાકોરજીને માટે ઘણા સારા બ્લૅંકેટ છે જ, માટે આ આપ રાખો.'

સ્વામીશ્રી આકળા થઈ ગયા. કહે : 'જલદી રૂમમાંથી લઈ જાવ. મારે આ ઓઢવું જ નથી ભગવાન ને જ શોભે.' અંતે એ પુજારી સંતને આપી દીધું. પછી કહે : 'મહારાજને રોજ નવા હોય તોય વાંધો નહીં, સાધુથી ન લેવાય!'

* * *

૧૯૮૫માં લંડન, ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ દરમ્યાન પોરડાના વતની જી. એસ. પટેલની દીકરીનાં લગ્નમાં આશીર્વાદ આપવા જવાનું હતું. સ્વામીશ્રી, યોગીચરણ સ્વામી અને હું ત્રણે એક દરબાર હરિભક્તની ગાડીમાં નીકળ્યા. હું અને યોગીચરણ સ્વામી પાછળની તરફ બેઠા અને સ્વામીશ્રીને આગળ બિરાજમાન કર્યા. સ્વામીશ્રી તો ગાડીમાં બેઠા કે તરત જ પત્રો વાંચવા લાગ્યા. વાંચતાં વાંચતાં અમારી સાથે વાતો કરતા જાય. પરંતુ ઊંચી નજર પણ ન કરે.

થોડીવારે મને પૂછ્યું, 'લંડનની સરકાર તમને કેવી લાગી ?'

મેં કહ્યું : 'બહુ જ સારી, રહેવા માટે મફત મકાન આપે, ઉંમરવાળાને દવા પણ આપે, નાના છોકરાને બાબાગાડી આપે, દૂધ પણ મફત આપે.'

સ્વામીશ્રી કહે : 'એમ ? તમને સરકાર ગમી ને ?'

મેં કહ્યું : 'મા-બાપ જેવી છે.'

સ્વામીશ્રી ગાડી ચલાવતાં દરબાર હરિભક્તને કહે : 'ગાડી પાછી વાળો.'

દરબાર કહે : 'ક્યાં જવું છે ?'

સ્વામીશ્રી કહે : 'પાર્લામેન્ટમાં. સરકારને આમંત્રણ દેવા ! કે અમારા સંતોને તમે ગમ્યા છો તો ભારતમાં રાજ કરવા આવો !' આમ કહી ગાડી ઊભી રખાવી. પછી મને કહે : 'તમને અંગ્રેજી આવડે છે ?'

મેં કહ્યું : 'ના.'

સ્વામીશ્રી કહે : 'મનેય આવડતું નથી તો દેશમાં નારાયણમુનિ સ્વામી પાસે શીખીને પછી આવીશું.' એમ કહીને હસી પડ્યા ! ને ગાડી આગળ લેવડાવી ! આટલા મહાન પુરુષ ને આટલા હળવા ? લોકોની કલ્પનામાં બેસે તેવી વાત નથી, પણ આ 'રસિયા વાલમ'ના આવા અનુભવો તો હજારોને પ્રત્યક્ષપણે થયા છે.

* * *

બોચાસણમાં બપોરે સ્વામીશ્રી જમીને બેઠકરૂમમાં મુલાકાત માટે બેઠા. અને સેવક સંતો જમવા ગયા. મુલાકાતીઓને મળી લીધું. આ સમયે સ્વામીશ્રી પાસે હું , આત્મવિહારી સ્વામી અને કાનજીભગત ત્રણ જ હતા.

અચાનક સ્વામીશ્રી કહે : 'સંતો મને રોજ કહે છે, તમો આરામમાં મોડા જાવ છો તો આજે તેમને બતાવી દેવું છે અને વહેલા સૂઈ જવું છે.' તેમ કહેતાં સ્વામીશ્રી ઊઠીને પલંગ પર બેઠા.

મેં કહ્યું : 'પાણી પીવું છે ?'

સ્વામીશ્રી કહે : 'પાવું હોય તો જલદી પાઈ દ્યો. હમણાં પેલા આવશે (સેવક સંત).' એમ કહી બે ઘુંટડા પીને બ્લૅંકેટ ઓઢીને સૂઈ ગયા અને લાઇટ બંધ કરી, અમો પગ દાબતા હતા. થોડી જ વાર થઈ ત્યાં કૃષ્ણવલ્લભ સ્વામી આવ્યા. એમને નવાઈ લાગી ને બોલ્યા, 'વાહ ભાઈ, સૂઈ ગયા ? નવાઈ કહેવાય !'

સ્વામીશ્રી એમ જ નસકોરા બોલાવતા હતા. કૃષ્ણવલ્લભ સ્વામી બોલ્યા તેથી સ્વામીશ્રી કહે : 'કોણ વાતું કરે છે ? કો'કને જગાડી દીધા ! માંડ ઊંઘ આવી હતી !' આમ ગમ્મત કરી અને સુખ આપ્યું.

* * *

એક વખત બોચાસણમાં સાંજે ૫ વાગ્યે ઠાકોરજીનો પ્રસાદ જમતા હતા. તે સમયે મેં સ્વામીશ્રીને કહ્યું : 'અત્યારે યોગીબાપા આવ્યા હોય તો તમારે નીચે બેસી જવું પડે.'

સ્વામીશ્રી કહે : 'આવે તો નીચે જ બેસી જવું પડે. તમારા ભેગું.'

મેં ફરી કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ બેય પ્રગટ થઈને અહીં કાયમ રહે તો તમારે ગાદી ખાલી કરવી પડે !'

તરત જ સ્વામીશ્રી બોલ્યા, 'તે જ ગાદી પર બેઠા છે. ગયા જ નથી. તમને 'ગયા' તેમ મનાય છે ?'

'ના બાપા !' મેં ઉતાવળે કહ્યું.

સ્વામીશ્રી કહે : 'એમજ માનવાનું છે કે તે જ છે.' - સ્વસ્વરૂપ કે સ્વસામર્થીની આવી અદ્‌ભુત ક્ષણો પામી આનંદ આનંદ થઈ ગયો !

* * *

ધુવારણ મંદિરની પ્રતિષ્ઠાના દિવસે ઘણો જ ભીડો હતો. બપોરે સ્વામીશ્રીને આરામ પણ બરાબર નહોતો મળ્યો. રાત્રે સ્વામીશ્રી પત્રો લખતા હતા. અમે સંતો સામે બેસીને દર્શન કરતા હતા. રાત્રે પોણા બાર થયા. બધા સંતો રાહ જોતા હતા કે ક્યારે સ્વામીશ્રી પત્ર લખવાનું બંધ કરે. કારણ કે સંતો પણ થાક્યા હતા ને ઊંઘ ભરાણી હતી. પણ સ્વામીશ્રી પત્રો લખવામાં મશગુલ હતા.

છેવટે મેં સ્વામીશ્રીને કહ્યું : 'હવે આરામ કરો.'

સ્વામીશ્રી કહે : 'તમારે (પત્રો) લખવા નહીં, ને લખે તેને બંધ કરાવવા છે. તમને એમ થાય છે કે સ્વામી એકલા લખે છે તો હું મદદ કરું ને બે-પાંચ પત્રો લખું ?!'

મેં કહ્યું : 'અમારું લખેલું માન્ય ન થાય અને અમારા અક્ષર પણ ગરબડિયા.'

વળી મેં પૂછ્યું, 'તમારા અક્ષર ગામડાંમાં હરિભક્તોને ઉકલતા હશે ?'

સ્વામીશ્રી કહે : 'ન ઉકલે તોય એમ તો થાય કે સ્વામીનો પત્ર આવ્યો છે. તે પ્રશ્ન હલ થશે ને શાંતિ થાય.' પછી એકદમ કહે : 'આ તો અક્ષરનાં દર્શન કરે તોય ધડાકા થાય !!'

પછી થોડી ગમ્મત કરતાં કરતાં રાત્રે ૧૨ વાગ્યે આરામમાં ગયા, પણ

બ્રહ્મના સંબંધનો કેવો પ્રભાવ ને પ્રતાપ છે તે સ્વમુખે સાંભળવા મળી ગયો !

* * *

અટલાદરામાં સ્વામીશ્રી વસંત પંચમીએ સવારે પૂજા કરીને રૂમમાં જતા હતા હું પાછળ જ હતો. સ્વામીશ્રી જાળી પાસે પહોંચ્યા અને પાછળ ફરીને મારો હાથ પકડી મને જાળી પકડાવી. અને કહે : 'કોઈ સંત કે હરિભક્તોને અંદર આવવા દેશો નહીં. મારે સમૈયાની સભામાં વહેલા જવું છે. હું નાસ્તો કરીને આવું ત્યાં સુધી જાળી પકડીને ઊભા રહો.' સ્વામીશ્રી ગયા અને તરત જ ગોંડળના કોઠારી જ્ઞાની સ્વામી, ભાદરાના કોઠારી દેવચરણ સ્વામી, ભગવત્ ચરણ સ્વામી અને બીજા સંતો આવ્યા. મને કહે : 'કેમ અહીં ઊભા છો ?'

મેં કહ્યું : 'ખાલી ઊભો છું.' એટલે બધા સંતો અંદર રૂમમાં ગયા. હું પાછળ પાછળ ગયો.

સ્વામીશ્રી કહે : 'કેમ બધાને અંદર આવવા દીધા ?'

મેં કહ્યું : 'સમૈયો તો સાંજે પતી જશે ને અમારે તો કાયમ ભેગા રહેવાનું છે, તે આવવા દેવા પડે.'

સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા અને કહે : 'આજ્ઞા પાળવી તેમાં મહોબત ન રખાય.' એવામાં પ્રિયદર્શન સ્વામી કહે : 'હરિભક્તો લાખો રૂપિયાની સેવા કરે છે. તોય ક્યાં અંદર આવવા દે છે ?'

મેં કહ્યું : 'તેમને (હરિભક્તોને) ન આવવા દે તો તેમનાં બૈરા-છોકરાં ભેગા બેસીને આનંદ કરશે, પણ સંતો ક્યાં જાય ? તેને તો તમે જ એક છો !' સ્વામીશ્રી બહુ જ હસ્યા અને કહે : 'સંતો ભલે આવ્યા. સારું થયું !'

રમૂજ જાતે જ ઊભી કરીને સ્વામીશ્રી ઘણીવાર ખૂબ સુખ આપે છે.

* * *

એક વાર અટલાદરામાં સાંજની સભામાં ઘણા જ હરિભક્તો આવ્યા હતા. સ્વામીશ્રીની વિદાયસભા હતી. બીજે દિવસે સ્વામીશ્રી મુંબઈ જઈને પરદેશ જવાના હતા. તેથી મળનારા પણ બહુ જ હતા. સભા પછી વ્યક્તિગત દર્શન આપવા બિરાજ્યા. પરંતુ બધા જ એક સાથે ઊઠ્યા ને અવ્યવસ્થા સર્જાઈ ગઈ. ધસારો ખૂબ વધી ગયો.

એવામાં એક ભાઈ આવ્યા. ને કહે : 'બાબાનું નામ શું પાડવું ?'

બીજાભાઈ કહે : 'આને વ્યસન મુકાવોને ?'

ત્રીજાભાઈ આવ્યા ને કહે : 'મારે ટેમ્પો લેવો છે. તો ભાગીદારીમાં લઉં કે એકલો ?' આ દરમ્યાન કંઠી પહેરનારા તો ચાલુ જ હતા.

હું સ્વામીશ્રી પાસે બેઠો બેઠો બધું જોતો હતો. થોડીવારે સ્વામીશ્રીને કહ્યું : 'આપને વે'વાર બહુ છે !'

સ્વામીશ્રી કહે : 'મારે કોઈ વહેવાર નથી. અમારે તો અખંડ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન થાય છે. વહેવાર તો બધો તમારે છે.'

ફરી મેં કહ્યું : '૫૦૦૦ના માથા પર હાથ મૂકો છો તો હાથ થાકી જાય, એટલે એક નકલી લાકડાનો હાથ બનાવો તે હરિભક્તોના માથા પર મોટર દ્વારા મુકાયા કરે.'

સ્વામીશ્રી અધવચ્ચે જ બોલી ઊઠ્યા, 'અમે નકલી માલ રાખતા જ નથી ! અમારી પાસે તો અસલી જ માલ છે.'

નિખાલસ અને નિર્દંભ પુરુષનું વ્યક્તિત્વ કેવું હોય તે પૂછવા કરતાં સ્વામીશ્રીના જીવનમાં ડોકિયું કરી લેવાની જરૂર છે ! જેમને અખંડ ભજનની રટના લાગી છે અને પરમાત્માથી અધિક કાંઈ જ નથી. વળી, પરમાત્મા જેવી અસલી મૂડીના જે ધણી છે, તે પૂર્ણકામ હોય તેમાં શી નવાઈ ?

* * *

સારંગપુરમાં સ્વામીશ્રી ભક્તચિંતામણિની પારાયણનો લાભ આપતા હતા. પૂર્ણાહુતિને દિવસે બુધવાર હતો. સ્વામીશ્રી આશીર્વાદમાં કહે : 'આજે ગુરુવારને નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિ ગ્રંથની પૂર્ણાહુતિ પણ ગુરુવારે કરી. આપણે પણ પારાયણની પૂર્ણાહુતિ ગુરુવારે થઈ.' આમ બે વાર બોલ્યા. સૌ સંતો ચર્ચા કરવા લાગ્યા કે આજે તો બુધવાર છે! કથામાં એક હજાર જેટલા હરિભક્તો પણ બેઠા હતા. પણ કોઈએ સ્વામીશ્રીને કાંઈ કહ્યું નહીં કે આજે બુધવાર છે.

બીજે દિવસે સાંજે સ્વામીશ્રી બપોરે પ્રસાદ જમતા હતા ત્યારે મેં સ્વામીશ્રીને કહ્યું : 'કાલે પૂર્ણાહુતિમાં આપ એમ બોલ્યા હતા કે આજે ગુરુવાર છે. પણ હતો બુધવાર.'

સ્વામીશ્રી કહે : 'આજે ગુરુવાર થયો કે નહીં ?'

મેં કહ્યું : 'આજે થયો, પણ કાલે તો નહોતો ને ? તમે તો કાલે બોલ્યા હતા.'

સ્વામીશ્રી કહે : 'તમે 'વાર' જોડે પરણો છો કે ગુરુ જોડે ?' એમ કહીને બોલ્યા : ગુરુ બોલે તે જ વાર કહેવાય. શંકા ન કરવી, તો જ તેમને જાણ્યા કહેવાય !'

દિવ્યભાવ રાખવાનો પાઠ આટલા જ શબ્દોમાં સ્વામીશ્રીએ બહુ સરળતાથી સમજાવી દીધો.

* * *

નેનપુરમાં કાર્યકર શિબિર થવાની હતી તેની પૂર્વ તૈયારીની વાત ઈશ્વરચરણ સ્વામી સ્વામીશ્રીને અટલાદરામાં કહી રહ્યા હતા. સ્વામીશ્રીએ ઉતારા, સભા, બાથરૂમ-સંડાસ, રસોઈ વગેરે બાબત ઊંડાણથી પૂછપરછ કરી.

પછી મેં કહ્યું : 'સંતોને ઉતારા માટે રૂમ છે ? કે ક્યાં રહેવાનું ?'

સ્વામીશ્રી આ સાંભળીને કહે : 'આપણે દેહની ચિંતા કરાય જ નહીં, ભૂમિ પાથરણું ને આકાશ ઓઢણું ! પરમહંસો જંગલમાં રહેતા ! આ તો કાર્યકરો-યુવકોની વ્યવસ્થાની વાત ચાલે છે. સાધુને વળી સગવડ જોઈતી હોય ? જ્યાં ત્યાં પડી રહેવું ને ભજન કરવાનું હોય !'

સ્વામીશ્રી પોતાની અલમસ્ત ફકીરીમાં બોલી રહ્યા હતા. અમને આ સુંદર પ્રેરણાપાઠ હતો.

* * *

સ્વામીશ્રી ૧૯૮૬માં કાર્તિકી પૂનમનો ઉત્સવ બોચાસણ કરીને નડિયાદ પધાર્યા. અહીં બે દિવસનો કાર્યક્રમ હતો. વિવેકસાગર સ્વામી કથા કરી રહ્યા હતા. તે જ સમયે ચાલુ સભામાં નરસંડાના ગોરધનભાઈ ઝવેરભાઈ પટેલ સ્વામીશ્રીનાં દર્શન માટે સ્ટેજની ધારે નીચે આવીને ઊભા. સ્વામીશ્રીને 'જય સ્વામિનારાયણ' કહ્યા. સ્વામીશ્રીએ પત્ર લખતાં લખતાં ઊંચે જોયું ને આ વડીલને જોઈ એકદમ સિંહાસનેથી ઊતરી ધાર પાસે ચાલીને આવી ગયા. વાંકા વળીને ઊભા ત્યાં ગોરધનભાઈએ વાત ચાલુ કરી. હું આ હરિભક્તના ખૂબ સારા પરિચયમાં હતો. વળી નરસંડા જઈએ તોય તેમના ઘરે જ ઊતરતા. તેથી મને જિજ્ઞાસા થઈ કે તેઓ શું વાત કરે છે ? હું નજીક

પહોંચ્યો ત્યારે તેઓ આગ્રહ કરી રહ્યા હતા કે 'બાપા ! મારા ઘરે પધારો !'

સ્વામીશ્રી સમજાવતાં હોય તેમ કહે : 'હમણાં સમય નથી, તેથી ફરી આવી જઈશું.'

આ વાત ચાલુ હતી ને મેં કહ્યું : 'બાપા ! ત્યાં જવા જેવું નથી.' પણ સ્વામીશ્રીએ તેમને શાંતિથી સમજાવીને વિદાય કર્યા. પછી મને કહે : 'તમે એમ કેમ કહ્યું કે જવા જેવું નથી ?'

મેં કહ્યું : 'આ પહેલાં આપ ગયા ત્યારે આપને તાવ હતો તોય બે-પાંચ કરતાં ૫૦ પધરામણીઓ કરાવેલી.'

સ્વામીશ્રી મારી ફરિયાદ સાંભળતાં કહે : 'તમને ખબર છે; એમણે શાસ્ત્રીજી મહારાજના વખતમાં આપણો કેવો પક્ષ રાખ્યો હતો ? જ્યારે એ ગામમાં કોઈ આવવા દે નહીં, એવી સ્થિતિ હતી, ત્યારે સ્વામીને ગામના મંદિરમાં ઉતારતા. સીધું એમને ઘેરથી આવતું.' પછી કહે : 'ભલે જઈ ન શકાય, પણ 'જવા જેવું નથી' એમ ન બોલવું!'

મેં માફી માગી. એ પછી સ્વામીશ્રી વરતાલ દર્શને જવા નીકળ્યા ત્યારે અમારી ગાડી આગળ જતી રહી ને સ્વામીશ્રી નરસંડાના પાટિયે વળી ગયા. ગોરધનભાઈ તો ઘરને હિંચકે બેઠા હતા, ને સ્વામીશ્રી ગાડીમાંથી ઊતર્યા ! તેઓ ભાવવિભોર બની ગયા ! આજે સ્વામીશ્રી અકારણ કરુણા કરી અતિથિ બનીને આવી પહોંચ્યા હતા !

ગોરધનભાઈની આંખે હર્ષનાં આંસુ ઊભરાયાં ! ગદ્‌ગદ ભાવે સ્વામીશ્રીની પધરામણી કરાવી, ઉપરના માળે નવા કરેલા બે રૂમમાં પુષ્પો છાંટી સ્વામીશ્રી વરતાલ જવા નીકળ્યા.

આજે પણ જ્યારે ગોરધનભાઈ આ પ્રસંગ યાદ કરે છે ત્યારે તેમની આંખો ભીની થાય છે. ભાવવિભોર બની સ્વામીશ્રીની કરુણાને તેઓ વહાલી મૂડીની જેમ સાચવી રહ્યા છે.

* * *

૧૯૮૭માં વિષ્ણુભાઈ દેસાઈને ત્યાં નડિયાદમાં સ્વામીશ્રીનો ઉતારો હતો. સાંજે ૪ વાગ્યે સ્વામીશ્રી નહાવા માટે ગયા. નારાયણચરણ સ્વામી કહે : 'આજે સ્વામીશ્રીને નવું ધોતિયું પહેરાવવાનું છે. જૂનું બહુ જરી ગયું છે. માટે સ્વામી નાહીને બહાર આવે પછી પહેરવા નવું ધોતિયું એમને

આપજો.'

મેં કહ્યું : 'વાંધો નહીં.' થોડીવારે સ્વામીશ્રી નાહીને આવ્યા. ને મેં નવું ધોતિયું આપ્યું. સ્વામીશ્રીએ લઈ લીધું ને પહેરતાં ખબર પડી કે આ તો નવું છે. મને કહે 'જૂનું ક્યાં ? તે લાવો.'

મેં કહ્યું : 'જે હોય તે પહેરીને તમારે શરીર જ ઢાંકવું છે ને ? જે આપે તે પહેરી લેવું.'

સ્વામીશ્રી કહે : 'બહુ જ્ઞાન થઈ ગયું છે. રુચિ પ્રમાણે કરવું.'

એમ પોતાની સાદાઈની રુચિ સહેજે જણાવી.

* * *

રઢુના શંકર ભગત કંઠી-માળાનો ફરતો બુક સ્ટોલ મોટા પટારામાં સ્વામીશ્રી જ્યાં હોય ત્યાં સાથે ફેરવતા. તેમને ગંભીર બીમારી આવી અને નડિયાદમાં ડૉ. બી.એલ. ભટ્ટના દવાખાનામાં દાખલ કર્યા. શંકર ભગતના ભાણા ચીમનલાલ નડિયાદ રહે. તેમણે સ્વામીશ્રીને વાત કરી કે શંકર ભગતની હાલત ગંભીર છે.

સ્વામીશ્રી મને કહે : 'મારે ખબર પૂછવા દવાખાને જવું છે.'

મેં કહ્યું : 'કાલે એ બાજુ આપણે નીકળવાનું છે ત્યારે જઈ આવીશું. કારણ કે એ વિસ્તારમાં ટ્રાફિક બહુ જ હોય છે.'

બીજે દિવસે સ્વામીશ્રીએ મને બોલાવ્યો, અને કહે : 'ચાલો શંકર ભગતની ખબર જોઈ આવીએ.'

મેં કહ્યું : 'સાંજે ત્યાંથી જ નીકળવાનું છે ત્યારે જઈશું.' એ જ બપોરે આરામ કરીને સ્વામીશ્રી જાગ્યા અને સમાચાર આવ્યા કે શંકરભગત ધામમાં ગયા છે !! સ્વામીશ્રીને ખૂબ દુઃખ થયું. મને કહે : 'તમે આજ ને કાલ, સાંજ ને સવાર કરીને મને રોકી રાખ્યો. તેમની ખબર જોવા જવાનું હતું. તે મનમાં રહી ગયું. બહુ જ ઇચ્છા હતી ને મનમાં રહી ગઈ.' પછી ખૂબ ભાવથી ધૂન બોલાવી, પણ ત્યારે મને થયું કે સ્વામીશ્રીની ઇચ્છા હોય તેમાં આપણે હવેથી ડહાપણ કરવું નહીં !

* * *

અટલાદરામાં મેં સ્વામીશ્રીને કહ્યું : 'હવે આટલા બધા લોકો મળવા આવે છે પણ હવે દર્શનની ફી રાખો. જેથી થોડો ઘસારો ઘટે.'

સ્વામીશ્રી કહે : 'ભૈ, અમે જનમંગલ નથી, સર્વમંગલ છીએ. દરેકનું સારું કરવું છે. તે ફી ન રખાય. જનમંગલ તો જનનું જ કલ્યાણ કરે. ને સર્વમંગલ તો સર્વનું કલ્યાણ કરે ! અમારે જીવ માત્રનું સારું કરવું છે, એટલે ફી ન હોય !'

સ્વામીશ્રીની કલ્યાણભાવના આ શબ્દો દ્વારા ઊછળી આવી !

* * *

સ્વામીશ્રી ૧૯૮૮ની વિદેશયાત્રાએ જવાના હતા તે પૂર્વે સારંગપુર પધાર્યા હતા. એક સવારે એક સંતે પૂછ્યું, 'હવે તમે ૧૦ દિવસ જ દેશમાં છો. પછી ૧૦ મહિના પરદેશ જવાના છો, તો તમને એમ થાય છે કે મારે ૧૦ દિવસમાં આ બધા સંતો-હરિભક્તોને મૂકીને પરદેશ જવાનું છે.'

સ્વામીશ્રી અદ્‌ભુત સૂત્ર બોલ્યા, 'મારે દેશ કે પરદેશ કાંઈ છે જ નહીં !!'

મેં કહ્યું : 'આ લોકની દૃષ્ટિએ તો જશોને ?'

સ્વામીશ્રી કહે : 'આ લોકમાં રહેતો જ નથી, પરલોકમાં જ રહું છું ! આ લોકમાં રહેતા હોય તો આ લોકનું બંધન હોય ને !'

મેં કહ્યું : 'શાનું બંધન હોય ?'

સ્વામીશ્રી કહે : 'સેવકનું-સ્થાનનું-પદાર્થનું; છે મને કોઈ બંધન ?'

મેં કહ્યું : 'ના.' પછી પૂછ્યું, 'અમે કયા લોકમાં રહીએ છીએ ?'

સ્વામીશ્રી કહે : 'તમને બંધન ના હોય તો પરલોકમાં ! ને હોય તો આ લોકમાં તો છો જ !' સ્વામીશ્રીની બ્રહ્મદૃષ્ટિનો આ સ્પષ્ટ પરિચય હતો !

* * *

૧૯૮૯માં સ્વામીશ્રી એક વખત કાર્યક્રમ વગર જ અચાનક બોચાસણ આવ્યા. આ સમયે સભામાં ફક્ત ૫૦ હરિભક્તો બેઠા હતા.

મેં કહ્યું : 'આપ ભગવાન જેવા સંત પધારો ને સભામંડપ સાવ ખાલી લાગે છે.'

સ્વામીશ્રી કહે : 'ખાલી ક્યાં છે? લાખો મુક્તો બેઠા છે. તમો સભા હૉલમાં ચાલો ત્યારે મુક્તો ભટકાતા નથી ?'

મેં કહ્યું : 'ના, સ્વામી ! મને તો કોઈ ભટકાતા નથી !

સ્વામીશ્રી કહે : 'અરે ! ચાલવાની જગ્યા પણ નથી, મને તો ભટકાય છે !' બ્રહ્મદૃષ્ટિનો આ નવો આયામ હતો કે શું ?

* * *

આટલાદરામાં સ્વામીશ્રી વસંત પંચમીના બીજા દિવસે સવારે મંદિર પર મધ્યખંડમાં દર્શન કરતા હતા. હું બાજુમાં ઊભો રહી સ્વામીશ્રીનાં દર્શન કરતો હતો. સ્વામીશ્રી દર્શન કરી રહ્યા એટલે મેં તરત સ્વામીશ્રીને પૂછ્યું, 'આપે શું પ્રાર્થના કરી ?'

સ્વામીશ્રી કહે : 'સંતો એકાંતિક ધર્મ સિદ્ધ કરે અને શરીર સારું રહે ને હરિભક્તો તને-મને-ધને સુખી થાય ને બધાયને હું રાજી કરી શકું !'

મેં કહ્યું : 'તમને શરીરમાં ઘણી તકલીફ છે, તેની પ્રાર્થના કેમ કરતા નથી ?'

સ્વામીશ્રી કહે : 'આપણા માટે પ્રાર્થના ના કરાય, મહારાજ રાખે તેમ રહેવાય.'

બહુ સહજતાથી બોલાયેલું આ વાક્ય એમની અદ્‌ભુત જીવન ભાવના વ્યક્ત કરી ગયું ! સૌને ભક્તિની એક નવી દિશા મળી !

* * *

સારંગપુરમાં સ્વામીશ્રીની ૭૦મી જન્મજયંતીના આગળના દિવસે રાત્રે સભામાં અમરદાસ ખારાવાલાંનો કાર્યક્રમ ચાલુ હતો. અને સ્વામીશ્રી સ્ટેજ સામે નીચે બેસી માળા ફેરવતા હતા. મેં સ્વામીશ્રીને પૂછ્યું : 'આપ નવરા છો તો મારે બે ત્રણ પ્રશ્નો પૂછવા છે.'

સ્વામીશ્રી કહે : 'હું ક્યાં નવરો છું ?'

મેં કહ્યું : 'તમે અત્યારે માળા ફેરવો છો.'

સ્વામીશ્રી કહે : 'તમે માળા ફેરવવી તેને કામ સમજતા નથી, પરંતુ મારે મન તો માળાથી કોઈ કામ મહત્ત્વનું નથી. ને માળા કરતા વાત થાય નહીં. ભજનથી કોઈ કામ મોટું નથી.'

સ્વામીશ્રીની સ્થિતિ સદા સહજાનંદમાં છે, વ્યવહારની અટપટી પળોજણનો તેમને કોઈ ભાર કે ભાવ નથી, એ દર્શન આ શબ્દોમાં થઈ ગયું. પછી તો જો કે સ્વામીશ્રીએ મારી સાથે કેટલીક વાતો કરી હતી.

* * *

૧૯૯૨માં યોગી શતાબ્દી પછી તરત જ સ્વામીશ્રીનું વિચરણ ખેડા

જિલ્લામાં હતું. અહીં ચકલાસી ગામે મૂર્તિપ્રતિષ્ઠાનો કાર્યક્રમ હતો. આથી એક રાત નડિયાદમાં રોકાણ હતું. વળી અહીંની એક કોલોનીમાં પીપલગવાળા અરવિંદભાઈનું સ્ટેચ્યુ પધરાવવાનું હતું. આથી સ્વામીશ્રીએ મને અગાઉ યોગી શતાબ્દીની વિદાય સભામાં કહેલું કે હું સાંજે આવીશ અને સવારે નીકળી જવાનો છું. માટે ત્યાં કોઈને જાણ કરશો નહીં. ને DDITના પ્રિન્સિપાલ હર્ષદભાઈને ત્યાં ઉતારો રાખશો.

કાર્યક્રમ મુજબ સાંજે સ્વામીશ્રી આવ્યા. તે સમયે પાંચ સંતો અને હર્ષદભાઈના મિત્ર - બસ, આટલા જ સ્વામીશ્રીની સામે દર્શને બેઠા હતા. આથી મેં પૂછ્યું, 'આપને ખાલી-ખાલી લાગે છે ? સ્વામિનારાયણ નગરમાં, ગાંધીનગરમાં તો રોજ લાખો માણસો ! ને અહીં પાંચ જણ છે.'

સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા, 'અમે ભગવાન રાખ્યા છે. તેથી ભર્યું-ભર્યું જ છે ! નહીં તો આખી દુનિયા હોય તોય ખાલી છે !' સ્વામીશ્રીની ફકીરી - સહજાનંદી અલમસ્તાઈ આવા કો'ક પ્રસંગે છતી થઈ જાય છે !

* * *

નારાયણચરણ સ્વામી

સ્વામીશ્રીના અંતેવાસી

૧૯૭૦માં મારી ઉંમર બારેક વર્ષની હશે. દિવાળીનું વૅકેશન તીર્થોમાં ગાળવાનું વડીલોએ નક્કી કરેલું. તેથી ગોંડલમાં યોગીજી મહારાજની દિવ્ય ઉપસ્થિતિમાં જ અન્નકૂટનો લાભ લીધો. અહીંથી સીધા ઘરે જ જવાનું હતું, પરંતુ યોગીજી મહારાજે વડીલોને આજ્ઞા કરી કે ગઢડા-સારંગપુર દર્શન કરીને જજો. અમે ગઢડા થઈ સારંગપુર પહોંચ્યા. સંધ્યા ઢળી ચૂકી હતી. મંદિરે તો દર્શન ન જ થયાં પરંતુ ઇલેક્ટ્રિસિટી નહીં, તેથી શાસ્ત્રીજી મહારાજની દેરીએ પણ દર્શન બંધ હતાં. પરંતુ સ્વામીશ્રી એ સમયે સારંગપુરમાં જ અન્નકૂટ કરતા. તેઓ તરત જ ફાનસ હાથમાં લઈને આવી ગયા. જાતે જ અમારી બધી જ વ્યવસ્થા કરી, વળી દેરીએ દર્શન કરાવવા માટે પ્રગટ ભગટને સાથે મોકલ્યા. જીવા ખાચરના દરબારમાં પણ અમને દર્શન માટેનું આયોજન કર્યું. પાછા આવ્યા ત્યાં સુધી પોતે મંદિરમાં અમારી જમવાની વ્યવસ્થા કરી રાખી અને રાત્રે જમાડવામાં પણ ઊભે પગે અમારી સેવામાં !

અમે રાત્રે ૧૧.૩૦ વાગે ઘોડાગાડીમાં બોટાદ જવા નીકળ્યા ત્યારે પણ વિદાય આપવા હાજર ! સ્વામીશ્રીનાં પ્રથમવાર દર્શન કરવાનો એ મારે ભાગે ધન્ય અવસર હતો. હરિભક્તોને સ્વજનથીયે અધિક માનીને વર્તવાનો એમનો સ્વભાવ આજકાલનો નથી.

* * *

૧૯૭૨માં પૂર્વાશ્રમમાં ઘરે પારાયણ પ્રસંગ યોજાયો. જેમાં સ્વામીશ્રી સાથે રહેવાની તક મળી. તેમાં સ્વામીશ્રીના અતિ અપાર, સ્ફટિક સમા પારદર્શક પ્રેમના સ્પર્શે મને બાળપણમાં જ એમના તરફ આકર્ષણ જગાડી મૂક્યું હતું. અને એ જ હેતમાં સાધુ થવાની પ્રેરણા મળી હતી.

એકવાર અમે બાળકો-યુવકો અટલાદરા ગયા હતા. શ્રાવણ માસના પર્વ પ્રસંગે મેં ૧૫ દિવસનાં ધારણાંપારણાં કર્યાં હતાં. સ્વામીશ્રી એક સાંજે

સ્નાન કરવા પધાર્યા ત્યારે મને વહાલથી પૂછ્યું, 'શું...., પાણી પીવું છે ?'

'ના સ્વામી.' મેં કહ્યું : '(ઉપવાસ) ખેંચી કાઢીશ.'

સ્વામીશ્રીએ અતિ પ્રેમથી માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા હતા. અને એ એકાદશીની સંધ્યાસભામાં સેંકડો હરિભક્તોની હાજરીમાં મને લક્ષ્ય બનાવીને તપનો ખૂબ મહિમા કહ્યો. પ્રોત્સાહન આપવાની એમની રીત પણ કેવી નિરાળી !

સ્વામીશ્રી કહે : 'જુઓ, આવડાં છોકરાં યોગીબાપાના પ્રતાપે કેવા ઉપવાસ કરે છે !' એમ કહી મહારાજ, યોગીબાપા અને યુવકોના ગુણગાન કરી પોતાની રુચિ પણ જણાવી દીધી. બાળકે કરેલાં તપ-વ્રત પણ એમના ધ્યાન બહાર જતાં નથી ને તેને પ્રોત્સાહન આપવાનું તો તેઓ આજે પણ ક્યારેય ચૂકતા નથી.

* * *

૧૯૭૫માં સ્વામીશ્રી દાસજ ગામે પધાર્યા હતાં, એ સમયના અત્યંત હાડમારી ભર્યા વિચરણમાં રાત્રિનો વિસામો ગામની પ્રાથમિક શાળાના બે ઓરડાઓમાં રહેતો ! ઉનાળાના દિવસોમાં સ્વામીશ્રી શાળાની ઓસરીમાં રાત્રે પથારી પથરાવી આરામ કરી લેતા ! દાસજની શાળા પણ આ રીતે પ્રસાદીભૂત થયેલી છે. સ્વામીશ્રીની પથારીની આજુબાજુ અમે યુવકો શેતરંજી પર સૂતા હતા. સંતો-પાર્ષદો પણ સાથે જ હતા. દિવસે ગરમી ને રાત્રે ઠાર- એવા વાતાવરણમાં સ્વામીશ્રીની બાજુમાં સૂતેલા બિપીને ઊંઘમાં ને ઊંઘમાં જ સ્વામીશ્રીનું ઓઢવાનું બ્લૅન્કેટ ખેંચી લીધું. સ્વામીશ્રી જાગી ગયા. બે વ્યક્તિ એક સાથે ઓઢી શકે તેવું આ બ્લૅન્કેટ સ્વામીશ્રીએ આખી રાત બિપીનને જ ઓઢવા દીધું. પોતે માત્ર ગાતરિયા ભર સૂતા રહ્યા !

અમે સવારે આ પરિસ્થિતિ જાણી ત્યારે દિગ્મૂઢ બની ગયા. બિપીને પણ માફી માગી. પણ સ્વામીશ્રી કહે : 'તેમાં શું ? તમે ઓઢ્યું એટલે બ્લૅન્કેટ સાર્થક થયું !' આખી વાતને સ્વામીશ્રીએ રમૂજમાં વાળી લીધી. પોતાને સહન કરવી પડેલી ઠંડીની વાત પણ આવવા ન દીધી. દેહના અનાદરની આ તીવ્ર ભાવના યુવકોના અંતરમાં જડાઈ ગઈ.

આવો દેહનો અનાદર, સુવિધાઓ તરફ બેપરવાઈ અથવા ગુરુપદે મળતી સગવડોનો તિરસ્કાર તો આજ સુધી એવોને એવો જ રહ્યો છે.

એ સમયના વિચરણમાં કેટલીયે વાર શૌચ માટે દૂર સુધી ગામ બહાર ચીલા કે કેડીઓ પર ચાલતા ગયા છે. કૂવાની મોટરના ચાલુ ધુધવે ભર ઠંડીમાં ધ્રૂજતા શરીરે, અરે ! તાવ તૂટ્યા શરીરે પણ અવશ્ય સ્નાન કર્યાં છે. એકવાર ખાત્રજમાં તો ધોતિયું પહેરવા કોઈ સારી જગ્યા કે પથ્થર ઉપર ઊભા રહેવાય તેવું ન હતું. ત્યારે મારું શર્ટ પાથરી આપેલું. સ્વામીશ્રીએ તેના ઉપર ઊભા રહી વસ્ત્રો ધાર્યાં હતાં.

૧૯૭૭માં દક્ષિણભારતના વિચરણમાં સ્વામીશ્રીની કૃપાથી મને પણ જોડાવાનો લાભ મળ્યો હતો. વિલિસ જીપમાં રોજનું ૨૦૦થી ૩૦૦ કિ.મિ.નું અંતર કાપવાનું રહેતું. આ જૂની જીપની વિશેષતા એ હતી કે ૮૦ કિ.મિ.ની ગતિએ ચાલે તો તેના પ્રત્યેક અંગ ધ્રુજવા માંડે ! જો એથી થોડીક જ વધુ ગતિ પકડે તો ગિયર છટકી જાય. સ્વામીશ્રી આગલી સીટ ઉપર બિરાજ્યા હોય, કોઈવાર પત્રો કે અન્ય વાંચન કરતા હોય, રસ્તા પર પણ ધ્યાન હોય, વાતો પણ કરતા જાય ને ગિયર છટકી ન જાય એ માટે કલાકો સુધી બદલાતાં ગિયરોની સાથે તે દંડો સતત પકડી રાખતા ! અત્યંત કુશળ, વ્યવહાર દક્ષ, એક વિરાટ સંસ્થાના ધણી અને લાખોના આધ્યાત્મિક ગુરુપદે રહ્યા થકા આવી સ્થિતિને સહન કરવી એ શું સ્થિતપ્રજ્ઞતા નથી ?

એ યાત્રામાં, સ્વામીશ્રીની છત્રછાયામાં, એક કુટુંબના આત્મીય વડીલ તરીકેની, દાદા કે પિતાશ્રીના પ્રેમ જેવી સ્વામીશ્રીની પ્રતિભા અમે સૌ અનુભવતા. ચાલુ યાત્રાએ નદી દેખાય ત્યાં ઊતરવાનું, સ્નાનાદિથી પરવારી સાથે લીધેલો કોરો નાસ્તો ઠાકોરજીને ધરાવવાનો. એક સામાન્ય શેતરંજી ઉપર, વૃક્ષના છાંયે બેસી કુંડાળે વળી કેળના મોટા પાનમાં મૂકેલો નાસ્તો જમતાં, ગમ્મતની છોળો ઉડાડતાં પ્રેરણા વચનો સંભળાવી કૃતાર્થ કરવાના.. સ્વામીશ્રીની આ વિલક્ષણ છબિઓ આજીવન અવિસ્મરણીય બની રહી છે. અમે બે-ચાર યુવકો હતા, તેને સ્વામીશ્રી કેળના પાંદડામાં જ લીટી દોરી ભાગ પાડી પ્રસાદી આપે - જેમ મા પોતાનાં બાળકોને સરખે ભાગે ફળ વગેરે વહેંચે તેમ !!

* * *

૧૯૭૭માં સ્વામીશ્રીનું વિચરણ સાબરકાંઠામાં હતું. બે શેવરોલેટ ગાડીઓ સાથે રહેતી. સ્વામીશ્રીની ગાડી ૯ સીટ વાળી હતી. બીજી ગાડી

સામાન્ય કક્ષાની કહી શકાય. થોડા સંતો તેમાં બેસતા. બે ગાડી હોય ત્યારે સ્વામીશ્રી અવશ્ય એ ધ્યાન રાખે જ કે બીજી ગાડી સાથે છે કે વિખૂટી પડી ગઈ ? જો વધુ પડતું અંતર પડી જાય તો પોતાની ગાડી ધીમી કરાવી લે, જેથી બંને સાથે પહોંચે.

અમે એક ગામથી નીકળી બીજે ગામ જતા હતા. મોટપ ગામ પાસે વચ્ચે નદીનો પહોળો રેતાળ પટ આવ્યો. સ્વામીશ્રીની ગાડી તો રેતીમાં થઈ ઘુરકાટ સાથે નીકળી ગઈ. હું સાથે જ હતો. ૫૦૦ ફૂટ જેટલે છેટે પહોંચ્યા ત્યાં પાછળની ગાડી તરફ સ્વામીશ્રીએ જોયું. તે ગાડી ફસાઈ હોય તેવું જણાયું. સંતો સૌ ધક્કો મારતા હતા. સ્વામીશ્રી, ડૉક્ટર સ્વામી, પ્રગટ ભગત ને હું ફસાઈ ગયેલી ગાડી તરફ ચાલ્યા. ડૉક્ટર સ્વામી સહિત અમે સૌએ કેટલાય ધક્કા મારવા છતાં ગાડી નીકળતી નહોતી. છેવટે સ્વામીશ્રી પણ કછોટો મારવા લાગ્યા. આ જોઈ મેં કહ્યું : 'સ્વામી ! તમે રહેવા દો.'

ડૉક્ટર સ્વામી હસતાં હસતાં કહે : 'મારવા જ દો ! એમના બળે જ નીકળે તેવું લાગે છે !'

સ્વામીશ્રી મંદ સ્મિત કરી રહ્યા. પછી કહે : 'જુઓ, હું 'સહજાનંદ સ્વામી મહારાજની જય.. જય.. જય..' ત્રણ વાર બોલું પછી ગાડી થોડી ઊંચકજો ને એક સાથે ધક્કો મારજો.. ગાડી નીકળી જશે..'

એક સંત થાકીને ઊભા હતા. સ્વામીશ્રી કહે : 'એઈ, ચાલ, લાગી જા !' એમ કહી કેફમાં જય બોલાવી. સૌએ એક સાથે બળ કર્યું ને ગાડી નીકળી ગઈ ! નાની નાની વસ્તુમાં એક આયોજન, એક સંપ, એક રુચિ અને ભગવાનના બળે કાર્ય કરવાની પ્રેરણા આપતો આ પ્રસંગ આજે પણ આંખો સામે તરવરે છે... કેવી હાડમારીઓમાં કેવું કઠિન વિચરણ, કેવા કેવા પ્રદેશોમાં સ્વામીશ્રીએ કેવી સહજતાથી કર્યું છે, તે નિહાળવાનો સૌથી ઉત્તમ દાયકો હોય તો એ હતો - ૧૯૭૧ થી ૧૯૮૦નો !

આવા તો અનેક પ્રસંગો સ્મૃતિપટ ઉપર ઊભરાય છે. એમના સદ્‌ગુણના સમુદ્ર સમા ગંભીર અને અંતર્મુખ વ્યક્તિત્વનો સ્પર્શ અનેકે અનુભવ્યો છે, પરંતુ મને તો કેવળ એમની પ્રેમાળ છબિઓ જ સ્મૃતિમાં આવ્યા કરે છે. એમની જ્ઞાનગંભીરતાને ઘણીવાર જાણી-માણી-નિહાળી હશે, પણ હેતની વાત નિરાળી જ છે. એવું હેત કર્યું છે કે એ હેતનો બદલો ક્યારેય વાળી

શકીશ નહીં. અંગત સેવા એ પણ આપણી લાયકાતમાંથી પ્રાપ્ત થયેલી ફળશ્રુતિ નથી. એમની કૃપા દૃષ્ટિથી સર્જાયેલો પ્રેમનો પ્રવાહ જ છે. એ પ્રવાહમાં વહીને એમનામાં ઓતપ્રોત રહી શ્રીહરિનું સતત સાંનિધ્ય અનુભવાય એવી સ્થિતિ પ્રાપ્ત થાય તે પ્રાર્થના.

* * *

શ્રીરંગ સ્વામી

હિંમતનગર

સ્વામીશ્રીની આજ્ઞા હતી કે અમારે યુવકોએ પણ વચનામૃત, સ્વામીની વાતો, ભક્તચિંતામણિ અને કીર્તનો ગોખવાં. આ આજ્ઞા અનુસાર સ્વામીશ્રીનું અત્યંત પ્રિય ભક્તચિંતામણિનું બીજું પ્રકરણ મેં મોઢે કર્યું હતું. ૧૯૭૫માં સ્વામીશ્રી વસંતપંચમીના ઉત્સવ માટે અટલાદરા પધાર્યા ત્યારે સ્વામીશ્રીની પૂજામાં સંતલક્ષણ અને સંતમહિમાનું આ પ્રકરણ હું મોઢે બોલતો હતો. જેમાં કડી આવી,

'કામ દ્રવ્યને માન છે જેહ...'

આ પછીની પંક્તિ મને યાદ જ આવે નહીં. તેથી મેં બે ત્રણ વાર 'કામ દ્રવ્યને....' એ પંક્તિ ગાઈ. સ્વામીશ્રી મારી સામે દૃષ્ટિ કરીને પરિસ્થિતિ કળી ગયા. તેથી પોતે પંક્તિ પૂરી કરતાં કહે : 'તેહ સારું નથી ધર્યો દેહ, જ્ઞાન, વૈરાગ્ય ઉરે અશેષ, એવા સંતને નામું હું શિશ..'

હું ચકિત થઈ ગયો. આટલી પ્રવૃત્તિ, આટલી જવાબદારી વચ્ચે પણ એમની સ્મરણ શક્તિ ગજબ હતી ! મને એ પંક્તિની સાર્થકતા સમજાઈ : 'શ્રુતવાનમાં સૌથી સરેશ....!' સ્વામીશ્રીનાં આ વિલક્ષણ દર્શન હતાં !

* * *

૧૯૭૬ના મે-જૂન માસની આ વાત છે. સ્વામીશ્રી સારંગપુર મંદિરે પોતાના ઉતારાના બેઠકખંડમાં મુલાકાતીઓને મળી રહ્યા હતા. આજુબાજુ સંતો-યુવકો વીંટળાઈને બેઠા હતા. જ્ઞાનગમ્મત ચાલતી હતી. તેવામાં એક યુવક સ્વામીશ્રી પાસે કંઠી પ્રસાદીભૂત કરવા લાવ્યો. સ્વામીશ્રીએ સહેજ અંગૂઠો અડાડ્યો. પણ પેલા યુવાનને સંતોષ થયો નહીં, તેથી ફરી બધાની વચ્ચે પડીને આગળ આવ્યો ને સ્વામીશ્રી પાસે કંઠી ધરી. સ્વામીશ્રી કંઠી પકડે તે માટે પ્રયત્ન કર્યો. સ્વામીશ્રી તેની સામે જોઈને દૃઢતાથી કહે : 'સાંભળ, હું જે વસ્તુ તરફ દૃષ્ટિ કરું, તે પણ પ્રસાદીની થઈ જાય. મારે હાથ

અડાડવાની જરૂર નહીં.'

પછી એ યુવકને સંતોષ પમાડ્યો, પણ એક અદ્‌ભુત દિવ્યતત્ત્વની સૌને ઝાંખી કરાવી સ્વામીશ્રીએ સૌને ધન્ય બનાવ્યા.

" " "

સ્વામીશ્રી ૧૯૭૭ની વિદેશયાત્રા બાદ મુંબઈમાં ખૂબ બીમાર હતા. વિશ્રામલીલા કરી મુંબઈથી અટલાદરા પધાર્યા. અહીં નારાયણ ભગતે શિક્ષાપત્રીની ત્રણ દિવસની સુંદર પારાયણ કરી હતી. એ અરસામાં ત્યાગી થનારા યુવકોની વિશિષ્ટ મિટિંગ બોલાવીને સ્વામીશ્રી દૃઢતા માટે આશીર્વાદ આપતા. એકવાર અમે યુવકો સ્વામીશ્રીના રૂમમાં પ્રવેશ્યા, ત્યાં પ્રગટ ભગત કહે : 'ચાલો, યુવકો બહાર નીકળો. બાપાને આરામ કરવાનો સમય થઈ ગયો છે !'

સ્વામીશ્રી આ સાંભળી ગયા. તેથી કહે : 'પ્રગટ, રહેવા દે. આ બધા નિષ્ઠાવાળા યુવકો છે. બેસવા દે વાતો કરીએ..' પછી પલંગમાં આડે પડખે થયા હતા તેથી અમે પગ દાબવા લાગ્યા ને સ્વામીશ્રીએ વાતો શરૂ કરી. જેમાં કહે : 'બધા સત્સંગ (શિક્ષણ) પરીક્ષા આપો છો? બધાએ આપવી. આપણી પુષ્ટિ સાંપ્રદાયિક જ્ઞાનથી થાય. એલફેલ વાંચે તેમાં બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય.' પછી તત્કાલીન સંદર્ભમાં ચાલતી અનેક સ્વરૂપની વાતને લક્ષ્યમાં લાવીને કહે : 'આપણે તો એક જ ગુરુ ને એક જ પરંપરા. ગુણાતીતાનંદ સ્વામી ને ગોપાળાનંદ સ્વામી, ભગતજી ને જાગાસ્વામી, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ એવી કોઈ જોડ (યુગલ) છે જ નહીં. અક્ષરબ્રહ્મ એક જ હોય. તેનાથી જ માયાનું કપટ ટળે. પછી મધ્ય ૧૩ના વચનામૃતનો સંદર્ભ ટાંકીને કહે : 'ધામનું સ્વરૂપ ને આ પૃથ્વી પરનું પ્રગટ સ્વરૂપ - આ બેમાં કોઈ ફેર નથી!' એમ પોતાના હૃદય પર હાથ રાખીને કહ્યું!! આ પ્રતીતિ થાય ત્યારે સર્વ અર્થ સિદ્ધ થાય તેમાં શી નવાઈ ?

" " "

૧૯૭૮ના શિયાળામાં સ્વામીશ્રી પોરબંદર નજીક રાણાવાવ ગામે પધાર્યા હતા. રાત્રિ સભા બાદ અમે યુવકો ધર્મશાળામાં અમારે ઉતારે આવ્યા. સખત ઠંડી હતી. પૂરતી રજાઈઓ હતી નહીં. પણ બધાએ જેમ તેમ રાત પસાર કરી. સવારે અમે વહેલા ઊઠી રોજના ક્રમ મુજબ સ્વામીશ્રી સ્નાન

કરતા હતા ત્યારે સેવામાં પહોંચી ગયા. સ્વામીશ્રી પૂછવા લાગ્યા, 'રાત્રે વ્યવસ્થા બરાબર હતી?' 'ઊંઘ આવી ગઈ ?' 'નહાવા-ધોવાનું બરાબર હતું ને? ગરમપાણી મળ્યું?'

અમે કહ્યું : 'બાપા ! ચિંતા ન કરો, બધું બરાબર જ હતું કૂવામાંથી પાણી સિંચીને નાહ્યા. કોઈ તકલીફ પડી નથી.' સ્વામીશ્રીએ સંતોષ વ્યક્ત કર્યો. સાથે ફરતા તમામ સંતો યુવકોની પ્રેમથી કાળજીથી સંભાળ રાખે.

એક દિવસ સ્વામીશ્રીએ મારી પાસે ૭૮ કીર્તનોનું લિસ્ટ કરાવી દરેક યુવકોને તેની સાઈક્લોસ્ટાઈલ કોપી અપાવી હતી. અને આજ્ઞા કરી હતી કે દરેક યુવકે આ કીર્તનો મોઢે કરવાં. જો યુવકો બપોરે કીર્તનો મોઢે કર્યા વિના કે કથા કર્યા વિના સૂવે તો સ્વામીશ્રી ગાતરિયું લઈને તેના મોં પર હળવેથી ઝાપટે ને જગાડીને પણ આનો ખટકો રખાવે! યોગીજી મહારાજ જેવો જ જીવનઘડતર યજ્ઞ સ્વામીશ્રીએ પણ જગાવ્યો છે. જેમાં અસંખ્ય યુવાનો અધ્યાત્મ ખુમારી સાથે જીવન સમર્પિત કરનારા તૈયાર થયા છે.

* * *

૧૯૭૯ના જૂનમાં સ્વામીશ્રી સુરત જિલ્લાના વાંસકૂઈ ગામે પધાર્યા. આદિવાસી વિસ્તારનું આ તદ્દન સામાન્ય ગામ. એક જ માત્ર પાકું મકાન. બાકી બધે જ ઝૂંપડાં જોવા મળતાં હતાં. સ્વામીશ્રીનો ઉતારો આ પાકા મકાનમાં રાખવામાં આવ્યો હતો. ૪૫ થી ૫૦ ઝૂંપડાંઓમાં પધરામણી કર્યા પછી સ્વામીશ્રી ઉતારે પધાર્યા. હું યુવકમાં પધરામણીની ભેટ નોંધતો તે ગણી. સ્વામીશ્રી સ્નાન કરીને ધોતિયું બદલતા હતા ત્યારે મેં કહ્યું : 'બાપા ! આજે પધરામણીમાં બે કલાક ફર્યા. ૫૦ પધરામણીની ભેટ બે રૂપિયાને ત્રીસ પૈસા આવી છે!'

સ્વામીશ્રી કાંઈ જ બોલ્યા વિના ઠપકાની નજરે મારી સામે જોઈ રહ્યા... મને લાગ્યું કે આ ક્યાં બોલ્યો! જે પુરુષ કેવળ નિઃસ્વાર્થ ભાવનાથી ગામોગામ - ઝૂંપડે ઝૂંપડે કેવળ લોકહિત માટે વિચરતા હોય તેમને આંકડાની આંકણીઓ ઉપર અવલંબન નથી હોતું. એ તો નિજાનંદે, પરમાર્થનું વિતરણ કરતાં વિચરતા હોય છે.

* * *

અમે ૧૯૭૯માં સ્વામીશ્રી સાથે નવસારી તરફ વિચરણમાં હતા. તેમાં

દંતેશ્વર ગામે તા. ૨૪-૬-૭૯ના રોજ સવારે સભા ચાલી રહી હતી. સ્વામીશ્રી પત્રલેખન કરી રહ્યા હતા. નારાયણ ભગત 'સાંખ્ય' વિષય ઉપર જોરદાર વક્તવ્ય આપી રહ્યા હતા. એમાં એવી વાત આવી કે 'ત્યાગ કર્યો, ભગવાં પહેર્યાં એટલે સાધુ થઈ જવાતું નથી, અંતરથી વૈરાગ્ય જોઈએ..' એમ કહી 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના' એ કીર્તન ગાયું... ત્યારે અમે સૌ સાધુ થનારા યુવાનો સામે જોઈ સ્વામીશ્રી કહે : 'ચિંતા ન કરતા. ત્યાગ કરજો. વૈરાગ્ય તો ભગવાન ને સંત લાવવાના છે!'

ગુણાતીત ગુરુ વિના આવી હૂંફ કોણ આપી શકે?

* * *

ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ બાદ સંતો તથા નવદીક્ષિત પાર્ષદોની એક નાની શિબિર સ્વામીશ્રીના સાંનિધ્યમાં આબુ ખાતે યોજાઈ હતી.

સ્વામીશ્રી અને સંતો ટ્રેવર ટેન્કમાં યોજેલા કાર્યક્રમમાં પધાર્યા. આ નૈસર્ગિક વાતાવરણમાં કાર્યક્રમ પણ બિલકુલ અનૌપચારિક જ રખાયો હતો. સંતોએ બેઠક લીધી એટલે સ્વામીશ્રી કહે : 'કીર્તન ગાઓ...'

મેં કીર્તન ઝીલાવ્યું, 'તું પ્રીત પ્રભુથી કરતો જા...'

તેમાં કડી આવી 'મને જ્ઞાનજીવનજી ગુરુ મળ્યા..' તેને બદલે મેં ગાયું, 'મને પ્રમુખસ્વામીજી ગુરુ મળ્યા.' સ્વામીશ્રીએ એકદમ મને અટકાવ્યો. કહે : 'આમ તો બોલો છો કે બેય સ્વરૂપ એક જ છે, તો નામ શા માટે બદલો છો? યોગીજી મહારાજનું નામ છે, બદલવું નહીં. જેમ છે એમ ગાવું. ફેરફાર ન કરવો.' એમ દસ મિનિટ સુધી સ્વરૂપ અભેદની અને ગુરુભક્તિની વાતો કરી સુંદર સિદ્ધાંત સમજાવ્યો.

* * *

તા. ૧૪-૧-૮૩, સ્વામીશ્રી ખેડબ્રહ્મામાં ડાહ્યાભાઈ પટેલને ત્યાં ઊતર્યા હતા. રાત્રિ સભા બાદ આરામ માટે પધાર્યા ત્યારે યોગીબાપાના સમયના વયોવૃદ્ધ અને જ્ઞાની હરિભક્ત નારાયણભાઈ મોદી આવ્યા. દુબળી ભટ્ટના મૂર્ત સ્વરૂપ સમાન આ ભક્ત ચીંથરેહાલ કપડે જ આવ્યા હતા. ઠંડીને કારણે ધ્રૂજારી ચડતી હતી. તેમણે ખીસામાંથી રૂા. ૩૦૦નું કવર કાઢી સ્વામીશ્રીના ચરણે ધર્યું અને કહ્યું,

'બાપા ! મારી ભેટ સ્વીકારો !'

સ્વામીશ્રી આ ભક્તની ચીંથરેહાલ હાલતને જોઈ રહ્યા. એમની આંખોમાંથી કરુણા છલકાતી હતી. નારાયણભાઈને આ ભેટ આપવાનું કારણ એ હતું કે આજે સવારે સ્વામીશ્રીની ચારેક પધરામણી હતી. જેમાં નારાયણભાઈ મોદીનું ઘર પણ હતું. પરંતુ તેઓ ભૂલમાં રહી ગયા હતા. છતાં તેમણે કોઈ પ્રકારનો હઠાગ્રહ કર્યો નહીં. છેલ્લાં ૩૩ વર્ષથી એમના ઘરે સ્વામીશ્રીની પધરામણી થઈ નહોતી. આ સુવર્ણ અવસર હતો. છતાં તે સિદ્ધ ન થયો. પણ તેનો તેઓના મનમાં જરા પણ રંજ નહોતો. આ પધરામણીમાં સ્વામીશ્રી પધારે ત્યારે રૂા. ૩૦૦ની એમની મરણમૂડી સ્વામીશ્રીનાં ચરણે અર્પણ કરવા એમણે તૈયાર રાખી હતી, તે ભેટ ધરવા રાત્રે ઉતારે આવી પહોંચ્યા હતા. સ્વામીશ્રીએ તેઓને ટાઢમાં ધ્રૂજતા જોઈ કહ્યું : 'ભેટ ધરવા રહેવા દો, આમાંથી સારી શાલ લઈ લેજો. તમને કામ લાગશે. પરંતુ નારણભાઈએ કાકલૂદી કરીને પણ એ રૂપિયા ભેટ ધરી જ દીધા. આ ભક્તનો ભાવ નિહાળતા અમે સૌ પણ દંગ થઈ ગયા.

૧૯૬૫માં તત્કાલીન ગૃહપ્રધાન ગુલઝારીલાલ નંદા સાબરકાંઠામાંથી ચૂંટણી લડ્યા હતા ત્યારે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે નંદાજીને કહ્યું હતું કે 'સાબરકાંઠામાં ખેડબ્રહ્મા જાઓ, તો અમારા નારાયણભાઈ મોદી છે તેમને મળજો. બહુ મોટા ભક્તરાજ છે. તેમનાં દર્શન કરજો.'

યોગીજી મહારાજની આજ્ઞાથી તેઓ પણ નારાયણભાઈના ઘરે આવ્યા હતા. આવી ઉચ્ચ સ્થિતિના આ ભક્તરાજની આવી વિશિષ્ટ ભક્તિથી સ્વામીશ્રીએ અંતરનો રાજીપો વરસાવ્યો. આજે તેઓના ચારે પુત્રો સુખી છે અને શિર સાટે સત્સંગ કરી રહ્યા છે.

* * *

તા. ૧૭-૧-૮૩ના રોજ મોડાસામાં અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરનો ખાતવિધિ સ્વામીશ્રીના શુભ હસ્તે સંપન્ન થયો. બીજે દિવસે સ્વામીશ્રીએ કિશોરપુરા જવા વિદાય લીધી. વચ્ચે બાયલ અને ઢાંખરોલ ગામ પસાર થયાં. અહીંથી આગળ જતાં રમોશ ગામને પાદરે ઊતર્યા. રમેશભાઈ જે. પટેલનો કૂવો રોડથી અંદર ચાર કિલોમીટર દૂર હતો. રસ્તો એવો સાંકડો અને વિચિત્ર હતો કે સ્વામીશ્રીની મર્સિડીઝ ત્યાં જઈ શકે તેવા

કોઈ સંજોગો નહોતા. તેથી ગાડું તૈયાર રાખ્યું હતું. અને સ્વામીશ્રી એ હરિભક્તનો ભાવ પૂરો કરવા, કૂવામાં પુષ્પો છાંટવા તેમના આગ્રહથી ગાડામાં બેસી ગયા. ચાર કિ.મિ. સુધી સ્વામીશ્રીએ હેત - આત્મીયતાથી તેમને ઘણી વાતો પૂછી લીધી.

એમના મુખારવિંદની રેખા ઉપર ગાડીમાં કે ગાડામાં જરા પણ ફેરફાર જોવા મળ્યો નહીં. સ્વામીશ્રીની સમદૃષ્ટિ અને સાધુતાનાં આ વિરલદર્શન હતાં.

* * *

તા. ૧૪-૮-૮૬, અમદાવાદ મંદિરે રાત્રે ૧૦.૩૦ વાગે હું કેટલીક વાત કહેવા સ્વામીશ્રી પાસે એકલો જ બેઠો હતો. વાત દરમ્યાન મેં પૂછ્યું, 'બાપા ! અમે આપને નિર્દોષ સમજીએ છીએ, તો વચનામૃત વરતાલ ૫ પ્રમાણે અમે માયા પર થવા જોઈએ. છતાં સંકલ્પ-વિકલ્પ કેમ થાય છે ?'

સ્વામીશ્રી અત્યંત કરુણાભીની દૃષ્ટિએ જોતાં બોલ્યા, 'મોટાપુરુષને તમે નિર્દોષ સમજો છો, તેથી નિર્દોષ થઈ રહ્યા છો. વિશ્વાસ રાખજો. આપણે વિશે માયાના ઘાટ ભલે રહ્યા હોય, પણ વરતાલ પાંચ પ્રમાણે આપણને જે પુરુષ મળ્યા છે, તે નિર્દોષ જ છે, એમ માનવું.' પછી કહે : 'ભગવાન ને સંતના પ્રતાપે કથાવાર્તા કરતાં નિર્દોષ થઈ જવાશે..'

સ્વામીશ્રીનો પ્રેમ અને કરુણા, દિવ્યતા અને ગુરુભક્તિ, અધ્યાત્મ ખુમારી અને એમણે વેઠેલો ભીડો આ બધું નિહાળીને સદાય અંતર્દૃષ્ટિ રહ્યા કરે છે કે એમણે આપણા માટે આટલું કર્યું, આપણે એમના માટે શું કર્યું?

* * *

ધર્મપ્રકાશ સ્વામી

અમદાવાદ

મારે સત્સંગનો યોગ તો પૂર્વેથી, પણ ૧૯૭૦માં યોગીજી મહારાજની વિદેશયાત્રા બાદ મુંબઈ ષણ્મુખાનંદ હૉલમાં ભવ્ય સન્માન થયું ત્યારે તેઓના હસ્તે કંઠી ધારણ કરી. આ પછી તો અનેક સત્સંગી મિત્રોની સોબતથી ત્યાગી થવાનો મારો નિર્ધાર દૃઢ થવા લાગ્યો. ૧૯૭૨-૭૩માં સ્વામીશ્રી જ્યારે પણ મુંબઈ પધારે ત્યારે મલાડથી સવારે ૫.૦૦ વાગ્યાની ટ્રેનમાં સ્વામીશ્રી સ્નાન માટે પધારે તે પૂર્વે મંદિરે પહોંચી જઈએ. એ સમયે અંગત સેવાનો લાભ પણ મળ્યો હતો.

મારી ત્યાગી થવાની ઈચ્છાનો સંબંધીઓમાં સખત વિરોધ થયો હતો. ક્યારે ખૂબ મારતા. સત્સંગમાં ન જવા દેવા બળજબરી પણ કરતા. રાજુ દેસાઈ વગેરે યુવકોએ આ વાત સ્વામીશ્રીને કરી. સ્વામીશ્રીએ ખૂબ બળ આપ્યું હતું. પરંતુ એકવાર તો સવારે જૂના અક્ષરભુવનમાં સ્વામીશ્રી લિફ્ટમાં ઉપરના માળે પધારતા હતા ત્યાં જ મને જોયો. તેથી લિફ્ટમાં જ સાથે લીધો ને બધું પૂછવા લાગ્યા.

'હવે ઘરમાં કેવું વાતાવરણ છે? હજુ મારે છે કે કેમ? રજાનું કેટલે પહોંચ્યું?' મેં બધી વાત ધીરેધીરે કહી સંભળાવી. સ્વામીશ્રીએ ત્રીજે માળે લિફ્ટની બહાર ઊભા ઊભા ઘણી વાતો કરી : 'ગભરાવું નહીં. વિરોધ બધાને થયો છે. એમને એમ ટક્કર ઝીલવી, વાંધો નહીં આવે, યોગીજી મહારાજ સાથે જ છે. આપણી દૃઢતા હશે તો ભગવાન મદદમાં બેઠા જ છે.' સ્વામીશ્રીની આ બળભરી વાણીથી ત્યાર પછી વિરોધનો બોજો લેશ માત્ર રહ્યો નહીં. ને એમની આજ્ઞાથી અમદાવાદ મંદિરના પ્રકાશપત્રિકા કાર્યાલયમાં સેવામાં જોડાયો.

આ દરમ્યાન ૧૯૭૩ના ઑક્ટોબરમાં સ્વામીશ્રી સાથે ખેડા જિલ્લાના વિચરણમાં વિવિધ ગામોમાં પંદરેક દિવસ વિચરણ કરવાનો લાભ મળ્યો

હતો. જેમાં શિયાળાની કડકડતી ઠંડીમાં હાડેવા ગામમાં માટલાનાં પાણીથી સ્વામીશ્રીને સ્નાન કરતાં જોયા છે ! દિવસનાં બે-ત્રણ ગામો પણ થાય.

હાડેવાથી ત્રાજ ગામે પહોંચ્યા. અહીંથી બીજે દિવસે ત્રાજ થઈને માતર આવ્યા ત્યારે લાઇટ ગયેલી. સ્વામીશ્રી રાત્રી સભા બાદ અગાશીમાં આરામ માટે પધાર્યા. એક લાલટેન રાખ્યું હતું. સ્વામીશ્રી પથારીમાં બિરાજ્યા. અમે ત્રણ યુવકો અને થોડા હરિભક્તો હતા. લાલટેનને અજવાળે આખા દિવસના વિચરણનો થાક હોવા છતાં સ્વામીશ્રીએ અમને જ્ઞાનગોષ્ઠિમાં તરબોળ કર્યા હતા. સહજ-બ્રહ્મસભર આનંદ એ રાત્રિમાં છલકાતો હતો.

વડોદરાના યુવકો જગદીશ પટેલ, વસંત સોની, જીતુ સોની વગેરે સાથે હું પણ યુવક તરીકે ૧૯૭૫ના મે વૅકેશનમાં સ્વામીશ્રી સાથે સત્સંગ સમાગમનો વિશેષ લાભ મળે તે હેતુથી જોડાયો હતો. નાની મોટી જે સેવા હોય તેમાં અમે સૌ હોંશથી જોડાતા. પણ અમારા ઉત્સાહ અને ઉતાવળને કારણે ઘણીવાર વિચિત્ર પરિસ્થિતિ સર્જાતી...

એકવાર વસોમાં બપોરની કથા બાદ સ્વામીશ્રી આરામ માટે પધાર્યા. સૂવાનો લોખંડનો ફોલ્ડિંગ પલંગ હતો. અમે પથારી વ્યવસ્થિત કરી દીધી. સ્વામીશ્રી થોડી વાતચીત કરીને આડે પડખે થયા. પ્રગટ ભગત કહે : 'છોકરાઓ, હાથપંખો લઈ લો. લાઇટ નથી, પવન નાંખો.' આથી હું ને વસંત હાથપંખો લઈને તૈયાર થઈ ગયા. જો કે વસંત એક તરફ બેસી ગયો હતો, પણ બીજી તરફ જઈ શકાય તેમ હતું જ નહીં. કેમકે પલંગ ભીંતને અડાડી દીધો હતો. સ્વામીશ્રી કહે : 'ખસેડી લો એટલે બેસાય.'

વસંત ને હું એકદમ પલંગની બંને બાજુ વળગ્યા. ખસેડવા ગયા ને સ્વામીશ્રીના મસ્તક તરફનો ભાગ વહેલો ઊંચકાયો. તેના વજનથી ચરણારવિંદ તરફથી પલંગ વળી ગયો, ને ધડામ અવાજ સાથે સ્વામીશ્રી પણ પડ્યા! અમને ધ્રાસકો પડી ગયો. સંતો દોડી આવ્યા. સ્વામીશ્રી મંદ સ્મિત સાથે હજુ એમ જ પલંગમાં સૂતા હતા. સૌને હાશ થઈ કે એમને વાગ્યું નથી.. થોડી ક્ષણો પછી સ્વામીશ્રી અત્યંત શાંતિથી કહે : 'કાંઈ વાંધો નહીં હવે બધું હતું તેમ ગોઠવી દો...'

અમે ધીરે ધીરે કામે વળગ્યા.. સ્વામીશ્રીના ઓરડાની બારીઓ બંધ થઈ કે તરત તેઓ ઊંડી ઊંઘમાં સરી ગયા. જાણે કાંઈ બન્યું જ નથી!

કેટલીકવાર અમે પંખો નાખતાં નાખતાં ઝોકે ચડીએ ને પંખો હાથમાંથી છટકીને સ્વામીશ્રી ઉપર પડી જાય ને એમની ઊંઘ ઊડી જાય તો પણ ક્યારેય અમને ટોક્યા નથી કે અમારી બેદરકારી બદલ અણગમો વ્યક્ત કર્યો નથી.

આવાં અનેક સોનેરી સંભારણાંઓથી સ્વામીશ્રીની સ્થિતપ્રજ્ઞ છબી અંતરમનમાં આજીવન જડાઈ રહી છે...

* * *